
# સ્વાધ્યાય

જન્માષ્ટમી

વિ. સં. ૨૦૪૨

પુસ્તક ૨૩

અંક ૪



**મેઘમલાર**

નાચત ગાવત બીન બજાવત
સ્યાંમ સરીર સુહાવત જોઈ ।
ફૂલ કે હાર સિંગાર કીયે
વરખૈ ધન પ્રીત બઢાવત જોઈ ।
તાલ મૃદંગ લિયે રસરંગી
સખીજનસંગી લસૈ સુખ જોઈ !
યા વિધિ મેઘમલાર કહાવત
રાગન મૈં પહિચાંનત કોઈ ॥ ૩૧ ॥
(પ્રા.વિ.મં. હ.પ્ર. નં. ૧૩૨૬૫ (પૃ. ૨)
રાગ-રાગિણીનાં ચિત્રો)

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક


THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સંપાદક
સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા

નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

જન્માષ્ટમી — પુસ્તક ૨૩ : અંક ૪

વિ. સં. ૨૦૪૨ — ઑગસ્ટ, ૧૯૮૬

## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | ગુજરાતનું પુરાણસાહિત્ય—સુરેશભાઈ ક. દવે | ... ૩૨૯ |
| ૨. | માયારસઃ એક નવીન ઉદ્‌ભાવના—ડૉ. જાગૃતિ એસ. પંડ્યા | ... ૩૩૭ |
| ૩. | કાવ્યમીમાંસામાં કવિપ્રકાર—રસિકલાલ ચીમનલાલ ત્રીપાઠી | ... ૩૪૧ |
| ૪. | ચન્દ્રકલા નાટિકામાં અન્ય નાટકોનું અનુકરણ—ડૉ. વસંત સી. પટેલ | ... ૩૫૩ |
| ૫. | પાળિયાઓથી ઉદ્‌ભૂત કચ્છનો સાંસ્કૃતિક ઇતિહાસ—ડૉ. રસેશ જમીનદાર | ... ૩૫૯ |
| ૬. | દશ્યાનુભવમીમાંસા-રૂપરેખા—હરસિદ્ધ મ. જોશી | ... ૩૭૭ |
| ૭. | માવદાસરચિત તીર્થમાલા—ડૉ. દેવદત્ત જોશી | ... ૩૮૩ |
| ૮. | વાર્ધક્ય—વૈદ્ય મણિભાઈ કાલીદાસ બ્રહ્મભટ્ટ | ... ૪૦૧ |
| ૯. | નિવાપાંજલિ—દેવદત્ત જોશી | ... ૪૧૯ |
| ૧૦. | ગ્રન્થાવલોકન | ... ૪૨૩ |
| ૧૧. | સાભાર સ્વીકાર | ... ૪૩૨ |


મુદ્રક : શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : મ.મ. પ્રો. ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, એપ્રિલ, ૧૯૮૭.

# સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૪૨ પુસ્તક ૨૩

ઑગસ્ટ, ૧૯૮૬ અંક ૪


# ગુજરાતનું પુરાણસાહિત્ય


**સુરેશભાઈ ક. દવે***


ગુજરાતના પુરાણસાહિત્ય વિષે વિચાર કરીએ ત્યારે પૌરાણિક સંકલ્પના પ્રમાણે 'ગુજરાત' એટલે કયો પ્રદેશ? એવો પ્રશ્ન થાય છે. આજે પશ્ચિમ ભારતના ઉત્તર પશ્ચિમ વિભાગને ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે, પણ ગુજરાતને ગુજરાત નામ ધારણ કર્યું ન હતું ત્યારે પશ્ચિમ ભારતનો આ પ્રદેશ અનેક અભિધાનોથી ઓળખાતો હતો. તે વખતે ગુર્જરોએ સ્થાપેલ ગુર્જર સામ્રાજ્યનું પાટનગર શ્રીમાળનગર ગણાતું અને ત્યાંથી ઉત્તરમાં આવેલા રાજસ્થાનનો મોટો ભાગ ગુર્જર પ્રદેશ તરીકે જાણીતો હતો. તે કાળે ગુજરાતના વિવિધ ભાગો આનર્ત, લાટ, અપરાન્ત, સુરાષ્ટ્ર, કચ્છ, મરુપ્રદેશ, સ્વભ્ર, સારસ્વતમંડળ વગેરે નામોથી જાણીતાં હતાં. લગભગ મધ્યકાળ સુધી ગુજરાત આ રીતે વિભક્ત હતું, પણ દસમી સદી પછી ઉત્તર ભારતના ગુર્જરો આ પ્રદેશના ચૌલુકયકુળના રાજાઓના નેજા હેઠળ સ્થિર થયા અને વિસ્તર્યા ત્યારથી હાલનું ઉત્તર ગુજરાત એ ગુર્જરમંડળ, ગુર્જરદેશ કે ગુર્જરત્રા તરીકે પ્રકાશમાં આવ્યું[1] પણ મુસ્લિમશાસન દરમ્યાન હાલના સમગ્ર પ્રદેશને ગુજરાત નામ મળ્યું છે. લાટ, અપરાન્ત, સ્વભ્ર, કચ્છ તેમાં વિલીન થયા. હાલનો સૌરાષ્ટ્ર પ્રદેશ તો તે કાળે મુખ્યત્વે સોરઠ તરીકે જ જાણીતો હતો.

ગુજરાત પ્રાચીન કાળથી જ સંસ્કાર, સંસ્કૃતિ, વિદ્યા અને કલાનું પૂજક હોઈ, તેણે સાહિત્ય અને વિદ્યા–કલામાં અદ્યતન વિકાસ સાધ્યો હોવાનાં અનેક પ્રમાણો અને પુરાવાઓ ઈ. સ.ની બીજી સદીથી મળી આવે છે.[૨] ગુજરાતમાં સેંકડો વિદ્વત્તાપ્રચુર ગ્રંથો લખાયા છે[૩]

---


'**સ્વાધ્યાય**', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬, પૃ. ૩૨૯–૩૩૬.



* શ્રી શારદાપીઠ કૉલેજ, દ્વારકા.


1 Sankalia (Dr.) Hasmukh D., 'Archaeology of Gujarat', Pub. Natvarlal and Co., Bombay, Ed. 1, 1941, P. 6 ff.

૨ જુઓ, શકક્ષત્રપ રુદ્રદામનનો જૂનાગઢનો લેખ.

૩ શ્રી દવે કનૈયાલાલ ભાઈશંકર, 'ગુજરાતના સંસ્કૃત સાહિત્યકારો', જર્નલ ઑફ ધી ગુજરાત રીસર્ચ સોસાયટી વૉ. ૨૦, નં. ૪–૭૯ ઑક્ટોબર ૧૯૫૮.

અને તેના વિદ્વાન સર્જકોએ ભારતભરમાં પોતાની અદ્‌ભુત શક્તિનો પ્રભાવ વિરલ ગ્રંથો દ્વારા પ્રકાશિત કર્યો છે.

ગુજરાતની આવી સાહિત્યસાધનાનાં પરિબળો જોતાં આ પ્રદેશ સોલંકીકાળ પહેલાં કોઈ એક રાજાની હકૂમત નીચે ન હતો. અનેક રાજવંશોએ જુદે જુદે સમયે આ પ્રદેશ ઉપર આધિપત્ય ભોગવ્યું છે. ઈ. સ. પૂર્વે ત્રીજીથી ઈ. સ.ની પાંચમી સદી સુધીમાં મૌર્યો, શુંગો, શકો, ક્ષત્રપો, ગુપ્તો, ત્રૈકુટકો અને ત્યાર પછીના સમયમાં કલચુરી, મૈત્રકો, ચાવડાઓ, સોલંકીઓ, વાઘેલા, મુસ્લિમો વગેરેએ જુદા જુદા ભાગો પોતાની સત્તા નીચે આણ્યા છે. ગુજરાતમાં આવેલી આ બધી જ રાજસત્તાઓ ઉત્તર ભારત અને અન્ય ભાગોમાંથી જુદી જુદી સંસ્કૃતિ અને વિવિધ વિચાર ધરાવનાર વિદ્વાનોને પોતાની સાથે લાવી છે અને રાજ્યાશ્રય આપી તેમને સ્થિર પણ કર્યા છે. સાંસ્કૃતિક રીતે પણ વિકાસ પામેલાં ભારતનાં નગરો અને પ્રદેશો જેવા કે માળવા, ઉજ્જયિની, કાન્યકુબ્જ, પાટલીપુત્ર અને મગધની તેના ઉપર ઘેરી અસરો પડી છે. વિશેષમાં ચૌલુક્ય રાજવીઓ સિદ્ધરાજ અને કુમારપાળે તો અહીં અનેક વિદ્વાનોને આમંત્રીને રાજ્યાશ્રય આપ્યો હતો. આમ ગુજરાત ભારતનું એક સાંસ્કૃતિક આશ્રયસ્થાન બનવાથી અનેક કૃતિઓ અહીં રચાઈ છે. અલબત્ત પુરાણરચનાનું શ્રેય મહર્ષિ વ્યાસને જ અપાતું હોઈ, કોઈ ચોક્કસ વિદ્વાનોએ ગુજરાતનાં પુરાણો રચ્યાના સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી પણ અનેક સ્થળ કે જ્ઞાતિ-વિષયક પુરાણો રચાયાં છે. તદ્‌ઉપરાન્ત મહાપુરાણોમાં વિશાલોદર મહાપુરાણ સ્કંદપુરાણ અને પદ્મપુરાણના અનેક ખંડો અહીં રચાયા હોવાનું લાગે છે. મત્સ્યપુરાણમાં પણ નર્મદાને ગંગા કરતાં શ્રેષ્ઠ અને પાવની કહી છે. એટલે તેના પણ ભાગો ગુજરાતમાં રચાયાની સંભાવના કરી શકાય. આ મહાપુરાણોના જે ખંડો કે અધ્યાયો ગુજરાતના જે વિભાગોની માહિતી પૂરી પાડે છે તે ત્યાં તે પ્રદેશમાં જ રહીને વિદ્વાનોએ રચ્યા હોવાનું સ્પષ્ટ જાણી શકાય છે.[૪]

સ્કંદપુરાણ (વ્યંકટેશ્વર પ્રેસ એડીસન) એ મહાપુરાણોમાંનું ગુજરાતને લગતું મહત્ત્વનું પુરાણ છે. મત્સ્ય, બ્રહ્મવૈવર્ત, શ્રીમદ્‌ભાગવત, દેવીભાગવત, અને સ્કંપુરાણ પ્રમાણે તે ૮૧,૦૦૦ શ્લોકોનું મહાપુરાણ છે, જ્યારે ભવિષ્યપુરાણ તેને એક લાખ શ્લોકોનું ગણાવે છે. તેના સાત ખંડો : (૧) માહેશ્વર, (૨) વૈષ્ણવ, (૩) બ્રહ્મ, (૪) કાશી, (૫) અવંતિ, (૬) નાગર, (૭) પ્રાભાસિક છે. ડૉ. હજરાના વર્ગીકરણ પ્રમાણે તો તે ઉપપુરાણ છે, જ્યારે ડૉ. હરપ્રસાદ શાસ્ત્રી અને શ્રી. કાણે તીર્થસ્થાનો, વ્રતો ઇત્યાદિ વર્ણવતું મહાપુરાણ ગણે છે તે સાચું છે.[૫] આમાં ગુજરાતને લગતી અનેક હકીકતો છે. અને તે લગભગ સત્તરમી સદી સુધીની છે. તે વિદ્વાનોએ સમયે સમયે તૈયાર કરીને ઉમેરી છે એટલે તેને ગુજરાતના જ પુરાણખંડો ગણી શકાય. આ બધામાં સ્કંદપુરાણનો પહેલા માહેશ્વરખંડનો કૌમારિકાખંડ, ત્રીજા બ્રાહ્મખંડનો ધર્મારણ્યખંડ, છઠ્ઠો નાગરખંડ, સાતમા પ્રભાસખંડમાં પહેલું પ્રભાસ-

---

૪ શ્રી જોષી ઉમાશંકર, 'પુરાણોમાં ગુજરાત (ભૌગોલિક ખંડ),' પ્ર. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, આ. ૧, ૧૯૪૬, પ્રાસ્તાવિક પાન ૧૫.

૫ શ્રી ગુપ્તા (ડૉ.) આનંદસ્વરૂપનો લેખ "The Purāṇas and their references" "पुराणम्" Vol. VII No. 2, July, 1985, પાન ૩૪૩ થી ૩૪૯.

ક્ષેત્રમાહાત્મ્ય, બીજું વસ્ત્રાપથક્ષેત્રમાહાત્મ્ય; ત્રીજો અર્બુદખંડ, ચોથું દ્વારિકામાહાત્મ્ય તો અચૂક ગુજરાતનાં જ છે અને તે ગુજરાતનાં સ્થળોનું વિગતપૂર્ણ વર્ણન આલેખે છે. આ પ્રમાણે પદ્મપુરાણનો પહેલો સૃષ્ટિખંડ, ત્રીજો સ્વર્ગખંડ અને છઠ્ઠો ઉત્તરખંડ ગુજરાતનાં સ્થળોની અનેક વિગતપૂર્ણ હકીકતો રજૂ કરે છે. ઉત્તરખંડનું બ્રહ્મક્ષેત્રમાહાત્મ્ય અને ધર્મારણ્ય તો પૂર્ણપણે ગુજરાતનાં જ છે. આમ ગુજરાતમાં મહાપુરાણો રચાયાના કોઈ અન્ય ઉલ્લેખો ન હોવા છતાં આ ગુજરાતનાં જ છે એમ કહી શકાય. ગુજરાતમાં જાણીતાં ઉપપુરાણોમાંથી કોઈ રચાયાના ઉલ્લેખો મળતા નથી.

મહાપુરાણો ઉપરાન્ત ભારતના અન્ય પ્રદેશોની માફક ગુજરાતમાંથી તીર્થો કે તીર્થમહાત્મ્યો, સ્થળો, વિશિષ્ટ જ્ઞાતિઓની ઉત્પત્તિ, સામાજિક પરિસ્થિતિ અને રીતરિવાજો અને કુલકર્મની આલોચના કરતા "પુરાણ" નામ ધરાવતા અનેક સ્વતંત્ર ગ્રંથો મળી આવ્યા છે.

ગુજરાતમાં બ્રાહ્મણાદિ વર્ણોમાં પેટાજ્ઞાતીઓ હતી અને આજે પણ છે. આ બધી જ જ્ઞાતિઓ લગ્નવ્યવહાર, સમૂહભોજન કે તેવી વિશિષ્ટ બાબતો સિવાય લગભગ એકસરખા વિચારો ધરાવતી હતી. જનસમાજમાં અમુક જ્ઞાતિઓનું વિશિષ્ટ સ્થાન પણ હતું અને જ્ઞાતિના આગેવાનો–પટેલો સમગ્ર જ્ઞાતિ ઉપર સારું એવું વર્ચસ્વ ધરાવતા હતા. આવી જ્ઞાતિઓ ટકાવવા, તેમનું નિશ્ચિત થયેલું સ્થાન અફર રાખવા આવી જ્ઞાતિઓ કોઈ પણ વિશિષ્ટ દેવની લીલા દ્વારા થઈ છે તે સમજાવવા આવા પુરાણસાહિત્યની રચના થઈ છે એમ જાણી શકાય છે.

પુરાણ તરીકે ઓળખાતા આ ગ્રંથોના રચનાકારો શ્રુતિ અને સ્મૃતિ–સાહિત્ય, ધર્મશાસ્ત્રના ગ્રંથો મહાભારત અને રામાયણ તથા મહા તથા ઉપપુરાણોના ઊંડા અભ્યાસી અને પુરાણ રચવાનું કૌશલ્ય ધરાવતા વિદ્વાનો હતા. અલબત્ત તેઓએ રચનકાર તરીકે પોતાનાં નામો રજૂ કર્યાં નથી પણ તે કોઈ મહાપુરાણનો ભાગ છે એવું અધ્યાયોના અંતે આવતી પુષ્પિકાઓમાં જણાવ્યું છે. આ વિદ્વાનોએ જ્ઞાતિ અસ્તિત્વમાં આવવાનાં કારણો, તેમની ભૌગોલિક મર્યાદાઓ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને ઉત્પત્તિ, વિકાસ અને વિસ્તરણ રૂપકો દ્વારા રજૂ કરેલ છે. તેમનો મૂળ હેતુ તો જ્ઞાતિસ્વરૂપ પામેલાં જે તે વર્તુળો બંધાયા હતાં તેમાં કોઈ વિક્ષેપ ન પડે, જ્ઞાતિજનોમાં રૂઢ થયેલી પારંપરિક માન્યતાઓ વિફળ ન થાય, જ્ઞાતિએ સ્વીકારેલ ઈષ્ટદેવ કે દેવી પ્રત્યે ભક્તિ શ્રદ્ધા જળવાઈ રહે, સાંપ્રદાયિક કારણો તેમને વિભાજિત ન કરે, તે હતો. તેથી બધા જ સંપ્રદાયોના દેવો કોઈ એક જ મૂળ દૈવી તત્ત્વ બ્રહ્મનાં વિવિધ સ્વરૂપો છે તે સમજાવવા રૂપકો આખ્યાનો દ્વારા પ્રયત્ન કર્યો છે. તે કાળે ગુજરાતમાં વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર અને બ્રાહ્મ સંપ્રદાયો પ્રચારમાં હતા. બૌદ્ધ અને વિશેષ કરીને જૈનધર્મનું તો ખૂબ પ્રાબલ્ય હતું. તદ્‌ઉપરાંત ગણપતિ, હનુમાન, ભૈરવ, યક્ષ વગેરે માટે પણ લોકશ્રદ્ધા હતી. આ માટેનાં અનેક દેવાયતનો, શિલ્પસ્થાપત્યો રચાતાં હતાં. આજે વિપુલ પ્રમાણમાં મળી આવતાં આવાં શિલ્પો, સ્થાપત્યો કે તેમના અવશેષો આને ખાતરી આપે છે.[૬] તત્કાલીન સાહિત્યનો અભ્યાસ પણ આ હકીક્ત સાચી ઠેરવે છે.

---

૬ મજમુદાર (ડૉ.) એચ. એ., 'Some medieval Sculptures of North Gujarat' Part II, Publisher–Gujarat University, Ahmedabad, Ed. I, P. 1500.

આ પુરાણકારોએ, મહાપુરાણકારોએ અપનાવેલી પદ્ધતિ પ્રમાણે જે તે જ્ઞાતિના ઉપાસ્ય દેવોની પૂજાવિધિ, આચારવિચારના નિયમો વગેરેની ચર્ચા કરી છે અને તેનું પાલન કરવા આદેશ આપ્યો છે. જ્ઞાતિજનોની શ્રદ્ધા ટકાવવા રસવૈવિધ્ય ધરાવતાં આખ્યાનો કે ઉપાખ્યાનો નવાં રચીને કે મહાપુરાણો વગેરેમાંથી થોડા ફેરફારો સાથે સીધાં ઉતારીને પુરાણોના કલેવરોમાં પણ નોંધપાત્ર વધારો કર્યો છે અને જ્ઞાતિજનો જ્ઞાતિથી અલગ થવાનો વિચાર પણ ન કરે તે માટે તેમ કરનારને કેવી દેવી કે સામાજિક આફતો આવી પડે તેની આલોચના મૌલિક રચનાઓ દ્વારા કરી છે.

આ પુરાણકારોએ વિકાસ અને વિસ્તાર માટે: (૧) પ્રાચીન કથાનકો અને જગતની ઉત્પત્તિની માન્ય હકીકતો (૨) સ્મૃતિઓમાં ચર્ચાએલા ધર્મશાસ્ત્રીય સિદ્ધાન્તો અને (૩) પુરાણપંચ લક્ષણોનો સાનુકૂળ ફેરફાર કરી સ્વીકાર કર્યો છે. વિશેષમાં દેવપૂજા, વ્રત, દાન, તીર્થયાત્રા, સ્થાનિક તીર્થોનું મહત્ત્વ, શ્રાદ્ધ અને બ્રાહ્મણોની મહત્તા આખ્યાનો દ્વારા કે સીધેસીધી રજૂ કરી છે તે પણ તેમની મૌલિક્તા છે. સ્થાનિક તીર્થો અને સ્થળોને મહત્ત્વ આપવા તે ભારતપ્રસિદ્ધ તીર્થ કરતાં શ્રેષ્ઠ છે એવું પણ ઠેરવ્યું છે. ટૂંકમાં, સ્થાનિક પરંપરા, પ્રાદેશિક ઇતિહાસ અને ભૂગોળ, વિશિષ્ટ જ્ઞાતિપ્રથા અને તેની જ્ઞાતિનું ગૌરવ વર્ણવતા સર્વસંગ્રહ જેવા અનન્ય ગ્રંથો બનાવ્યા છે જેમાંથી જે તે કાળનું, પ્રદેશનું અને સમાજનું સુંદર સુરેખ વર્ણન વિગતે મળે છે.

આવા પુરાણોની રચના મુખ્યત્વે સોલંકીકાળથી શરૂ થઈ જે લગભગ અઢારમી સદી સુધી ચાલુ રહી છે. ગુજરાતનાં મળી આવતાં આવાં પુરાણો મોટે ભાગે જ્ઞાતિ કે સ્થળ-પુરાણો છે અને તે વિશેષરૂપે ગુજરાતના વિદ્યાપ્રેમી સજ્જનોના ઘરોમાંથી વિશેષ પ્રમાણમાં મળી આવ્યાં છે. તેની મૂળ હસ્તપ્રતો ખૂબ જ ઓછાંની મળી આવી છે. આ પુરાણોમાં: (૧) સરસ્વતીપુરાણ, (૨) ધર્મારણ્યપુરાણ, (૩) મલ્લપુરાણ, (૪) વાયુપુરાણ, (૫) શ્રી-માલપુરાણ, (૬) વાલખિલ્યપુરાણ, (૭) કંડુલપુરાણ, (૮) કાલિકાપુરાણ, (૯) નાંદિપુરાણ, (૧૦) શ્રીગૌડપુરાણ, (૧૧) શ્રી અનાવિલપુરાણ, (૧૨) શ્રી સ્થળપ્રકાશ, (૧૩) તપોધન-પ્રકાશ, (૧૪) ગોમનીવાળપ્રકાશ, (૧૫) સાચીહરોપાખ્યાન, (૧૬) સિદ્ધવટિકામાહાત્મ્ય, (૧૭) બ્રહ્મક્ષેત્રમાહાત્મ્ય, (૧૮) નર્મદામાહાત્મ્ય, (૧૯) સાભ્રમતિમાહાત્મ્ય, (૨૦) તાપી-પુરાણ, (૨૧) ગદાધરમાહાત્મ્ય, (૨૨) સોરઠીઆપુરાણ, (૨૩) નાભિકપુરાણ વગેરે.

આટલા ગ્રંથો પ્રાપ્ત થયા છે. બીજા પણ હોવાની શકયતા છે. આ બધા ગ્રંથોનો આધાર મુખ્યત્વે સ્કન્દપુરાણ, કેટલેક અંશે પદ્મપુરાણ છે. પુષ્પિકાઓમાં આધાર ગમે તે પુરાણ વગેરે બતાવ્યો હોય છે તો પણ તેમાં વાર્તાતંતુ સાચવવા અને હકીકતોનો પ્રવાહ સ-રસ રીતે વહી રહે તે માટે પુરાણો ઉપરાન્ત મહાકાવ્યોનો પણ ઉપયોગ અક્ષરશઃ કે ભાવરૂપે કરવામાં આવ્યો છે. તેમાંનાં કેટલાંક પુરાણોનો ખૂબ જ આછો પરિચય નીચે પ્રમાણે છે.

૧ **સરસ્વતીપુરાણ**—આ ગ્રંથ પુરાણથી ઓળખાતો હોવા છતાં તીર્થમાહાત્મ્ય વિશેષ છે. ગુર્જરનરેશ સિદ્ધરાજના સમયનું તેમાં વર્ણન છે. તેથી તે સમયની રચના લાગે છે.

તેની સાત હસ્તપ્રતો મળી આવી છે અને તેને આધારે સ્વ. ક. ભા. દવેએ[7] તેના માત્ર બે અધ્યાય ૧૫-૧૬નું સંપાદન કરેલું છે. અઢાર સર્ગ અને ૨૮૯૦ શ્લોકોની એ મહાકાવ્ય જેવી જ રચના છે. ઉત્તર ગુજરાતની સરસ્વતી નદી અને તેને કાંઠે આવેલાં તીર્થોનો મહિમા તેમાં ગાવામાં આવ્યો છે. સિદ્ધરાજ જયસિંહે પાટણમાં બંધાવેલા સહસ્ત્રલિંગસરોવર, તેની રાજધાની પાટણ અને તેના જીવનની હકીકતો તેમાં સુંદર રીતે આલેખાઈ છે. તદૃઉપરાંત તેમાં તેના સમયની સામાજિક અને રાજકીય પરિસ્થિતિનાં પણ દર્શન થાય છે. મહારાજા સિદ્ધરાજની યશોગાથા વર્ણવવાનો તેમાં હેતુ હોવાથી તેમના જ દરબારના કોઈ વિદ્વાનની તે રચના હોવાનું શ્રી ક. ભા. દવે માને છે.

૨ **ધર્મારણ્ય**—ગુજરાતના મોઢ બ્રાહ્મણો અને વૈશ્યોનું આ જ્ઞાતિપુરાણ છે. આ નામનાં બે પુરાણો મળી આવે છે: (૧) સ્કંદપુરાણનું ધર્મારણ્ય જે ૪૫૦૦ શ્લોકો અને ૩૯ અધ્યાયો ધરાવે છે, (૨) પદ્મપુરાણનું ધર્મારણ્ય. આ બન્નેમાં વર્ણવેલી હકીકતો કંઈક અંશે જુદી છે પણ બન્ને એક જ મૂળ હકીકતને આધારે યોજાયેલી રચના લાગે છે. આમાં મોઢેરા નગરનું વર્ણન, મોઢ જ્ઞાતિનો ઇતિહાસ અને સાથે સાથે ગુજરાતના તત્કાલીન ઇતિહાસનું દર્શન કરાવે છે. શ્રી રત્નમણિરાવ જોટે[8] તે ઈ. સ. ૧૩૫૦ થી ૧૫૦૦માં રચાયું હોવાનું માને છે.

૩ **મલ્લપુરાણ**—મોઢ બ્રાહ્મણોની એક શાખા મલ્લ તરીકે જાણીતી છે. મોઢ બ્રાહ્મણો મોઢેરા છોડ્યા પછી હારિજ તાલુકામાં દેલમાલ પ્રદેશમાં સ્થિર થયા હતા. તેમની વિગતપૂર્ણ હકીકતો રજૂ કરતું આ પુરાણ છે. આ પુરાણનું સંપાદન ડૉ. ભોગીલાલ સાંડેસરા તથા ડૉ. આર. એન. મહેતાએ તેમને મળેલી એકમાત્ર હસ્તપત્ર ઉપરથી કર્યું છે. ૧૫ અધ્યાય અને ૭૮૦ શ્લોકો ધરાવતું આ પુરાણ દેલમાલનગર, મલ્લજ્ઞાતિની વિશિષ્ટતાઓ મહાદેવી નિમ્બજાનો પ્રાદુર્ભાવ વગેરેની વિગતે ચર્ચા કરે છે અને તે ગુજરાતના તત્કાલીન ઇતિહાસ અને પરિસ્થિતિ ઉપર સારો એવો પ્રકાશ ફેંકે છે.

૪ **વાયુપુરાણ**—આ પણ એક જ્ઞાતિપુરાણ છે જે વાયડા બ્રાહ્મણો, વૈશ્યોની ઉત્પત્તિ અને વિકાસગાથા તથા વાયડનગરનો મહિમા ગાય છે. વાયડનગર મહેસાણા જિલ્લામાં પાટણથી આશરે ૨૦ કિ.મી. દૂર આવેલું નાનું ગામ છે. સ્વ. શ્રી રામલાલ મોદીએ આ પુરાણનું સંપાદન કરેલું છે. પોતાની પાસેની પાટણની અને એક કચ્છની એમ બે પ્રતો ઉપરથી કર્યું છે, જો કે તેમને બેઝવાડાથી પણ એક પ્રત મળી છે તેમાં દશ અધ્યાય વધુ છે. વાયુપુરાણ અને સ્કંદનો નાગર ખંડ આનાં આધારસ્થાનો છે. આ પુરાણ પંદરમા સૈકાથી અર્વાચીન નથી. જો કે વાયડા જ્ઞાતિના ઉલ્લેખો દસમી-અગિયારમી સદીના શિલાલેખોમાં છે.

૫ **શ્રીમાલપુરાણ**—શ્રીમાળી જ્ઞાતિનો ઇતિહાસ રજૂ કરતું આ પુરાણ છે. શ્રીમાળી બ્રાહ્મણો, વૈશ્યો અને સોનીઓનું આ જ્ઞાતિપુરાણ છે. શ્રીમાળ એ ગુજરાત-રાજસ્થાનની સરહદે

૭ શ્રી દવે કનૈયાલાલ ભાઈશંકર, 'સરસ્વતીપુરાણ', પ્રકાશક, શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબાઈ, ૧૯૪૦, પૃ. ૧૩૪.

૮ શ્રી જોટે રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ', ઈસ્લામયુગ ખંડ ૧-૨, પ્ર. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પાન ૧૧૩ ફૂટનોટ.

આવેલું એક પ્રાચીન મહાનગર હતું.[૯] તે નગરની શ્રી સમૃદ્ધિ અને વિનાશની હકીકતો અને આનુષંગિક પ્રસંગો, ઇતિહાસ, સામાજિક પરિસ્થિતિનું વર્ણન તેમાં છે. ડૉ. આર. એન. મહેતાએ ઊંડા અભ્યાસ દ્વારા આ પુરાણની સાચી હકીકતનો અભ્યાસપૂર્ણ લેખો દ્વારા રજૂ કરી છે. તે નગરની મહાલક્ષ્મીએ સં. ૧૨૦૩માં ત્યાંથી નીકળી પાટણમાં રહેવાની ઇચ્છા પ્રકટ કરી એટલે તે ગાળામાં તે નગરનો વિનાશ થયો હોવાનું સંભવિત છે. પંચોતેર અધ્યાય અને પંચોતેરસો શ્લોકોનું તત્કાલીન ગુજરાતની ઝાંખી કરાવતું આ પુરાણ છે. તેની રચના ૧૪મી સદીની હોવાનું લાગે છે. પુષ્પિકાઓ સ્કંદપુરાણના બ્રાહ્મવિભાગનું કહે છે પણ સ્કંદપુરાણમાં તે નથી એટલે પૌરાણિક મહત્ત્વ માટે જ ઉલ્લેખ થયો હોવાનું લાગે છે.

૬ **કાલિકાપુરાણ**—ગુજરાતની કંસારા જ્ઞાતિનું આ પુરાણ છે, જેનું પ્રાપ્ત હસ્તપ્રતોને આધારે કાલિકાપુરાણ સંશોધન બોર્ડ વતી ડૉ. એ. એન. જાનીએ સંપાદન કર્યું છે. તેને પદ્મપુરાણના ઉત્તરખંડ સાથે જોડવામાં આવ્યું છે. પોતાની કુલદેવી કાલિકાને કારણે તેને કાંસ્યપુરાણ કે એવું નામ ન આપતાં કાલિકાપુરાણ નામ અપાયેલ છે, જેના ત્રીસે અધ્યાયોમાં કંસારાઓની ઉત્પત્તિ, કાલિકા માતાજીનું મહત્ત્વ, કંસારાઓનું ગુજરાતમાં અને ભારતના અન્ય ભાગોમાં નિષ્ક્રમણ વગેરે હકીકતો પૌરાણિક ઢબે રજૂ કરી તત્કાલીન પરિસ્થિતિ રજૂ કરવામાં આવી છે. તેનો સમય સોળમી સદીનો ગણી શકાય

૭ **વાલખિલ્યપુરાણ**-વાલખિલ્ય બ્રાહ્મણો કે જેઓ ઉત્તર ગુજરાતમાં ઝારોળા, સૌરાષ્ટ્રમાં ગુગળી અને દક્ષિણ ગુજરાતમાં જાંબુ તથા મરિચિયાના નામે જાણીતા છે. તેમનું તથા તેમની સાથે સંકળાયેલ વૈશ્યાદિ અન્ય વર્ણોનું જ્ઞાતિપુરાણ છે. તે સ્કંદપુરાણના વાલખિલ્ય ખંડમાં હોવાનું પુષ્પિકા કહે છે પણ સ્કંદપુરાણમાં એવો કોઈ ખંડ જ નથી. ૬૬૭૦ શ્લોક અને ૯૩ અધ્યાય ધરાવતા આ પુરાણમાં જ્ઞાતિભેદો દશા-વિશાનો પણ ઉલ્લેખ છે જે આમાં સામ્બાદિત્યા અને રતીશ્વરા નામે રજૂ થયા છે. આ પુરાણની વિશિષ્ટતા એ છે કે તેમાંથી ઝારોળા કે જાલ્યોધરા પરિસ્થિતિ અનુસાર નજીકમાં જ આવેલા ડીસા ઉપરથી ડીસાવાળ નામે ઓળખાતી જાતિમાં કેટલાક કેમ ભળી ગયા તેની આખ્યાનરૂપે હકીકત રજૂ કરી છે. તેની ચાર હસ્તપ્રતો પ્રાપ્ત થઈ છે અને તે પંદરમી કે સોળમી સદીનું પુરાણ હોવાનું લાગે છે.

૮ **શ્રી સ્થળ પ્રકાશ**—શ્રી સ્થળ એ હાલનું સિદ્ધપુર. સોલંકીયુગમાં મૂળરાજદેવે બંધાવેલા રુદ્રમહાલયપ્રસંગે ઉત્તર ભારતમાંથી પવિત્ર નદીઓના નિવાસી વિદ્વાન બ્રાહ્મણો બોલાવવામાં આવ્યા હતા, જે અહીં સ્થિર થયા પણ કારણવશાત્ શ્રીસ્થળ પ્રદેશથી દૂર પણ જઈ વસ્યા. તે ઔદિચ્ય બ્રાહ્મણો, તેમના સ્થળાન્તરનાં કારણો, તેમના પેટાવિભાગો અને તે માટેનાં કારણો વગેરેનો ખ્યાલ આપતું તથા તેમના વસવાટના પ્રદેશોનો પરિચય કરાવતું સોળમી સદી પછી રચાયેલું આ પુરાણ છે; જે મુખ્યત્વે નામ પ્રમાણે શ્રી સ્થળ નગર ઉપર વિશેષ પ્રકાશ ફેંકે છે.

૯ **સાચીહરોપાખ્યાન**—ગુજરાત રાજસ્થાનની સરહદે આવેલા સાચોર ગામના મૂળ વતનીઓનું આ જ્ઞાતિપુરાણ અઢારમી સદીમાં રચાયેલું છે. આ પુરાણ ૬૯૨ શ્લોક અને ૭

૯ બૉમ્બે ગેઝેટીયર પુસ્તક ૧, ભાગ ૧, પરિશિષ્ટ-શ્રીમાળનો ઇતિહાસ.

અધ્યાયો ધરાવે છે. સાચોરનગર, ત્યાં દેવીની આજ્ઞાથી બોલાવેલા ૨૭૦૦ બ્રાહ્મણો જેઓ મુખ્યત્વે ગૌડ, શ્રીમાળ વગેરેથી આવેલા હતા તેમની હકીકત છે. સ્થળના વસવાટ ઉપરથી જે તે જ્ઞાતિ બનતી તેનું આ ઉદાહરણ છે. તે નગરનાં તથા તે પ્રદેશનાં તીર્થો, ગોત્ર, પ્રવરો ઇત્યાદિનું વર્ણન કરે છે તે સ્કંદપુરાણાન્તર્ગત કહ્યું છે પણ તે સ્વતંત્ર રચના છે અને તેનું સર્જન સંવત ૧૮૦૦ની આસપાસ થયું હોવાનું તેમાંથી જાણી શકાય છે

૧૦ **સિદ્ધવટિકામાહાત્મ્ય**—ગુજરાતની દીશા–ડીસાવાળ જ્ઞાતિનું આ જ્ઞાતિપુરાણ છે, તે જ્ઞાતિના બ્રાહ્મણો, વૈશ્યો, તેમનાં ગોત્રો, રીતરિવાજો, ડીસાનાં તથા તે પ્રદેશનાં તીર્થો આશ્રમો વગેરે વર્ણવતું વીસ અધ્યાય અને ૮૦૦ શ્લોકોનું આ પુરાણ છે. ડીસા એ પ્રાચીન ગામ છે જેનો ઉલ્લેખ નાસિકની ગુફાના લેખમાં પણ છે.[૧૦] આ પુરાણની રચના પંદરમી સદી, તેના આંતરિક આધારોને કારણે લાગે છે. બ્રહ્મપુરાણાન્તર્ગત કહેલ છે પણ તેમાં તે નથી એટલે સ્વતંત્ર રચના છે.

આમ અહીં ખૂબ જ ટૂંકો પરિચય કરાવેલા અને યાદીમાં જણાવેલા અન્ય 'પુરાણ' નામથી જાણીતા થયેલા ગ્રંથો, ગુજરાતનું–સામાજિક, ઐતિહાસિક, ભૌગોલિક, શિલ્પ સ્થાપત્ય અને લલિતકલાઓની દૃષ્ટિએ નિદર્શન કરતા અનન્ય ગ્રંથો છે. ગુજરાતની પ્રજાએ પોતપોતાનાં વર્તુળો ટકાવવા સાંપ્રદાયિક હરીફાઈઓ અને રાજકીય ઊથલપાથલોમાં કેવી મથામણ કરીને સૌને એક કરવાનો પ્રયત્ન કરેલ છે, પોતપોતાના પ્રદેશોમાંથી પડેલા જૂના સંસ્કાર અને સંસ્કૃતિને ટકાવવા, માટે કેવા કેવા રીતરિવાજો નક્કી કર્યા હતા અને ટકી રહ્યા હતા તેનો સારો એવો પરિચય આપણને આ ગ્રંથો કરાવે છે. વિસ્તારભયે દરેકનું ટૂંકું વિવેચન આપવાનું રાખ્યું છે; કારણ કે દરેક પુરાણ, સંશોધન કરતાં, ઘણી જ હકીકતો રજૂ કરવાની ક્ષમતા ધરાવે છે. આમાંના શ્રીવાલખિલ્યપુરાણ, શ્રીમાળપુરાણ, નાંદિપુરાણ, ધર્મારણ્ય અને સ્કંદપુરાણના નાગરખંડનો વિષય લઈ પીએચ.ડી.ની પદવી માટે સંશોધન કરી જિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ તેના ઉપર વિગતે હકીકતો રજૂ કરી છે. અસ્તુ.

---

૧૦ નાસિકની ગુફાના શિલાલેખો, લેખ નં. ૧૭.

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૧ | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩ | **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૧૧=૫૦ |
| ૪ | **ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫ | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧) | ૮=૦૦ |
| ૬ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૧૦=૫૦ |
| ૭ | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮ | **સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯ | **હમ્મીરપ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ | ૬=૦૦ |
| ૧૦ | **પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪) | ૩૧=૦૦ |
| ૧૧ | **વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧ | વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧ | ૨=૫૦ |
| ૨ | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩ | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪ | **નિરુત્તમા** | ૨=૫૦ |
| ૫ | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬ | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૪=૫૦ |
| ૭ | **પ્રવેશકો, ગુચ્છ બીજો** | ૩=૦૦ |
| ૮ | **અંબડ વિદ્યાધર રાસ** | ૪=૦૦ |
| ૯ | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦ | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧ | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨ | **પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૦૦ |
| ૧૩ | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૫=૫૦ |
| ૧૪ | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી | ૬=૭૫ |
| ૧૫ | **વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર | ૨૫=૦૦ |

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**

**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# માયારસ: એક નવીન ઉદ્‌ભાવના

જાગૃતિ પંડ્યા*

સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં મુખ્યત્વે કરીને શૃંગારાદિ આઠ રસ અને નવમા શાન્ત રસને કેન્દ્રમાં રાખીને જ રસવિચાર પ્રવર્ત્યો છે, છતાં ક્યાંક, ક્યારેક, કોઈક કોઈક આલંકારિકમાં તે સિવાયના અન્ય રસની ગણના પણ થતી રહી છે. જેટલા ભાવ તેટલા રસને પુરસ્કારતા આલંકારિકો પણ થયા હતા. આ વિશિષ્ટ રસોમાં રુદ્રટના પ્રેયાન્ કે વિશ્વનાથના વત્સલ રસને તથા ના. દ. કારોએ આપેલ લૌલ્ય, સ્નેહ, વ્યસન, દુઃખ, સુખ વગેરે અને ભાનુદત્તે નિરૂપેલ માયારસને મૂકી શકાય.

માયારસનું પ્રતિપાદન એ ભાનુદત્તનું આગવું પ્રદાન છે. પોતાના ગ્રંથ "રસતરંગિણી"માં તેઓ યુક્તિપુરઃસર તેનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.

સૌ પ્રથમ તેઓ જણાવે છે કે, ચિતવૃત્તિ દ્વિવિધ હોય છે–પ્રવૃત્તિપરક તથા નિવૃત્તિપરક. તે પૈકી નિવૃત્તિના અનુસંધાનમાં જેમ શાંન્તરસ પ્રવર્તે છે, તે રીતે પ્રવૃતિના સંદર્ભમાં માયારસ જણાય છે: **निवृत्तौ यथा शान्तरसस्तथा प्रवृत्तौ मायारस इति प्रतिभाति ।** (पृ. १४५) તેનું કારણ એ છે કે, એક સંદર્ભમાં જો રસ સ્વીકારવામાં આવે તો બીજા સંદર્ભમાં પણ રસનો સ્વીકાર અનિવાર્ય બની રહે છે: **एकत्र रसोत्पत्तिरपरत्र नेति वक्तुमशक्यत्वात् ।** (पृ. १४५) ટૂંકમાં માયારસ અસ્તિત્વ ધરાવે છે.

આ માયારસના સ્થાયીરૂપ રતિની વ્યાખ્યા આપતાં ભાનુદત્ત જણાવે છે કે, ઘેરી આસક્તિ એ જ રતિ છે. **घनासक्तिः एव रतिः ।** પ્રબુદ્ધ થયેલી, મિથ્યાજ્ઞાન અંગેની વાસના એ જ માયારસ છે, એવું લક્ષણ તેઓ બાંધે છે: **लक्षणं च प्रबुद्धमिथ्याज्ञानवासना मायारसः ।** (पृ. १४६) તે પછી, તેઓ જણાવે છે કે, મિથ્યાજ્ઞાન એ તેનો સ્થાયિભાવ છે. ઉપર તેમણે રતિનો જે ઉલ્લેખ કર્યો છે, તે (= રતિ) મિથ્યાજ્ઞાનમૂલક છે એમ સમજી શકાય. સાંસારિક ભોગ પ્રાપ્ત કરાવતા ધર્મ અને અધર્મ એ તેના વિભાવો છે તથા પુત્ર, કલત્ર, વિજય, સામ્રાજ્ય વગેરે તેના અનુભાવો છે.[1]

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઓગષ્ટ '૮૬, પૃ. ૩૩૭–૩૪૦.

* કે, ૭૯ પી.ડબલ્યુ.ડી. ક્વાર્ટર્સ, નવરંગપુરા, અમદાવાદ ૯.

૧ ભાનુદત્ત, 'રસતરંગિણી' (સંપાદક: જોશી ગોપાલદત્ત, પ્રકાશક: મુંશીરામ મનોહરલાલ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, નવી દિલ્હી, ઈ. સ. ૧૯૭૪, આવૃત્તિ પ્રથમ) પૃ. ૧૪૬.

**मिथ्याज्ञानमस्य स्थायिभावः । विभावाः सांसारिकभोगार्जकधर्माधर्माः । अनुभावाः पुत्रकलत्रविजयसाम्राज्यादयः ।**

હવે આ રસનો અંતર્ભાવ અન્યત્ર ક્યાંય થતો નથી તે દર્શાવતાં તેઓ જણાવે છે કે, તે માયારસને રતિરૂપ નહીં માની શકાય, કેમ કે, તેમ માનીએ તો તે કોને વિષે વ્યભિચારી બનશે? તે વિચારવું જોઈશે. શૃંગારનો વ્યભિચારી તે બની શકે તેમ નથી, કારણ કે, તેના વિરોધી એવા બીભત્સની પણ ત્યાં ઉપસ્થિત હોય છે અને આથી જ બીભત્સનો પણ વિચાર થઈ શકે નહીં. માયારસનો રતિભાવ હાસ્યનો પણ વ્યભિચારી થઈ શકે એમ નથી, કારણ કે, તેના વિરોધી એવા કરુણની ત્યાં ઉપસ્થિતિ હોય છે. આ જ તર્કથી કરુણનો પણ છેદ ઊડી જાય છે. એવી જ રીતે, રૌદ્ર અને અદ્ભુત તથા વીર અને ભયાનકની પણ શક્યતા જણાતી નથી. વળી, માયાનો રતિભાવ શાન્તનો પણ વ્યભિચારી બની શકે નહીં, કેમ કે, શાન્ત એ તેનો વિરોધી છે. વળી, એમ પણ કહી શકાય નહીં કે, માયારસ એ સામાન્ય રસ છે અને બીજા બધા રસો તેના વિશેષરૂપ છે, કારણ કે, એવું માનીએ તો, શાન્તરસ રસાભાસરૂપ બની જાય. વાસ્તવમાં તો વીજળીના ચમકારાની માફક માયારસમાં રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મયના ભાવો ઉત્પન્ન થાય છે અને વિલીન થાય છે. તેથી, તે બધા, તેને વિષે વ્યભિચારીરૂપ છે.[૨]

આમ, ભાનુદત્તે પોતાની રીતે માયારસનું સાગ્રહ પ્રતિપાદન કર્યું છે. જો કે, મહદંશે આલંકારિકોનું વલણ શૃંગારાદિ આઠ અને નવમા શાન્તરસને જ સ્વીકારવાનું રહ્યું છે. તેમાંય દશરૂપકકાર–મમ્મટ વગેરે તો શાન્તને નાટકના સંદર્ભમાં આવકાર્ય લેખતા નથી, છતાં, આનન્દવર્ધન તથા અભિનવગુપ્તની પરંપરા તો શાન્તને જ રસોના રસ તરીકે સ્વીકારવાનો આગ્રહ સેવતી જણાય છે. આપણે એવું વિચારી શકીએ કે, આ અનિત્ય અને દુઃખમય સંસારની અસારતા–નિઃસારતા જણાતાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ અર્થે શાન્તરસમાં જીવનની સાર્થક્તા અનુભવાય તે સ્વાભાવિક છે અને તેમાં તત્ત્વજ્ઞાન કે આત્મસ્વરૂપનું જ્ઞાન સ્થાયીરૂપે કલ્પી શકાય છે. તે જ રીતે, તેનાથી વિરુદ્ધ એવો માયારસ પણ સંભવી શકે, જેના સ્થાયિરૂપે પ્રબળ આસક્તિને મૂકી શકાય. આ દ્વંદ્વાત્મક જગતની મોહમાયામાં અટવાયેલો જીવ તત્ત્વજ્ઞાનના અભાવે શાન્તમાં સ્થિર થઈ શકતો નથી. એ રીતે જોતાં, માયા, ભલે તે ત્યાજ્ય હોય, કે તેનું અસ્તિત્વ આભાસી હોય, છતાં શાન્તમાં અવરોધરૂપ બનતી હોવાને કારણે તથા જગતના સઘળા વ્યવહારો તન્મૂલક હોવાને લીધે, તેની અવગણના કરવી યોગ્ય નથી. આમ, માયાનું રસત્વ સ્વીકારતા ભાનુદત્ત વાસ્તવદર્શી જણાય છે. અલબત્ત, અનુગામી આલંકારિકોમાં તેમની આ નવીન ઉદ્ભાવના આવકારાઈ નથી, તો પણ, ભાનુદત્તે તે માટે પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે તે નોંધપાત્ર છે.

---

૨ એજન, પૃ. ૧૪૫-૪૬.

न च स रतिरेव स कस्यास्तु व्यभिचारी । न शृङ्गारस्य, तद्वैरिणो बीभत्सस्यापि तत्र सत्त्वादत एव न बीभत्सस्यापि । न हास्यस्य, तद्वैरिणः करुणस्य तत्र सत्त्वादत एव न करुणस्याऽपि । न रौद्रस्य, तद्वैरिणोऽद्भुतस्याऽपि तत्र सत्त्वादत एव नाद्भुतस्याऽपि । न च वीरस्य, तद्वैरिणो भयानकस्याऽपि तत्र सत्त्वादत एव न भयानकस्याऽपि । नाऽपि शान्तस्य, तद्विरोधित्वात् । न च सामान्य एव रसस्तद्विशेषा इतरे भवन्ति, शान्तरसस्य तर्हि रसाभावत्वापत्तेः । किन्तु विद्युत इव रतिहासशोकक्रोधोत्साहभयजुगुप्साविस्मयास्तत्रोत्पद्यन्ते विलीयन्ते च । तेन तत्र ते व्यभिचारिभावा इति ।

## સન્દર્ભગ્રંથો

૧ ‘રસતરંગિણી’ ભાનુદત્ત, સંપાદક : શ્રી ગોપાલદત્ત જોશી, પ્ર. મુંશીરામ મનોહરલાલ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, નવી દિલ્હી, ઈ. સ. ૧૯૭૪.

૨ ‘ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓની વિકાસયાત્રાના સંદર્ભમાં, વિશ્વનાથ-આલંકારિક અને કવિ–એક અધ્યયન’–જાગૃતિ પંડ્યાનો અપ્રકાશિત શોધપ્રબંધ.

## OUR NEW RELEASES

| Title | Rs. |
|---|---|
| Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt | 50 |
| Encyclopedia of Indian Philosophies—Karl H. Potter | |
| Vol. I : Bibliography 2nd rev. edn. | 250 |
| Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika | 150 |
| Vol. III : Advaita Vedanta. Part I | 175 |
| Fragments from Dinnaga—H. N. Randle | 40 |
| Fullness of the Void—Rohit Mehta | 85 (Cloth)<br>60 (Paper) |
| Global History of Philosophy 3 Vols—John C Plott. | 195 |
| Hindu Philosophy—Theos Bernard | 50 (Cloth)<br>30 (Paper) |
| History and the Doctrines of the Ajivikas—A. L. Basham | 75 |
| History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma | 200 |
| History of Indian Literature Vol. I—M. Winternitz | 100 |
| History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua | 125 |
| Indian Sculpture—Stella Kramrisch | 60 |
| J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta | 55 (Cloth)<br>45 (Paper) |
| Language and Society-Michael C. Shapiro and Harold F. Schiffman | 130 |
| Life of Eknath—Justin E. Abbott. | 50 (Cloth)<br>35 (Paper) |
| Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell | 50 |
| Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha | 80 |
| Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen | 120 |
| Philosophy of Nagarjuna—K. D. Prithipaul | 65 |
| Prapancasara Tantra—Ed. by Arthur Avalon | 100 (Cloth)<br>75 (Paper) |
| Select Inscriptions. Vol. II—D. C. Sircar | 200 |
| Serindia 5 Vols—Sir Aurel Stein | 3000 |
| Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty | 100 |
| Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse | 60 |
| Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue ( Brhadaranyakopanisad 2 : 4 and 4 : 5 )—Shoun Hino | 125 |
| Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri | 120 (Cloth)<br>100 (Paper) |
| Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma | 220 |

*For Detailed Catalogue, please write to :—*

**MOTILAL BANARSIDASS**

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 ( India )

# કાવ્યમીમાંસામાં કવિપ્રકાર

રસિકલાલ ચિમનલાલ ત્રિપાઠી*

રાજશેખરે 'કાવ્યમીમાંસા' નામક મહાગ્રન્થ રચવાનો ઈરાદો રાખ્યો હશે, ને કદાચ એ ગ્રન્થ રચ્યો પણ હોય, છતાં આજે તો કાવ્યમીમાંસાનો 'કવિરહસ્ય' નામે એક જ ભાગ આપણને પ્રાપ્ત થઈ શકયો છે. તે 'કવિરહસ્ય'ના પ્રારંભિક ત્રણ અધ્યાયોમાં લેખકે કાવ્યમીમાંસાની ભૂમિકા રચી છે, જેમાં કાવ્યની ઉત્પત્તિ, કાવ્યનો વિષય, તેનું પ્રયોજન તથા ફલની ચર્ચા કરી છે. તે પછીના ચોથા અધ્યાયના પૂર્વભાગમાં રાજશેખર કાવ્યવિદ્યાના અધિકારીઓના પ્રકાર સમજાવે છે, અને ત્યાં કવિ થવા ઈચ્છતા કાવ્યવિદ્યાના અભ્યાસીઓના પ્રકાર સમજાવે છે.

રાજશેખરના મત પ્રમાણે કાવ્યવિદ્યાના અભ્યાસીઓ બે પ્રકારના હોય છે : (૧) બુદ્ધિમાન તથા (૨) આહાર્યબુદ્ધિ. પ્રથમ પ્રકારમાં એવા અભ્યાસીઓ હોય છે જેમની બુદ્ધિ કાવ્યશાસ્ત્રમાં સ્વાભાવિક રીતે જ ખૂંપી શકે છે, અને જેમને કાવ્યશાસ્ત્રની સૂક્ષ્મ વસ્તુઓ પણ આપમેળે જ સમજાઈ જાય છે; જ્યારે બીજા પ્રકારના અભ્યાસીઓની બુદ્ધિને શાસ્ત્રના અભ્યાસથી સંસ્કૃત કરવી પડે છે, ઘસીને ચકચકિત–પૉલિશ કરવી પડે છે, ને ત્યારે જ તે વ્યક્તિ કાવ્યવિદ્યાને ગ્રહણ કરી શકે છે–આ અભ્યાસી તે આહાર્યબુદ્ધિ ! સાચો કવિ બન્ને પ્રકારની બુદ્ધિશક્તિવાળો હોય છે.

બુદ્ધિશક્તિની વાત આવી એટલે રાજશેખર અહીં બુદ્ધિના પ્રકારની પણ ચર્ચા કરે છે. તેણે બુદ્ધિના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે : સ્મૃતિ, મતિ અને પ્રજ્ઞા. તે કહે છે કે જે ભૂતકાલીન વસ્તુને યાદ કરાવી આપે છે તે બુદ્ધિશક્તિનું નામ સ્મૃતિ; જે વર્તમાનની વસ્તુનું મનન કે ચિન્તન કરાવે તે બુદ્ધિશક્તિ તે મતિ; ને જે હજુ બનવાનું છે, અર્થાત્ ભવિષ્યમાં બનવાનું છે, તેનું જ્ઞાન કરાવનારી શક્તિ તે પ્રજ્ઞા, કદાચ આ જ શક્તિ તે આર્ષદ્રષ્ટિ. રાજશેખર કહે છે કે કવિયશઃપ્રાર્થી–કવિનો યશ મેળવવાની આકાંક્ષા રાખનારને આ ત્રણે પ્રકારની બુદ્ધિ સહાય કરે છે. આમ કહ્યા પછી, આ ત્રણેય પ્રકારની બુદ્ધિ કવિને શી રીતે સહાય કરે છે તે રાજશેખર સમજાવે છે.

બુદ્ધિમાન અભ્યાસી શિષ્ય ગુરુ પાસેથી સાંભળવાની ઈચ્છાથી પ્રેરાયેલો હોય છે, તે ગુરુને ધ્યાનપૂર્વક સાંભળે છે, ગ્રહણ કરે છે, મનમાં યાદ રાખે છે, બરાબર સમજી લે છે, તથા શંકા હોય તો તેનું સમાધાન પ્રાપ્ત કરે છે અને અન્તતોગત્વા તત્ત્વનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આહાર્યબુદ્ધિમાં પણ ઉપર્યુક્ત ગુણો હોય છે ખરા, પણ તેને ઉપદેશકની આવશ્યક્તા હોય છે. આમ છતાં પણ તે રોજબરોજની ગુરુની ઉપાસના, સેવા–શુશ્રૂષા તો આવશ્યક

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬, પૃ. ૩૪૧–૩૫૨.

* ૬, અધ્યાપક સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ–૩૮૦ ૦૧૫.

છે જ, કારણકે રાજશેખરને મતે તો ગુરુની ઉપાસના એ જ બુદ્ધિનો વિકાસ કરનારી કામધેનુ છે, તથા કાવ્યશક્તિની સર્જક એવી કામના સિદ્ધ કરી આપનારી છે. અહીં રાજશેખર સર્જક બુદ્ધિના આઠ ગુણ ગણાવે છે :

शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।
ऊहापोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥

અર્થાત્ શ્રવણની ઇચ્છા, શ્રવણ, વસ્તુનું ગ્રહણ, તેને યાદ રાખવી, શંકા, તેનું નિવારણ કરવા માટે ચર્ચા, વસ્તુનું વિશિષ્ટ જ્ઞાન, તથા સાચું જ્ઞાન તે બુદ્ધિના ગુણ છે. ગુરુના સત્સંગથી થતા ચમત્કારને રાજશેખરે આમ વર્ણવ્યો છે. તે સત્સંગ સાચી વસ્તુ સમજવા માટે બુદ્ધિને પ્રદીપ્ત કરે છે, ચર્ચા, વિચારણા, શંકાનિવારણ વગેરે વડે મનને શુદ્ધ કરી દે છે અને છેવટે સાચું જ્ઞાન દૃઢ કરે છે. આમ વિદ્યાવૃદ્ધો સાથેનો પરિચય અમૃતસમાન ફલ આપે છે.

આમ બે પ્રકારના અભ્યાસી શિષ્યોનું વર્ણન કરીને રાજશેખર એક ત્રીજા–કનિષ્ઠ–પ્રકારના શિષ્યનો ઉલ્લેખ કરે છે. તે છે દુર્બુદ્ધિ ! ઉપર વર્ણવેલા અભ્યાસીઓ કરતાં સાવ ઊલટા ગુણવાળો આ શિષ્ય છે. બુદ્ધિમાન અભ્યાસીને તુર્ત જ્ઞાન પ્રાપ્ત થાય છે, સ્વાભાવિક રીતે જ તેને જ્ઞાન મળી જાય છે. એક જ વાર કાન ઉપર પડેલી વસ્તુની (જ્ઞાનની) તેને પ્રતિપત્તિ થઈ જાય છે આમ છતાં તેણે કવિમાર્ગના પરિપક્વ જ્ઞાન સારુ ગુરુકુલમાં જવું જ જોઇએ, તેણે ગુરુચરણમાં મસ્તક નમાવવું જ રહ્યું ! અહીં રાજશેખરે ગુરુમહિમા ઘણી આડકતરી રીતે છતાં ભારપૂર્વક વ્યક્ત કર્યો છે. આહાર્યબુદ્ધિવાળા, બીજા પ્રકારના અભ્યાસી માટે, રાજશેખર કહે છે કે એની બાબતમાં બે વસ્તુ બને છે: તેને અર્થ બરાબર સમજાતો નથી અને જે કંઈ સમજાયો હોય તેમાં પણ શંકા હોય છે, તેથી તેને માટે તો ગુરુસેવા ખાસ આવશ્યક બની જાય છે; તેથી તેણે તો ન સમજાયેલા અર્થને વિશદ રીતે સમજવા માટે તથા સંદેહના ઉચ્છેદ માટે ગુરુઓનું શરણું લેવું જ જોઈએ. આથી તો ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર કે ખુદ પરબ્રહ્મસ્વરૂપ લેખવામાં આવ્યા છે. અહીં રાજશેખર ગુરુ શબ્દનો ઉપયોગ બહુવચનમાં કરે છે, તે માનાર્થ હોઈ શકે, છતાં પ્રાચીનકાળમાં પણ આજની જેમ જ જુદાં જુદાં શાસ્ત્રોના જુદા જુદા તજ્જ્ઞો હતા તેવું પણ સૂચવે છે.

દુર્બુદ્ધિ શિષ્ય માટે તો રાજશેખર કહે છે કે તેની બુદ્ધિ જ અવળી હોય છે. તેને તો વિશેષ શિક્ષણ કે પ્રશિક્ષણ પણ કશી જ અસર કરી શકતું નથી ! તે તો ઘેરા નીલ કે કૃષ્ણ રંગથી રંગેલા વસ્ત્ર જેવો જ હોય છે. તેથી તેના ઉપર કોઈ બીજો રંગ ચઢી શકતો જ નથી. બધા પ્રયત્ન પત્થર ઉપર પાણી જેવા અથવા ધૂળ ઉપર લીંપણ જેવા નાકામિયાબ નીવડે છે. રાજશેખર વધારામાં કહે છે કે આવા દુર્બુદ્ધિને જો કોઈકવાર કાવ્યકારની શક્તિ સાંપડી જાય તો તે માત્ર સરસ્વતીની કૃપાથી જ સંભવિત છે. આ વિષયના વિશેષ વિવેચનને 'કવિરહસ્ય' 'ઉપનિષદ' લેખીને 'પછી ચર્ચીશ' એમ કહીને રાજશેખર આ ચર્ચાને અહીં જ સમાપ્ત કરે છે. કવિત્વ સંપાદન કરવા ઇચ્છુક એવા ત્રણ પ્રકારના શિષ્યોની ઉપર્યુક્ત ચર્ચા કર્યા પછી કવિકર્મ કરવા માટે કયા ગુણોની આવશ્યકતા છે તેની ચર્ચા કરતાં, એ વિશેના અન્ય સાહિત્યવિમર્શકોના અભિપ્રાય રાજશેખર ઉદ્ધૃત કરે છે.

તે સમયમાં ખ્યાતનામ શ્યામદેવ નામે એક વિદ્વાનનો મત[૧] રાજશેખર અહીં ટાંકે છે. તે કહે છે કે કવિકર્મમાં કવિની એકાગ્રતા અર્થાત્ સમાધિનો ગુણ આવશ્યક છે. આવી સમાધિ વિના કાવકેર્મ થઈ શકે જ નહિ. એકાગ્ર ચિત્તમાંથી જ નવસર્જનની પ્રેરણા પ્રકટે છે. કવિકર્મનું સાચુ સાધન એકાગ્રતા જ છે. મંગલ નામનો એક બીજો વિવેચક કહે છે કે[૨] અભ્યાસ એ જ કવિકર્મનું સર્વાવશ્યક અંગ છે, સાધન છે. અભ્યાસ વિના કવિકર્મ શેના વિષે થઈ શકે? અભ્યાસ એટલે અખંડ રીતે, સાતત્યપૂર્વક વિષયનું અનુશીલન. અભ્યાસ એ જ સર્જકને પોતાના કર્મમાં કૌશલ્ય પ્રાપ્ત કરાવે છે. આચાર્ય મંગલ કહે છે કે[૩] સમાધિ એ આન્તરપ્રયત્ન છે, જ્યારે અભ્યાસ એ બાહ્ય પ્રયત્ન છે. આ બન્ને પ્રયત્ન સાથે મળીને કવિમાં કવિકર્મની શક્તિને જન્માવે છે; પણ મંગલના આ મતથી વિરુદ્ધ જઈને યાયાવરીય, અર્થાત્[૪] રાજશેખર ભારપૂર્વક કહે છે કે કાવ્યનો હેતુ, તેનું સાચું ઉદ્‌ભવસ્થાન શક્તિ જ છે, અભ્યાસ કે સમાધિ એમ પૃથક્ પૃથક્ કે સમૂહગત રીતે પણ શક્તિ જન્માવતાં નથી! કવિશક્તિ તે પ્રતિભા તથા વ્યુત્પત્તિ (વિદ્વત્તા) કરતાં સાવ ભિન્ન વસ્તુ છે?

કાવ્યનો હેતુ, અર્થાત્ ઉત્પત્તિનું કારણ શું? તેનું ઉત્પત્તિસ્થાન શું? આ વિષયમાં વિવિધ કાવ્યશાસ્ત્રીઓ પૃથક્ પૃથક્ અભિપ્રાય ધરાવે છે. અત્રે મુખ્ય અભિપ્રાયો સંક્ષેપમાં જોઈએ.

સંસ્કૃત કાવ્યવિવેચકો કાવ્યના ત્રણ હેતુ સ્વીકારતા જણાય છે: શક્તિ, અભ્યાસ અને વ્યુત્પત્તિ: પરંતુ, આ દરેકની અગત્ય વિષે તેમનામાં સ્પષ્ટ મતભેદ છે, છતાં રાજશેખર તો સ્પષ્ટ વિધાન કરે છે કે માત્ર શક્તિ જ કાવ્યનો હેતુ છે. પ્રતિભા તથા વ્યુત્પત્તિ કરતાં તે સાવ જુદું તત્ત્વ છે. માણસમાં શક્તિ હોય તો પ્રતિભા ખીલી શકે છે, ને અભ્યાસ પણ થઈ શકે છે.[૫] શક્તિ જ પ્રતિભા તથા વ્યુત્પત્તિની જનેતા છે. શક્તિવાળાને જ પ્રતિભા પ્રાપ્ત થાય છે તથા વ્યુત્પત્તિ પણ પ્રાપ્ત થાય છે. પ્રતિભા એટલે શું?[૬] રાજશેખર કહે છે: યોગ્ય શબ્દોનો સમૂહ, અર્થનો ભંડાર, અલંકારની સમૃદ્ધિ, અભિવ્યક્તિની યોગ્ય પદ્ધતિ તથા એવું બધું હૃદયના અંતરિયાળમાં જે જગવે કે દર્શન કરાવે છે તેનું નામ પ્રતિભા. પ્રતિભાહીણાને તો પદ તથા અર્થના સમૂહ સાવ પરોક્ષ થયેલા જ હોય છે, જ્યારે પ્રતિભાવાનને તો તે બધું તેને માટે વણજોયેલું હોવા છતાં, તેને જાણે કે પ્રત્યક્ષ જ થઈ જાય છે. વસ્તુતઃ બાહ્યચક્ષુનું સ્થાન પ્રતિભાવાળા માટે લગભગ અનાવશ્યક જ બની જાય છે.* મેધાવીરુદ્ર તથા+ કુમારદાસ જેવા કવિઓ જન્માન્ધ હોવા છતાં

---

૧ 'काव्यकर्मणि कवेः समाधिः परं व्याप्रियते' इति श्यामधवः। का मी. पृ. २८

૨ 'अभ्यासः' इति मङ्गलः। का. मी. पृ. २९

૩ 'समाधिरान्तरः प्रयत्नो बाह्यस्त्वभ्यासः। એજન

૪ 'सा केवलं काव्ये हेतुः' इति यायावरीयः। એજન

૫ शक्तिकर्तृके हि प्रतिभाव्युत्पत्तिकर्मणी। का. मी. पृ. ३०

૬ या शब्दग्राममर्थसार्थमलङ्कारतन्त्रमुक्तिमार्गमन्यदपि तथाविधमधिहृदयं प्रतिभासयति सा प्रतिमा। એજન

* મેધાવીરુદ્ર નામનો એક પ્રજ્ઞાચક્ષુ અલંકારશાસ્ત્રનો આચાર્ય થઈ ગયો એમ કહેવાય છે, જો કે તેની કોઈ કૃતિ હજી ઉપલબ્ધ થઈ નથી.

+ દન્તકથા પ્રમાણે 'જાનકીહરણ' મહાકાવ્યનો કર્તા જન્માન્ધ હતો.

કાવ્યસર્જન કરી જ ગયા છે તે સુવિદિત છે. - સૂરદાસ વગેરે પણ પ્રજ્ઞાચક્ષુ હતા તેમ કહેવાય છે. અંગ્રેજી મહાકવિ મિલ્ટને પણ પોતાનું મહાકાવ્ય 'પેરેડાઈઝ લૉસ્ટ' પણ પોતાની અન્ધઅવસ્થામાં પુત્રીને લખાવીને જ પૂરું કર્યું હતું; બાકી, તે તે દેશ, દ્વીપ કે પુરુષોને જોયા વિના જ ત્યાં ત્યાંના વ્યવહારાદિ કવિઓએ વર્ણવેલા છે તે પણ પ્રસિદ્ધ જ છે.

અહીં અન્ય કાવ્યશાસ્ત્રીઓના કેટલાક અભિપ્રાય નોંધવાપાત્ર છે. આચાર્ય આનન્દ-વર્ધન શક્તિને જ કાવ્યના હેતુ અર્થાત્ ઉત્પાદક કારણ તરીકે સ્વીકારે છે. તે તો કહે છે કે કવિની[7] વ્યુત્પત્તિના અભાવે થયેલો કાવ્યદોષ કવિ પોતાની શક્તિથી છાવરી શકે છે, પરંતુ અશક્તિથી થયેલી કવિની ક્ષતિ તરત જ નજરે ચઢે છે. 'अव्युत्पत्तिकृतो दोषः शकत्यासंव्रियते कवेः । यस्त्वशक्तिकृतस्तस्य स झटित्यवभासते ॥ અભિનવ ગુપ્તાચાર્ય પણ આ જ મતને અનુસરે છે. રુદ્રટે આપેલી શક્તિની વ્યાખ્યા આ પ્રમાણે છે :

मनसि सदा सुसमाधिनि विस्फुरणमनेकधात्रिधेयस्य ।
अक्लिष्टानि पदानि च विभान्ति यस्यामसौ शक्तिः ॥ काव्या० २–२४

અર્થાત્ જ્યારે મન બરાબર સમાધિસ્થ, ધ્યાનસ્થ થયું હોય ત્યારે જે અર્થ વ્યક્ત કરવાનો હોય તેનું અનેક રીતે સ્ફૂરણ થાય છે અને અક્લિષ્ટ અર્થાત્ પ્રસાદયુક્ત પદો જાણે કવિની સમક્ષ આવીને ખડાં થાય છે; જેનાથી આ શક્ય બને છે તેનું નામ શક્તિ ! અર્થાત્ શક્તિ એટલે અંગ્રેજીમાં જેને Genius કહે છે તે, કવિત્વશક્તિ, સર્જકની વિલક્ષણ શક્તિ. આ શક્તિ કૃત્રિમ રીતે કોઈનામાં ઉત્પન્ન કરી શકાતી નથી. આ શક્તિથી તો પોતે જોયેલી વસ્તુઓ પણ કવિ વર્ણવી શકે છે; જેમકે દક્ષિણ દેશ કાલિદાસે નહિ જોયો હોય તેવો સંભવ છે, છતાં તેનું સંક્ષિપ્ત વર્ણન (રઘુ. ૬–૫૭) તેણે ઈન્દુમતીસ્વયંવરમાં આપ્યું છે; તેવી જ રીતે કુમાર-સંભવમાં પણ શંકરભગવાને ઉમાના મુખ ઉપર નેત્રો ફેરવ્યાં તેવું પણ કહ્યું છે ! પણ કાલિદાસે ઉમા–શંકરના મિલનનો આ પ્રસંગ નજરે ક્યાં જોયો હતો ? એ જ પ્રમાણે સ્ત્રીઓના વિવિધ આન્તર–ભાવોનાં વર્ણનો પુરુષ કવિઓએ કરેલાં જ છે ! આ બધું કવિ પોતાની સર્જકશક્તિના બળથી જ કલ્પીને વર્ણવી શકે છે, વાસ્તવિક રીતે દીઠેલા કે અનુભવેલા ભાવોને પરિણામે નહિ !

રાજશેખર[8] ઉપર્યુક્ત ચર્ચાના અનુસંધાનમાં પ્રતિભાના પણ બે પ્રકાર પાડે છે: કારયિત્રી અને ભાવયિત્રી. જે પ્રતિભા કવિને સહાય કરે છે તે કારયિત્રી. રાજશેખર પ્રતિભાના પણ ત્રણ પ્રકાર પાડે છે: સહજા, આહાર્યા, ઔપદેશિકી. સહજા પ્રતિભા પૂર્વજન્મના સંસ્કારમાંથી જન્મે છે. આ જન્મના સંસ્કારમાંથી જાગેલી ઘડાયેલી પ્રતિભા તે આહાર્યા, અર્થાત્ મનુષ્યના જન્મ પછી ફક્ત આ જન્મમાં પ્રાપ્ત થયેલા સંસ્કારથી ઘડાયેલી પ્રતિભા ઉપર્યુક્ત બન્ને પ્રકારો વિનાની, પણ મંત્ર, તંત્ર વગેરેના સહારે પાંગરેલી પ્રતિભા તે ઔપદેશિકી. પ્રથમ પ્રકારની પ્રતિભા, સહજા, પણ આ જન્મમાં પ્રાપ્ત થોડાક સંસ્કરણથી પણ કાર્યરત બની શકે

---

७ अव्युत्पत्तिकृतो दोषः शक्त्या संव्रियते कवेः ।
यस्त्वशक्तिकृतस्तस्य स झटित्यवभासते ॥ ध्वन्या०

८ सा च द्विधा कारयित्री भावयित्री च । का. मी. पृ. ३२

છે, તેથી તેને સહજા કહે છે, પરંતુ ઘણા પ્રયાસ પછી કાર્યક્ષમ બનેલી પ્રતિભા તે આહાર્યા. આમ વર્તમાન જન્મમાં જ શ્રમાદિથી ઘડાયેલી પ્રતિભા તે આહાર્યા ઔપદેશિકી પ્રતિભાને તૈયાર કરવા અપાયેલો સર્વ ઉપદેશ આ સંસારમાં, મંત્ર–તંત્રાદિની સહાયથી, આ જન્મમાં જ પ્રાપ્ત થયેલો હોય છે. ઉપર્યુક્ત ત્રણ પ્રકારની પ્રતિભાવાળા કવિઓ માટે રાજશેખરે ત્રણ નામ આપ્યાં છે; સારસ્વત કવિ, અભ્યાસિક કવિ અને ઔપદેશિક કવિ. જેની સરસ્વતી અથવા સર્જના પૂર્વજન્મના સંસ્કારના બળે પ્રવૃત્ત થાય છે તે સરસ્વતી કવિ છે; જેની સરસ્વતી આ જન્મના જ સંસ્કારાદિથી પ્રવૃત્ત થયેલી હોય છે, તેવી આહાર્યા પ્રતિભાવાળો આભ્યાસિક કવિ છે. વારંવાર શિક્ષણ તથા બોધથી જેની વાણીનો વૈભવ પ્રગટે છે તે દુર્બુદ્ધિ કવિ ઔપદેશિક છે.

હવે અહીં રાજશેખર એક પ્રશ્ન ચર્ચે છે. પ્રથમ બે પ્રકારના કવિઓને મંત્રતંત્રની સહાય આવશ્યક ખરી ? તેમને તેનાથી કશો લાભ થાય ખરો ? રાજશેખર આ પ્રશ્ન કારયિત્રી પ્રતિભાની ચર્ચામાં સ્પષ્ટ કરે છે. આ અંગે તે તત્કાલીન–પ્રાચીન આચાર્યોનો મત ઉદ્ધૃત કરે છે: " પ્રથમ બે પ્રકારના કવિઓએ મંત્રતંત્રનો સહારો લેવાની જરૂર નથી, કારણ કે સ્વાભાવિક રીતે જ ગળપણવાળી દ્રાક્ષને શેરડીના રસની ચાસણીનો પાસ આપવાની જરૂર નથી "; પરંતુ, રાજશેખર ભારપૂર્વક આચાર્યોના અભિપ્રાયનો વિરોધ કરતાં કહે છે : એ વાત બરાબર નથી; એક જ ઉદ્દેશથી બે વાર ક્રિયા કરવામાં આવે તો, બમણો લાભ થાય. એમાં કશું નુકસાન નથી. ઉપર્યુક્ત ત્રણ પ્રકારના કવિઓમાં સૌથી પ્રથમ પ્રકારનો શ્રેષ્ઠ કવિ છે, ને બીજા પ્રકારનો કવિ મધ્યમ પ્રકારનો છે, ને ત્રીજો તો સૌથી કનિષ્ઠ છે, કારણ કે સારસ્વત કવિ સ્વતંત્ર સર્જક છે, આભ્યાસિક કવિ મર્યાદિત શક્તિવાળો કવિ છે, ને ત્રીજો ઔપદેશિક કવિ તો માત્ર મધુર પણ અર્થહીન રચનાઓ ફાવે તેમ કર્યા કરે છે.

રાજશેખર કહે છે કે કવિનો ઉત્કર્ષ અનેક વસ્તુઓના સંમિલનથી સધાય છે, અને સમાપન કરતાં કહે છે :

बुद्धिमत्त्वं च काव्याङ्गविद्यास्वभ्यास कर्म च ।
कवेश्चोपनिषच्छक्तिस्त्रयमेकत्र दुर्लभम् ॥
काव्यकाव्याङ्गविद्यासु कृताभ्यासस्य धीमतः ।
मन्त्रानुष्ठाननिष्ठस्य नेदिष्ठा कविराजता ॥

અર્થ :—બુદ્ધિમત્તા, કાવ્યના અંગરૂપ વિદ્યાઓનો અભ્યાસ, તથા કવિઓનું ઉપનિષદ-રહસ્ય, આ ત્રણ વસ્તુઓ એક જ પાત્રમાં હોવી તે દુર્લભ છે. વળી, કાવ્યવિદ્યાની અંગભૂત વિદ્યાઓનો અભ્યાસ કરી ચૂકેલા તથા મંત્રનું પણ અનુષ્ઠાન કરનાર બુદ્ધિમાન માટે કવિરાજપદ પ્રાપ્ત કરવું તે આસાન છે. કવિઓના પ્રકાર અંગે આ પણ એક પ્રસિદ્ધ ઉક્તિ છે :

एकस्य तिष्ठति कवेर्गृह एव काव्य–
मन्यस्य गच्छति सुहृद्भवनानि यावत् ।
न्यस्याविदग्धवदनेषु पदानि शश्वत्–
कस्यापि सञ्चरति विश्वकुतूहलीव ॥

અર્થાત્, એક કવિનું કાવ્ય તો તેના ઘરમાં જ રહે છે, જ્યારે બીજાનું મિત્રોના ઘર સુધી પહોંચે છે; પરંતુ ત્રીજા પ્રકારના કવિનું કાવ્ય તો વિદ્વાનોનાં મુખોમાં પદાર્પણ કરીને જાણે વિશ્વને જોવાના કુતૂહલથી પ્રેરાઈ ને સદા ય ફર્યા જ કરે છે !

આ થઈ કારયિત્રી પ્રતિભાની વાત. હવે ભાવયિત્રી પ્રતિભા. ભાવક એટલે આલોચક–વિવેચક. તેને સહાય કરનારી પ્રતિભા તે ભાવયિત્રી પ્રતિભા. આ પ્રતિભા કવિના શ્રમ તથા અભિપ્રાયનું મૂલ્યાંકન કરે છે. વસ્તુતઃ વિવેચકનું આ જ કર્તવ્ય છે. શબ્દોની કે વ્યક્તિઓના વિચારોની ખોટી વિતંડામાં ઉતરવાનું કામ સાચા વિવેચકનું નથી. વસ્તુતઃ સાચા વિવેચકની વિચારણામાંથી જ કવિવ્યાપારના વૃક્ષનું ફળ પાકે છે. કાલિદાસની કૃતિઓનું મલ્લીનાથનું વિવેચન કેટલું આદરણીય છે, આદર્શ છે, તથા કાલિદાસની પ્રતિભાનું દર્શક બન્યું છે, તે સૌને વિદિત છે. આજે પણ સારી ટીકાને 'મલ્લીનાથી' કહીએ છીએ. એ જ રીતે ગીતાનું મધુસૂદન સરસ્વતીનું કે ઉપનિષદ વગેરેનું શંકરાચાર્યનું ભાષ્ય મૂળ કૃતિઓનું કેટલું સ્પષ્ટ નિદર્શન કરાવનારું છે ! આવી ટીકાઓ વિવેચનો કે ભાષ્યો વિના તો કવિકર્મનાં વૃક્ષો વન્ધ્ય જ રહ્યાં હોત !

પરન્તુ તત્કાલીન આચાર્યો કારયિત્રી તથા ભાવયિત્રી–આવા પ્રતિભાના ભેદમાં માનતા લાગતા નથી, તેથી તેમના મતના ખંડન સારુ રાજશેખરે તેમનો મત અહીં ઉદ્ધૃત કર્યો છે. આચાર્યો કહે છે: આ બન્ને પ્રતિભાના પ્રકારોમાં ભેદ ક્યાં છે ? કવિ ભાવક પણ છે ને ભાવક કવિ પણ છે અહીં રાજશેખર* કાલિદાસ નામના એક વિવેચકનો અભિપ્રાય આપે છે, તે કહે છે : આ ખોટું છે. કવિત્વ કરતાં ભાવકત્વ સાવ જુદું છે, કારણ કે કહ્યું છે :

कश्चित्वाचं रचयितुमलं श्रोतुमेवापरस्तां
कल्याणी ते मतिरुभयथा विस्मयं नस्तनोति ।
न ह्येकस्मिन्नतिशयवतां सन्निपातो गुणाना–
मेकः सूते कनकमुपलस्तत्परीक्षाक्षमोऽन्यः ॥

અર્થાત્ કોઈક કાવ્યવચન રચવા શક્તિ ધરાવે છે, તો બીજો (અર્થાત્ વિવેચક) તે શ્રવણ કરવા શક્તિ ધરાવે છે; પણ તારી બુદ્ધિ બન્ને શક્તિ ધરાવે છે તે અમને આશ્ચર્યમુગ્ધ કરે છે, કારણ કે એકમાં જ ગુણોનો સમૂહ હોતો નથી; એક પત્થર (પારસમણિ) સુવર્ણને જન્મ આપે છે, તો બીજો પત્થર તેની કસોટી કરવા શક્તિમાન છે.

આમ કવિ તથા વિવેચકની ભિન્ન શક્તિઓ વિષે વિચારણા કરીને વિવેચકોના પ્રકારોની ચર્ચાનો પ્રારંભ કરતાં પ્રથમ તો રાજશેખર અન્ય કાવ્યશાસ્ત્રીઓના અભિપ્રાય ટાંકે છે.

મંગલ કહે છે કે ભાવકો બે પ્રકારના હોય છે : આરોચકી તથા સતૃણાભ્યવહારી. ત્યારે વામનના અનુયાયીઓ કહે છે કે એ બે ભેદ તો કવિના પણ પડી શકે. ત્યારે યાયાવરીય રાજશેખર કહે છે કે બે નહીં, પણ ચાર પ્રકારના વિવેચકો હોય છે. ઉપર્યુક્ત બે ઉપરાન્ત મત્સરી તથા

---

* આ વિવેચક તે કવિ કાલિદાસ હોવાનો સંભવ ઘણો ઓછો છે.

તત્ત્વાભિનિવેશી; તેમાં આરોચકી વિવેકી, એટલે સારું ખોટું સમજવાની બુદ્ધિવાળા હોય છે. જ્યારે તે પછીના પહેલાથી સાવ ઊલટા ગુણવાળા હોય છે, એમ વામનના અનુયાયીઓ કહે છે. તેઓ કહે છે કે એમની **અરોચકિતા** નૈસર્ગિક અર્થાત્ સ્વાભાવિક હોય છે. તથા જ્ઞાનમાંથી જન્મેલી હોય છે; હવે, આ **સ્વભાવગત અરોચકિતા** સેંકડો સંસ્કારોને પ્રતાપે પણ *વંગની ધાતુની જેમ **તે કાળાશનો–અરોચકિતાનો દુર્ગુણ** દૂર કરી શકાતો નથી, પરન્તુ રાજશેખર ઉમેરે છે કે **જ્ઞાનને લીધે થયેલી અરોચકિતા** તો કોઈ વિશિષ્ઠ કાવ્યસર્જન જોતાં તરત જ દૂર થાય છે ને તે પ્રસન્નતા વ્યક્ત કરે છે. સતૃણાભ્યવહારિતા બધામાં સામાન્ય રીતે જોવા મળે છે. વસ્તુતઃ વિદ્વત્તાની પ્રાપ્તિની ઈચ્છાવાળા દરેકની કુતૂહલવૃત્તિનું આ સામાન્ય લક્ષણ છે. પ્રતિભા પિછાનવાની વિવેકબુદ્ધિને અભાવે આવી ગુણાવગુણનો ભેદ પારખવાની આવડત હજુ આવી હોતી નથી, એટલે એને લીધે આવો વિવેચક ઘણું ઘણું છોડી દે છે, અને ઘણું ઘણું સ્વીકારી પણ લે છે! બાકી વિવેકબુદ્ધિ પ્રમાણે જ સાહિત્યમાંથી રસ માણી શકાય છે! પણ આવો વિવેચક અન્તતોગત્વા યથાર્થતા પ્રમાણી શકે છે. ભ્રમનો નાશ થતાં જ સાચું કલ્યાણ સાંપડે છે, પણ પેલો મત્સરી વિવેચક તો દેખાયું હોય તોય અણદેખ્યું કરે છે, કારણ કે પારકાના ગુણ બાબત પોતે મૂંગો રહેવા માગે છે. બાકી, મત્સરવિહોણો અને સાચો પારખું તો સંસારમાં વિરલ છે. ચોથા પ્રકારનો તત્ત્વાભિનિવેશી તો હજારમાંથી કદાચ એક મળી આવે. આવા વિવેચક વિષે કહેવાયું છે, તે કદાચ સાચા વિવેચક વિષેનો રાજશેખરનો અભિપ્રાય હોઈ શકે :

शब्दानां विविनक्ति गुम्फनविधीनामोदते सूक्तिभिः,
सान्द्रं लेढि रसामृतं विचिनुते तात्पर्यमुद्रां च यः ।
पुण्यैः सङ्घटते विवेक्तृविरहादन्तर्मुखं ताम्यतां,
केषामेव कदाचिदेव सुधियां काव्यश्रमज्ञो जनः ॥

અર્થાત્ જે શબ્દોની ગૂંથણીનો વિવેક કરી બતાવે છે, જે સૂક્તિમાંથી [ એટલે કે સુભાષિતોથી ] આનંદ અનુભવે છે, ગાઢ રસામૃતનો આસ્વાદ કરે છે તથા કાવ્યના તાત્પર્યને સંગૃહીત કરે છે, તેવા વિવેકી વિવેચકને અભાવે મનોમન દુઃખી થનારા એવા કોઈક વિરલ પ્રતિભાવાનને જ, પોતાના પુણ્યપ્રતાપે જ, તેના કાવ્યશ્રમની કદર કરનારો જ્ઞાતા મળી આવે છે.

બાકી રાજશેખર કહે છે કે સાચો વિવેચક, ભાવક તો કવિનો સ્વામી, મિત્ર, મન્ત્રી, શિષ્ય કે આચાર્ય છેઃ ભાવક કવિનો શું નથી? પુસ્તકોમાં ઘણાં કાવ્યો ગ્રન્થસ્થ થયેલાં ઘેરે ઘેર જોવા મળે છે, પણ માત્ર બે–ચાર જ ભાવકના મનની શિલાપટ્ટી ઉપર કોતરાયેલાં હોય છે. અલબત્ત, ભાવકો પણ અનેક પ્રકારના હોય છે. કેટલાક કવિની વાણીના વિવેચક છે, કેટલાક કવિહૃદયના પારખુ હોય છે, કેટલાક સાત્ત્વિક વગેરે ભાવો–અનુભાવોના ભાવક હોય છે, તો કેટલાક માત્ર ગુણના જ પારખુ અને દોષની અવગણના કરનારા હોય છે. આ ઉપરથી રાજશેખર એવા નિર્ણય ઉપર આવે છે કે વિવેચનની પદ્ધતિ જુદી જુદી હોવાથી વિવિધ વ્યક્તિઓની કાવ્યના પરિશીલનથી પ્રાપ્ત થતી પ્રસન્નતા કોઈક અલૌકિક કારણને આભારી છે. એક સંસ્કૃત ઉક્તિમાં કહ્યા પ્રમાણે :

* જસત–સીસું તથા એવી ધાતુનું મિશ્રણ.

तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम् ।

એટલે કે તે માણસને તે જ મધુર લાગે છે, જેને માટે તેને લગની હોય છે. કોઈને એમ પૂછવાનો શો અર્થ છે કે તમે અમુકને જ શા માટે ચાહો છો ? એક અંગ્રેજી નાટકમાં કોઈ એક નાયિકાને કોઈ પૂછે છે, Why do you love him ? તે ઉત્તર આપે છે : I love him because I love him : અર્થાત્ "પ્રેમને કારણો સાથે સંબંધ કાંઈએ નથી, કારણ પ્રીતિનું પ્રીતિ, પ્રેમીની લક્ષ્મી એ બધી !" (કલાપી) ભવભૂતિ કહે છે તેમ **व्यतिषजति पदार्थानन्तरः कोऽपि हेतुः ।** લગનીનું કારણ કોઈ આન્તરતત્ત્વ છે. સાહિત્યની પ્રિયતા વિષે પણ, રાજશેખર કહે છે તેમ, કોઈ અલૌકિક તત્ત્વ જ કારણભૂત છે, જે સમજાવવું કઠિન છે.

કવિત્વનું કારણ પણ કંઈક આવું જ છે. તે પણ કોઈ આન્તરતત્ત્વનું પરિણામ છે, છતાં રાજશેખર કહે છે કે જેનામાં કવિત્વ નથી, છતાં જેને કવિતા કરવાનું કૌતુક છે, તેણે તો સરસ્વતીને તંત્રમંત્રના પ્રયોગથી જ સિદ્ધ કરીને શક્તિ મેળવવાની છે.

'કવિરહસ્ય'ના પાંચમા અધ્યાયમાં રાજશેખર વ્યુત્પત્તિ એટલે શું ? તેની ચર્ચા કરે છે.

આ અંગે[9] આચાર્યોના અભિપ્રાયને રાજશેખર ઉદ્ધૃત કરે છે : બહુજ્ઞતા એટલે વ્યુત્પત્તિ, કારણ કે કવિઓની ભારતી અનેક દિશાઓમાં ફરી વળે છે, અને આગળ કહ્યું છે તેમ, જેનો અભ્યાસ કે અનુભવ ન કર્યો હોય તેવા પ્રદેશોમાં પણ તેમની વાણી ફરી વળે છે.[10] યાયાવર રાજશેખરને મતે વ્યુત્પત્તિ એટલે કાવ્યમાં યોગ્યાયોગ્યતાનો વિવેક. આચાર્ય અભિનવને મતે સમસ્ત વસ્તુની આગળ પાછળના ક્રમાદિનો પરામર્શ કરવાની કુશલતા એટલે વ્યુત્પત્તિ. મમ્મટાચાર્ય નિપુણતાને વ્યુત્પત્તિ કહે છે.[11] રુદ્રટ પણ છન્દ, વ્યાકરણ, કલા, લોકવ્યવહાર, પદ, પદાર્થ વગેરેના અભ્યાસથી પ્રાપ્ત યોગ્યાયોગ્યનો વિવેક એટલે વ્યુત્પત્તિ એમ કહે છે. આમ કાવ્યમાં નિહિતતત્ત્વની યોગ્યાયોગ્યતા તેનું નામ વ્યુત્પત્તિ એવો અર્થ ઘટે છે.

આનંદવર્ધન પ્રતિભા તથા વ્યુત્પત્તિની કાવ્યકરણમાંની પ્રધાનતા વિષે કહે છે : પ્રતિભા અને વ્યુત્પત્તિમાં પ્રતિભા ચઢિયાતી છે. વ્યુત્પત્તિના અભાવે થયેલા કાવ્યદોષને કવિ પોતાની પ્રતિભાથી છાવરી શકે છે, પરંતુ અશક્તિ એટલે પ્રતિભાના અભાવથી થયેલ દોષ તો વાચકોની દૃષ્ટિએ તરત જ ચઢી જાય છે. અહીં શક્તિ એટલે પ્રતિભા એ જ અર્થ ઘટાવવાનો છે. અહીં એક સુન્દર શ્લોક દ્વારા કવિ પોતાની પ્રતિભાથી અશ્લીલતાને આરે આવી ઊભેલા કાવ્યનો ઉદ્ધાર કરે છે, તે દર્શાવ્યું છે : કાર્તિકેય પાર્વતીને પૂછે છે :

---

९ 'बहुज्ञता व्युत्पत्तिः' इत्याचार्याः । का. मी. पृ. ४०

१० 'उचितानुचितविवेको व्युत्पत्तिः ।' इति यायावरीयः । એજન

११ छन्दोव्याकरणकलालोकस्थितिपदपदार्थविज्ञानात् ।
युक्तायुक्तविवेको व्युत्पत्तिरियं समासेन ॥ रुद्रट, काव्याल. १.१८

**નોંધ :** અહીં વિદ્યાભવન સંસ્કૃત ગ્રન્થમાલાના ૧૨૧મા પુષ્પ તરીકે ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી ૧ની પ્રથમ સંસ્કરણની સન ૧૯૬૪ની આવૃત્તિમાંથી લીધેલાં અવતરણો છે.

एतत्किं शिरसि स्थितं मम पितुः खण्डं सुधाजन्मनो,
लालाटं किमिदं विलोचनमिदं हस्तेऽस्य किं पन्नगाः ।
इत्थं क्रौञ्चरिपोः क्रमादुपगते दिग्वाससः शूलिनः,
प्रश्ने वामकरोपरोधसुभगं देव्याः स्मितं पातु वः ॥

અર્થ:—મારા પિતાના માથા ઉપર આ શું છે? ચન્દ્રનો એક ટુકડો; કપાળ ઉપર આ શું છે? આંખ; તેમના હાથમાં શું છે? સાપ. આમ દિગમ્બર શિવના શરીરના અવયવો વિષે પ્રશ્ન કરતા જતા કાર્તિકેયના મુખને ડાબે હાથે દબાવી દેતી પાર્વતીનું સ્મિત આપનું રક્ષણ કરો.

અહીં ક્રમપૂર્વક, 'એક પછી એક અંગો' તથા 'દિગંબર શંકર' એ પદોમાંથી સૂચવાતા ક્રમને પરિણામે પુત્રપૃચ્છા હવે કયાં પહોંચશે તેની કલ્પનાથી ઊભી થનાર અશ્લીલતા-સૂચક પરિસ્થિતિને કવિએ, પાર્વતીએ પોતાના હાથથી પુત્રનું મુખ દબાવી દીધું, ને તેને આગળ બોલતો અટકાવી દીધો, તેવા સૂચનથી સાચવી લીધી છે.

રાજશેખર કહે છે કે પ્રતિભા તથા વ્યુત્પત્તિ બન્નેનો સહકાર જ કવિત્વને સફળ કરે છે. તેમના મત પ્રમાણે પ્રતિભા તથા વ્યુત્પત્તિ બન્ને જેનામાં હોય તે જ કવિનામને યોગ્ય છે. આવા પ્રતિભા તથા વ્યુત્પત્તિ ધરાવનારા કવિઓના ત્રણ પ્રકાર રાજશેખરે ચર્ચ્યા છે: શાસ્ત્રકવિ, કાવ્યકવિ તથા ઉભયકવિ. શ્યામદેવ નામે કાવ્યશાસ્ત્રી કહે છે કે તે ત્રણમાં પ્રથમ કરતાં બીજો, તથા બીજા કરતાં ત્રીજો ચઢિયાતો કવિ છે. પરન્તુ રાજશેખર કહે છે કે ના, એવું નથી; દરેક કવિ પોતપોતાના વિષયમાં ચઢિયાતો કવિ છે. તે ઉમેરે છે કે રાજહંસ ચંદ્રિકાના પાનમાં કાબેલ નથી, ન તો ચકોર પાણીમાંથી દૂધ જુદું પાડવામાં કુશળ છે. શાસ્ત્રકવિ કાવ્યમાં રસસંપત્તિનો આવિર્ભાવ કરે છે, તો કાવ્યકવિ તર્કકર્કશ પણ સુન્દર અર્થને સુન્દર વચનો વડે સરળ કરી દે છે. ઉભય કવિ પણ જો બન્નેમાં, શાસ્ત્ર તથા કાવ્યમાં, પ્રવીણ હોય તો તે પણ શ્રેષ્ઠ કવિ જ છે, તેથી શાસ્ત્રકવિ તથા કાવ્યકવિ બન્ને સમાન છે. બાકી બન્નેનો પરસ્પર ઉપકારી-ઉપકારક ભાવ તો સ્પષ્ટ રીતે સ્વીકારવો જોઈએ. શાસ્ત્રનો સંસ્કાર કાવ્યને ઉપકારક છે; માત્ર શાસ્ત્રનૈપુણ્ય તો કાવ્યને હાનિકારક છે; તે જ રીતે કાવ્યના સંસ્કાર પણ શાસ્ત્રકાવ્યનાં વાકયોની પરિપકવતા સિદ્ધ કરે છે, છતાં માત્ર કાવ્યમાં જ પ્રવીણતા તો હાનિકારક છે.

રાજશેખરે શાસ્ત્રકવિના ત્રણ પ્રકાર પાડ્યા છે: (૧) જે શાસ્ત્રનું નિર્માણ કરે છે, (૨) જે શાસ્ત્રમાં કાવ્યનું વિધાન કરે છે, તથા (૩) જે કાવ્યમાં શાસ્ત્રાર્થનું નિર્માણ કરે છે.

કાવ્યકવિના તેમણે આઠ પ્રકાર દર્શાવ્યા છે: રચનાકવિ, શબ્દકવિ, અર્થકવિ, અલંકાર-કવિ, ઉક્તિકવિ, રસકવિ, માર્ગકવિ, શાસ્ત્રાર્થકવિ. આ પછી પણ રાજશેખર આ આઠના પણ પ્રકારો પાડે છે, જે અત્રે દીર્ઘતાભયથી ચર્ચ્યા નથી.

આ સર્વ કવિપ્રકારોમાં પણ જેઓ બેત્રણ ગુણો ધરાવતા હોય, તે અવર (અધમ) કોટિના, પાંચ ગુણવાળા મધ્યમ તથા જેનામાં સર્વગુણ હોય તે મહાકવિ કહેવાય.

કવિના વર્ગીકરણ પછી રાજશેખર કવિની દશ અવસ્થા વર્ણવે છે, જેમ કામશાસ્ત્રીઓએ દશ કામાવસ્થા વર્ણવી છે. બુદ્ધિમાન તથા આહાર્ય બુદ્ધિવાળા કવિઓની સાત અવસ્થાઓ તથા ઔપદેશિક કવિની ત્રણ અવસ્થાઓ તેમણે દર્શાવી છે. આ રીતે, કાવ્યવિદ્યાસ્નાતક, હૃદયકવિ, અન્યાપદેશી, સેવિતા, ઘટમાન, મહાકવિ, કવિરાજ, આવેશિક અવિચ્છેદી, તથા સંક્રામયિતા એમ દશ પ્રકાર થાય છે.

(૧) કાવ્યવિદ્યાસ્નાતકકવિ : જે કાવ્યવિદ્યા ગ્રહણ કરવા માટે ગુરુકુલમાં ઉપાસના કરે છે તે, (૨) હૃદયકવિ : જે હૃદયમાં કવિતા કરે છે. પણ તે છૂપાવે છે તે, (૩) અન્યાપદેશી : જે પોતાનું કાવ્ય પણ પારકાનું છે તેમ કરીને વાંચે કારણ કે તેને પોતાના કાવ્યમાંના દોષ માટે કોઈ ટીકા કરે તેવો ભય છે, (૪) સેવિતા : જે કાવ્યરચના માટે કોઈક પૂર્વના કવિનો અભ્યાસ કરીને તેની છાયાની જેમ તેનું અનુસરણ ને અનુકરણ કરે છે તે, (૫) ઘટમાન : જે નિર્દોષ કાવ્યરચના કરી શકતો હોવા છતાં એક પ્રબન્ધ કે ગ્રન્થરૂપે તેને રચી શકતો નથી, (૬) મહાકવિ : જે કોઈ પણ પ્રકારના પ્રબન્ધની રચના કરી શકે તે, (૭) કવિરાજ : જે વિવિધ રસ તથા પ્રબન્ધપ્રકારો જે તે ભાષામાં રચી શકે તે. રાજશેખર કહે છે કે આવા કવિઓ તો સંસારમાં વિરલ હોય છે, (૮) આવેશિક : જેઓ મંત્ર વગેરેના બળથી સિદ્ધિ મેળવ્યા પછી આવેલા આવેશને સમયે જ કવિકર્મ કરી શકે છે તે, (૯) અવિચ્છેદી : જ્યારે ઇચ્છા થાય ત્યારે સતત કાવ્યકરણ કરે તે, (૧૦) સંક્રામયિતા : જે કન્યાઓ તથા કુમારોમાં પોતે સિદ્ધ કરેલા મંત્રોના બળે, સરસ્વતીનું સંક્રમણ કરી શકે, અર્થાત્ શક્તિનું ઉદ્બોધન કરી શકે તે.

આમ કવિના ભેદ–પ્રભેદ રાજશેખરે કાવ્યમીમાંસામાં ચર્ચી બતાવ્યા છે, જે દર્શાવે છે કે આ પ્રકારના કવિઓ તે કાળમાં હશે, પણ, કવિપ્રકારની ચર્ચા રાજશેખર આટલેથી જ પૂરી કરતા નથી. પોતાના ગ્રન્થના દશમા અધ્યાયમાં કવિચર્યાની વિચારણામાં એક નવી દૃષ્ટિએ તેમણે કવિના વિભાગ પાડી બતાવ્યા છે. જે પરિસ્થિતિની પસંદગી કરીને કવિ સર્જન કરે છે, તે દૃષ્ટિએ તેમણે ચાર પ્રકારના કવિઓની વિભાજના કરી છે :

(૧) અસૂર્યંપશ્ય, (૨) નિષણ્ણ, (૩) દત્તાવસર અને (૪) પ્રાયોજનિક.

**અસૂર્યંપશ્ય** એટલે જે કવિ ગુફામાં અથવા ગર્ભગૃહ–ભોંયરા જેવા સ્થળે નૈષ્ઠિક વૃત્તથી સર્જન કરે તે. આ કવિ તો સૂર્યનું દર્શન ન કરનારો છે, એટલે તેને માટે સમયની કોઈ નિશ્ચિતતા હોતી નથી. તે તો ગમે ત્યારે, દિવસે, રાત્રે, ફાવે ત્યારે, સર્જન કરે છે. બીજો **નિષણ્ણ** પ્રકારનો કવિ પોતાની પ્રબળ ઇચ્છા થાય ત્યારે રચના કરે છે. તેને માટે પણ રચનાનો કોઈ નિશ્ચિત સમય હોતો નથી. ત્રીજા પ્રકારનો કવિ **દત્તાવસર** કહેવાય છે, કારણ કે તે તો નોકરી જેવી કોઈ પ્રવૃત્તિ કરતો હોય છે, તેથી તેની ફૂરસદની વેળાએ તે સર્જન કરે છે, તેને માટે તો કેટલાક ચોક્કસ સમય હોય છે, જેમકે રાત્રિના ચોથા પહોરના ઉત્તરાર્ધનો સમય. તે સમય સારસ્વતમુહૂર્ત તરીકે ઓળખાય છે. આને બ્રહ્મમુહૂર્ત પણ કહે છે. સ્વ. ન્હાનાલાલ જેવા આ સમયે કાવ્યરચના કરતા એમ કહેવાય છે. ભોજન કર્યા પછી પણ કાવ્યરચના અનુકૂળ રીતે કરી શકાય, કારણ કે ખાધા પછીની તૃપ્તિની અવસ્થા માણસને સ્વસ્થ બનાવે છે. આ ઉપરાંત

રોજના કામકાજમાંથી પરવાર્યા પછી શ્રમ ઉતર્યા પછી, માણસનું મન એકાગ્ર થઈ શકે છે. પાલખી વગેરે વાહનોમાં પ્રવાસ કર્યા પછી, માણસનું મન બીજા કોઈ વિષયમાંથી વિરક્ત થઈ જાય છે અને એ સમયે ચિત્ત જે વિષયમાં લાગી જાય છે ત્યાં ગળોની* વેલની જેમ ચોંટી જાય છે. એટલે કે દત્તાવસર કવિને જ્યારે ફૂરસદ મળે ત્યારે તેને કાવ્યરચનાનો સમય સમજવો.

છેલ્લા, **પ્રાયોજનિક** કવિ વિષે રાજશેખર કહે છે કે આ કવિ કોઈ પ્રયોજન કે પ્રસંગના સન્દર્ભમાં કાવ્યની રચના કરે છે. આ કવિ તો કોઈ પ્રયોજનને વશવર્તીને જ કાવ્ય સર્જે છે, માટે તેને માટે કોઈ રચનાકાળની વ્યવસ્થા થઈ શકે નહીં. અહીં રાજશેખર ઉમેરે છે કે બુદ્ધિમાન તથા આહાર્યબુદ્ધિ માટે જ આ વ્યવસ્થા છે, બાકી ઔપદેશિક કવિ માટે તો તેની ઈચ્છા એ જ યોગ્ય-કાલ તથા નિયમ છે.

* કહેવાય છે કે ગળોની વેલને મૂળ હોતું નથી, તેનો ટુકડો જ પણ વૃક્ષ ઉપર નાંખો તો ત્યાં તે જામી જાય છે ને વધ્યા કરે છે.

# THE GAEKWAD'S ORIENTAL SERIES

*GOS. Nos.*

30 TATTVASANGRAHA—Vol. I ( Sanskrit Text )—Edited by Pandit Embar Krishnamacharya ( Reprinted; 1984 ) Rs. 165.00

156 GAṄGADĀSA-PRATĀPAVILĀSA-NĀṬAKAM—by Gaṅgādhara—Edited by B. J. Sandesara and Pandit Amritlal M. Bhojak ( 1973 ) Rs. 12.00

157 ZAFAR UL WĀLIH BI MUZAFFAR WA ĀLIHI—An Arabic History of Gujarat Vol. II—by Abdullāh Muhammad Al-Makki Al-Āṣafi Al-Ulughkhāni Ḥajji Ad-Dabir, Translated into English by M. F. Lokhandwala ( 1974 ) Rs. 50.00

158 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA, Vol. I—by Daniel Smith ( 1975 ) Rs. 50.00

159 SATYASIDDHIŚĀSTRA—of Harivarman, Vol. I—Sanskrit Text from Chinese translation by N. A. Sastri ( 1976 ) Rs. 65.00

160 ĀGAMAPRĀMĀṆYA—of Yāmunācārya—Edited by M. Narasimhachary ( 1976 ) Rs. 18.00

161 SMṚTICINTĀMAṆI—of Gaṅgāditya—Edited by Ludo Rocher ( 1976 ) Rs. 26.00

162 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. I—Edited by David Pingree ( 1976 ) Rs. 94.00

163 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. II—Edited by David Pingree ( 1977 ) Rs. 64.00

164 SOḌHALA-NIGHAṆṬU ( Nāmasaṅgraha and Guṇasaṅgraha ) of Vaidyācārya Soḍhala—Edited by Priya Vrat Sharma ( 1978 ) Rs. 53.00

165 SATYASIDDHI ŚĀSTRA—of Harivarman—Vol. II ( English translation )—by N. A. Sastri ( 1978 ) Rs. 92.00

166 ŚAKTISAṄGAMA TANTRA—Vol. IV : CHINNAMASTĀ KHAṆḌA—Edited by Late B. Bhattacharyya & Pandit Vrajavallabha Dvivedi ( 1978 ) Rs. 49.00

167 KṚTYAKALPATARU—of Bhaṭṭa Laxmīdhara : PRATIṢṬHĀKĀṆḌA Vol. IX—Edited by Late K. V. Rangaswami Aiyangar ( 1979 ) Rs. 53.00

168 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA—Vol. II—AN ANNOTATED INDEX TO SELECTED TOPICS by H. Daniel Smith ( 1980 ) Rs. 41.00

169 NYĀYĀLAṄKĀRA—of Abhayatilaka Upādhyāya Edited by A. L. Thakur & Late J. S. Jetly ( 1981 ) Rs. 143.00

170 TṚCABHĀSKARA by Bhāskararāya Edited by R. G. Sathe ( 1982 ) Rs. 53.00

171 ŚRĪ GAṆEŚAVIJAYAKĀVYAM Edited by B. N. Bhatt Rs. 46.00

*Can be had of :*

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-390 001, Gujarat, India.

# ચન્દ્રકલા નાટિકામાં અન્ય નાટકોનું અનુકરણ

**વસંત સી. પટેલ***

નાટ્યશાસ્ત્રના નિયમ મુજબ નાટિકા ભલે કલ્પિતવૃત્તા હોય, તો પણ લગભગ સર્વ નાટિકાઓના કથાવસ્તુનું માળખું એકસરખું જ રહે છે–'નાયિકાનું સ્વજનથી વિખૂટા પડી ગુપ્તવેશમાં નાયકને ત્યાં રહેવું અને અંતે પ્રકટ થવું, નાયક–નાયિકાનું મિલન, અનુરાગની વૃદ્ધિ, મહારાણીનું વિઘ્ન, નર્મસચિવ વિદૂષક તથા સખીની સહાય અને અંતે રાણીની સંમતિથી લગ્ન અને સુખદ અંત'. સાહિત્યદર્પણકાર વિશ્વનાથ કૃત 'ચંદ્રકલા' નાટિકાનું કથાવસ્તુ પણ આ જ માળખાને અનુસરે છે પરંતુ એનું કથાવસ્તુ કેટલાંક અન્ય નાટકો સાથે નીચે મુજબ સામ્ય ધરાવે છે, જે નોંધપાત્ર છે :

(૧) **રત્નાવલી** તથા **પ્રિયદર્શિકા**માં રાજા ઉદયનની પત્ની વાસવદત્તા હોવા છતાં તે અન્ય સ્ત્રી અનુક્રમે સાગરિકા અને આરણ્યકાના પ્રેમમાં પડે છે. **માલવિકાગ્નિમિત્રમ્**માં ધારિણી તથા ઈરાવતી હોવા છતાં અગ્નિમિત્ર માલવિકાના પ્રેમમાં પડે છે. **વિક્રમોર્વશીયમ્**માં ઔશીનરી હોવા છતાં ઉર્વશીના પ્રેમમાં પડે છે. **સ્વપ્નવાસવદત્તમ્**માં વાસવદત્તાના મૃત્યુની અફવા પછી તે પદ્માવતી સાથે લગ્ન કરે છે. **ચંદ્રકલા**માં વસન્તલેખા હોવા છતાં ચિત્રરથ ચન્દ્રકલાના પ્રેમમાં પડે છે. આમ તત્કાલીન બહુપત્નીત્વની પ્રથા અસ્તિત્વમાં હોવાને કારણે રાજા એક કરતાં વધુ કન્યાના પ્રેમમાં પડતો. જો કે ચન્દ્રકલામાં તો વિશ્વનાથ એને પુરુષની ભ્રમરવૃત્તિ તરીકે સ્પષ્ટ ઓળખાવે છે.[૧]

(૨) **રત્નાવલી** નાટિકમાં વહાણમાં કૌશામ્બી જતાં મધદરિયે અકસ્માત થતાં પાટિયાના સહારે તરતી રત્નાવલીને કૌશામ્બીનો એક વેપારી બચાવી લે છે અને યૌગંધરાયણને સોંપે છે. યૌગંધરાયણ સાગરમાંથી મળી હોવાથી સાગરિકા નામ રાખી મહારાણીના હાથમાં સોંપે છે, જ્યાં તે ગુપ્તવેશમાં રહે છે; **પ્રિયદર્શિકા** નાટિકામાં દૃઢવર્મા પર

'**સ્વાધ્યાય**', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬. પૃ. ૩૫૩–૩૫૮.

* કાછિયાવાડી, પો. ચીખલી, વાયા, નવસારી.

૧ **सूत्रधार :**—तथाहि–

चिरादधिगतं वस्तु रम्यमप्यवधारयत् ।
पुरः प्रतिवनं वीक्ष्य मनस्तदनुधावति ॥

[ चन्द्रकला—अंक १:५ ॥ ]

**रतिकला :**—सखि, पुरुषभ्रमराणां स्वभाव एषः यत् किल नवं नवमेवानुधावन्ति ।

[ चन्द्रकला—अंक ३:१९ पछी ]

ચઢાઈ કરવામાં આવતાં કંચુકી વિનયવસુ કુંવરીને લઈ ને ભાગી જાય છે. કુંવરીના પિતાનો મિત્ર વિન્ધ્યકેતુ તેને આશ્રય આપી વિજયની ભેટ તરીકે રાજા પાસે લઈ જાય છે અને ત્યાં ગુપ્તવેશમાં વાસવદત્તાની દાસી તરીકે આરણ્યકા નામ રાખી રહેવું પડે છે; **માલવિકાગ્નિમિત્રમ**માં માધવસેન પરના આક્રમણને લીધે સુમતિ રાજકુમારીને લઈને ભાગે છે. લૂંટારાઓના આક્રમણમાં સુમતિ મરાય છે. અરણ્યવાસી બનેલી માલવિકાને વીરસેન પોતાની બ્હેન મહારાણી ધારિણી પાસે ભેટ તરીકે મોકલે છે. આમ માલવિકાને પણ ગુપ્તવેશમાં મહારાણી પાસે રહેવું પડે છે; **સ્વપ્નવાસવદત્તમ**માં લાવાણકની આગમાં વાસવદત્તા બળી મરી એવા યૌગંધરાયણના કાવતરાને કારણે વાસવદત્તાને પદ્માવતી પાસે ગુપ્તવેશમાં આવંતિકા તરીકે રહેવું પડે છે; **ચન્દ્રકલા નાટિકા**માં પણ સેનાપતિ વિક્રમાભરણને નાયિકાની પ્રાપ્તિ માર્ગમાંથી થાય છે અને તે સેનાપતિ ચન્દ્રકલાને મહામંત્રી સુબુદ્ધિને સોંપે છે. સુબુદ્ધિની યોજના અનુસાર ચન્દ્રકલાને પણ ગુપ્તવેશમાં વસન્તલેખા પાસે રહેવું પડે છે, જેથી નાયકની નજરે પડી શકે અને અનુરાગ ઉત્પન્ન થતાં કથાનક સુકરતાથી આગળ વધી શકે. આમ, મહારાણી પાસે વિખૂટી પડેલી નાયિકાનું ગુપ્તવેશમાં રહેવું, સમાન દશ્યમાન થાય છે.

(૩) **રત્નાવલી** નાટિકામાં સિદ્ધ પુરુષની ભવિષ્યવાણી છે—"જે આ કન્યા સાથે લગ્ન કરશે તે ચક્રવર્તી રાજા થશે."[૨] આથી યૌગંધરાયણ રત્નાવલી સાથે સ્વામી ઉદયનના લગ્ન થાય, એ માટેના પ્રયત્નોનો પ્રારંભ કરે છે; **માલવિકાગ્નિમિત્રમ**માં દેવયાત્રાએ નીકળેલા એક સિદ્ધાદેશવાળા સાધુપુરુષે પરિવ્રાજિકાની હાજરીમાં કહ્યું હતું—"એક વર્ષ સુધી દાસીભાવ અનુભવ્યા પછી તે યોગ્ય પતિ પામશે".[૩] **સ્વપ્નવાસવદત્તમ્** નાટકમાં પણ પુષ્પક–ભદ્ર વગેરે ભવિષ્યવેત્તાઓએ ભવિષ્યવાણી ભાખી હતી કે પદ્માવતી રાજાની રાણી થવાની જ. આથી જ એની ઉપર વિશ્વાસ રાખીને યૌગંધરાયણે પ્રયત્નનો પ્રારંભ કર્યો હતો.[૪] **ચન્દ્રકલા** નાટિકામાં પણ મહામંત્રી

---

૨ **यौगन्धरायण** :—( कृताञ्जलिः ) देव श्रूयताम् । येयं सिंहलेश्वरस्य दुहिता सा सिद्धेनाऽऽदिष्टा यथा—योऽस्याः पाणिं ग्रहीष्यति स सार्वभौमो राजा भविष्यति ।
[ रत्नावली—अंक ४:२० પછી ]

३ **परिव्राजिका** :—श्रूयताम् । इयं पितरि जीवति केनापि देवयात्रागतेन सिद्धादेशेन साधुना मत्समक्षमादिष्टा । 'संवत्सरमात्रं प्रेष्यभावमनुभूय ततः सदृशभर्तृगामिनी भविष्यति' इति ।
[ मालविकाग्निमित्रम्—अंक ५:१२ પછી ]

४ **यौगन्धरायण** :—[ आत्मगतम् ] हन्त भोः,...कुत ः
पद्मावती नरपतेर्महिषी भवित्री दृष्टा विपत्तिरथ यैः प्रथमं प्रदिष्टा ।
तत्प्रत्ययात् कृतमिदं न हि सिद्धवाक्यान्युत्क्रम्य गच्छति विधिः सुपरीक्षितानि ॥
[ स्वप्नवासवदत्तम्—अंक १:११ ॥ ]

**यौगन्धरायण** :—पुष्पकभद्रादिभिरादेशिकैरादिष्टा स्वामिनो देवी भविष्यतीति ।
[ स्वप्नवासवदत्तम्—अंक ६:१८ પછી ]

સુબુદ્ધિ દિવ્યવાણી સાંભળે છે—" આ કન્યાનું પૃથ્વી ઉપર જે ભૂમિપતિ પાણિગ્રહણ કરશે ત્યારે સ્વયં લક્ષ્મી પ્રકટ થશે અને એને અભીષ્ટ વરદાન પ્રદાન કરશે. "[૫] આથી જ સુબુદ્ધિ ચન્દ્રકલાને વસન્તલેખા પાસે ગુપ્તવેશમાં રાખે છે, જેથી રાજાની નજરે પડે, પ્રેમ ઉત્પન્ન થાય તો લગ્ન થઈ શકે અને રાજા ચિત્રરથને અભ્યુદયની ઉપલબ્ધિ થાય. આમ આ નાટકોમાં કોઈ સિદ્ધ પુરુષ કે ભવિષ્યવેત્તાની ભવિષ્યવાણી અથવા દિવ્યવાણી જોવા મળે છે અને મહામંત્રી તેમાં વિશ્વાસ રાખીને નાયક–નાયિકા પ્રેમમાં પડે તેવા પ્રયત્નો કરે છે.

(૪) **રત્નાવલી**માં દુષ્ટ વાનરનો પ્રસંગ દ્વિતીયાંકમાં નાટકકારે રજૂ કર્યો છે. દુષ્ટ વાનરને કારણે સાગરિકાએ રાજાનું તથા સુસંગતાએ સાગરિકાનું જે ચિત્ર દોરેલું તે છોડીને બંનેને ચાલી જવું પડે છે. પછી વિદૂષક અને રાજાને માનવવાણીનું અનુકરણ કરતી સારિકા પ્રણયની વાત કહી દે છે. નાયક–નાયિકાનું મિલન થાય છે અને મહારાણીના આગમનને કારણે વિઘ્ન ઉપસ્થિત થાય છે. રાણી ગુસ્સામાં આવીને રાજાની વિનંતી ન ગણકારી ચાલી જાય છે; **માલવિકાગ્નિમિત્રમ્**માં સમુદ્રગૃહમાં અગ્નિમિત્ર માલવિકાને મળવા જાય છે ત્યારે ઈરાવતી ત્યાં આવી ચડે છે. આથી વિઘ્ન ઉપસ્થિત થતાં પ્રતિહારીએ પ્રવેશીને પિંગલવાનરે રાજકુમારી વસુલક્ષ્મીને ડરાવી હોવાની વાત કહેતાં, એને આશ્વાસન આપવા ઉતાવળ કરવાનું ઈરાવતી રાજાને કહે છે. આમ પિંગલવાનરપ્રસંગથી ઈરાવતીના વિઘ્નને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે; [અંક : ૪] એ જ રીતે **ચન્દ્રકલા** નાટિકામાં તરક્ષુપ્રસંગ રજૂ કર્યો છે. દ્વિતીયાંકમાં નાયક–નાયિકાના મિલન વખતે મહારાણીનું વિઘ્ન ઉપસ્થિત થતાં વિદૂષક તરક્ષુપ્રસંગ રચે છે, જેથી ગભરાઇને રાણી ચાલી જાય છે અને મિલન સરળ બને છે. ત્યારબાદ તરક્ષુનો વધ કરવા માટે રાજાને અભિનંદન આપવા રાણી આવે છે. આથી વિઘ્ન ઉપસ્થિત થાય છે અને રાજાએ મનાવવા છતાં ગુસ્સામાં ચાલી જાય છે. આમ આ નાટકોમાં પશુપ્રસંગની રચના કરવામાં આવી છે જેથી નાયક–નાયિકાનું મિલન શક્ય બને અને તે સમયે રાણીના આગમનથી વિઘ્ન ઉપસ્થિત થાય અને રાજાના મનાવવા છતાં રાણી ક્રોધમાં ચાલી જાય છે, તેની ખબર પડે છે.

(૫) **વિક્રમોર્વશીયમ્** નાટકના દ્વિતીયાંકના પ્રવેશકમાં ચેટી નિપુણિકા વિદૂષકને છેતરીને રાજા ઉર્વશીના પ્રેમમાં પડ્યા છે, એ વાત જાણી લે છે; **ચન્દ્રકલા**માં તૃતીયાંકમાં વિદૂષકે સુનન્દનાની સહાયથી રાત્રે ચોરીછૂપીથી રાજા સાથે નાયિકાનું મિલન નક્કી કર્યું હોય છે, એ વાત મહારાણીની પરિચારિકા માધવિકા બડબડિયા વિદૂષક પાસેથી ચતુરાઈથી કઢાવી લે છે. આમ બંને નાટકોમાં રાણીની પરિચારિકા વિદૂષક પાસેથી

---

૫ सुबुद्धि :—तत्काले च–

" यस्तु भूमिपतिर्भूमौ पाणिमस्या ग्रहीष्यति ।
लक्ष्मीः स्वयमुपागत्य वरमस्मै प्रदास्यति ॥ "

[ चन्द्रकला—अंक १:६ ॥ ]

મિલનસંકેત વિષે જાણી જાય છે, આથી નાયક–નાયિકાના મિલનમાં વિઘ્ન ઉપસ્થિત થાય છે અને એ વિઘ્નમાં કારણભૂત વિદૂષક બને છે.

(૬) **વિક્રમોર્વશીયમ્**ના ચતુર્થાંકમાં રાજા પુરુરવા ગંધમાદનવનમાં ઉર્વશી સાથે વિહાર કરવા જાય છે ત્યારે મંદાકિનીના તટ ઉપર રેતીના ઢગલામાં રમતી વિદ્યાધરબાળા ઉદયવતી તરફ લાંબા સમય સુધી અનિમેષ નયને નિહાળે છે. આથી સ્ત્રી–સહજ ઈર્ષ્યાથી ઉર્વશી ગુસ્સામાં આવી રાજાની વિનંતીને અવગણીને શાપિત કુમારવનમાં પ્રવિષ્ટ થવાથી લતામાં પરિણત થાય છે. રાજા એની ભાળ મેળવવા વનમાં પ્રવેશી વિરહાવસ્થામાં એકોક્તિ રજૂ કરે છે, જેથી રાજાનો ઉર્વશી પ્રત્યેનો પ્રગાઢ પ્રેમ જાણવા મળે છે; એ જ રીતે **ચન્દ્રકલા** નાટિકામાં તૃતીયાંકમાં ચિત્રરથ રાત્રે ચન્દ્રકલાને મળવા પ્રમદોદ્યાનમાં પહોંચે છે ત્યારે ત્યાં એને ન જોતાં દુઃખી બની વિરહાવસ્થામાં એકોક્તિ રજૂ કરે છે, જેથી રાજાનો ચન્દ્રકલા પ્રત્યેનો પ્રેમ જાણવા મળે છે. આમ બંને નાટકોમાં વિરહી કામસંતપ્ત પ્રેમી રાજાની એકોક્તિ જોવા મળે છે.

(૭) **માલવિકાગ્નિમિત્રમ્**માં **તૃતીયાંક**માં ત્રિકેન્દ્રીય દૃશ્ય રજૂ થયું છે. રાજા અને વિદૂષક પ્રમદવનમાં પ્રવેશે છે. બીજી બાજુ માલવિકા તેની સખી બકુલાવલિકા સાથે પ્રવેશે છે અને ત્રીજી બાજુ ઈરાવતી દાસી નિપુણિકા સાથે પ્રવેશે છે. નાયક–નાયિકાના સંવાદ પરથી [અન્ય] રાણીને નાયક–નાયિકાના અખંડ પ્રગાઢ પ્રેમની માહિતી પ્રત્યક્ષ મળે છે અને ગુસ્સામાં રાજાની વિનંતીને અવગણી ચાલી જાય છે અને મહારાણીને ખબર આપતાં તે માલવિકા તથા બકુલાવલિકાને પાતાળવાસમાં બંધનમાં મૂકે છે અને રાજા લાચાર બની રહે છે; વિક્રમોર્વશીયમ્‌માં તૃતીયાંકમાં ત્રિકેન્દ્રીય દૃશ્ય રજૂ થયું છે. રાજા અને વિદૂષક મણિમહેલની અગાસીમાં જાય છે. બીજી બાજુ આકાશમાંથી ઉર્વશી અને ચિત્રલેખા ઊતરે છે અને બન્ને ઉર્વશી પ્રત્યેના રાજાના પ્રેમની વાતો સાંભળે છે, ત્યાં ત્રીજી બાજુથી રાણી પ્રવેશે છે અને પ્રિયાનુપ્રસાદનવ્રત ઉજવે છે, જેથી ઉર્વશીનો માર્ગ નિર્વિઘ્ન બને છે; ચન્દ્રકલા નાટિકામાં તૃતીયાંકમાં ત્રિકેન્દ્રીય દૃશ્ય રજૂ થાય છે. રાત્રે મણિમંડપમાં રાજા વિદૂષક સાથે પ્રવેશે છે. બીજી બાજુ ચન્દ્રકલા સખી સુનન્દના સાથે પ્રવેશે છે. નાયક–નાયિકાના મિલન–વખતની વાતો ત્રીજી બાજુથી પ્રવેશેલી વસન્તલેખા તથા દાસી રતિકલા સાંભળે છે. આથી રાણી ચન્દ્રકલા, સુનન્દના તથા વિદૂષકને બંધનમાં મૂકે છે અને રાણી ગુસ્સામાં ચાલી જાય છે અને રાજા લાચાર બની રહે છે. આમ ત્રણે નાટકોમાં ત્રિકેન્દ્રીય દૃશ્યની યોજના કરવામાં આવી છે, નાયક–નાયિકાનું મિલન થાય છે. જો કે માલવિકાગ્નિમિત્રમ્‌ની જેમ ચન્દ્રકલામાં પણ રાણીનું વિઘ્ન તથા નાયિકાનું બંધનમાં બંધાવું સમાન જોવા મળે છે.

(૮) **રત્નાવલી** નાટિકામાં મહારાણી સાગરિકાને કેદી બનાવે છે. [અંક: ૩]
**પ્રિયદર્શિકા** નાટિકામાં મહારાણી આરણ્યકાને બંદી બનાવે છે; [અંક: ૪]
**માલવિકાગ્નિમિત્રમ્**માં રાણી ઇરાવતીને ખુશ કરવા માલવિકાને સારભાંડભૂમિગૃહમાં

કેદી બનાવે છે; [ અંક: ૪ ] એ જ રીતે **ચંદ્રકલા** નાટિકામાં રાણી ચંદ્રકલાને, સુનન્દનાને તથા વિદૂષકને બંધાવીને બંધનમાં મૂકે છે. [ અંક: ૩ ] જો કે **વિક્રમોર્વશીયમ્** નાટકમાં તૃતીયાંકમાં રાજાને અનુકૂળ થવા રાણી પ્રિયાનુપ્રસાદનવ્રત કરી પ્રેમમાર્ગમાં સરળતા કરી આપે છે તેમ **ચંદ્રકલા**માં રાજાને અનુકૂળ થવા પોતાના પિતાના નગરમાંથી બંદીગણ આવવાથી રાણી વિદૂષકને મુક્ત કરે છે. આમ નાયિકાને મહારાણીના ગુસ્સાને [ સ્ત્રીસહજ ઇર્ષ્યાને ] કારણે કેદી બનવું પડે છે અને રાણી રાજાને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે.

(૯) **રત્નાવલી** નાટિકામાં કંચુકી બાભ્રવ્ય તથા સિંહલેશ્વરનો અમાત્ય વસુભૂતિ જે વહાણમાં સાગરિકા સાથે હતા અને છૂટા પડી ગયા હતા, તે અંતે ચતુર્થાંકમાં ઐન્દ્રજાલિક પ્રસંગમાં રાજા દ્વારા આગમાંથી બહાર લાવવામાં આવેલી સાગરિકાને ઓળખી જાય છે. યૌગંધરાયણ પોતાની યોજનાની વિગતો આપે છે અને તેથી વાસવદત્તા પોતાના અલંકારોથી તેને અલંકૃત કરી, રત્નાવલીને રાજાના હાથમાં સંમતિપૂર્વક સોંપે છે; **પ્રિયદર્શિકા** નાટિકામાં ચતુર્થાંકમાં દઢવર્માએ વિજયસેનની સાથે મોકલેલો કંચુકી રાજકુમારી ગુમ થવાથી રાજા દુઃખી બન્યો છે, એમ કહે છે ત્યારે ઝેર ખાધેલ આરણ્યકાને વત્સરાજ પાસે લાવવામાં આવે છે અને ત્યારે જ કંચુકી પ્રિયદર્શિકાને ઓળખી કાઢે છે. આથી પોતાની સગી તરીકે ઓળખાણ થતાં વાસવદત્તા સંમતિપૂર્વક આરણ્યકાનું પાણિગ્રહણ રાજા સાથે કરાવે છે; **માલવિકાગ્નિમિત્રમ્**માં વિદર્ભરાજે મોકલેલ બે શિલ્પકન્યાઓ માલવિકાને ઓળખી જાય છે, આથી ધારિણી પૂર્વે કરેલ સંકલ્પાનુસાર માલવિકા આર્યપુત્રને સોંપે છે; **સ્વપ્નવાસવદત્તમ્** નાટકમાં છઠ્ઠા અંકમાં મહાસેનનો કંચુકી રૈભ્ય તથા વાસવદત્તાની ધાત્રી વસુંધરા મહાસેન પ્રદત્ત ચિત્રફલક લઈને આવે છે ત્યારે પદ્માવતી ચિત્રમાંની વાસવદત્તા સાથે આવંતિકાનું સામ્ય નિહાળે છે અને તેને ત્યાં લાવવામાં આવે તે પૂર્વે યૌગંધરાયણ, પોતાની બહેન થાપણ તરીકે પદ્માવતી પાસે મૂકેલી તે લેવા આવે છે અને આવંતિકાના આગમન બાદ વસુંધરા રાજકુમારી વાસવદત્તાને ઓળખી કાઢે છે. આમ વાસવદત્તાનું પુનઃ પ્રત્યભિજ્ઞાન થાય છે અને નાટકનો સુખદ અંત આવે છે; આ જ રીતે **ચંદ્રકલા નાટિકા**માં ચતુર્થાંકમાં મહારાણીના પિતાના નગરમાંથી આવેલ બંદીગણ ચંદ્રકલાના અપહરણની વાત કરી, આખરે તે મહામંત્રી સુબુદ્ધિ પાસે પહોંચી હોવાની વાત કરતાં સુબુદ્ધિ પ્રવેશીને ઘટસ્ફોટ કરે છે અને ચન્દ્રકલાને બંને બંદીઓ ઓળખી કાઢે છે તથા રાણી વસન્તલેખા સંમતિપૂર્વક ચન્દ્રકલાનું પાણિગ્રહણ રાજા સાથે કરાવે છે. આમ આ સર્વ નાટકોમાં ગુપ્તવેશમાં રાણીવાસમાં રહેલી નાયિકાનું પુનઃ પ્રત્યભિજ્ઞાન થાય છે, મહારાણી સંમતિ આપે છે, નાયક નાયિકાનું પાણિગ્રહણ કરે છે, અને નાટકનો સુખદ અંત આવે છે.

ઉપર મુજબના અનુશીલન પરથી કહી શકાય કે "પુરુષની ભ્રમરવૃત્તિ, માર્ગમાંથી નાયિકાની પ્રાપ્તિ અને ગુપ્તવેશમાં મહારાણી પાસે રહેવું, સિદ્ધ પુરુષની ભવિષ્યવાણી કે દિવ્યવાણી પશુપ્રસંગની રચના, વિદૂષકને છેતરીને રાણીની દાસી દ્વારા મિલનની વાત કઢાવી લેવી, વિરહાવસ્થામાં રાજાની એકોક્તિ, ત્રિકેન્દ્રીય દૃશ્ય, મહારાણી દ્વારા નાયિકાનું

બંધન, નાયિકાનું પુનઃ પ્રત્યભિજ્ઞાન અને રાણીની સંમતિપૂર્વક રાજાનું નાયિકા–પાણિગ્રહણ અને નાટકનો સુખદ અંત"–જેવા પ્રસંગોમાં વિશ્વનાથે પૂર્વવર્તી કવિઓનું અનુકરણ કરેલું દૃશ્યમાન થાય છે.

રત્નાવલી અને પ્રિયદર્શિકા નાટિકાઓના લેખક શ્રીહર્ષનો સમય ઈ. સ. ૬૦૦ થી ૬૫૦ છે. માલાવકાગ્નિમિત્રમ્ અને વિક્રમોર્વશીયમ્ નાટકોના લેખક મહાકવિ કાલિદાસના સમયની ઉત્તર મર્યાદા ઈ. સ.ની ચોથી સદી [ગુપ્તકાળ] મનાય છે. સ્વપ્નવાસવદત્તમ્ નાટકના લેખક ભાસનો સમય ઈ. સ. પૂર્વેનો ચોથો સૈકો માનવામાં આવે છે. ચંદ્રકલા નાટિકાના લેખક સાહિત્યદર્પણકાર વિશ્વનાથનો સમય ઈ. સ.ની પંદરમી સદીનો પૂર્વાર્ધ [ ઈ. સ. ૧૪૦૦ થી ૧૪૪૦ ] છે. આથી અનુમાન કરી શકાય કે વિશ્વનાથે તેની પૂર્વે થઈ ગયેલા નાટકકારોના નાટકોના પ્રસંગો ઓછેવત્તે અંશે સ્વીકારીને, તેનું અનુકરણ કરીને 'ચન્દ્રકલા'નું સર્જન કર્યું છે અને એને નાટિકાનું સાહિત્યસ્વરૂપ આપવામાં સફળ થઈ શકયા છે.

# પાળિયાઓથી ઉદ્ભૂત કચ્છનો સાંસ્કૃતિક ઈતિહાસ

રસેશ જમીનદાર*

## ભૂમિકા

મૃત્યુ વિશે અને મરણોત્તર અવસ્થા વિશે માનવમને અનેકાનેક વિચારો જન્માવ્યા છે. એના વિશે ઉત્તરોત્તર ગહન ચિંતન કર્યું છે. આમાંથી માન્યતાઓનો મેળો જામ્યો છે. ટૂંકમાં માનવીએ એની વિકાસયાત્રા દરમ્યાન મરણ વિશે ગંભીર–ગહન વિચારણાઓ રમતી મૂકી છે. આમ માન્યતાઓ અને વિચારણાઓના ફલસ્વરૂપે, આકાર આપવાના ખ્યાલથી સર્જનાત્મક કલોન્મેષનું સંવર્ધન થતું રહ્યું. પણ તેથી મરણનો ભય ઓછો તો ના થયો. આ પડકારને પહોંચી વળવા માનવીએ પુરુષાર્થ આદર્યો અને પરિણામે કલાનાં વિવિધ સ્વરૂપો સ્મૃતિરૂપે ઉદ્ભવ્યાં. દા. ત. પાળિયા, કબર, સ્તૂપ, દેરી, પગલાં, ઓટા વગેરે. આને આપણે સ્મૃતિ-સ્થાપત્ય કહીશું. આ પ્રકારની કલા દુનિયાના સર્વ વિસ્તારોમાં એક યા બીજા સ્વરૂપે સમયે સમયે જોવી પ્રાપ્ત થાય છે. આ રીતે મરણ સાથે કલાનો સંદર્ભ જોડાતાં વિવિધ આલેખનો થતાં રહ્યાં. પાળિયા આવું એક સ્મૃતિ–આલેખન છે.

માણસના વિશિષ્ટ ગુણોમાં કુરબાનીની ભાવનાનું અદકેરું મહત્ત્વ છે. પ્રાણની પણ પરવા કર્યા વિના ધર્મ, જ્ઞાતિ, ગામ, નીતિ, ન્યાય, પ્રેમ, ટેક, વચન કે દેશ માટે ખપી જવાની ભાવનામાં પાળિયાના ઉદ્ગમને જોઈ શકાય છે.

ઇતિહાસને એના શ્રધ્ધેય સ્વરૂપમાં પામવા માટેનાં ઉપલબ્ધ સાધનોમાં અભિલેખો મહત્ત્વ ધરાવે છે. આ અભિલેખો મહદ્અંશે સમકાલીન અને અલ્પાંશે અનુકાલીન હોવાના. પાળિયા એક એવા સ્વરૂપના અભિલેખો કે–અને શિલ્પ–સ્થાપત્યના નમૂના છે જે ઘટનાની વધારે નજીક ગણાય.

આવા પાળિયા ગામને પાદરે, જળાશયના કાંઠે, યુદ્ધભૂમિ કે ઘટનાસ્થળની આસપાસ, મંદિરના પ્રાંગણમાં કે સ્મશાનભૂમિમાં પૂર્વાભિમુખે વિશેષ પ્રાપ્ત થાય છે. ટૂંકમાં, અન્યથા પ્રાપ્ત નહીં એવી સામાન્ય જનને સ્પર્શતી સાંસ્કૃતિક વિગતોને હાથવગું કરવાનું પ્રમાણભૂત સાધન પાળિયા છે.

પાળિયાની રચના વિશ્વવ્યાપી બાબત છે. જપાન, અલાસ્કા વગેરે દેશોમાં આ પ્રથા છે. ભારતમાં સર્વત્રથા પાળિયા મળે છે. કર્ણાટક, રાજસ્થાન અને ગુજરાતમાં એ વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોમાં એની ઉપલબ્ધિ ઘણી વધારે છે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬, પૃ. ૩૫૯-૩૭૬.

* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.

પાળિયા શક્યતઃ નાનકડા લેખથી યુક્ત હોય છે, જેથી ઘટનાસ્થળનો, પ્રસંગવિશેષનો, સમયનો, વ્યક્તિવિશેષનો અને તે દ્વારા સાંસ્કૃતિક વિગતોનો ખ્યાલ આવે.

કચ્છમાંથી ઉપલબ્ધ પાળિયાઓમાં ક્ષત્રપકાલીન યષ્ટિલેખો સમગ્ર ભારતમાં સંભવતઃ પ્રાચીનતમ છે. તે પછી સૈકાઓ સુધી યષ્ટિલેખો જોવા મળતા નથી. વિક્રમ સંવત ૧૧૨૧નો બાલાસરનો પાળિયો કચ્છમાંથી પ્રાપ્ત રૂઢ અર્થવાળો પહેલ પ્રથમ પાળિયો ગણાય. સંવત ૧૬૦૨નો બાઈ પાલી દેવળિયા ગામે સતી થઈ હોવાનો પાળિયો સતીપ્રથાનિર્દેશનો સર્વપ્રથમ અભિલેખ ગણાય. ક્ષત્રપકાલીન યષ્ટિલેખોનો હેતુ મૃતકને સ્મરવાનો કે કુટુંબકલ્યાણનો હતો, જ્યારે વિક્રમની બારમી સદીથી ઉપલબ્ધ પાળિયાઓનો આશય વીરગતિ પામેલાંનાં કાર્યોને કીર્તિ આપવાનો કે સતી સ્ત્રીની હિંમતને બિરદાવવાનો હોઈ શકે.

## પદ્ધતિ વિશે થોડીક સ્પષ્ટતા

૧ પાળિયાઓ વિશે સિક્કાલેખો, શિલાલેખો કે તામ્રપત્રલેખો જેવાં વ્યવસ્થિત શોધનિરૂપણો થયાં નથી તથા તે વિશેનું સંશોધન અલ્પ હોઈ એમાંથી પ્રાપ્ત થતાં ઇતિહાસ-સંસ્કૃતિનું સંશોધન કઠીન છે. આ મર્યાદા અહીં ધ્યાનમાં લીધી છે.

૨ ઇતિહાસ એટલે રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ એવો વ્યાપક અર્થ સ્વીકારીને અહીં તત્સંબંધિત પ્રત્યેક પાસાનું અલગ અને સમગ્રતયા વર્ણન કર્યું છે.

૩ પાળિયાઓમાંથી ફલિત થતા ઇતિહાસનું આલેખન અહીં કર્યું હોઈ પ્રત્યેક પાળિયાનું સંપાદન-વર્ણન-વિવેચન અપેક્ષિત ગણ્યું નથી. તથા નકારાત્મક વિગતો કે અન્યથા સામગ્રીથી પ્રાપ્ત વિગતો-જેને પાળિયાનું સમર્થન નથી-નો સમાવેશ કર્યો નથી.

૪ પાળિયાઓની કાલાનુક્રમે સવિગતે સૂચિ પાદનોંધમાં આપી હોઈ સંદર્ભસાહિત્ય અલગ આપ્યું નથી. આ પ્રકારના નિરૂપણમાં એકના એક સંદર્ભનો વારંવાર ઉલ્લેખ અનિવાર્ય હોઈ ચાલુ લખાણમાં પાદનોંધ તરીકે સૂચિક્રમાંકનો અવારનવાર અને આગળપાછળ નિર્દેશ કર્યો છે.

૫ પાળિયાઓમાં નિર્દિષ્ટ વર્ષો વિક્રમ સંવતનાં હોઈ પ્રસ્તુત ઇતિહાસ વિક્રમ સંવત ૧૬૦૬-૦૭ થી ૧૮૫૬-૫૭ સુધીની કાળમર્યાદાને આવરી લે છે. તે પહેલાંના પ્રસિદ્ધ પાળિયા અભ્યાસમાં આવરી લીધા નથી.

૬ ફક્ત પ્રસિદ્ધ-પ્રકાશિત થયેલા, તિથિનિર્દેશવાળા અને ઉપયોગી લખાણવાળા પાળિયા અહીં ધ્યાનમાં લીધા છે. અનિર્ણિત પ્રાપ્તિસ્થાન, અટકળ આધારિત વિગતો, દંતકથાઓ કે અનુકાલીન-સમકાલીન સાહિત્યનો વિનિયોગ પણ ટાળ્યો છે.

૭ કબરલેખો એ પાળિયાલેખો નથી પણ સ્મારકલેખો છે; તેથી તેનો વિનિયોગ અપેક્ષિત ગણ્યો નથી.

## પાળિયામાં 'પાળિયા' વિશે વિશિષ્ટ ઉલ્લેખો

પાળિયા વિશે વિધવિધ શબ્દોનો વિનિયોગ થયો છે એમ પ્રસ્તુત અભ્યાસથી સ્પષ્ટ થાય છે આ વિવિધતા સ્થળકાળ પરત્વે બોલીભેદ–ઉચ્ચારભેદને કારણે હોવા સંભવે છે. અભ્યાસ હેઠળના પાળિયાલેખોમાં પાળિયા વિશે પ્રાપ્ત થતા શબ્દો આ પ્રમાણે છે: પલીઉં,[૭] પાલિઉ,[૧૫] પાળિયા,[૨૦] પાલીઓ,[૨૩] પાલીઉ,[૨૯] પાલીઅ,[૪૦] પાલિયો,[૫૨] પુષ્પલક,[૬૧] પારીઓ[૬૮] વગેરે.

પાળિયાની સ્થાપના માટે પણ વિવિધ શબ્દપ્રયોગો ઉપલબ્ધ થાય છે. દા. ત. ટાંક છ,[૭] ષોડાવે,[૨૩] ટાંકું છે,[૨૮] માંડું છે,[૨૯] સ્થાપિત[૫૬, ૬૧] વગેરે.

પાળિયાના રક્ષણ માટેની ઈમારત માટેના શબ્દોય નોંધપાત્ર છે. છતરડી,[૧૦, ૮૦] દેરી[૨૦, ૮૧] વગેરે

## પાળિયામાં મૃત્યુસંદર્ભે શબ્દનિર્દેશ

સ્થળકાળ પ્રમાણે અને બોલિભેદ-માન્યતાભેદને લીધે મરણ માટે પ્રયોજાયેલા શબ્દોની વિવિધતા ધ્યાનાર્હ છે: સાથિ થયા,[૩] ગામયું કીધું,[૬] મત કીધું,[૮] સ્વર્ગે પધારવા,[૯] રામશરણ પ્રયાણ કીધા,[૨૦] પ્રાણ સમર્પણ,[૨૦] હરિચરણ પામ્યા,[૨૭, ૩૨] કામ આવ્યા,[૫૩, ૬૪] મરાણા[૫૮] દેવ થયા,[૬૦] રામશરણું પ્રાપ્તઃ,[૬૧] દેવલોક થીઆ,[૬૯] સ્વર્ગ પામતાં હવાં[૩૦] વગેરે.

## સહગમનની પ્રથા

કચ્છના પાળિયાઓનો અભ્યાસ સ્પષ્ટતઃ સૂચવે છે કે પતિ પાછળ સતી થવાની પ્રથા વ્યાપક હતી. કચ્છની કોઈ પણ ભોમકામાં જઈએ, સહગમનની પરંપરાને સ્મરતા પાળિયા અવશ્ય મળે. એક વિરલ કિસ્સામાં પુત્ર પાછળ માતાના સહગમનની[૭૩] હકીકત પાળિયો સૂચવે છે.[૪૭] સાથિ થયા,[૩] સતી થયાં[૧૧] સહગમન કીધું,[૨૦] સાગવાન લીધા,[૨૩] સતા થિઆ,[૬૭] સતી થી ગ્યાં,[૬૯] સત ચડયું,[૭૧] સગવત લીધો[૭૮] વગેરે શબ્દનિર્દેશ મળે છે.

## પાળિયાઓમાં કંડારેલાં પ્રતીકો–પક્ષીઓ–હથિયારો–આલેખનો

સામાન્યતઃ પાળિયાના શિખરભાગે સૂર્ય–ચંદ્રનાં પ્રતીકો ગજધરની શક્તિ–દૃષ્ટિ અનુસાર કંડારેલાં હોય છે. ઉપરાંત અવારનવાર સૂર્ય–ચંદ્ર ઉપરાંત પક્ષીઓ કે ભૌમિતિક આકૃતિઓનાં અંકન નજરે પડે. પાળિયાના મધ્યભાગમાં મૃતકની આકૃતિ સાથે ઘોડાનું અંકન સર્વસામાન્ય છે પણ અપવાદરૂપ વિરલ કિસ્સામાં ઊંટનું અંકન[૪૨] ધ્યાનાર્હ છે.[૧૪] સતીની બાબતે મુખ્યત્વે જમણા હાથની કોતરણી નિશ્ચિત છે. હાથ કોણીમાંથી કાટખૂણે વાળેલો દર્શાવાયેલો છે. ઘોડેસવાર કે હાથની સાથે કયારેક એકાદબે પ્રતીકોનું સુશોભન હોય. નોંધપાત્ર અંકનો આમ છે: સામસામા પોપટ,[૮] પદ્મ,[૮] મોર,[૮] તલવાર–ઢાલ,[૧૫, ૫૮] મુગટ,[૧૫, ૨૧] ચતુષ્કોણ,[૧૫, ૨૦] ડાળીયુક્ત ખીલેલું પુષ્પ,[૧૬] ચૈત્યબારીયુક્ત કમાન,[૧૬] કુહાડી,[૧૮] ભાલો–તલવાર,[૧૮] લોટો,[૧૮] માળા,[૧૮]

સ્વસ્તિક,[20, 33] ત્રિકોણ,[20, 33] ગાય,[36] ગોળી–રવૈયો,[55] ધનુષ્ય–બાણ,[58] ત્રિશૂળ,[59] વગેરે. એક પાળિયામાં સ્ત્રીઘોડેસવાર દેખાય છે.[15] તેના હાથોમાં તલવાર અને ઢાલ છે. સંભવ છે કે કોઈ અસાધારણ ઘટના ત્યારે ઘટી હોય.

## રાજકીય-રાજવહીવટીય માહિતી

પાળિયાઓના સર્જનનો હેતુ વિશેષરૂપે સામાજિક હોઈ એમાંથી પ્રાપ્ત થતી માહિતી સાંસ્કૃતિક વિશેષ હોય છે; જવલ્લે રાજકીય માહિતી પાળિયાઓ સંપડાવે છે. અભ્યાસ હેઠળના પાળિયા થોડીક આવી માહિતી આપે છે. રાજાઓનાં નામમાં રાણાશ્રી પંચાઅણજી વાઘેલા;[8] રાઉશ્રી ભારમલ્લજી;[9] રાઉશ્રી પ્રાગમલ્લજી,[20] જાડેજા જેહાજી,[22] રાઉશ્રી દેસલજી,[23, 61] રાજાશ્રી રાયધણજી,[29, 35, 80] જાડેજા કહિયાજી,[36] ગોહાડજી,[67] વગેરે.

ઝારાના યુદ્ધનો ઉલ્લેખ વિશેષભાવે થયો છે.[66] આ સંદર્ભે ઘણા પાળિયાઓ ભૂજમાંથી મળ્યા છે. સોમપુરા બ્રાહ્મણોએ આ યુદ્ધમાં ભાગ લીધેલો તે પાળિયાથી સ્પષ્ટ થાય છે.[64, 72]

એક પાળિયામાં ' જામ ' શબ્દનો ઉલ્લેખ છે.[35, 58] એટલે ઈસ્વીસન ૧૭૪૪ સુધી જામ શબ્દ પ્રચારમાં હોય. જાડેજા રાજાઓ અગાઉ જામ તરીકે ઓળખાતા હશે. નગરોનું રક્ષણ ગઢ ( કિલ્લા )થી થતું.[58]

સમાજદર્શનમાં ઉલ્લેખિત વિવિધ રાજપૂત કોમોમાંની કેટલીક કચ્છમાં જુદા જુદા સમયે રાજકીય વર્ચસ્ ધરાવતી હોવાનું અનુમાન કરી શકાય; જેમાં જાડેજા રાજવંશ મહત્ત્વ ધરાવતો.

રાજાઓ લશ્કર રાખતા એવું સૂચન થાય.[81] આથી સંગ્રામનું સૂચન થાય.[38] આથી યોદ્ધાનું મહત્ત્વ સૂચવાય. સ્ત્રીઓય યુદ્ધમોરચે જતી.[54]

## સમાજદર્શન

પાળિયાઓથી પ્રાપ્ત કચ્છી સમાજજીવનમાં સતીપ્રથાના પ્રાબલ્યની વિગત નોંધપાત્ર ગણાય. મોટાભાગના પાળિયા સતીના છે એ આનો પુરાવો છે.

શહાદતી વ્યક્તિની કોમ કે જ્ઞાતિની જાણકારીથી તત્કાલીન કચ્છી સમાજમાં વિવિધ કોમો અને તેમના ઓછાવત્તા પ્રભાવની માહિતી પાળિયાઓથી પ્રાપ્ત થાય છે. પાળિયાઓનો અભ્યાસ સ્પષ્ટતઃ સૂચવે છે કે વિવિધ રાજપૂત કોમો અને બ્રાહ્મણ જાતિઓ સમાજ ઉપર પ્રભુત્વ ધરાવતી હશે. શૂરવીરતા એ રાજપૂતોનું લક્ષણ હોઈ એમના પાળિયા વિશેષ મળે એ સ્વાભાવિક છે, પરન્તુ બ્રાહ્મણોના પાળિયાનું વિશેષપણું શું સૂચવે ? અન્યાયનો પ્રતિકાર કરવો એ એમનું લક્ષણ હોય ? ત્રાગું કરતા બ્રાહ્મણોના પાળિયા એવું સૂચવે છે. જો કે પાળિયા બ્રાહ્મણ–સતીઓના વિશેષ પ્રમાણમાં છે.

રાજપૂતોની વિવિધ કોમોના નિર્દેશો પાળિયાઓમાંથી પ્રાપ્ત થાય છે તે આમ છે : વાઘેલા મહકરણ,[2] વાઘેલા,[8, 40, 41, 42] ઝાલા,[79] સોહલંકી,[3] કાઠી,[3, 63, 71]

જાડેજા[18, 22, 25, 36, 37, 63, 66] સરવૈયા,[61] ડોડીઆ,[62] રાઠોડ,[76] આહેર, (આહીર)[68] વગેરે. સૂચિથી અનુમાની શકાય કે વાઘેલા અને જાડેજા રાજપૂતો સમાજમાં પ્રતિષ્ઠા અને પ્રભુત્વ ધરાવતા.

બ્રાહ્મણો વિશે ઉલ્લેખિત શબ્દો આમ છે: સારસ્વત,[30] પંડ્યા, વ્યાસ, ત્રિવેદી, પુષ્કરણા, ઓઝા, નંદવાણા,[24] જોશી,[30, 72] વગેરે. મોટાભાગના પાળિયા વર્ણનિર્દેશ વિનાના અંજારમાંથી હાથ લાગ્યા છે. અંજારમાં બ્રાહ્મણોની વસ્તીનું સૂચન કરે છે. કાયસ્થ બ્રાહ્મણનો ઉલ્લેખ છે.[26]

અન્ય નાનીમોટી કોમોના નિર્દેશો પણ પ્રાપ્ત છે: વાણિયાઓના મોઢ, કાગદી અને સોરઠી,[24] કોળી,[1, 53] ગાગલ,[4] ઠક્કર,[11, 80] લોહાણા,[51] ધાંયજા,[20] ગઢવી,[22] સામણુ,[23, 52] ચારણ,[48] ભાઠીઆણી,[73, 79] કુંભાર,[69] ખવાસ,[72] સુતાર,[83] વગેરે.

એટલું અનુમાની શકાય કે સોળમીથી અઢારમી સદી દરમ્યાન કચ્છના સમાજજીવનમાં લગભગ બધી કોમો–જ્ઞાતિઓ વિદ્યમાન હતી. આ બધી કોમો શૂરવીર અને સ્વમાની હોવાનું કહી શકાય. સંભવ છે કે પરસ્પર સામાજિક સંબંધ એખલાસભર્યો હોય. સતીપ્રથા કેવળ રાજપૂતોનો ઇજારો ન રહેતાં કચ્છીસમાજની બધી કોમોમાં એનો વ્યાપક પ્રચાર હતો. સમગ્ર કચ્છી સમાજ પ્રેમશૌર્યની રસપ્રદ ઘટનાઓથી આમ ભરપૂર હતો.

યુગલપાળિયા પતિ–પત્નીની સહશહાદતની ગવાહી પૂરે છે.[3, 18, 78] મૃતકના વંશજો પૂર્વજોની સ્મૃતિરૂપે પાળિયાને રક્ષવા પછીના કાળે દેરી કે છતરડી બાંધતા. દા. ત. સૂચિક્રમાંક[10, 20, 61, 68] વગેરે. ખંડિત થયેલા પાળિયાને સ્થાને નવો પાળિયો ખોડાવવો,[68] પૂર્વજના પાળિયાનું મૂળ લખાણ સંપૂર્ણ જાળવી નવા પાળિયામાં તે યથાવત્ રાખી રક્ષિત ઇમારત સહિત જીર્ણોદ્ધાર કરવો,[20] આર્થિક–સામાજિક મુશ્કેલીને કારણે મૃતકનો પાળિયો પાછળથી પ્રસ્થાપિત કરવો,[39, 61] વગેરે બાબતો પૂર્વજસ્મરણપ્રથાનું સૂચન કરે છે. દેરી કે છતરડીના બાંધકામ પછી વસ્તુવિધિ થતો એ જાણવા મળે છે.[80] પાળિયાની પૂજા પણ થતી હશે.

કેટલાક વિશિષ્ટ પાળિયાઓનો પણ નિર્દેશ કરવો રહ્યો, જેમાં ઊંટસવાર પાળિયો,[14, 42] સ્ત્રીઘોડેસવાર,[15] હથિયારધારી યુગલ,[18] ગાયો કંડારેલ પાળિયો,[36] ત્રાગું દર્શાવતો,[44] પુત્ર પાછળ સતી થતી માતા,[47] સાધુ–સતીનો સંયુક્ત પાળિયો,[50, 75] ઢાલધારી ઊભેલી સ્ત્રી,[54] પદાતી પાળિયો,[74] પતિશબધારી ઊભેલી સ્ત્રી[75] વગેરેનો સમાવેશ થાય આ બધી બાબતો ભાતીગળ કચ્છી સમાજનું દર્શન કરાવે છે.

પાળિયા સ્થળવિશેષની માહિતી આપે છે: ગેહડી,[12] કાનમેર,[63] ભૂજનગર,[69] માંડવી,[80] અંજાર,[81] રાપર.[82]

ગાયો પ્રત્યેની ભીની લાગણીનું સૂચન ગોચરનું દાન અને ગાયોની આકૃતિઓના અંકનથી થાય.[36]

અન્યાયનો જાહેરમાં પ્રતિકાર કરવો અને તે માટે સત્યાગ્રહ (ત્રાગું) કરવો એ કચ્છી સમાજનું આગવું લક્ષણ ગણાય.[૩૫, ૪૪] કટાર ખોસી પ્રાણાર્પણ થતું.[૪૪]

સ્ત્રીઓ ચૂડીઓનાં આભૂષણો ઉપયોગતી એ તો સતીના પાળિયાથી સ્પષ્ટ છે.[૪૩, ૫૫] આંગળીમાં કે અંગૂઠામાં આભૂષણ પહેરાતું.[૫૫] ગોળીરવૈયાનું અંકન દૂધાળા પશુપાલક ખેતી-પ્રધાન કચ્છી સમાજનું સૂચન કરે છે.[૫૫] પુરુષો પાઘડીથી માથાનું રક્ષણ કરતા.[૪૫, ૫૭]

## ધર્મજીવન

અભિલેખોની જેમ પાળિયાઓનો પ્રારંભ ઈશ્વરસ્તુતિથી થતો નથી એટલે કચ્છની ધાર્મિક સ્થિતિનું ઝાઝું દર્શન સંપ્રાપ્ત થતું નથી. અપવાદરૂપ પાળિયાઓમાં ઈશ્વરસ્મરણથી પ્રારંભ થાય છે: સ્વસ્તિશ્રી,[૨૭, ૩૨, ૩૪, ૬૯] શ્રી ગણેશાય નમઃ,[૩૫, ૬૫] સ્વસ્તિશ્રી મંગલાભ્યુદયસ્ય,[૬૯] શ્રી રણછોડજી સત્ય છે.[૮૦] આથી અનુમાન થઈ શકે કે ધર્મનું પ્રાબલ્ય થોડાંશે સમાજ ઉપર હોય. ગણેશપૂજન અને વૈષ્ણવસંપ્રદાયનો પ્રચાર હોય. ઉપરાંત અંજલિમુદ્રામાં ઊભેલા સાધુના અંકનથી[૭૫] સાધુઓની પરંપરા અને ધર્મમાં એમનું સ્થાન નિશ્ચિત થાય છે. હરિચરણ,[૨૫, ૩૨, ૬૭] રામશરણ,[૨૯, ૩૮, ૬૧] દેવ થયા,[૬૦] સ્વર્ગ પામતાં[૩૦] વગેરે શબ્દપ્રયોગો પણ લોકોની ધર્માસ્થાનું સૂચન કરે છે. વૈષ્ણવી તિલક,[૪૪] ત્રિશૂળનું[૫૯] અને સ્વસ્તિકનું[૩૩] અંકન, પીર વસંતનો નિર્દેશ,[૨૩] સૂર્ય–ચન્દ્રનાં પ્રતીકો, ગાયોનું અંકન[૩૬] વગેરે ધર્મપ્રભાવની વાત કાનમાં કહી જાય છે. ઉત્તરાયણનો ઉલ્લેખ[૬૯] ધર્મસંબંધી ગણાય. ત્રિશૂળ દેવીભક્તિનું, તો તિલક વૈષ્ણવ સંપ્રદાયનું અભિપ્રેય ગણાય. પીરનો વિશેષરૂપે નિર્દેશ ઈસ્લામી સંપર્કઅસરનું સૂચન કરે છે તે સાથે કચ્છમાં હિન્દુમહંતો 'પીર'થી ઓળખાતા કે પૂજાતા હોવાનું સૂચવાય. સંભવતઃ મુસ્લિમપ્રજાએ આવા મહંતોને પીર તરીકે સ્વીકાર્યા હોય.

## પાળિયાઓનું કલાવૈશિષ્ટ્ય

પાળિયાઓનો અભ્યાસ કચ્છીસમાજની કલાદૃષ્ટિ અને કચ્છી કલાકારોની શક્તિનો પરિચય કરાવે છે. સ્થળકાળ અનુસાર પાળિયાની શિલ્પસમૃદ્ધિમાં ભિન્નતા જરૂર જણાય. ઉપરાંત પથ્થરની જાત કે ગજધરની રુચિદૃષ્ટિ આ માટે કારણભૂત હોય. પ્રદેશ–ગ્રામ–ભેદે ય પાળિયાના ઘડતરમાં ફેર જણાય. આ દૃષ્ટિએ પાળિયાઓનો અભ્યાસ અપેક્ષિત ગણાય. છતાં નયનમનોહર રેખાંકનો, આકર્ષક ભૌમિતિક ભાત, જીવંત જણાતાં પશુપંખીઓ, માનવાકૃતિઓ પાળિયાઓની સૃષ્ટિમાં પોતાનું આગવું પ્રદાન રજૂ કરે છે. ગેડીના પાળિયા આ દૃષ્ટિએ ધ્યાનાર્હ ગણાય.[૬]

## ભાષા–સંવત–લિપિ

કચ્છના પાળિયાઓમાંના લખાણની ભાષા વિશેષરૂપે ગુજરાતી છે. એકાદ–બે પાળિયામાં પૂર્ણતઃ સંસ્કૃત ભાષા[૬૧] પ્રયોગાઈ છે. અપવાદરૂપ થોડાકમાં ગુજરાતી–સંસ્કૃતનું[૬૭] અવ્યવસ્થિત મિશ્રણ છે.[૬૯, ૮૦] આથી કચ્છની પ્રજા ગુજરાતીભાષી હતી

એ સ્પષ્ટ છે. પરન્તુ સંસ્કૃતમિશ્રિત ગુજરાતી અને શુદ્ધ સંસ્કૃતના વિનિયોગથી પ્રજાનો કેટલોક વર્ગ આ ભાષા સારી રીતે સમજી શકતો. પરન્તુ પાળિયા એ જાહેર ઉપયોગના હોઈ પ્રજાની સંસ્કૃતભાષા પ્રત્યેની અભિરુચિ સ્પષ્ટ થાય છે. છઠ્ઠી વિભક્તિ સારું સંસ્કૃતનો વિનિયોગ થતો એવું સૂચવાય.[૩૦]

બધા પાળિયામાં વિક્રમ સંવત પ્રયોજાયો છે. અપવાદરૂપે વિક્રમ સાથે શક સંવતનો વિનિયોગ નોંધપાત્ર ગણાય.[૬૯, ૮૦] લગભગ માત્ર સંવતનો ઉપયોગ છે. કયાંક શ્રી નૃપવિક્રમાર્ક-સમયાનો[૩૨, ૩૪] વિનિયોગ સંવત પૂર્વે કર્યો છે. સંભવત: આ બંને સંવતોથી કચ્છની પ્રજા અભિજ્ઞ હોય.

લિપિ તો બધા પાળિયામાં નાગરી જણાય છે. કેટલાકમાં કાનામાત્રા વિનાની બોડિયા લિપિ પ્રયોજાઈ છે.[૪૧, ૬૨, ૬૩] સંભવ છે કે ભાષાકીય જ્ઞાનનો અભાવ અથવા બેદરકારી કે પ્રાદેશિક ભિન્નતા આ માટે કારણભૂત હોય. કેટલાકમાં અક્ષરો, લખાણ સ્પષ્ટ છે પણ કશો અર્થ નિષ્પન્ન થતો નથી.[૪૭, ૬૩]

વાક્યરચના અને વ્યાકરણની ક્ષતિઓ લખાણમાં નોંધપાત્ર રૂપે છે.[૩૦, ૩૮, ૮૧]

**નામકરણ**

પાળિયાઓમાં વિવિધ પ્રકારનાં નામ પ્રાપ્ત થાય છે: રાજપૂત કોમોનાં નામમાં અન્ત્યાક્ષર 'જી' હોય છે: વનાજી, ભારમલજી, વિજાજી, સુજાજી, જેહાજી, દેસલજી, કંથડજી, કહિરાજી, કેસરજી વગેરે. મોટાભાગનાં નામ ચતુરાક્ષરી છે. દેવોના નામ ઉપરથી પડેલાં નામોમાં દેવસિંહ રામદાસ, માધવ, કેશવજી, દેવરાય, ધર્મદાસ વગેરેનો સમાવેશ થાય. આમાં કયાંક પૂર્વાર્ધમાં દેવ તો કયાંક ઉત્તરાર્ધમાં દાસનો પ્રયોગ જણાય છે. કાંયા, પાંચો, અખોજ જેવાં અપરિચિત નામો પ્રાપ્ત થાય છે. બાઈઓનાં નામો પ્રમાણમાં ઓછાં મળ્યાં છે, જેમાં મલેર, હોલી, મલૂક, રતન અજ, દેવકી નામો મુખ્ય છે. આથી કોઈ ચોક્કસ પરંપરા નામકરણ વિશે સૂચવી શકાતી નથી.

## પાળિયા વિશે

પાળિયા સામાન્ય રીતે ત્રણ વિભાગ દર્શાવે છે: એક, સૂર્યચંદ્રનાં પ્રતીકવાળો શિખરભાગ. બે, વિશાળ જગ્યા રોકતો મધ્યભાગ જેમાં મૃતકની આકૃતિ કંડારેલી હોય. ત્રણ, લખાણયુક્ત સૌથી નીચલો ભાગ. લખાણ ન હોય તો તે ભાગ ખાલી રહે.

મોટાભાગના પાળિયા પૂર્વાભિમુખ, તો કેટલાક પશ્ચિમાભિમુખ હોય છે. પાળિયાની ઊંચાઈ–પહોળાઈ–જાડાઈ પથ્થરની ઉપલબ્ધી અને એની જાત ઉપર અવલંબે છે. સામાન્યત: બેએક ફૂટ પહોળા, પાંચથી સાત ફૂટ ઊંચા અને પાંચથી છ ઈંચ જાડા હોય છે. આકાર એકસરખો હોતો નથી. શિખરભાગ ટોચે ગોળાકાર મુખ્યત્વે હોય. બાકી જેવો પથ્થર તેવો આકાર એ પાળિયાનો પ્રકાર.

પાળિયાનો પ્રતિષ્ઠાસમય નિશ્ચિત હોતો નથી, કારણ મૃતકને વંશજ ન હોય, વંશજ સગીર હોય, આર્થિક શક્તિ નબળી હોય, વેરને કારણે ગામ તજવું પડ્યું હોય તો મૃત્યુ અને પ્રતિષ્ઠાપાન વચ્ચેનો સમયગાળો લંબાય. બાકી મૃત્યુ પછી તદ્દન નજીકના સમયે પાળિયાઓ ખોડાતા હોય છે.

## ઉપસંહાર

કચ્છના પાળિયાઓની પ્રસ્તુત સમીક્ષાથી સ્પષ્ટ થાય છે કે અહીંના સમાજમાં મૃતાત્માઓને સ્મરવાની પ્રથાનું પ્રાબલ્ય હતું. શહાદતી કે સતીની પ્રથા એ કોઈ એક કોમ–જ્ઞાતિનો ઈજારો ન હતો, પણ કચ્છી સમાજના પ્રત્યેક સ્તરમાં આ પ્રથાનું પ્રાબલ્ય સ્પષ્ટ થાય છે. આ દૃષ્ટિએ સામાજિક એકતાનું એક વિશિષ્ટ લક્ષણ કચ્છી સમાજમાં હતું. સમાજના સામાન્યજનની જે વિગતો અભિલેખો વગેરેથી પ્રાપ્ત થતી નથી તે પાળિયાઓના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ પાળિયાઓનો વ્યવસ્થિત અભ્યાસ અપેક્ષિત ગણાય, ખાસ કરીને સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસના અન્વેષણમાં આ સાધન મહત્ત્વની સામગ્રી પૂરી પાડે. જ્ઞાતિઓના અને કોમના ઇતિહાસને શોધવા પાળિયા ઉપયોગી બને.

આમ પાળિયાઓથી ફલિત થતા કચ્છના ઇતિહાસનું–કચ્છનું ગુજરાતના અને ભારતના ઇતિહાસ–સંસ્કૃતિના વિકાસમાં યોગદાન સ્પષ્ટ થાય છે.

* * *

## પાળિયાલેખસૂચિ અને સંદર્ભનોંધક્રમાંક

કચ્છની ભોમકા શૂરવીરતા અને પ્રાણાર્પણ માટે જાણીતી છે. આ વિસ્તારમાંથી સંખ્યાબંધ પાળિયાઓ હાથ લાગે છે. બધા પાળિયાઓ લખાણયુક્ત નથી. આથી લખાણ વિનાના પાળિયા ઇતિહાસનિરૂપણમાં ઉપયોગી બનતા નથી. અહીં માત્ર જેમાં લખાણ છે અને વર્ષતિથિનો નિર્દેશ છે તથા ઇતિહાસાલેખનમાં જે લખાણ યત્કિંચિત્ ઉપયોગી છે તેનો ઉલ્લેખ કર્યો છે; અન્યથા કેવળ વર્ષતિથિ નિર્દેશતા પાળિયાનો ઉલ્લેખ અહીં કર્યો નથી.

આ સૂચિ કાલાનુક્રમે છે. અહીં નોંધેલા બધા પાળિયામાં નિર્દિષ્ટ વર્ષ વિક્રમ સંવતનું હોઈ 'વિક્રમ સંવત' અભિપ્રેત છે એમ માની તેનો ઉલ્લેખ કર્યો નથી. સૂચિક્રમાંક પછી તરત વિક્રમ સંવતનો નિર્દેશ છે. તે પછી જ્યાં શક્ય છે ત્યાં માસ, પક્ષ, તિથિ, વારનો ઉલ્લેખ છે. પછી પ્રાપ્તિસ્થળનો ઉલ્લેખ છે. પછી ( ) પ્રકાશન વિશે માહિતી છે. તે પછી [ ] જે તે લખાણની વિગતોનો સાર છે, વિશેતાની દૃષ્ટિએ. 'ઊર્મિનવરચના'માં પ્રથમ સંખ્યા તે સામયિકનો સળંગ અંક સૂચવે છે અને પછીનો આંક પૃષ્ઠાંક અંક સૂચવે છે. 'પથિક'માં પ્રથમ સંખ્યા તે સામયિકનું વર્ષ સૂચવે છે. તે પછીની સંખ્યા અંકનો નિર્દેશ કરે છે અને છેલ્લી સંખ્યા પૃષ્ઠાંકનું સૂચન કરે છે.

૧ ૧૬૦૯, વૈશાખ વદ ૯, છસરા (ઊર્મિનવરચના, ૫૪૫ઃ૨૬૫)

[સતીના આ પાળિયામાં 'કોળી' નામ વંચાય છે.]

૨ ૧૬૧૧, વૈશાખ સુદ ૪, વજવાણી (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૧; પથિક, ૧૬-૫-૪૧)
[વાઘેલા મહકરણ શબ્દો નોંધપાત્ર છે.]

૩ ૧૬૩૩, ચૈત્ર સુદ ૧૫ સોમ, પલાંસવા (ઊર્મિનવરચના, ૫૪૬-૩૧૬)
[સતીના પાળિયામાં 'બાઈ મલેર સુત-શરજણ બનાજી સાથિ થયા' તેમ છે. આમાં પતિ-પત્ની સાથે છે અર્થાત્ આ યુગલપાળિયો છે.] (સોહલંકી કાહી સૂત દેવસિંહ-શબ્દો ધ્યાનાર્હ છે.)

૪ ૧૬૩૯, અષાઢ સુદ ૧૧, વજવાણી (પથિક, ૧૬-૫-૪૧)
[ઓડિયા લિપિમાં લખાયેલો 'ગાગલ' શબ્દ નોંધપાત્ર છે.]

૫ ૧૬૭૯, મહા વદ ૧૧, વજવાણી (પથિક, ૧૬-૫-૪૧)
[સતીનો પાળિયો છે.]

૬ ૧૬૮૨, ભાદરવા વદ ૧૧, ગેડી (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૫)
['કલા સૂત કુંભા જતે ગામત્રું કીધું' એવું લખાણ છે.]
ગેડીમાંથી ૧૫મી, ૧૬મી અને ૧૭મી સદીના ઘણા પાળિયા વિવિધ પ્રકારના અસ્તિત્વ ધરાવે છે. કોઈમાં હાથ, અશ્વ, સૂર્ય, ચંદ્ર, પુષ્પ, પોપટ વગેરે સાંકેતિક ચિહ્નો કંડારેલાં છે. 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૭૩.

૭ ૧૬૮૩, ચૈત્ર સુદ ૬ સોમ, વરણું (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૨)
['પલીઆું ટાંક છ' શબ્દો ધ્યાનાર્હ છે.]

૮ ૧૬૮૬, મહા વદ ૪, ગેડી (ઊર્મિનવરચના, ૫૪૬-૩૧૭)
['રાણાશ્રી પંચાઅણજી વાઘેલા શ્રી પ્રથીરાજજી વજરાજા બા ઉદાસમાણી બાઈ હરષા... રાજાની દીકરીએ મત કીધું' એવું લખાણ. પાળિયાનું શિલ્પ સુંદર છે. સામસામા પોપટ છે, બંને બાજુ સૂર્ય-ચંદ્ર છે. સતીના હાથમાંનું પદ્મ વિશિષ્ટ ગણાય. નીચે ખૂણામાં મોરનું અંકન નોંધપાત્ર છે.]

૯ ૧૬૮૮, પોષ સુદ ૯, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૫)
['રાઉશ્રી ભારમલ્લજી સ્વર્ગે પધારવા' ઉલ્લેખ છે.]

૧૦ ૧૬૮૮, ભૂજ (રીપોર્ટ ઑન આર્કિટેકચરલ ઍન્ડ આર્કિયોલૉજિકલ રીમેઈન્સ ઇન ધ પ્રોવિન્સ ઑફ કચ્છ, ડી. પી. ખખ્ખર, પૃ. ૭૨ અને ૯૭)
[બાઈ લીલાવતીનો પાળિયો, જેના ઉપર સંવત ૧૭૧૪માં છતરડી બંધાઈ. મૃતકના વંશજો પૂર્વજોની સ્મૃતિરૂપ અવશેષ (પાળિયા)ને રક્ષવા પછીના સમયે ઇમારત (છતરડી) બાંધતા.]

૧૧ ૧૬૮૯, વૈશાખ સુદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫·૨૬૪)
[આ પાળિયામાં 'ઠકર ગોધો હરિચરણ પામ્યા અને તેની પાછળ માલબાઈ સતી થયાં' ઉલ્લેખ છે.]

૧૨ ૧૬૯૨, ગેડી (પથિક, ૧૩·૩·૫૪)
[અહીંના બે પાળિયામાં 'ગેહડી'નો ઉલ્લેખ. પાળિયાની સૃષ્ટિમાં વિહરવાનું ગમે એવા મનોહર એકમેકથી ચઢિયાતા અને અનેક પ્રતીકોવાળા શિલ્પસમૃદ્ધ પાળિયા એ ગેડીની વિશેષતા ગણાય.]

૧૩ ૧૬૯૩, વૈશાખ વદ ૯, છસરા (પથિક, ૧૭·૧૧·૩૬)
[અહીંથી ૧૭૧૭ અને ૧૮૦૩ના પાળિયા પ્રાપ્ત થયા છે, જે મહત્ત્વના નથી.]

૧૪ ૧૭૦૦, કંથકોટ (કચ્છનું સંસ્કૃતિદર્શન, ૧૦૮)
[અહીં સિદ્ધદ્વારની અંદરના ભાગે ઊંડાણના માર્ગે થઈ ઉપરની સપાટીએ કેટલાક પાળિયા, જેમાં ઊંટડિયા નામનો પાળિયો ધ્યાનાર્હ છે, પરન્તુ લખાણ ન હોઈ ઇતિહાસની દૃષ્ટિએ ઉપયોગી નથી.]

૧૫ ૧૭૦૬, મહા સુદ, છસરા (ઊર્મિનવરચના, ૫૪૬·૩૧૬; પથિક, ૧૭·૧૧·૩૭)
[આ વિશિષ્ટ પાળિયો સ્ત્રીઘોડેસવારનો છે. તેના ડાબા હાથમાં તલવાર અને જમણામાં ઢાલ. માથે મુગુટ. બંને હાથ કોણીમાંથી કાટખૂણે વળેલા. ઘોડો શણગારહીન. તેની બંને બાજુ ચતુષ્કોણોનું સુશોભન. લખાણમાં 'ગાલહી બાહી રતનાં તેહનું...પાલિઉ ગાલાહા દેવા તણી પુત્રી' છે.

૧૬ ૧૭૦૯, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬·૩૨૯; ૫૪૭–૪૮·૫૪૩)
[સતીના હાથના પાળિયામાં લખાણ નથી, પરન્તુ શિલ્પની દૃષ્ટિએ મનોહર હોઈ અહીં તેનો નિર્દેશ છે. આ પાળિયો યુગલનો છે. ઉપરના ભાગે સૂર્ય–ચંદ્ર અને વચ્ચે ડાળી સાથેનું ખીલેલું પુષ્પ છે. સૂર્ય–ચંદ્રને જોડતી કમાનના ઉપરના ભાગે ચૈત્યબારી જેવી આકૃતિઓ કંડારેલી છે.]

૧૭ ૧૭૧૧, વૈશાખ સુદ ૬, મુંદ્રા (પથિક, ૧૩·૩·૬૭)
[સંવત ૧૭૧૧ તરાના વરષે...માં 'તરાના' શબ્દનો અર્થ સ્પષ્ટ થતો નથી.]

૧૮ ૧૭૧૪, માગશર વદ ૬, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૬·૩૧૬)
[આ યુગલ–પાળિયામાં ઘોડેસવારના હાથમાં ભાલો અને તલવાર, જ્યારે સતીના હાથમાં કુહાડી જેવું હથિયાર છે. સ્ત્રીના બીજા હાથમાં લોટો, તો પુરુષના બીજા હાથમાં માળા છે. લખાણ છે: જાડેજા શ્રી સાહેબશ્રી સુત વિજાજી...પાસે આસરકરણ સુજાજીની દીકરી... હોસીબાઈ કુઅર...લીધો છે લોરી ૩૦૦.]

૧૯ ૧૭૧૭, કાર્તક સુદ ૭ સોમ, છસરા (પથિક, ૧૭.૧૧.૩૭–૩૮)

[આ ઘોડેસવાર પાળિયામાં ગાલા વાંકાનો નિર્દેશ છે. એની બાજુના પાળિયામાં 'કારતક સુદિ ૭ સોમ' એટલું વંચાય છે. તો ત્રીજા એકમાં 'કારતક સુદિ ૭ દને શ્રી છસરા મધે ગામ અરથે ગાલો વાંકો' શબ્દો વંચાય છે. આ ત્રણેયનો સાથે વિચાર કરતાં તે એક જ વ્યક્તિના હોવા સંભવે.]

૨૦ ૧૭૧૭, માગશર સુદ ૫ રવિ, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫.૨૪૦–૪૧; ૫૪૬.૩૨૫)

[લેખકે આ પાળિયા વિશે તિથિનો ગોટાળો કર્યો જણાય, કેમ કે એક જગ્યાએ ત્રીજ, બીજે પાંચમ અને ત્રીજે છઠનો નિર્દેશ કર્યો છે; છતાં બધે જ રવિવાર નિર્દેશ. ધાંયજીની સતીનો આ પાળિયો. લખાણ આવું છે: ધાયજા દુદા સુત માધવ રામશરણ પ્રયાણ કીધા, તે સાથે શિવા સુતા બાઈ અજ બાઈએ પ્રાણ સમર્પણ કરી સહગમન કીધું તત્સુત રામદાસે દેરી સંપૂર્ણ કીધી તે દેરી સંવત ૧૮૨૮ના વર્તમાને રાઉ શ્રી પ્રાગમલજીની વખતમાં ધાયજી કેશવજી દેવરાયે જીર્ણોદ્ધાર સતીના પાળિયા સિખે નવી દેરી કીધી શ્રાવણ વદી ૧૨ રવૌ દને.'–આમ પૂર્વજના પાળિયાનું સંપૂર્ણ લખાણ જાળવી અને નવેસરના પાળિયામાં પુરાણું બધું યથાવત રાખી દેરી સહિતનો જીર્ણોદ્ધાર કર્યો અને તે પણ રાજાના નામ વર્ષ તિથિ સહિત એ વિરલ ગણાય. સતીના હાથ કાંડાથી કોણી સુધી અને ખભાથી કોણી સુધી ચૂડીઓથી ભરચક છે. હાથમાં ચતુષ્કોણની વચ્ચે ગોળ છે અને બાજુ પર સ્વસ્તિક છે. તેની ઉપર અર્ધવર્તુળાકારની ઉપર ઊંધા ત્રિકોણની આકૃતિ છે.] જુઓ ક્રમાંક ૭૦.

૨૧ ૧૭૧૭, જેઠ વદ ૫, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬.૩૨૯)

[સતીના પાળિયામાં વૃક્ષની ડાળખી અને મુગટ જેવું ચિહ્ન. કોઈનો નામનિર્દેશ નથી.]

૨૨ ૧૭૧૮, કાર્તક સુદ ૨, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫.૨૬૨)

[આ પાળિયામાં જાડેજા જેહાજી કલાણી ઉપર ગાળ ચડાવી ગઢવી શવા લિંબાએ પ્રાણત્યાગ કરેલો એવી મતલબનું લખાણ]

૨૩ ૧૭૧૮, આસો વદ ૧૪ બુધ, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬.૩૩૨)

[સતીના આ પાળિયામાં પીરનો ઉલ્લેખ નોંધપાત્ર. લખાણ છે: સંવત ૧૭૧૮ વરષે આસુ વેદ ૧૪ બુધવાસરે સામણ બાઈ દેવકી સતી થેઆ છે સંવત ૧૭૭૬ના સાગવાન લીધા છે. પીર વસંતની વારમા રાઉ શ્રી દેસલજીની વારમા પાલીઓ ષોડાવે છે મકંદગર ષોડાવ્યો છે ગધર સદરુ કાનજી.]

૨૪ ૧૭૧૯, અંજાર (પથિક, ૧૬.૮.૩૬ ઊર્મિનવરચના, ૫૪૫.૨૬૨)

[પાળિયો સારસ્વતબાઈનો છે. અહીંથી પંડ્યા, વ્યાસ, ત્રિવેદી, પુષ્કરણા, ઓઝા, નંદવાણા વગેરે બ્રાહ્મણ સતીઓના તથા મોઢ, કાગદી, સોરઠી વગેરે વાણિયા સતીના પાળિયા ધ્યાનાકર્ષક છે. જુઓ ઊર્મિનવરચના, ૫૪૫.૨૬૨, પથિક, ૧૬.૭.૩૭.]

૨૫ ૧૭૨૧, આસો સુદ ૪, કંથકોટ (પથિક, ૧૩-૩-૬૦)
[ પાળિયામાં જાડેજા કંથડજી હરિચરણ પામ્યાનો ઉલ્લેખ છે. ]

૨૬ ૧૭૨૨, ચૈત્ર સુદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૩)
[ કાયસ્થ જ્ઞાતીય મહેતા ધર્મદાસનો પાળિયો તેમનાં પત્ની સાથે. ]

૨૭ ૧૭૨૩, ભૂઅડ (પથિક, ૧૩-૩-૬૪; ૧૮-૯-૪૦)
[ જલા ગોવાનો ઉલ્લેખ નોંધપાત્ર છે. લખાણ આ પ્રમાણે છે: સ્વસ્તિ શ્રીમંનૃપ-વિક્રમાર્ક સમયા તિ સંવત ૧૭૨૩...૬...૧૮ સોમ દિને જલા ગોવા ચરણ પામ્યા છિ. ]

૨૮ ૧૭૨૪, ફાગણ સુદ ૨, રવેચી (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૨)
[ સતીના પાળિયામાં 'પાલીઉ ટાંકુ છે' શબ્દો નોંધપાત્ર. ]
[ રવમાં બનેલી પ્રેમશૌર્યની રંગભરી ઘટનાઓની યાદ આપતા સતીઓ તથા યોદ્ધાઓના સંખ્યાબંધ પાળિયા રવ ગામે રવેચી માતાના મંદિરના માર્ગે ઊભા છે. ૧૭મી અને ૧૮મી સદીના પાળિયા વિશેષ છે. હાથ જોડી ક્ષમા યાચતી સ્ત્રી, પડદાનશીન સ્ત્રીના હાથનું ચિહ્ન, બંને હાથોમાં મૃતપતિને ઊપાડી ઊભેલી સ્ત્રી વગેરે દશ્યો આપણી સતી થવાની પ્રથાનું કારુણ્ય દર્શાવે છે. જુઓ 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', ૮૦. ]

૨૯ ૧૭૨૮, ફાગણ સુદ ૩, રવેચી (પથિક, ૧૩-૩-૫૬; ૧૬-૩-૩૦)
[ લખાણ છે: સંવત ૧૭૨૮ વરષે ફાગણ સુદિ ૩ દને કેરાસા આ પાંચા સુત કેવાસી આષોજ ધાએ આવી રામશરણ થયો છે. રાજ શ્રી રાયધણજી...નારે પાલીઉ માંડુ છે સૂતાર સાસણ આપ. મુલાણા પલીઉ ટાંકું છે ભીમજી લખવું ૨૦૦ ].

૩૦ ૧૭૨૮, અષાઢ વદ ૭ સોમ, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૨; ૫૪૬-૩૨૮)
[ સારસ્વત જોશીના પાળિયામાં 'સ્વર્ગ પામતાં હવાં' પ્રયોગ નોંધપાત્ર છે. ] [ છઠ્ઠી વિભક્તિ માટે સંસ્કૃતનો ઉપયોગ છે. ]

૩૧ ૧૭૩૧, મહાવદ ૩૦, છસરા (પથિક, ૧૭-૧૧-૩૭)

૩૨ ૧૭૩૨, ફાગણ સુદ ૩ રવિ, ભૂઅડેશ્વર (પથિક, ૧૩-૩-૬૪; ૧૮-૯-૪૦)
[ લખાણ છે: સ્વસ્તિ શ્રી નૃપવિક્રમાર્કસમયા સંવત ૧૭૩૨ વર્ષે ફાગણ સુદ ૩ રવૌ ગલુ રામ આહર...સિંહ હરિચરણ પામ્યા છિ.—પાળિયો ઘોડેસવારનો છે. ]

૩૩ ૧૭૩૬, કાર્તક સુદ ૮, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૯; ૫૪૭-૪૮-૫૪૩ ચિત્ર)
[ લોહાણા સતીના પાળિયાની કોતરણી મનોહર છે. સતીનો હાથ કોણીમાંથી કાટખૂણે ઊભો છે અને ચૂડીઓથી ભરેલો છે. હાથના પંજામાં ભૌમિતિક આકૃતિ. અંગૂઠામાં કોઈ આભૂષણ. ખભાની નજીક સ્વસ્તિક અને તેની ઉપર ત્રિકોણ. તેનો પાયો અલંકૃત છે. પાળિયાના ઉપરના ભાગે સૂર્ય–ચંદ્ર વચ્ચે કશુંક કંડારેલું છે. સૂર્ય–ચંદ્રને સ્પર્શતી કમાન કોતરેલી. ]

૩૪ ૧૭૩૬, ફાગણ સુદ ૮ શુક્રવાર, ભૂઅડેશ્વર (પથિક, ૧૩·૩·૬૪; ૧૮·૯·૪૦-૪૧)

[ભૂઅડના ત્રણેય પાળિયા (૨૭, ૩૨ અને ૩૪)માં લખાણનો પ્રારંભ સીધો સંવતથી થયો નથી, પરન્તુ 'સ્વસ્તિશ્રી નૃપવિક્રમાંર્ક'થી થયો છે તે નોંધપાત્ર છે. સંસ્કૃત પરંપરાની અસર અહીં વર્તાય છે.]

૩૫ ૧૭૩૮, પોષ સુદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬·૩૨૧)

[લખાણ છે: શ્રી ગણેસાય નમ સવત ૧૭૩૮ વરષે પોષ સુદ ૧૦ સતવોના દ્રવ–આકાસી સુત માઠ દેવરાજી શ્રી રાઈધનજી ઉપર ગલ ધા...ગાગુલનવ...તારે જામ'–અહીં રાયધણજી ઉપર ત્રાગું કર્યાનો ઉલ્લેખ નોંધપાત્ર, એટલે અન્યાયની કોઈ ઘટના અહીં નિહિત જણાય.]

ભૂજમાં જગનાથ મંદિરની પાછળ કલ્યાણેશ્વરની બાજુમાં બાવીસ પાળિયા છે, તેમાંના ૧૩ નંબરના પાળિયામાં ઉપર મુજબનું લખાણ છે.

૩૬ ૧૭૪૩, મહા વદ ૧૨, રવેચી (પથિક, ૧૩·૩·૫૭; ૧૬·૩·૩૧)

[આ પાળિયો એટલા માટે વિશિષ્ટ છે કે એમાં બે ગાયોનાં શિલ્પ કંડારેલાં છે. શિલ્પની નીચે લખાણ છે: સંવત ૧૭૩૪ વ...માહ વદ ૧૨ દને...અણનું ગૌચર જાડેજા શ્રી કહિયાજીની વાર...ઓલી આવા...' પછીનું લખાણ ઉકલતું નથી. આ પાળિયો ગોચરદાનનો ઉલ્લેખ કરે છે. 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં પૃષ્ઠ ૭૭ ઉપર આ સંદર્ભે નિર્દેશ છે.]

૩૭ ૧૭૪૪, ચૈત્ર સુદ ૪, રવેચી (પથિક, ૧૬·૩·૩૧)

[જાડેજા કહિયાજીની વારનો પાળિયો મરંડ મેઘાસુત મેગલનો છે.] જુઓ ક્રમાંક ૩૬.

૩૮ ૧૭૪૬, ફાગણ વદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬·૩૨૫)

[પાળિયામાં 'સંગ્રામ કરતે રામશરણ થયા છે' એમ વંચાય છે. અર્થાત્ યોદ્ધાનો પાળિયો છે.]

૩૯ ૧૭૫૨, અષાડ સુદ ૧, તેરા (ઊર્મિનવરચના, ૫૪૫·૨૩૯)

[સતીના પાળિયામાં છેલ્લી પંક્તિમાં 'સંવત ૧૭૮ વર્ષે ફાગણ સુદ ૭ બુધ' એવું લખાણ છે. આ સાલ પાળિયાની પ્રતિષ્ઠાનું સૂચન કરે છે.]

૪૦ ૧૭૬૩, પોષ સુદ ૭ સોમ, બેલા (ઊર્મિનવરચના, ૫૪૬·૩૨૨; પથિક, ૧૬·૬·૩૬)

[અહીં ઘણા પાળિયા છે. સૂર્ય–ચંદ્ર વચ્ચે પુષ્પ છે. લખાણ ઘોડેસવારની નીચે છે: શ્રી સવત ૧૭૬૩ વરષે પોષ સદ ૭ દને વાર સોમ વાઘેલા શ્રી કેસરજી સતજ આજી ન પાલીઅ વાઘે શ્રી વીસજીવારા સતારવા ભહાનરકલ–એટલું વંચાય છે]

૪૧ ૧૭૬૫, શ્રાવણ વદ ૯, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫·૨૬૧; ૫૪૬·૩૨૭)

[આ પાળિયાનું લખાણ છે: સંવત ૧૭૬૫ વરષ સરવણ વદ ૯ દન વઘલ–.]

૪૨ ૧૭૬૭, પોષ વદ ૧૧, પલાંસવા (ઊર્મિનવરચના, ૫૪૬·૩૨૭)

[આ પાળિયો ઊંટસવારનો ને તેથી વિરલ ગણાય. લખાણ છે: સાવાતા ૧૭૬૭ વારાષા પાસ વદ ૧૧ દન–કાલા વારા મામજ કાના મરાથ–ફરા તારા મારા છ વાઘાલા શ્રી પરતાપ કાના રાજા મહારાજા છ સરલાહા મકતાના સતય કવા છ ગજલ ... લખાણમાંથી કશો ચોક્કસ અર્થ નિષ્પન્ન થતો નથી.]

૪૩ ૧૭૬૮, માગસર સુદ ૬, ભદ્રેશ્વર (ઊર્મિનવરચના, ૫૪૫·૨૨૯)

[સતીનો પ્રસ્તુત પાળિયો ચૂડીઓથી ભરપૂર. હાથની ઉપરના ભાગે ભૌમિતિક આકૃતિ છે. છેલ્લે ટોચના ભાગે સૂર્યચંદ્રને બદલે બે આંખો સહિતના કપાળની આકૃતિ સતિલક જણાય છે. લખાણ નથી.]

૪૪ ૧૭૬૯, માગશર વદ ૧૪, ભોમ, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫·૨૭૪; ૫૪૬·૩૨૧)

[ત્રાગું દર્શાવતો આ પાળિયો છે. મોઢે મૂછો, કપાળે વૈષ્ણવી તિલક, ગળામાં કટાર, ખભે ખેસ અને લંગોટધારી વીરાસનમાં બેઠેલી વ્યક્તિ અનેરું દૃશ્ય સર્જે છે.]

૪૫ ૧૭૭૦, રાજણસર (ઊર્મિનવરચના, ૫૪૫·૨૪૩)

[મૃતકની પાઘડી નોંધપાત્ર છે.]

૪૬ ૧૭૭૨, ભૂજ (ખખ્ખર, ૭૨ અને ૯૭)

[રાયધણજીના પુત્ર રાવ પ્રાગમલજીનો પાળિયો છે.]

૪૭ ૧૭૭૩, ભાદરવા સુદ ૯, આડેસર (ઊર્મિનવરચના, ૫૪૬·૩૨૬)

[પુત્ર પાછળ સતી થયાનો વિરલ પાળિયો વિશિષ્ટ ઘટનાને નિર્દેશે છે. લખાણ છે: સંવત ૧૭૭૩ વરખા ભદરવા...૯ દના વાર ભરસપત પગલા...વગેરે. લખાણમાંના અક્ષરો અને શબ્દોથી કશું સ્પષ્ટ થતું નથી.]

૪૮ ૧૭૭૪, જેઠ સુદ ૬, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫·૨૬૨)

[સતીના આ પાળિયામાં 'ચારણ' શબ્દ સ્પષ્ટ જોવા મળે છે.]

૪૯ ૧૭૭૫, રવેચી (પથિક, ૧૩·૩·૫૭)

[આ યુગલ પાળિયો છે, તેમાં કોઈ પરમારનું નામ વંચાય છે.]

[આડેસરમાં આ સાલનો એક પાળિયો છે. જુઓ એજન પૃ૪ ૪૯]

૫૦ ૧૭૭૫, રવેચી (પથિક, ૧૬·૩·૩૧)

[આ પાળિયો સાધુ અને સતીના હાથ સાથેનો છે અને જીર્ણ છે.]

૫૧ ૧૭૭૯, આસો, કટારિયા (ઊર્મિનવરચના, ૫૪૫·૨૬૪)

[આ પાળિયાના લખાણમાં 'લોહાણા ઠકર' શબ્દો વંચાય છે.]

૫૨ ૧૭૮૩, આસો વદ ૧૪ બુધવાર, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૧)
[સામણબાઈ દેવજીના પાળિયામાં ‘પાલિયો’ શબ્દ છે.]

૫૩ ૧૭૯૦, ભાદરવા સુદ ૬, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૫)
[પાળિયામાં ‘કોપી કાંયા રામ કામ આવ્યા’ એવો ઉલ્લેખ છે.]

૫૪ ૧૭૯૨, ગેડી (ઊર્મિનવરચના, ૫૪૬-૩૧૬)
[ગેડી. ગામની બહાર સંખ્યાબંધ પાળિયા છે, એમાંના પ્રસ્તુત પાળિયામાં ઢાલ પકડીને ઊભેલી સ્ત્રીની આકૃતિ કંડારેલી છે. સ્ત્રીઓ યુદ્ધમોરચે જતી હશે એવું સૂચન આથી થઈ શકે?]

૫૫ ૧૭૯૫, રાજણસર (ઊર્મિનવરચના, ૫૪૭–૪૮-૫૪૦)
[સતીના હાથનું અંકન વિશિષ્ટ. હાથ ચૂડીઓથી ભરચક. હથેળીમાં કશુંક અંકન છે. અંગૂઠે અને છેલ્લી આંગળીએ કશું આભૂષણ જણાય છે. ખભો સ્પષ્ટ કંડારાયો છે અને તે ઉપરનું ગોળી અને રવૈયાનું ભાસ્કર્ય વિરલ અને અદ્‌ભુત છે.]

૫૬ ૧૭૯૮, માગશર વદ ૧૨, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૧; ૫૪૬-૩૨૧)
[સરવૈયા ગાહોજીના આ પાળિયામાં ‘પુષ્કલકઃ સ્થાપિતઃ’ શબ્દો નોંધપાત્ર છે. બેલામાંથી આ વરસનો એક પાળિયો મળ્યો છે. જુઓ ‘પથિક’, ૧૬-૬-૩૬.] જુઓ ક્રમાંક ૬૧.

૫૭ ૧૭૯૯, રાજણસર (ઊર્મિનવરચના, ૫૪૫-૨૪૩ ચિત્ર)
[પાઘડીના ઘાટ માટે આ પાળિયા નોંધપાત્ર છે.]

૫૮ ૧૮૦૦, શ્રાવણ સુદ ૧૨, તેરા (ઊર્મિનવરચના, ૫૪૫-૨૫૯; ૫૪૬-૩૧૩)
[ઢાલ તલવાર ધનુષ્ય બાણ ધારણ કરેલા આ ઘોડેસવાર પાળિયાનું લખાણ આ પ્રમાણે છેઃ સવત ૧૮૦૦ વરસે સરાવણ સુદ ૧૨ દેષી હમીર પુઅરાણા જામ શ્રી તેરાના ગઢને કામ આવી આ છે કોઠારમાં મરાણા છે.]

૫૯ ૧૮૧૩, કાર્તક સુદ ૨, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૭૪)
[આ પાળિયામાં સતીના હાથ પરનું ત્રિશૂળનું અંકન દેવીભક્તિનું સૂચન કરે છે.]

૬૦ ૧૮૧૪, ફાગણ વદ ૮, સાભરાઈ (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૫)
[‘હાલાજીસુત હરભમજી દેવ થયા’ એવા શબ્દો છે.]

૬૧ ૧૮૧૮, વૈશાખ વદ ૫ ગુરુ, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૪)
[સંપૂર્ણ સંસ્કૃતમાં લખાયેલો આ પાળિયો પૂર્વસમયની વિગત અને પુનરોદ્ધારની માહિતી એક સાથે આપે છે. વિક્રમ સંવત સાથે શક સંવતનો નિર્દેશ નોંધપાત્ર છે. ‘રામશરણ પ્રાપ્ત;’ અને ‘પુષ્કલકઃ સ્થાપિત;’ શબ્દો ધ્યાનાર્હ છે. લખાણ આમ છેઃ

સંવત ૧૭૯૮ વર્ષે શાકે ૧૬૬૨ પ્રવર્તમાને માસોત્તમ માર્ગશીર્ષ માસે કૃષ્ણ પક્ષે ૨૨ બુધે સરવૈયા શ્રી ગાહોજી સ્વસ્વામિ કાર્યે મહારાઉ શ્રી, દેસલજી રાજ્યે મિંધિ મધ્યે ફાડા મધ્યે શસ્ત્રોઆરામિઃ શ્રી રામશરણું પ્રાપ્તઃ તદનંતરં સંવત ૧૮૧૮ વર્ષે શાકે ૧૬૮૪ પ્રવર્તમાને વૈશાખ વદિ ૫ ગુરૌ પુષ્કલકઃ સ્થાપિતઃ સચશમદો ભવતું । જુઓ ક્રમાંક ૫૬ ]

૬૨ ૧૮૧૮, શ્રાવણ વદ ૩૦, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫.૨૬૧; ૫૪૬.૩૨૭)

[ ડોડીઆ રણમલજી ધાડામાં મરાયા તેવો ઉલ્લેખ છે. ]

૬૩ ૧૮૧૮, ભાદરવા સુદ ૨, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૬.૩૨૭).

[ ભાણજી કાઠીની સ્ત્રીને સત ચડ્યું તેવો ઉલ્લેખ છે. મોજે કાનમેર અને જાડેજા દેવાજી પણ ઉલ્લેખિત છે. આખું લખાણ હગમરટપર પ્રકારનું છે. ]

૬૪ ૧૮૧૯, માગશર સુદ ૫, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫.૨૬૪)

[ ઝારા યુદ્ધમાં સોમપુરા બ્રાહ્મણોએ ભાગ લીધેલો તેનો ઉલ્લેખ છે. ગોડજી લાખાજીના સમયમાં કામ આવ્યા તેવું વંચાય છે. ]

૬૫ ૧૮૧૯, માગશર સુદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫.૨૫૮)

[ લખાણનો આરંભ 'શ્રી ગણેશાય નમઃ'થી થાય છે. 'ભાણજી કામ આવ્યા' એટલા શબ્દો સ્પષ્ટ છે. ]

૬૬ ૧૮૧૯, પોષ સુદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫.૨૬૧)

[ 'જાડેજા રાસંગજી ભીમાણી જારામાં કામ આવ્યા' એવું વંચાય છે. ભૂજના આ ત્રણેય અને બીજા પાળિયા ઝારાના યુદ્ધનું મહત્ત્વ દર્શાવે છે. ]

૬૭ ૧૮૨૦, વૈશાખ સુદ ૧૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૬).

[ સંસ્કૃતમિશ્રિત આ લખાણમાં બંને સંવતનો ઉપયોગ થયો છે. ગ્રીષ્મઋતુનો નિર્દેશ ધ્યાન ખેંચે છે. ગોહાડજીના રાજ્યમાં ઠકર ગોધો હરિચરણ પામ્યા અને તેની સ્ત્રી બાઈ માલબાઈ સતા થિઆ તેની દહેરી ઠકર ધનજી દામજી આણિયે ચણવ્યું છે. ]

૬૮ ૧૮૨૦, (પથિક, ૧૮.૯.૪૧)

[ 'આ જૂનો પારીઓ સં. ૧૮૨૦નો આહેર સાંખે ઝરૂ દાદા જોધાનો ખંડત થતાં આ નવો પારીઓ ભાઈઓ મલી સં. ૨૦૧૬ જેઠ વીદ ૬ ગુરૂવારના તૈયાર કરેલ છે' એવું લખાણ છે. પોતાના વડીલોના સ્મરણને જીવંત રાખવાની પ્રથાનો ખ્યાલ આવે છે. ]

૬૯ ૧૮૨૮, વૈશાખ સુદ ૧૧, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૭-૪૮.૪૬૯)

[ ઘોડેસવારના આ પાળિયાનું લખાણ આ મુજબ છેઃ સ્વસ્તિશ્રી મંગલાડભ્યુદયશ્ચ । સંવત ૧૮૨૮ના વર્ષે શાકે ૧૭૦૪ પ્રવર્તમાને ગરવૌ ઉત્તરાયણે ગતે શ્રી સૂર્યે મહામાંગલ્યપ્રદ માસોત્તમ માસે વૈશાખ માસે શુકલ પક્ષે ૧૧ એકદશ્યાયાં તિથૌ શ્રી બુધવાસરે કચ્છ દેશે

શ્રી ભુજનગર મધ્યે મહારાજા રાઉ શ્રી રાયધણજી વિજય રાજ્યે । મહારાજા રાઉશ્રી ગોહાડેજી સંવત ૧૮૨૫નો શ્રાવણ સુદી ૧૧ સોમેના શ્રી દેવલોક થીઆ તે કેડે ભાઠીઆણી બાઈ મલૂલબાઈ માતા ભાવે સતી થી ગ્યાં છે તેની દેરી વર્ણા ભાવે જૂઈ કીધી છે ગજધર મેલો તથા કુંભાર ભેંપે સંપૂર્ણ દેરી કીધી છે. શુભં ભવતું. ]

૭૦ ૧૮૨૮, શ્રાવણ વદ ૧૨, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૪૦–૪૧)
[ પૂર્વજોની સ્મૃતિને જાળવવાની પ્રથાનો નમૂનો. આખું લખાણ જુઓ ક્રમાંક ૨૦ ].

૭૧ ૧૮૨૮, ભાદરવા સુદ ૨, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૧)
[ ભાણજી કાઠીની સ્ત્રીને સત ચડયું તેના પાળિયામાં જાડેજા દેવાજીનું નામ છે. ]

૭૨ ૧૮૨૯, માગશર સુદ ૧૦, ઝારા (ઊર્મિનવરચના, ૫૪૬-૩૨૩)
[ ખવાસ ગોવરધનના પાળિયામાં દેરી સં. ૧૯૨૬માં કરાવ્યાનો ઉલ્લેખ છે. ]
[ 'જોશી કલ્યાણજી લખમીદાસાણી ઝારામાં કામ આવ્યા' એવું લખાણ બ્રાહ્મણો યુદ્ધમાં ભાગ લેતાનો પુરાવો છે. ]

૭૩ ૧૮૨૯, વૈશાખ વદ ૧૧, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૧)
[ રાવશ્રી ગોડજી પાછળ ભાટીઆણી બાઈ મલુકબાઈ માતા ભાવે સતી થયાં તેવો ઉલ્લેખ ]

૭૪ ૧૮૩૦, ભૂજ (ઊર્મિનવરચના, ૫૪૫-૨૨૭)
[ આ વિશિષ્ટ પાળિયો પગપાળો છે. ધડ સુધીની આકૃતિ છે. કમરે બંધ જણાય છે. ઢીંચણ સુધીની ચડ્ડી પહેરી છે. ચડ્ડીની કોરે ઘૂઘરમાળ જેવી ડિઝાઈન છે. ]

૭૫ ૧૮૩૨, રવેચી (પથિક, ૧૬-૩-૩૧)
[ પતિનું શબ હાથમાં લઈ ઊભેલી સ્ત્રીનો આ પાળિયો વિરલ છે. અંજલિમુદ્રામાં ઊભેલા ઘોડેસવાર સાધુનું અંકન પણ વિશિષ્ટ છે. ]

૭૬ ૧૮૩૮, ભાદરવા વદ ૭, કાનમેર (ઊર્મિનવરચના, ૫૪૫-૨૬૧)
[ 'રાઠોડ સામંત રામશરણ થયા છે' એવું વંચાય છે. ]

૭૭ ૧૮૩૯, ચોબારી (કચ્છનું સંસ્કૃતિદર્શન, ૨૬૭)
[ સિંધના ફતેહઅલી તાલપુરે જોધપુરના મહારાજાના લશ્કરને હરાવ્યું તેના ૫૬ પાળિયા અહીં છે. ]

૭૮ ૧૮૪૨, અષાડ સુદ ૨, લાખણિયા (ઊર્મિનવરચના, ૫૪૬-૩૧૭)
[ લાખણિયામાં ઊભેલાં સ્ત્રીપુરુષના પાળિયામાંના લખાણથી પતિ સાથે સતી થનાર પતિ-પત્નીના સંયુક્ત પાળિયા હોવાનું સૂચવાય છે. પ્રસ્તુત પાળિયામાં ભાનુસાલી સવજીની પત્ની જેતાબાઈ પોતાના પતિ પાછળ સગવત લીધો છે એવું વંચાય છે. ]

૭૯ ૧૮૪૫, ભૂજ (ઊમિનવરચના, ૫૪૫-૨૬૧)

[માસ-તિથિ અવાચ્ય એવા આ પાળિયામાં 'ઝાલા સતાજીસુત અજાજી રાયધણજીના વારમાં ભુજનગર મધ્યે કામ આવ્યા તેની છતરડી ઝાલા શબરજીએ કરાવી' એવો ઉલ્લેખ છે.

૮૦ ૧૮૪૫, પોષ વદ ૨ સોમ, માંડવી (ઊમિનવરચના, ૫૪૫; ૨૬૧-૬૨, ૨૭૩; પથિક, ૧૩, ૩ ૬૮)

[અહીં બે પાળિયા એક સંવતના છે, જેમાં ખવાસ કાનિયો મેઘજી ઠકરે ચૂક કીધી એમાં કામ આવ્યા એમ છે તથા ખવાસ મેઘજીનું નામ છે. એક પાળિયામાં લખાણ આ મુજબનું છે: શ્રી રણછોડજી સત્ય છે. સંવત ૧૮૪૫ ના વરસે શાલિવાહનકૃત શાકે ૧૭૧૦ પ્રવર્તમાને ગતે શ્રી સૂર્યે શિશિર ઋતૌ પોષ વદિ ૨ ભોમેનો દિન પોર ચડતે શ્રી માંડવી મધ્યે ઠકર મેઘજીએ ચૂક કીધી તેમાં ખવાસ કાનીયો કામ આવ્યો તેની છતરડી રાઉ શ્રી રાયધણજીની વારમાં કીધી તેનો વાસ્તુ સં. ૧૮૪૯ના ફાગણ સુદ ૩નો છે.-નામ-ફરક સાથે બીજા પાળિયામાં આવું લખાણ છે.]

૮૧ ૧૮૪૫, આસો વદ ૩૦, ભૂજ (ઊમિ-નવરચના, ૫૪૬-૩૨૩)

[અમર સલીઓ લાખાણી અંજારના લશ્કરમાં કામ આવીઓ છે તેની દેરી કીધી છે-એવો નિર્દેશ છે.]

૮૨ ૧૮૪૯, માગશર સુદ ૧૧, રાપર (ઊમિનવરચના, ૫૪૫-૨૬૪).

[ઓસમાણજીના સમયના આ પાળિયામાં 'લોહાણા' અને 'રાપર મધ્યે'નો નિર્દેશ નોંધપાત્ર છે.]

૮૩ ૧૮૫૭, વૈશાખ સુદ ૧૪, ચિત્રોડ (ઊમિનવરચના, ૫૪૫-૨૬૪).

[સુતાર જીવાસુત શામજી-નો નિર્દેશ વંચાય છે.]

**નોંધ:** ૧૯૭૩માં ગુજરાત ઇતિહાસ પરિષદના ભૂજ અધિવેશન પૂર્વે યોજાયેલી કચ્છયાત્રા દરમ્યાન આ લેખકે આમાંના મોટાભાગના પાળિયાઓનો અભ્યાસ કર્યો હતો.

# દશ્યાનુભવમીમાંસા–રૂપરેખા
## (PHENOMENOLOGY)

**હરસિદ્ધ મ. જોષી***

ઓગણીસમી સદીના મધ્યભાગમાં યુરોપમાં પ્રવર્તતા બુદ્ધિ અને તર્કના એકાંગી અને છતાં સર્વાંગીપણાના દાવાની સામે ભારે વિરોધ થયો. જર્મનીમાં હેગલે તર્કને સર્વતોમુખી હોવાનું દર્શાવ્યું. ધર્મ, કલા, સામાજિક ચિંતન, સ્થાપત્ય, મનોવિજ્ઞાન એ સઘળા બુદ્ધિના નિયમોના વિકાસનાં સોપાનો છે એમ આલેખવા ચિંતનની મહાકાય રચના કરી. વિરોધ અને તેનો તાર્કિક નિયમ એ બુદ્ધિના વિકાસનો એક અંતર્ગત ભાગ છે. બુદ્ધિનો નિયમ વિરોધને ઓગાળી શકે અને જીવનના હરેક ક્ષેત્રમાં બૌદ્ધિક સમન્વયને રજૂ કરી અલગ અલગ દેખાતી વસ્તુઓ, બનાવો અને ઘટનાઓમાં એકરાગિતા તેમ જ એકસૂત્રતા સ્થાપી શકાય.

પછીથી શોપેનહોવેર, શેલીંગ અને કિર્કેગાર્ડે તર્કના આવા પ્રાધાન્યનો વિરોધ કર્યો. તેમણે સંકલ્પ, અહમ્‌તત્ત્વ (EGO) અને વ્યક્તિગત તાદાત્મ્ય પર ભાર મૂક્યો અને જગતની સમજૂતીમાં તેમનું કેન્દ્રીય મહત્ત્વ છે એમ દર્શાવ્યું. તર્કથી ભિન્ન જ્ઞાન અને વ્યક્તિત્વનાં એવાં કરણો છે જે જીવન અને માનવ વ્યક્તિમત્તાને વધુ યોગ્ય રીતે અને તાદાત્મ્ય દ્વારા જાણવામાં સહાયરૂપ થઈ શકે. દશ્યાનુભવમીમાંસા (Phenomenology) આવા જ્ઞાનનાં કરણોને આલેખે છે અને તત્ત્વચિંતનમાં જ્ઞાનના નવીન અભિગમને રજૂ કરે છે.

આ ચિંતનપ્રવાહના આરંભના પ્રણેતા એડમંડ હુસેર્લ (૧૮૫૮–૧૯૩૮) છે. ઑસ્ટ્રીઆના ઝેકોસ્લોવેકીઅન મોરાવીઆમાં તેમનો જન્મ થયો. લેઈપઝીગ, બર્લીન અને વીએનાના વિશ્વ-વિદ્યાલયોમાં તેમણે ગણિત, ભૌતિકશાસ્ત્ર અને ખગોળવિદ્યાનો અભ્યાસ કર્યો. પરિવર્ત્યોના કલનશાસ્ત્ર પર તેમણે મહાનિબંધ લખ્યો. શરૂઆતથી તેમને તત્ત્વજ્ઞાનમાં રસ હતો અને વિજ્ઞાનના શિક્ષક બનવાનું છોડીને ૧૮૮૪માં વીએનામાં બ્રેનટાનોના વ્યાખ્યાનોમાં હાજરી આપી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. પછીથી હુસેર્લે હેઈલ, ગોટીન્જેન અને ફ્રેઈબર્ગમાં અધ્યાપનકાર્ય કર્યું. ૧૯૨૮માં હુસેર્લ નિવૃત્ત થયા પછી તેમણે વિપુલ લખાણકાર્ય કર્યું. એ લઘુલિપિમાં લખતા અને એ ૪૫,૦૦૦ પાનામાં રહ્યું હતું. 'આઈડીઆઝ' 'કાર્ટેસીઅન મેડીટેશન્સ' એ તેમના મહત્ત્વના ગ્રંથો છે. આ લખાણ લુવેઈનના આરચાઈવ્ઝમાં સુરક્ષિત છે.

દશ્યાનુભવમીમાંસાના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે: (૧) બાહ્ય જગતને નિરાકાર તર્કથી જાણી શકાતું નથી પરંતુ અંતર્લક્ષી ઇન્દ્રિયવેદન અને પ્રતીતિ તેમજ આશયથી જાણી

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬, પૃ. ૩૭૭–૩૮૨.

* ફિલોસૉફિ વિભાગ, કલાસંકાય, વડોદરા-૩૯૦ ૦૦૨

શકાય છે. (૨) જગતમાં કોઈપણ જગ્યાએ કેવળ નિરપેક્ષ વિષય રહ્યો નથી; પરંતુ તે આશયલક્ષી સ્વ–તત્ત્વ કે સભાનતા સાથે સંબંધિત છે, (૩) આ દૃષ્ટિકોણ નર્યા આદર્શવાદથી જુદો પડે છે કારણ કે હુસેર્લ માનવચિત્તની અંદર અહમ્‌તત્ત્વ કેન્દ્રમાં છે એમ લેખે છે. આ અહમ્ અંતર્મુખી સભાનતામાં પણ સ્વ અને વિષયનો ભેદ રજૂ કરે છે. જેમ બાહ્ય જગતમાં દ્વૈત રહ્યું છે તેમ આંતરિક ચિત્તમાં પણ દ્વૈત છે, (૪) માનવ–વ્યાપારોમાં વિષયોને સમજવાનું અને ગ્રહણ કરવાનું સહજજ્ઞાન રહ્યું છે. તેને સહજપ્રત્યક્ષ, પ્રતીતિ, વાસ્તવિક અંતર્જ્ઞાન, અનુભવ અને સ્ફુરણા કહી શકાય છે. અહમ્‌તત્ત્વ સંજોગો, બનાવો અને પરિસ્થિતિને અનુલક્ષીને સહજજ્ઞાન કેળવે છે અને તેને અનુભવલક્ષી ઓપ આપે છે. (૫) તર્કશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન અને સાહિત્યમાં અનુભવલક્ષી જ્ઞાન પોતાનાં કરણો દ્વારા અંતર્મુખી અને વસ્તુલક્ષી વિષયો વચ્ચે સેતુબંધ સ્થાપે છે. (૬) જ્ઞાન શી રીતે શક્ય બને છે તેની અનિવાર્ય શરતોને રજૂ કરે છે. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વસ્તુલક્ષી પદાર્થોને પ્રસ્થાપિત કરે છે પરંતુ એ એકાંગી બને છે અને વિવિધ પૂર્વધારણાઓને સંરચિત કરે છે. વસ્તુતઃ અનુભવનું સમગ્ર વિજ્ઞાન મૂર્તિમંત જગત અને રચનાશીલ વિચારને એક કરવા પ્રયત્નશીલ રહે છે. આ સતત ચાલતી આંતરક્રિયામાં દૃશ્યાનુભવનું વિશેષ પ્રદાન છે.

હુસેર્લે ફ્રાન્ઝ બ્રેન્ટાનો (૧૮૩૮–૧૯૧૬) પાસેથી આશયલક્ષિતાનો (Intentionality) ખ્યાલ જાણ્યો અને પરિણામે પોતાના તત્ત્વચિંતનમાં તેનો ઉપયોગ કર્યો. આશયલક્ષિતાનો અર્થ ફક્ત ઇચ્છા, ઈરાદો કે હેતુ થતો નથી, આત્મલક્ષી સંદર્ભમાં તેનો વ્યાપક અર્થ છે. વિષયના સંદર્ભમાં એ સભાનતા (Awareness) અને ચેતનતત્ત્વ છે. ચૈતન્યના પરિપ્રેક્ષ્યમાં વિષયની સમજૂતી પ્રાપ્ત થાય છે. ભૌતિક અને નૈસર્ગિક વિજ્ઞાનો બાહ્ય વિષયને સ્વતંત્ર રીતે, જાણે કે બાહ્ય જગતમાં સ્વ–અસ્તિત્વયુક્ત હોય અને અર્થનું પ્રદાન કરતા હોય એમ ઘટાવે છે. વાસ્તવમાં જ્યાં સુધી વિષયને સ્વ કે અહમ્‌તત્ત્વ સાથે સાંકળવામાં ન આવે ત્યાં સુધી તેને પર્યાપ્તપણે ગ્રહણ કરી શકાતો નથી.

ભૌતિક, નૈસર્ગિક કે સામાજિક બનાવ એ કેવળ વસ્તુલક્ષી નથી પરંતુ એ માનસફલકમાં અને તેના સંદર્ભમાં બનવા પામે છે. જેમ ધારાકીય બાબતોમાં માનવવર્તન ગમે તેટલા પ્રમાણમાં બાહ્ય સંજોગો, આવિર્ભાવ કે ચેષ્ટા દ્વારા મૂલવવામાં આવે પરંતુ જ્યાં સુધી ચિત્તનો આશય તેમાં સામેલ ન હોય ત્યાંસુધી તે વ્યક્તિ વર્તન માટે જવાબદાર માનવામાં આવતી નથી તેમ વસ્તુ, બનાવ કે તત્ત્વ "હાર્દ" (Essence) કે તેના "રૂપ" દ્વારા જાણી શકાય છે, અને તેને જાણવા માટે માનવચિત્તમાં આંતરિક સહજજ્ઞાન રહ્યું છે. જગતના 'બનાવો' તેમ જ 'આભાસો' (Phenomena) ને તેના હાર્દથી જાણવામાં આવે છે. આભાસો અથવા પ્રતિ-આભાસો એ વસ્તુઓના વિવિધ ગુણધર્મો છે, જેમ કે તેનું વજન, કદ, આકાર, ગંધ, સ્વાદ, રચના, રંગ, અવાજ અને ઘટત્વ એ તેના બાહ્ય ધર્મો છે; પરંતુ વ્યક્તિનું મન તેને તેના હાર્દથી જાણે છે. પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, કલ્પના, અંતઃસ્ફુરણા એ કરણો જગતનું જ્ઞાન મેળવવા માટેનાં વિવિધ પ્રમાણો તેમ જ ઉગમો છે. તેમાં સહજપ્રત્યક્ષ, સભાનતા, અને ચૈતન્ય એ જ્ઞાનનું સર્વાંગી કરણ છે. દૃશ્યાનુભવમીમાંસાને આ રીતે જગતના અનુભવનું વિજ્ઞાન કહી શકાય.

પ્રાચીન કાળથી માંડીને વર્તમાન સદી સુધી વિવિધ તત્ત્વદર્શનોમાં આ પ્રકારની દશ્યાનુભવમીમાંસા રહી છે. વૈશેષિક, સાંખ્ય, વેદાંત, એરીસ્ટોટલ, ડેકાર્ટ્સ, કેન્ટ, હેગલ, બ્રેડલી, પ્રો. કે. સી. ભટ્ટાચાર્ય, જૈનદર્શન, રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી અરવિંદનાં દર્શનોમાં પ્રકટ કે અપ્રકટ રીતે દશ્યાનુભવ દષ્ટિકોણ રહ્યો છે. સાંખ્ય દર્શનમાં પ્રકૃતિતત્ત્વ ક્રિયાશીલ, ગતિશીલ, વસ્તુલક્ષી અને ચેષ્ટાયુક્ત છે. મન, બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, તન્માત્રા અને મહાભૂતો એ એનાં જ સર્જનો છે. ત્યારે પુરુષ તત્ત્વ દ્રષ્ટા, હેતુજન્ય, સભાન, ચેતનયુક્ત અને પ્રકાશવાન છે. આ બંન્નેના સંયોગ તથા સાયુજ્ય વિના જગતનો વિકાસ અસંભવિત લેખવામાં આવે છે. વૈશેષિક દર્શનનાં પદાર્થતત્ત્વોમાં મન અને આત્મતત્ત્વનો સમાવેશ કરવામાં આવ્યો છે. મન અને આત્મતત્ત્વના પ્રત્યક્ષ વિના બાહ્ય અને આંતરિક આભાસોને ગ્રહણ કરી શકાતા નથી. વસ્તુતત્ત્વ તેમ જ આત્મતત્ત્વનો સંબંધ જ્ઞાનની ઉપસ્થિતિ માટે આવશ્યક છે.

એરીસ્ટોટલના ચિંતનમાં ‘સ્વરૂપ’ (Form)ને સર્વોપરી તત્ત્વ ગણ્યું છે. એ જડતત્ત્વને (Matter) સંચાલિત કરે છે. ભૌતિક સામગ્રીને માર્ગદર્શન આપનાર રૂપતત્ત્વ છે. આધુનિક યુગમાં ડેકાર્ટ્સ (ઈ. સ. ૧૫૯૬–ઈ. સ. ૧૬૫૦) તત્ત્વચિંતનમાં અભિનવ પદ્ધતિને પ્રયોજિત કરે છે. જ્ઞાનપ્રાપ્તિમાં ખાત્રી, નિશ્ચિતતા અને સત્યશોધન રહ્યાં છે. વાસ્તવિક જગતના જ્ઞાનના આધાર તરીકે સ્વ–નિશ્ચિતતા છે. જ્યાં સુધી આત્મ–વિશ્લેષણ થયું નથી ત્યાં સુધી વસ્તુલક્ષી જ્ઞાનની ખાત્રી કપોળકલ્પિત રહેવા પામે છે. કેન્ટના (૧૭૨૪–૧૮૦૪) આલોચનાત્મક ચિંતનમાં સંઘટ્ટિત પ્રત્યક્ષના પારગામી વ્યાપારનું વિશેષ મહત્ત્વ છે. એ સ્વલક્ષી સંવેદનો અને વસ્તુલક્ષી પદાર્થોને (Categories) માનવચિત્તમાં સમન્વિત કરે છે. સ્વયંનિષ્ઠ તત્ત્વ અને આભાસ વચ્ચે તેમણે ભેદ દર્શાવ્યો; પરંતુ જ્ઞાનની ઉપસ્થિતિમાં બન્નેનો આગવો ફાળો રહ્યો છે. આથી દશ્યાનુભવમીમાંસાને તેમની પ્રમાણમીમાંસક પદ્ધતિ મહત્ત્વનું સમર્થન આપે છે. જ્ઞાનના એકમરૂપ વિધાન (Judgement)માં ઇન્દ્રિયવેદન અને સંકલ્પના (Concept)નું સંમિશ્રિત જ્ઞાન છે અને તેને મેળવવામાં આંતરિક સંઘટ્ટિત પ્રત્યક્ષનું વિશેષ કાર્ય છે.

ભારતમાં જૈન દર્શન અનુસાર બાહ્ય વસ્તુ અનેકગુણધર્મી છે; પરંતુ તેનું આંતરિક સ્વરૂપ અને હાર્દ બુદ્ધિ અને સ્ફુરણાના કરણો દ્વારા પ્રાપ્ત થાય છે. અદ્વૈત વેદાંત આત્મલક્ષી, સાર્વત્રિક અને પારગામી (Transcendent) ચૈતન્યના સંકલન માટે શુદ્ધ ચૈતન્યના પ્રદત્તને તથ્ય તરીકે આવકારે છે. પ્રો. કે. સી. ભટ્ટાચાર્ય ૧૯૪૦ સુધી શાંતિનિકેતનમાં (વિશ્વભારતી) તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે હતા. તેમણે આત્મલક્ષી પ્રતીતિ અને સભાનતાનાં સ્તરો દર્શાવ્યાં. શ્રી અરવિંદે ચૈત્યપુરુષનું જ્ઞાન અને વ્યક્તિના સંગઠનનું મહત્ત્વ દર્શાવ્યું.

તત્ત્વચિંતનનો આરંભ બાહ્ય વસ્તુની સમજૂતીના બુદ્ધિફલક સ્વરૂપ ‘વિધાન’થી થાય છે. વિધાન કાં તો સમગ્ર વસ્તુરૂપ હોય છે અથવા સમગ્ર મનોવ્યાપારરૂપ હોય છે. કાં તો ભૌતિકવાદ અથવા બીજી તરફ મનોવ્યાપારવાદ એવા આત્યંતિક દષ્ટિબિંદુ પર વિચારનો ઝોક રહ્યો હોય છે. તેમાંથી વિધાનને રોકીને (Suspend) તેને અંતર્મુખી પ્રદત્ત તરફ વાળવું આવશ્યક છે. અનુભવના બે છેડા છે. તેનો બાહ્ય છેડો વસ્તુ તરફ રહ્યો છે, ત્યારે તેનો

અંતર્લક્ષી છેડો અહમ્તત્ત્વ તરફ વળ્યો હોય છે. મનોવૈજ્ઞાનિકો વસ્તુઓને અને મનુષ્યોને આંતરિક મન અને અહમ્‌ના પરિપ્રેક્ષ્યમાં સમજાવે છે. અનુભવવાદી ચિંતકો જેવા કે લોક, બર્કલી અને જે. એસ. મીલ ફક્ત સંવેદન, મનન અને ઇન્દ્રિયસંસ્કારોને સંબંધિત વ્યાપારો દ્વારા નિસર્ગ અને માનવને સમજાવે છે.

હુસેર્લ આ સંબંધમાં સંસ્કરીકરણ ( Reduction ), અંકાંતીકરણ ( Bracketing ) અને અલિપ્તતા ( Suspension )ની તાત્ત્વિક વિધિ રજૂ કરે છે. આ વિધિ ફક્ત તત્ત્વ-ચિંતનને જ લાગુ પડતી નથી પરંતુ કલા, સંગીત, નૃત્ય, સાહિત્ય, સામાજિક સમજૂતી અને વિજ્ઞાનોમાં પણ લાગુ પાડવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઈ સ્થાપત્યનો નમૂનો જોવામાં આવે છે ત્યારે તેને આંતરિક સ્ફુરણ અને સંવેદનમાં ઉતારવામાં આવે છે. તેના મૂળ હાર્દમાં તેનું સ્વરૂપ જોવાય છે. આને સંસ્કરીકરણ કહેવાય છે. અન્ય નમૂના અને શૈલી તેમ જ સામગ્રીથી તેને જુદો પાડવામાં આવે છે અને તેનું આગવાપણું સમજવાનો પ્રયાસ થાય છે. તેને એકાંતીકરણ કહેવાય છે અને ફક્ત બૌદ્ધિક વિધાન કે તથ્યરૂપ વિધાન એ જ તેના જ્ઞાનનું સ્તર નથી. તેના હાર્દરૂપ લાગણી, સંવેદન અને માનસકરણને પણ સહાયમાં લેવાય છે. જ્ઞાતા પોતે દ્રષ્ટા છે. એ બૌદ્ધિક પૃથક્કરણમાં પ્રતિબદ્ધ થતો નથી. એ વસ્તુનાં વિવિધ પાસાંને જોવા તેમ જ સમજવાને ઉત્સુક છે. તત્ત્વજ્ઞાન એ કેવળ સિદ્ધાંત નથી પરંતુ વિચારણાની વિધિ છે. એ વિધિનાં અન્ય સોપાનોમાં વસ્તુ અને બનાવને સભાનતાની ભૂમિકામાં સમજવા કોશિશ કરે છે; પદાર્થો જેવા કે સાર્વત્રિક–આંશિક, વિધિવાચી–નિષેધવાચી, તત્ત્વ–ગુણ, નિશ્ચિતતા–સંભવિતતા, એકત્વ–બહુત્વને અહમ્–ચૈતન્ય સાથે સાંકળવા અને તેના વિરોધોમાંથી શુદ્ધ ચૈતન્ય તરફ નિર્દેશ કરવા ઉત્સુક છે.

અલબત્ત, ચૈતન્યના ફલકમાં સમજૂતી પ્રાપ્ત કરવા સૌ પ્રથમ તો તથ્ય અને હકીકત તરફ જવું જરૂરી છે. તેથી હુસેર્લનું મુખ્ય સૂત્ર છે કે "હકીકતોમાં આપણે પાછા વળીએ" પરંતુ જે અંશે બાહ્ય વસ્તુ હકીકત છે એ અંશે મન, અહમ્ અને બુદ્ધિના નિર્ણયો પણ હકીકતરૂપ છે.

વર્તમાન સદીમાં જર્મન તત્ત્વચિંતક માર્ટીન હાઈડેગરે ( ઈ. સ. ૧૮૮૯-૧૯૭૬ ) ઉપરોક્ત પદ્ધતિને પોતાના માનવઅસ્તિત્વલક્ષી ચિંતનમાં પ્રયોજિત કરી છે. માનવઅસ્તિત્વ સત્‌તત્ત્વને અધિકૃત લેખે છે. મનુષ્ય પોતાના અસ્તિત્વનો અનુભવ "ભાવ" ( Feeling ) અથવા 'લાગણી' દ્વારા કરે છે એ ચેતના 'વ્યક્તિ'માં સાકાર થઈ છે એમ માને છે. મનુષ્ય પોતાના અસ્તિત્વ અને અન્ય વ્યક્તિના અસ્તિત્વ વચ્ચે ગતિશીલ રહે છે. 'હોવું' એટલે 'લાગણીયુક્ત થવું' અને આમ થવામાં એ પોતાનાથી પર જાય છે. એ પારગામી અસ્તિત્વનો અનુભવ કરે છે. પોતે કોણ છે તેનો અનુભવ તેને આત્મ–અભિવ્યક્તિમાં થવા પામે છે. હાઈડેગર કહે છે કે ઇતિહાસ એ લાગણી અને અસ્તિત્વની કાલ-શૃંખલા છે. ૧૯૨૭માં તેમણે 'Being and Time' ગ્રંથ પ્રગટ કર્યો.

મારલો પોન્તી ( ઈ. સ. ૧૯૦૪ ) એ ફ્રેન્ચ વિચારક છે. એ માને છે કે ચેતનતત્ત્વનું

સંસ્કરણ કરવું અથવા તેને અન્ય તત્ત્વોમાં ઉતારવું અયોગ્ય છે. પ્રાકૃતિક જગત અને જીવંત જગત વચ્ચે ભેદ આવ્યો છે. એક પ્રકારનું જગત કારણ–પરિણામની શૃંખલાથી સંચાલિત છે ત્યારે બીજા પ્રકારનું જગત ચેતન તત્ત્વ દ્વારા નિયંત્રિત થાય છે. પોન્તી હુસેર્લ સામે એવો આક્ષેપ કરે છે કે તેમનો દશ્યાનુભવમીમાંસાનો સિદ્ધાંત આત્મનિષ્ઠતામાં સરી પડે છે. એ માને છે કે આત્મનિષ્ઠતા અને વસ્તુનિષ્ઠતા બંન્ને વચ્ચે સમન્વય કરવો આવશ્યક છે.

અનુભવના તથ્ય તરીકે પોન્તી પ્રત્યક્ષીકરણની પ્રક્રિયાને ધ્યાનમાં લે છે. તેમાં ચેતનતત્ત્વ અનુસ્યૂત રહે છે. પ્રત્યક્ષની પ્રક્રિયામાં સંવાદિતા રહી છે. પ્રેક્ષક અને વિષય વચ્ચે અંતર્ગત સંબંધ રહ્યો છે. પોન્તી માને છે કે આ પ્રક્રિયા અચેતન નથી પરંતુ સમગ્ર ‘ચેતન–ભાવ’ના ભાગ તરીકે છે. મનસ દ્વારા જે પ્રત્યક્ષ થાય છે એ અણુરૂપ નથી પરંતુ સૂત્રમણિવત્ છે. જ્યારે પ્રેક્ષક વિષયને નિહાળે છે ત્યારે તેની ચેતના ‘પ્રવૃત્ત’ થાય છે અને તે ‘પ્રતિબદ્ધ’ બને છે. જાણે કે એ વિષય સાથે સંકળાઈ ગઈ હોય.

ઝ્યાઁ પોલ સાર્ત્ર (૧૯૦૫–૧૯૮૦) વ્યક્તિ અને જગતના સંબંધ વિશે આમ માને છે. અલબત્ત પોન્તી ચેતનતત્ત્વને શરીરનો ભાગ લેખે છે. સાર્ત્રએ ૧૯૪૩માં ‘બીઈન્ગ ઍન્ડ નથીન્ગનેસ’ ગ્રંથ પ્રકટ કર્યો, તેમાં દશ્યાનુભવમીમાંસાની પદ્ધતિ પ્રયોજિત કરી. ‘હું વિચારું છું તેથી હું છું’ એ સંજ્ઞાનાત્મક અવસ્થા છે. તેમાં ‘હું’ પણાનું ભાન થાય છે. પરંતુ આને પોતાના ચિંતનના આધાર તરીકે લેતા નથી. અન્યની ચેતના સાથે સાંકળીને ચેતનાનો ફક્ત વ્યક્તિગત અનુભવ નહિ પરંતુ વિષયલક્ષી અભ્યાસ કરવો એ સાર્ત્રનું લક્ષ્ય છે. મનુષ્યને એ બાહ્ય સમાજના ભાગ તરીકે જૂએ છે. શરીર અને ચેતનના સંયુક્ત તત્ત્વ તરીકે મનુષ્યને નિહાળે છે. સત્તત્ત્વનાં બે પાસાં છે : (૧) સ્વયં સત્તત્ત્વ અને (૨) પરને માટે સત્તત્ત્વ. સામાન્ય રીતે અન્યનું અસ્તિત્વ ચેતનને માટે પડકારરૂપ છે. આને લીધે ચેતનયુક્ત માનવમાં વ્યગ્રતા, ચિંતા, હતાશા અને ભગ્નાશ અવસ્થાઓ માલૂમ પડે છે. સાર્ત્ર પોતાનાં નાટકો, નવલ-કથાઓમાં આ માનસિક અવસ્થાઓનું નિરૂપણ કરે છે. એ સંદર્ભમાં તેને નિરૂપણાત્મક દશ્યાનુભવમીમાંસા કહેવાય છે.

સ્વતંત્રતા, મૂલ્ય, માનસિક વ્યથાઓ અને બૌદ્ધિક પ્રતિબદ્ધતાઓનું વર્ણન તેમજ અસ્તિત્વલક્ષી અર્થઘટન સાર્ત્રએ પોતાના વિચારલક્ષી સંકેતો દ્વારા કર્યું છે. શકય તેટલી ઓછી પૂર્વધારણાઓ કરવી એ દશ્યાનુભવમીમાંસાનું લક્ષ્ય છે. આ રીતે હુસેર્લ પોતાના ચિંતનને ચુસ્ત છતાં પૂર્વધારણાવિહોણું તત્ત્વજ્ઞાન કહે છે.

## સંદર્ભગ્રંથસૂચિ

1 History of Philosophical systems : Edited by Vergilius Ferm, Littlefield Adams & Co. Paterson, New Jersey, 1961.

2 Classical and Contemporary Metaphysios (A source Book) Richard T. DE George : Holt Rinehart and Winston, New York, 1962.

3 Ideas : General Introduction to Pure Phenomenology : Translated by W. R. Boyce Gibson : George Allen & Unwin : 1958.

4 Experience and Judgement : Husserl Edmund : Translated by James S. Churchill and Karl Ameriks : North Western University Press : EVANSTON : 1973.

# માવદાસરચિત તીર્થમાલા

દેવદત્ત જોશી*

## હ. પ્ર.નું સ્વરૂપ

પ્રાચ્યવિદ્યા મન્દિરની હ. પ્ર. ૪૫૭૦માં પ્રસ્તુત કૃતિ મળે છે. ૧૧ સે.મિ. પહોળી અને ૧૪ સે.મિ. લાંબી આ પ્રતમાં પ્રત્યેક પાને સરેરાશ બાર લીટી લખાયેલી છે. પ્રતમાં અક્ષર સુવાચ્ય છે. કાગળ કિનારીએથી કોહેલો છે, પણ બાકીની સ્થિતિ સારી છે! પ્રતમાં પૃ. ૭૧ થી ૯૮ સુધીમાં કૃતિ આદિથી અંત સુધી સંપૂર્ણપણે ઉપલબ્ધ છે. 'તીર્થાવલી', 'ગંગામાહાત્મ્ય' (ત્રિકમરચિત), 'સાભ્રમતિમાહાત્મ્ય' વગેરે અન્ય કૃતિઓ પ્રતમાં છે. 'તીર્થમાલા'નાં કેટલાંક પાન ફરીથી લખેલાં છે, જે આ પ્રત સાથે બંધાઈ ગયેલાં જોવા મળે છે. પૃ. ૯૮ બે વાર મળે છે. એકવાર અવળેથી લખેલું છે. કુલ પૃ. ૯૦ નોંધાયાં છે પણ ખરેખર ૯૮ પાન છે. પાન ૧૭ પછી ફરીથી નીચેના ભાગમાં પૃષ્ઠસંખ્યાનિર્દેશ છે. એટલે ઉપરનીચે બે વાર જુદા જુદા પાનનંબર છે. ૨૩ નંબર બેવડાય છે. ઉપરના ભાગે પૃ. ૮૪ થી ૯૦ ફરીથી લખેલાં પાન છે તેમાં ૮૭ નંબર બેવડાય છે. સમગ્ર હ. પ્ર.માં લહિયા અંગે માહિતી નથી.

## કર્તા અંગે માહિતી

કૃતિના કર્તા માવદાસ (મહાવદાસ) અંગે નીચે પ્રમાણે માહિતી પ્રાપ્ત થાય છે. 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ'માં આ જ હ. પ્ર.ને આધારે માવદાસની કૃતિ તરીકે 'તીર્થમાળા–તીર્થાવલિ'નો ઉલ્લેખ છે.[1] 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'માં મહાવદાસ (માહાવદાસ)ને નામે 'તીર્થમાળા' ('તીર્થાવળી') અપ્રસિદ્ધ, ર. સં. ૧૭૯૬ (?) વ. ૪૫૭૦C (તૂ.) એવી નોંધ છે.[2] એ સૂચિમાં ત્રણ મહાવદાસ છે. એક વૈષ્ણવ હતો અને શ્રી વલ્લભાચાર્યજીના પૌત્ર શ્રી ગોકુલનાથજીની ગાદીનો સેવક હતો. ગોકુલમાં જઈને રહેલા આ વલ્લભી વૈષ્ણવે 'ગોકુલનાથજીનો વિવાહ' ('ગોકુલનાથજીનો વિવાહખેલ') એ ઐતિહાસિક કાવ્ય રચ્યું છે, જે અપ્રસિદ્ધ છે. એની બીજી કૃતિ 'રસસિન્ધુ' ગદ્યપદ્યાત્મક છે (અ. પ્ર.).

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગસ્ટ '૮૬, પૃ. ૩૮૩–૪૦૦.

* પ્રાચ્યવિદ્યા મન્દિર, સયાજીગંજ ટાવર સામે, વડોદરા–૩૯૦ ૦૦૨

૧ દેસાઈ રમણિક શ્રીપતરાય (સંપાદક), 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ', શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ–૩૧૦, પ્ર. ધી લુહાણામિત્ર પ્રિં. પ્રેસ, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૯, પૃ. ૨૪૮–૪૯.

૨ શાસ્ત્રી કે. કા., 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી', પ્ર. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી રસિકલાલ છો. પરીખ, અમદાવાદ, આ. ૧, ૧૯૩૯, પૃ. ૧૫૨.

'રસાલય', 'વલ્લભચરિત્ર', 'ગૂઢરસ', 'રસકોશ', 'રસાનંદ', 'નામરસ' વ. ગુજરાતી રચનાઓ ઉપરાંત 'વલ્લભગીત', 'રસાર્ણવ', 'તાત્પર્યબોધ', 'સજ્જનમંડન' વગેરે સંસ્કૃત રચનાઓનો કર્તા છે. એનો સમયગાળો ઈ. ૧૭મી સદીનો પૂર્વાર્ધ છે.[3] બીજો મહાવદાસ (માહાવદાસ) છે તેણે 'બહુચરાજીનો ગરબો' (અ. પ્ર.) અને 'સલખનપુરીનો ગરબો' (અ. પ્ર.) એ બે કૃતિઓ રચી છે. ત્રીજો મહાવદાસ (માહાવદાસ) સુતાર, જેણે પ્રસ્તુત કૃતિ રચી છે તેણે 'ઓખાહરણ' (અ. પ્ર.) અને 'બાલચરિત્ર' (અ. પ્ર.) અને 'તીર્થાવલી'ની રચના કરી છે. એનો સમયગાળો ઈ. ૧૮મી સદીનો પૂર્વાર્ધ છે.[4]

પ્રસ્તુત હ. પ્ર.માં 'તીર્થાવલી' અને 'તીર્થમાલા' એ બન્ને કૃતિઓ ઉપલબ્ધ છે પણ 'તીર્થાવલી'માં કયાંય કવિનામનિર્દેશ કે ર. સં. જેવી અન્ય વિગત નથી. એટલે 'તીર્થમાલા' અને 'તીર્થાવલી' બન્ને કૃતિઓના કવિ એક જ (માવદાસ) હોવા વિશે નિશ્ચિતપણે કશું કહી શકાય નહિ. 'તીર્થાવલી' માવદાસની હોવાનો સંભવ નથી. શ્રી રમણિક દેસાઈ આ બન્ને કૃતિઓને એક માનીને ચાલ્યા લાગે છે. એટલે કવિ પણ એક જ (માવદાસ) છે એમ એમણે માન્યું છે.

શ્રી. કે. કા. શાસ્ત્રીએ 'ગુજરાતના સારસ્વતો'માં મહાવદાસ–૨ ને 'તીર્થાવલી'નો કર્તા ગણ્યો છે અને કૃતિનો ર. સં. ૧૭૪૦ (?) આપ્યો છે. 'આ જૂદો પણ લેખક હોય' એવી નોંધ કરી છે.'[5] 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'માં આ જ હ. પ્ર.ના આધારે મહાવદાસની કૃતિ 'તીર્થમાળા'ની નોંધ આગળ કૌંસમાં 'તીર્થાવળી' લખ્યું છે. એટલે એ પણ આ બન્ને કૃતિઓને એક જ માનીને ચાલ્યા લાગે છે.

**'તીર્થાવલી' અને 'તીર્થમાળા' સ્વતંત્ર કૃતિઓ તરીકે**—આ બન્ને કૃતિઓ અલગ છે એટલું નિશ્ચિત છે. 'તીર્થાવલી'નો ર. સં. શંકાસ્પદ રીતે પણ ૧૭૪૦ છે. 'તીર્થમાળા'નો ર. સં. નિશ્ચિતપણે ૧૭૯૬ છે. એક જ (પ્રસ્તુત હ. પ્ર.માં) આ બે કૃતિઓ ઉપલબ્ધ છે એટલું જ. 'તીર્થાવલી'માં ર. સં. કે કવિનામનિર્દેશ જેવી વિગત નથી, જે 'તીર્થમાળા'માં છે. એટલે બન્ને કૃતિઓના કવિ એક હોવા વિશે શંકા જાય છે. મહાવદાસ અંગે નિશ્ચિતપણે કહી ન શકાય પણ પ્રસ્તુત હ. પ્ર.ને આધારે આ બન્ને કૃતિઓ સ્વતંત્ર છે એટલું કહી શકાય એમ છે.

**કૃતિનો વિષય**—મધ્યકાલીન સાહિત્યમાં પ્રવાસવર્ણનની કૃતિ તરીકે નોંધપાત્ર એવી આ કૃતિમાં ભારતનાં સુપ્રસિદ્ધ તીર્થોની સંક્ષિપ્ત માહિતી છે, એટલું જ નહિ, ગુજરાતનાં અને ખાસ કરીને નર્મદાકિનારાનાં તીર્થોના ઉલ્લેખ સાથે નર્મદાકિનારા નજીકનું ગામ રાજપીપળા, જે તીર્થસ્થળ તરીકે ગણાતું નથી, તેની પણ યાત્રા કરાવી છે. વનવાસ ભોગવી રહેલા પાંડવોમાંથી અર્જુન વિદ્યા ભણવા જાય છે. તેના જવાથી સૌ દુઃખી થાય છે. દ્રૌપદી ધીરજ ધરવા કહે છે. એટલામાં લોમશ મુનિ આવે છે. અર્જુન તો મૂકીને ચાલ્યો ગયો, હવે

---

૩–૪–૫ શાસ્ત્રી કે. કા., 'ગુજરાતના સારસ્વતો', પ્ર. કે. કા. શાસ્ત્રી, ધીરજલાલ ધ. શાહ, મધુસૂદન હી. પારેખ, મંત્રીઓ–ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ, આ. ૧, ૧૯૭૭, પૃ. ૯૨.

વનમાં શી રીતે રહેવાશે એમ ચિંતા વ્યક્ત કરતા ધર્મરાજને લોમશ તીર્થયાત્રાનું માહાત્મ્ય કહે છે. અડસઠ તીરથ તે કયાં એમ પૂછતાં લોમશ તેમને તીર્થયાત્રા કરવાનો અને પોતે તેમની સાથે આવશે એવો પ્રસ્તાવ મૂકે છે. એ સૌની યાત્રાનું વર્ણન પ્રસ્તુત કૃતિનો વિષય છે. પ્રતમાં ઉપર નીચે એમ બે પૃષ્ઠ નંબર છે. બન્ને લખ્યા છે. પાઠ અસ્પષ્ટ રહે છે ત્યાં પ્રશ્નાર્થચિહ્ન મૂક્યું છે. પંક્તિ પૂરી થાય છે ત્યાં ઘણી જગ્યાએ વિસર્ગચિહ્ન મૂકવામાં આવ્યું છે, જે લહિયાની ભૂલ હોવાનો સંભવ હોવાથી પાઠમાંથી રદ કર્યું છે.

# તીર્થમાલા

## રાગ આસાવરી

શ્રીગણેશાય નમઃ । અથ તીરથમાલા લખ્યીતે ।

પૃ. ૭૧ અને નીચે ૫૫

ગણુપત સલમ ત્યકરણુ ચરણુ નાંમૂં રે સીસ ।
નવનીધ રીદ્ધસીધદાતા કિપા કરો જુગદીસ ॥ ૧ ॥

સરસ્વતીમાતાસ્તવન કરૂં હું જોડીને બે પાંણુ ।
માહારી આસ પૂરો અંબિકા મૂને આપો અવીચલ વાંણુ ॥ ૨ ॥

તીર્થમહીમા વીખાણીએ મોરી વીનત મા આ મંન ધરો ।
માવદાસ કેહે મા મ્હારી મન એહવી । જેવો મેરુ પાસે કાંકરો ॥ ૩ ॥

એક સમે પાંડવ પાંચે બેઠા દ્રુતકામીકવન મોઝાર ।
અરજૂન ભીમ નીકુલ સેહેદેવ ધરમ દ્રુપદી નાર ॥ ૪ ॥

અરજૂન માગે આગના હું જાંઉ ઈંદ્રાસ ।
અમો વીદ્યા ભણીને આવશું તમો રેહેજ્યો વંન ॥ ૫ ॥

નીકૂલ નાંનો ભીમ આહારી આંના જોરે સંતાપ ।
તૂજ વીના વનમાં કમ રહીસૂ સાં કીધાં પુરવે પાપ ॥ ૬ ॥

અરજૂન વલતા બોલીઆ ધરમને નાંમી સીસ । પૃ. ૭૨–૫૬
સેહેસ્ત્રઅઠાશ્રી પાસે છે મે માથે શ્રીજુગદીસ ॥ ૭ ॥

ગદગદકંઠે સહુ થયા ધરમે ધસીઆ હાથ ।
દ્રુત રમી વન નીસરા જો વામૂખ વૈકુંઠનાથ ॥ ૮ ॥

સીખ માગી સંચરા અરજૂન તેણીવાર ।
વીર ચારે વલવલે દુઃખ તણો નાવો પાર ॥ ૯ ॥

દ્રુપદી કેહે ધીરજ રાખો રાખસે અસણ્ણુસણ્ણુ ।
તાંહાં લોમસ રુષી પધારીઆ ધસમસી લાગા ચર્ણ ॥ ૧૦ ॥

અરઘપાદ પૂજા કરીને પાંચિ બેઠાં પાસ ।
અર્જુન તો મૂકી ગઓ હવે કમ રેહેસૂં વનવાસ ॥ ૧૧ ॥

લોમસ રુષી એણીપેરે બોલીઆ સાંભલો રાજા ધર્મ ।
શૂભે દીન તમો નીગમો હુ કહુ તેહેના મર્મ ॥ ૧૨ ॥

સહસ્ત્રઆઠાસી જપતપ કરે તાંહાં રુષીનાં આશ્રંમ ।
અગ્નીહોત્રનિઆ વસત તે આચરે ષટકર્મ ॥ ૧૩ ॥

નવખંડમાહે નગરધઢ તે જૂઓ ચતુર સુજાંણ ।
પ્રથવી પ્રદખણા તે ફરા અવતરા તેહ પ્રંમાંણ ॥ ૧૪ ॥ પૃ. ૭૩–૫૭

દેસવીદેસની વાંણી જાંણે જૂઅ પરવત વંન ।
નદીજર્ણ સધૂચણ વંદે તેહને ધંન ॥ ૧૫ ॥

જગ્નજાજન ઉમઉદાપણ ભવ તરવાનો ઉપાય ।
ડંડમૂંડને દઆ દરસંન તીર્થ વીના નવ થાય ॥ ૧૬ ॥

કુયોધારો ને જરીજારી અતસરો ઘોરઘાટન થાય ।
વસ્ત્ર ઉજવલ થાય નીર્મલ મીઠે જલ જો જાય ॥ ૧૭ ॥

પાપ પ્રગટે જે પંડ માંહે તે તીરથ નાહિ જાય ।
દાવાદલ દો દસે લાગો જલ વીના નવ ઓલાય ॥ ૧૮ ॥

ધર્મ વલતા બોલીઆ સાંભલો તમો રુષીરાય ।
અડસઠે તીરથ કોણુ સ્નાંનક તે કહો મહીમાય ॥ ૧૯ ॥

લોમસ ધોમ રુષી એમ બોલા જલ મૂકો રાયં હાથ ।
પ્રથવી પ્રદખણા ચાલો કરીએ અમો આવીસે સાથે ॥ ૨૦ ॥

તે દાડે તાં ભોજન કરવા બાહ્રુને મનગમતાં રાય ।
પૂજીઅરચી માગી આગના લાગા રુષીને પાય ॥ ૨૧ ॥

આ આસીવચ દેઈને વલીયા આપ આપણે આશ્રમ । પૃ. ૭૪–૫૮
લોમસ રુષી થઆ આગલ સાથે રાજા ધર્મ ॥ ૨૨ ॥

અંન તણા જે અરથી હુતા તે સાથે ચાલા તતખેવ ।
ધરમે મહુરત પૂછીઉ નિસધ આપૂં સહદેવ ॥ ૨૩ ॥

કાલંદ્રોની તીરે આવા સહુ કોએ કીધાં અસ્નાંન ।
અખેપાત્ર દ્રુપદીનાં પાસે આપે ભોજન દાંન ॥ ૨૪ ॥

દેવભોમી દેહરાં ને તીરથ લામસ કહિ તે નીરખે ।
રુષી ત્રણુ આસમ જોઈને રાજા મનમાં હરખે ॥ ૨૫ ॥ પૃ. ૭૪–૫૮

પ્રથમ જઈને પુકરમાહી એ રુષી કેહે સાંભલો ભૂપ ।
ડાઢાગ્રે પ્રથવી ધરી કરી બાહારા રૂપ ॥ ૨૬ ॥

લોમસ ધોમ રુષી એમ બોલા તીરથ માંહે એ સાર ।
સરોવર નાહી સાધ કરે તેહને પૂનરપ નહી અવતાર ॥ ૨૭ ॥

નાહારારૂપે હીણુાખજ મારો પ્રથવી પાછિ લીધી ।
વીપૂસ્નાન કરી બ્રહ્મા બેઠા સ્તુત ચતુરમૂખે કીધી ॥ ૨૮ ॥

પછે પ્રભાસે સહુ કો આવા વેહેણુ વેહે છે આછુ ।
પંચમૂની આગલ પંચ પ્રભાતે સરસ્વતી થૈ પ્રાચી ॥ ૨૯ ॥ (૧૯ છે)

પૃ. ૭૫–૫૯

પ્રંચાંમૃતે સોમનાથ પૂજે દુરમત સઘલે ટાલે ।
મધૂમતીમાં સ્નાંન કરતાં પાપ સમૂલાં ટાલે ॥ ૩૧ ॥

(આંકડો ખોટો છે)

ગીરનાર ઉપર કરી રે પૂજા ગેહેલા સ્નાંની કાજેઉ ।
કુંડદેવ ને દેહેરાં નીરખાં તે દેખી મંન મોહુ ॥ ૩૧ ॥

ગઢ ગીરનાર થકી ઉત્તરી આજુના ઘટમાં આવ્યા ।
નગર તણી છે શોભા સુંદર દામોદર મન ભાવા ॥ ૩૨ ॥

પછે તાંહાં સ્થકી પરવરા ને મૂક્તપૂરિ માહિ જાય ।
ગૌતમી સ્નાંનક સંગમ નાહિ દેહે ચક્રમિ થાયે ॥ ૩૩ ॥

ચાર વીરને રુષી દ્રપદી જોતાં મનના કોડ ।
કુસસ્થલી વૈકુંઠ જ સરખી નીરખા શ્રી રણુછોડ ॥ ૩૪ ॥

મૂ મૂલ દ્વારકાં સંખોદ્વાર આવા સહુ નીરધાર ।
રણુછોડજીનુ દરસન કરતાં પૂનરપ નહી અવતાર ॥ ૩૫ ॥

પાંચરાત્ર તાંહાં રહા પાંડવ ઉજણુ નગરી નીરખી । પૃ. ૭૬–૬૦
અને સ્નાંનપૂજા કીધી પંચાલી મન હર્ખી ॥ ૩૬ ॥

લોમસ રુષી તેડીને ચાલા વીવીધ દેવ પૂજવા ।
સવાલાખ પરવત ચઢી હેમાચલ માંહે આવા ॥ ૩૭ ॥

પારસની મુરત છે સુંદર એમ લોમસ બોલા વાંણી ।
પાંડવ કેહે કરો રે પૂજા એ બદ્રીનાથ નારાયણ ॥ ૩૮ ॥

બ્રહ્મસદનથી ભગીરથ લાવા મેસ ઉપર સીવનો ઠાંમ ।
જટામાંહાંથી છોડી મૂકી તેહેનૂં અલખનંદા નામ ॥ ૩૯ ॥

અતુત્તમ સ્નાંનક આનંદ પામા આતમ સાધન કીધૂ ।
ગગંનસ્તકી ગાજતા આવે ગંગાજલ ભરીને લીધુ ॥ ૪૦ ॥

ગંધમાધંન ઉપર આવા ભેય પાંમા તેણી વાર ।
જાંહાં સૂર્યની ગત નહી ને આગલ છે અંધકાર ॥ ૪૧ ॥ કડવૂં–૧ પદ–૪

## રાગ મેવાડો

અનેક તીરથ ને દેવપૂજા વીવીધ પ્રકારેર કીધી ।
વીષમ વાટ વિકટ તાં દીસે ભીમે ગદા સ્કંધ લીધી ॥ ૧ ॥ પૃ. ૭૭–૬૧

લોમસ ધોમ રુષી થયા આગલ વાટે દેવ પૂજાવા ।
પંચરાત્ર તાહાં રહીને માંનસરોવર આવા ॥ ૨ ॥

પરમહંસ દેખીને હરખા અને ઉત્તમ આરે નાહા ।
ચાર વીરને ચતુરા સાથે તાંહાં પૂજા માંહાંમાઆ ॥ ૩ ॥

માનસરોવર મહીમા મોટો સકલતીર્થ માંહે સાર ।
એકવાર જે સ્નાંન કરે તેહેને પુનરપ નહી અવતાર ॥ ૪ ॥

કુંડમાંહે સ્નાંન કરીને કેદાર પૂજા સહુ સાથ ।
અસતનો તાંહાં નેમ કરીને કંકણ પેહેરાં હાથે ॥ ૫ ॥

ગંગા જમૂનાં સરસ્વતી ત્રવેણીમાંહે નાહે ।
પ્રાગવડે પ્રદખણા કીધી પૂજા માધવરાય ॥ ૬ ॥

જનમકોટનાં પાતક જાય જો માહાગ પ્રઆગે નાહ ।
લોમસ ધોમ રુષી એમ બોલા સકલ તીર્થનો રાય ॥ ૭ ॥

બંધમાધવ કાલભૈરવ અંણુપૂણાના પૂજો પાય ।
પંચકોસી જાત્રા કીધી હૈરાતે હર્ષ ન માય ॥ ૯ ॥

(આંકડો ખોટો છે)

વાનપ્રસ્ન જતી સંનાસી માંહાંત તણા આશ્રંમ । પૃ. ૭૮–૬૨
લોમસ તેહેનાં નાંમ કેહે નિરદેસન પાંમે ધર્મ ॥ ૧૦ ॥

ભૈરવ *૫ ખાએ કરવત મૂકાયે થાયે દેહેનો ભંગ ।
ધઢમૂકતેશ્વર આવીને પૂજા ત્યાં સહસ્ત્રશીવલંગ ॥ ૧૧ ॥

દાંમોદરાનંદ માંહે નાહા પોહોલો જોજન ।
અનેક નદી ભલાં ગંગામાં તાં સંધા કરી વીવેક ॥ ૧૨ ॥

ઝાડખંડમાં વીકટવાટો થૈ દેવગઢમાં આવા ।
વેજનાથને કાવડ ચઢાવી જે બ્રહ્મગંગાથી લાવા ॥ ૧૩ ॥

પછે પાટણ પરવરા પગ થકા પાંચાલી ।
બાંણગંગામાં સ્નાંન કરીને પછે પૂજાં ભદ્રકાલી ॥ ૧૪ ॥

તાંહાંથી ફાલકૂની તીરે આવા જાંહાં સાધ કીધૂ રઘુનાથે ।
તીર્થવાસી વ્રીયોગ ભણાવે પંડપંડ લે હાથે ॥ ૧૫ ॥

ગદાધરરાયની પૂજા કરતાં સહુકોહોનાં મંન ગોઠો ।
વીષ્ણુતણાં પગલાં પૂજાં નાહા ગયા ને કોઠો ॥ ૧૬ ॥

ભયો કારવીને દખણા આપી તાંહાં નીરખી પંચકોસી । પૃ. ૭૯–૬૩
પછે ગંગાસાગર સહુકો આવા સાથે સેદેવ જોસી ॥ ૧૭ ॥

સહસ્ત્રપ્રભા ગંગાના નાહા તાંહાં કીધાં ખટકરમ ।
પંચમાધવની પૂજા કીધી જાંહાં કપીલ તણો આસમ ॥ ૧૮ ॥

મોહોદધીની તીરે આવા જાંહાં પુરુષોત્તમ ખેત્ર ।
જગંનનાથનૂ દરસન કરતાં ટાઢાં થયાં ધનૂનેત્ર ॥ ૧૯ ॥

રોહનીકુંડમાં માહી ચાલા તાંહાં છડી છે પોઢી ।
ભાત ખાતાં ભ્રાંત જો આણે તો તતખણ થાય કોઢી ॥ ૨૦ ॥

લોમસ ધોમ રુષી થયા આગલ અનેક દેવ પૂજાવા ।
દખણદેસ પ્રવેસ કરીને શ્વેતબંધમાં આવા ॥ ૨૧ ॥

ભમરબાંણ મૂકિ રઘુનાથે પાજ મધ્યેથી પાડી ।
પાંણીમાં પાખાણ જ તારા તે સોભા દેખાડી ॥ ૨૨ ॥

સાઅર કેરા તીરે આવા દ્રવ વીપ્રને આપા ।
તાંહાં રામનાથની પૂજા કીધી જે સીતાજીના આપા ॥ ૨૩ ॥

લોમસધોમે દેસ દેખાડા પોતી ખાંત ।
શ્રીવકાંત વિષ્ણુકાંત નીરખી ભાગી મનની ભ્રાંત ॥ ૨૪ ॥ પૃ. ૮૦–૬૪

શ્લોક સ્તોત્રને ગીતાસાખત તે વેદ સમઝાવા ।
ધરમમારગની ચરચા કરતાં લાહોર મધ્યે આવા ॥ ૨૫ ॥

નગરકોટમાં આવી ઉત્તરીઆ પરખત સોભા તાંહાંની ।
રાતદીવસનાં ભડકાચલે તે જ્વાલામુખી ભવાંની ॥ ૨૬ ॥

સમૂડમાં આવીને નાહાનો આરો મંનમાં અવોલોમ ।
શદ્ધોમે પ્રયોગ ભણાવ્યાં જ્યાંહાં ગજેંદ્ર મૂકાવો ॥ ૨૭ ॥

અકલપંથ હી ગયા ને આવા આસાપુરીનો ધ્રપ ।
તાંહાં બાજઠની પૂજા કીધી ધરી કાપડી રૂપ ॥ ૨૮ ॥

મથુરાંમાં મેનો નીરખાં સ્નાંની કસ્તૂરી નર મૂનીજને સેવી ।
કામરુદેસે કામણુ કૌતક તાંહાં કામાખા દેવી ॥ ૨૯ ॥

કાવેરી રંગનાથ નીરખા જેના પ્રાક્રમ પ્રૌઢ ।
આસીલ પરવત સહુ કો લાવા થૈ રહા દીગમૂઢ ॥ ૩૦ ॥

સીંધુદેસ જૈ સાગરનાહા અંગે વલી સૂખસાતા । પૃ. ૮૧-૬૫
આસાપૂરીને આસપૂરે તાંહાં પૂજા આદમાતા ॥ ૩૧ ॥

ભાગનરૈગે કંનાટક જોઉ પછે પૂજા વકટેસ ।
સીગલદેસની સોભા જોઈને આવા વીદરભા દેસ ॥ ૩૨ ॥

પૂશકુંડનપૂર નગર તે જોઉ જાંહાં ભીમક કેરુ રાજ ।
ત્યાહાં અંબકાનીની પૂજા કીધી સારે મનનાં કાજ ॥

શ્રીભગવતં ખટમારગ નાંમ તે રુષી સંમઝાવે વાટે ।
નગર અજોધા આવીઉ ઉતારીઆ સરજૂ નદીસે ઘાટે ॥ ૩૪ ॥ પૃ. ૮૨-૬૬

(એ પછીનું બાકીનું પાન કોરું)

દસરથરાયના મોહોલ જ જોયા નહી કો તેહેને તોલે ।
જન્મકોટનાં પાતીક જ જાય શ્રીરાંમનાંમ મૂખ બોલો ॥ ૩૫ ॥

નીમષારણુ ગોમતીની તીરે સ્નાંન કરી કર જોડા ।
તાંહાં બલભદ્ર હતા મૂકાણુતીરથ છે ઔઠકોડ ॥ ૩૬ ॥

આરાસારા આનેક દેવસ્થલ પૂજી થયા પ્રસંન ।
તે ખેત્રની સોભા જોતાં થયા એકાદસ દીન ॥ ૩૭ ॥

શ્વાંમી કાર્તક મોહોટો મહીમા ખટમૂખ જપે માંહાંમાયા ।
લાહસ્તંભનૂ પર્તખ પારખૂ જે પાપમાંહે બંધાયા ॥ ૩૮ ॥

ગલકી કેરી તીરે આવા સાથે પાંડવભૂપ ।
સાલગ્રાંમ મૂખ સોવર્ણ ઝરે છે નરસીહ કેરુ રૂપ ॥ ૩૯ ॥

કડવાં ૨ ॥ ૫૬ ૮૦ ॥

## રાગ શાંમગ્રી

રુષી તમ પ્રતાપેથ તીરથ કીધાં ભલે નીસરા વંન ।
પ્રતખ વીષ્ણુ દેખી । હરખા જીવ તવ કીધા ધંન ॥ ૧ ॥

કુંકણુ માંહે કૌતક સાંભલતાં હસીને તાલી દીધી । પૃ. ૮૩–૬૭
રેણુકાનૂ મસ્તક છેદૂ પ્રથવી નખત્રી કીધી ॥ ૨ ॥

ફરસૂરાંમનો સંધે પૂછો રુષીએ રાય સંમઝાવા ।
દેવગઢની સોભા જોઈને ઈલોરામાં આવા ॥ ૩ ॥

કુંડવીશાલ જ સ્નાંન કરીને ધરમેસ્વરને નીરખા ।
પરવતમાંહે ત્રણુ ભુવન કરાં છે તે જોઈ સહુકો હરખા ॥ ૪ ॥

પાંચ દીવસ તાંહાં સહુ કોએને કીધાં દેવ દરસન ।
લોમસધોમ તેડીને ચાલા જાંહાં પંચનદી પાવન ॥ ૫ ॥

ગૌતમી ગંગા કુસાવર્ત્ત કનખલમાં કીધાં સ્નાંન ।
ત્રંબકેસ્વરની પૂજા કરીને આપાં વિપ્રને દાંન ॥ ૬ ॥

ગોદાવરીનો મહીમા મોટો બારે વરસે આવે ।
નાસકમાં કપાલેશ્વર પૂજે તે માતગર્ભમાં નાવે ॥ ૭ ॥

નીલવીલની સોભા નીરખી ચાલા તેણીવાર ।
સતસંગ ઉપર છે ચંડીકા તેહને ભૂજ અઢાર ॥ ૮ ॥

મૂગનગર મૂગેસ્વર માહાદેવ તે દીસતા પ્રછંદ ।
પાંચે માંહે સ્નાંન કરાં તે ટાઢાઉના કુંડ ॥ ૯ ॥

પ્રકાસાનંદની પૂજા કીધી તે તાપી કેરી તેર ।
તાપીસંજગ કુમસ પૂજા જેહ નમંતા વીર ॥ ૧૦ ॥

પછે આવીને પૂજા કીધી જાંહાં અશ્વનીકુમાર ।
કાંમલેજને આરે નાહા તાંહાં રહા દીનચાર ॥ ૧૧ ॥

વલતાં ત્યાંહાથી સહુકો ચાલા હેત હરીજાંમાં રે આણી ।
તુલજાપૂરમાં આવી ઉત્તરીયા જયાંહાં દખણની રાંણી ॥ ૧૨ ॥

તુલજાભવાંની પૂજિને ચાલા જે સકતમુક્તની દાતા ।
કમરકંટકમાં સહુકો આવા જાંહાં છે રે માંધાતા ॥ ૧૩ ॥

વંધાચલમાં સહુકો આવા શીવની કીધી સેવ ।
રુદ્રદેહે પ્રસેવા છુટાં તેહનૂં નાંમ થૈ રેવા ॥

સ્ત્યરાત્રી તે ત્યાંહાં રહાને અનેક પર્વત નીરખા ।
વંસજાલમાંથી નરમદા આવી તે દેખી સહુકો હરખા ॥ ૧૫ ॥ પૃ. ૮૫–૬૫

લોમસધૌમ થૈને આગસ્ત્ય ત્યાં આવી બ્રહ્મ પૂજા ।
વ્યારાંમ કુંડમાંહે સ્નાંન કરીને સહુ સૂર્યકુંડમાં આવા ॥ ૧૬ ॥

ભાંનૂમતીને કુંડે નાહા અને ચંદનવૃક્ષો દેખાડી ।
સ્નાંન કરીને સહુએ ચાલા જાંહાં સીતાની વાડી ॥ ૧૭ ॥

રુદ્રકુંડ નાહે ચતુર્ભુજ થાએ એમ લોમસ બોલા વાંણી ।
વીષ્ણુકુંડ બ્રહ્મકુડ નાહી પછે પૂજા શૂલપાણી ॥ ૧૮ ॥

લોટેસ્વર લોટા રાજેશ્વર પૂજા પોતા તે મનમા કોડ ।
શ્વરગનીસણે ચઢી ઉતરીને પૂજે શ્રીરણછોડ ॥ ૧૯ ॥

ભેરવજાપે પ્રદખણા દીધી તાં દેવનદીમાં રઆવા ।
મોખડીમાંહે મોખ જ પાંમે તાંહાં કાલભૈરવ પૂજાવ્યા ॥ ૨૦ ॥

પરવતનાં બહુ ઝર્ણુ જ આવે તાંહાં રેવા વેછે ઘેરી ।
આલી મોહનને રાજપીપલા તાંહાં પરવત નાંહખા વેરી ॥ ૨૧ ॥

લોમસધોમે ભોમ દેખાડી જાંહાં વાનરીઓ વેજનાથ ।
વડીલોઢી પનોતીએ આવા તાંહાં જોડાવા હાથ ॥ ૨૨ ॥

તાંહાંસ્તકી આવીને નાહા નરબદાજી રાંમઘાટે । પૃ. ૮૬–૭૦
તાંહાં રામલખમણની પૂજા કીધી ભાગો ભવઉચાટ ॥ ૨૩ ॥

હંનમંતેશ્વર મોરલીસંગમ મહીમાનો નહી પાર ।
અર્દ્ધજલમાં અસ્ત્રી જ નાખે તેહને પૂનહી અવતાર ॥ ૨૪ ॥

અશ્રીતીરથનો આરો મોટો મંગલેસ્વરનો સેર ।
મંગરેશ્વરને જલ ચઢાવી પૂજા શ્રી કુબેર ॥ ૨૫ ॥

સંનાશ્રી જે તીરથવાસી મઠ તે વડની છાયા ।
સોમેશ્વર હનૂમાન પૂજીને ઓરસંગમમાં નાહા ॥ ૨૬ ॥

એકવત્રે અર્દ્ધજલે રહીને આપે હેમનૂ દાન ।
અંતકાલે મોખ જ પાંમે સીધ આવે વીમાન ॥ ૨૭ ॥

સાંણેસ્વરને નીલકંઠનંદા આનંદા બેહેની ।
ચાંણોદમાં સેષસાઈ પોઢા પૂજા કીધી તેહની ॥ ૨૮ ॥

કપીલેશ્વરને શ્રીરઘુનંદન ચક્રપાંણનો આરો ।
ગંગેશ્વરની પૂજા કરતાં સફલ થયો જનમારો ॥ ૨૯ ॥

સોભાગસૂંદરી એહેવાતંન આપે ભંડારેશ્વર પૂરે આસ । પૃ. ૮૭–૭૧
પછે આવીને પૂજા કીધી જાં શૂકદેવ વેદવાસ ॥ ૩૦ ॥

કરોલીઆ એરંડીઆ સંગમ તેણે આરે પૂજાં માંહાંમાયા ।
ઊંકારેશ્વર આરાધીને સકલ તીરથમાં નાહા ॥ ૩૧ ॥

સત્રુ મારી મહીની તીરે માહાદુખને નાખે ટાલી ।
ચાંપાનેર પાવાઘડ જોઈને તાંહાં પૂજાં માહાકાલી ॥ ૩૨ ॥

પાવાની પ્રદખણા કીધી બે દીવસ તાં રહીને ।
હવે ચાલો બારામાં જૈઈએ જાં સમદ્રુ પણ મહીને ॥ ૩૩ ॥ (?)

ધારેશ્વરની પૂજા કીધી દીઠો ઉત્તમ ઠાંમ ।
વીડીમાહાંથી પ્રવાહ ચાલે તેહે મહીરાલતેશ્વર નામ ॥ ૩૪ ॥ (?)

તાંહાંસ્તકી તે સહુકો ચાલા હુઆ ટાંકણપોર ગાંમ ।
એ ખેત્રતણો મહીમા છે મોટો તો તાંહાં શ્રાધ કરુ શ્રીરાંમ ॥ ૩૫ ॥

સીતાના કરનાં કાકંણ કાઢાં તાં કુંડ કરા છે ચાર ।
માંહથ હુઆ પ્રગટાને ચાલે જલની ધાર ॥ ૩૬ ॥

રાંમનાથને સીતાસ્નાંનક તાઢા ને ઉના વાર ।
શ્રાધ કરે પૂરવજ મોખ જ પાંમે વદે વેદ સંસાર ॥ ૩૭ ॥ પૃ. ૮૮–૭૨

શુર્જકુંડમાં જાવાલા ચાલે મોટી આસ જ વાત ।
વસ્રે નાખી ચોખા નાંખે તતખણ થાય ભાત ॥ ૩૮ ॥

પરતખ પારખુ દીઠુ પંચાલી લાગાં રુષીને પાયે ।
પ્રથવી પ્રદખણા કરવા નીસરા પૂર્ણ તે અમારાં ભાગ ॥ ૩૯ ॥

ભોજંન કરવા ઉતરાં તે દેખી ઉતમ ઠાંમ ।
જલકમલ ફુલાં કમલડાં દાકોર ગાંમ સે નામ ॥ ૪૦ ॥

કડવાં ૩, પદ ૨૦

## રાગ સામેરી

નડીઆદ નલરાજાનૂ વાશુ તે દેખીને રીઝા ભુપ ।
તાંહાં નાએમણુની પૂજા કીધી તે કાહાવે અકલ સ્વરૂપ ॥ ૧ ॥

સહુ સાથ સોજંત્રે આવા ખોજાઈ સ્નાંનક ભાવૂ ।
તાંહાંસ્તકી કલોલીઉ હનમંત જૈને તેલ ચઢાવૂ ॥ ૨ ॥

ત્રંબાવતી નગરીમાં આવા એહને હઈડે હરખ ન માય ।
સમૂડતણી સોભા છે સૂંદર પાછે મહીસાગરમાં નાહા ॥ ૩ ॥ પૃ. ૮૯–૭૩

બહુઉદકકુડ બહુકેસર માહાદેવ પછે કપીલકુંડમાં આવા ।
કપીલેશ્વર કાંતેસ્વર પૂજા તાં તે દુધચોખા ચઢાવા ॥ ૪ ॥

વેત્રવતી ને સાભ્રમતી સેઢી સંગમ ખડે ।
નેહલીઆલે સ્નાંન કરીને પીપલ પૂજે પાપ સમૂલાં ટાલે ॥ ૫ ॥

સોમેસ્વર ને સ્ત્યગરુષી સારણેશ્વર ભદ્રેશ્વર સરવનો આરો ।
કસપરુષી એ કાસંદ્રાવાસી જત્ર કરો ઘણુ સારો ॥ ૬ ॥

બ્રહ્મચારેશ્વર કરો રે પૂજા મે સાંભલતાં વાટે ।
લોમસધૌમ વાંણી એમ બોલા ભલે આવા ગજરાતે ॥ ૮ ॥

(આંકડો ખોટો છે)

ચંદ્રભાગા સાબરમતી સંગમ દુધેશ્વર નીકલંક ।
નીલકંઠની પૂજા કરતાં નવનીધ પાંમે રંક ॥ ૯ ॥

ખડગ ધોઈને હતા ખાઈ નાહાતા શ્રીરાંમ ।
ધોલેશ્વરનૂં માંન સૂધી કાશ્રીગંગા નાંમ ॥ ૧૦ ॥

અચલેસ્વર મોહેસ્વર આવા નીલકંઠ પૂજી ભાવે ।
અસારુઆમાં માતર પૂજાં તાંહાંથી તે શ્રીધવાવે ॥ ૧૧ ॥ પૃ. ૯૦–૭૪

ભાવ ધરી ગઆ ધનકધરી પડમાંવતી પૂજાં નરોડે ।
ઉટડીઆ વાત્રગે પૂજે તે પાતક સમૂલાં છોડે ॥ ૧૨ ॥

ગુજરાતની સોભા સુંદર અનેક દેવ પૂજાવા ।
વાટે જાતાં હરીગુણ ગાતાં બેચરામાં આવા ॥ ૧૩ ॥

માતાનો તે પરતાપ સાચો પૂર્ણનૂ બરદ છાજે ।
પેટમાંથી કુકડો બોલાવો તાં માંનસરોવર ગાજે ॥ ૧૪ ॥

ગોખતણી તાંહાં પૂજા કીધી અને હરીડે હરખ ન માય ।
ચાર રાત રહા ચાચરમા તે કોડે ગરબા ગાય ॥ ૧૫ ॥

તાંથી કુંડમાંહે આવી નાહા જાંહાં શ્રાધતણી વીધ છે મોટી ।
લોટેશ્વરની પૂજા કીધી બેત્રતણૂ નામ લોટી ॥ ૧૬ ॥

પછે પદમનાભ પાટણ પૂજા અન સરસ્વતી દેખાડી ।
સરગનીસણી ચઢી ઉત્તરીઆ તાંહાં દીઠી તુલસીવાડી ॥ ૧૭ ॥

તાંહાંસ્તકી તે તે સહુ કો ચાલા સરસ્વતીમાં આવા ।
પાવડીએ આરે શ્રાધ કરીને તલના પંડ ચઢાવા ॥ ૧૮ ॥ પૃ. ૯૧–૭૫

કારતગીએ ગંગા સરશ્વતી સંગમ નાહે પાતક ટાલે ।
બંદસરોવર પછે નાહા જે પૂજે રુદ્રમાલો ॥ ૧૯ ॥

અર્જનાવ નદીમાં નાહા જાંહાં કદેશ્વરી ભવાંની ।
ભોજન કરવા ઉતરા ને શોભા દીઠી તાંહાંની ॥ ૨૦ ॥

સિદપૂરમાં સરસ્વતી મોખેશ્વર શ્રીધમાતા પૂજાવાં ।
ચાંપલેશ્વર તે ચંબેતપાટાલે પછે આવા અંબાવે ॥ ૨૧ ॥

આરાશૂરમાં સહુ કો આવા અંબાજીને નાલાં ।
અહો અહો મૂખથી ઉચરતાં કોટવીઘન એ ટાલાં ॥ ૨૨ ॥

પાંડવરુષી રલીઆત થૈઆ ને અંત્રીખ દેરુ તે જોઉ ।
ઈદુસ્વદેસ રસાલો દીઠો તે ગઢ દેખી મન મોહુ ॥ ૨૩ ॥

મેફીનદી તે રુદ્રપ પૂરીને ગદાધરરાયનૂ સ્વરૂપ ।
ઉદંબરરુષીની પૂજા કીધી જાંહાં રાજા હરિચંદ્ર ભૂપ ॥ ૨૪ ॥

કરાંબતલાવની તીરે આવા રે જાંહાં નીર ભરુ ગંભીર ।
ધરમસત્યાંએ શ્રાધ કરુ તાં પાંડવ ચારે વીર ॥ ૨૫ ॥

પૂજા કરવા કુંકંમશૂ પંચાંમ્રતે હોમ કીધા ।
પછે લોમસઘૌમે હાથ જોડાવા આસીરવાદ તાંહાં દીધા ॥ ૨૬ ॥ પૃ. ૯૨–૭૬

શ્રીવ ગણુપતને કાલભૈરવ સ્નાંન કરાં તાં વાવે ।
પંચદીવસ રહા ચાચરમાં, કીપા કરી અંબાવે ॥ ૨૭ ॥

દ્રુપદી સતી અંબા માહામતી કોડે જોડે ગરબ્બા ગાયા ।
પાંડવરુષીએ અચર્જ દીઠુ એ સાચાં માંહાંમાયા ॥ ૨૮ ॥

પરતોસારો રે વાઘધેનુ ચારે સહુ કોડ એહને હાલે ।
કોટેશ્વરની પૂજા કરતાં કોટ વીઘ્નને ટાલે ॥ ૨૯ ॥

કોઈલા પરવત ગફા ગંભીર તે દેખી મન હીસે ।
માંહે ઝાંઝરના ઝમકાર વાજે માંહે ગેબી દીવો દીસે ॥ ૩૦ ॥

એ સ્નકનો મહિમા મોટો તાંહાં રુષીએ ગરબા ગાયા ।
કલ્પવખમાંહેથી આવે સરસ્વતી તેણે સ્નાતક રાહા ॥ ૩૧ ॥

પંથ માંહે ન મલે પાંણિ અને આણુધડમાં આવા ।
અંત્રીખ જઈ અરબૂદા જોઆં અચલેશ્વર પૂજાવા ॥ ૩૨ ॥

ગૌતમરુષીએ પાજ બાંધી છે તે ચઢીને જોયો ઠામ ।
ગૌતમકુંડમાં સ્નાંન કરાં તેહનૂ લોઢી દ્વારકાં નામ ॥ ૩૩ ॥ પૃ. ૯૩–૭૭

પરવત ઉપર દેવ ને દેહેરાં અને જૈનધર્મના ઠાંઠ ।
સતી સનાસી પર્વત વ્યસી જોયા દીવસ આઠ ॥ ૩૪ ॥

સહુકો સાથે સીરોહીએ આવા અને સાણેસ્વર પૂજાવા ।
વાટઘાટ ભાજે ઉચાટ તે સોમેશ્વર મન ભાવા ॥ ૩૫ ॥

દીઠુ સોરાષ્ટ અને માંહાંતનાં મઠ અટપટ બોલે રે વાંણી ।
પૂનકર્મને વિષ્ણુવીન ધરમ તે હર્ષઆમાં આંણી ॥ ૩૬ ॥

ધર્માર્ણ્ય ખેત્રમાં આવ્યા સૂર્યકુડમાં નાહા ।
બ્રહ્મરાખસ રઘુપતીએ મારો તે તાંહાં મૂંકાયા ॥ ૩૭ ॥

પર્વતની ખોઅણુ મોટી તેમાં વાગે પડછંડા ।
તેઅ માંહ જઈ ઉતરી જૈ પૂજાં ચામુંડા ॥ ૩૮ ॥

મેવાડદેશે સહુએ આવા વિખમપંથ તે કાપા ।
એકલંગમાંહાંદેવ પૂજા જે તખનાગે થાપા ॥ ૩૯ ॥

પછે સાઠ ડુંગરીની સોભા સૂંદર અને સાગરરાજાયો ।
કુભલ ખડગ કટાર વ્યઢ તે દેખીને મન મોહ્યા ॥ ૪૦ ॥

માલદેસ ઉજણુ પ્રવેસ તાંહાં પૂજા હરિસૂત ।
મહાંકાલેશ્વર જાવૂ સફરા નાહાવૂં સીધ આપે નવનીધ ॥ ૪૧ ॥

દીઠુ કુરુખેત્ર સીતલ થયા અને સુદર સોભા તાંહાંની ।
ચંડમૂંડ ચોલા રણુમારો તીપુરા તે ભવાંની ॥ ૪૨ ॥ પૃ. ૯૪–૭૮

જંબૂદીપ રસાલ વીસાલ વૃર્ખં તે ડાલે ફૂલનો ઠાંમ ।
વાયે હાલે પ્રવાહ ચાલે જાંબૂવતી નદી નામ ॥ ૪૩ ॥

દેવદેહરાં જોઈને હરખા પછે આવા હરિદ્વાર ।
રુષીને ચરણે લાગાં સંકટ ભાગાં ભલ અવતરા સંસાર ॥ ૪૪ ॥

॥ કડવાં ૪, પદ ૧૬૪ ॥

## રાગ ધનાસી

પ્રથવી પ્રદખણા દેસા દીઠા ઘણા અને
નીરમલ કીધી રે કાયા ।
રુષી તંમ પ્રતાપ ગયાં સર્વં પાપ અને
વિષ્ણૂપાદોદકી નાહ ॥ ૧ ॥

થયાં દેહ સાધં જેયાં ગંધમાદંન
રુષી આ સજને ।
આશ્રર્મં ઈન્દ્રસદનથી અર્જુંન આવા વીદ્યા લાવા
માહાસૂખ પામા ધરમ ॥ ૨ ॥

પાંચ વીર મહલા મહાસોક ટલા પ્રજાલા સંતાપ ।
ઈન્દ્રે ભણોવો કુશલો આવો તે તમ તણો પ્રતાપ ॥ ૩ ॥

પેહેલી વીદા બ્રાહ્મસદનની બીજી રસાયંનના ભેદે ।
ત્રીજી વદા સુરમત સીખો ચતુરા વદા વેદ ॥ ૪ ॥

પાંચમી તે તપની વેદા છઠું વાકણ જાંણૂ ।
સાતમી વીદા જોતીસની છે તેહનૂ ઘણુ વખાણૂ ॥ ૫ ॥

આઠમી ધનુરવીદા મંત્રે સાધુ બાંણુ । પૃ. ૯૫–૭૯
દેવને દાંનવ નવ જિતે તે વેદા તે પ્રમાંણુ ॥ ૬ ॥

નવમી વીદા જલ તરવાનિ દસમી તે વૈદગ્રંથ ધરવા ।
અગીઆરમી તે હેયની વીદા વીકટ પાધરા કરવા ॥ ૭ ॥

બારમી તે ગાભજ વીદા તેરમી વીદા નાચે ।
ચૌદમી વીદા સંબોદનની સાંમાનૂ મન રાચે ॥ ૮ ॥

ધરમ કેહે અરજુન ભલે આવો ચૌદે વીદા લીધી ।
રુષી પસાએ પ્રભૂ સાહાવે પ્રથવી પ્રદખણા કીધી ॥ ૯ ॥

ચીણુમાહાચીએ ભોટ માહાભોટ પછે જોયો દેસ તે વંગ ।
કરણુને માહાકર્ણું જ આવા પછે દીઠો દેસ અંગ ॥ ૧૦ ॥

કલંગને મહાકલંગ જ દીઠા ગોડને બંગાલ ।
કામરુને કુકંણુ નીરખાં મછદેસ સરસાલ ॥ ૧૧ ॥

અરબુદને ફરંગ ફરીઆ મારુને સોરાષ્ટ ।
અલીલ મલેછ જોતાં જઈ ચઢા મારાષ્ટ ॥ ૧૨ ॥

માલવને મૂલતાંન કનૌજ ધનૂર જ ગંગાતીર ।
પૂર ધીજયાક્ષ ને અરબૂદ જોયા જ્યાંહાં છે સાગરખીર ॥ ૧૩ ॥

પછે પછમદેસ આવા સોરાષ્ટ વાંહાલીકજંન ।
પૂનાગદેસ જોઈ જૈ આવા જાંહાં છે નાગ ગહંન ॥ ૧૪ ॥ પૃ. ૯૬–૯૭

સંખાતાલ દેસ તે જોઓ સૌરવીમાં કરો પ્રવેસ ।
પછમસાગર સ્નાંન કરીને આવા કૈકવદેસ ॥ ૧૫ ॥

સંજેદસને મરીઅચ પાટણુ જટીલપુર તે ગામ ।
સંધૂ સાગરને સ્રીયારાજ તે જોયા ઉત્તમ ઠાંમ ॥ ૧૬ ॥

હેમગીરી સંગ સાત જોયા જેહનો શીતેર જોજન ફેર ।
પૂહકરને વડગાંધાર નીરખા પછે આવા કાસમેર ॥ ૧૭ ॥

હરીદેસને પારજાતીક ગ્રાંધવ ચોવીસ કોડ ।
પાજ્ગજોતી ને મયશ્રંગન મલે તેની જોડ ॥ ૧૮ ॥

ચક્રવાક નગર તાં નીરખુ અસ્તાચલ દીઠો સાર ।
ભાસકરનાં તાં ભૂવન દીઠાં આગલ છે અંધકાર ॥ ૧૯ ॥

ઉતરમાં તે ઉતપતીને આવા જાંહાં મછદેસ ઝાતકાર ।
સૂરસેન પ્રસ્તનગર જ મોટું જાંહાં વર્ણ વસે અઢાર ॥ ૨૦ ॥

ભદ્રદેસ ને મીનાક પર્વત રુષી સાતનાં રે ભૂવંન ।
માલવાંન તોખાર જ દીઠા જોયા દેસજવંન ॥ ૨૧ ॥

કુજરસીગલ ને કાંબોજ જયો આવા હેમગીરીને પાસ તે ।
સંમ ઉપર ચઢીને જોઈ છે દીસે છેક કૈલાસ ॥ ૨૨ ॥

કુબેર તણાં તાં ભૂવન નીરખાં કરંજ પર્વત પ્રૌઢ । પૃ. ૯૭–૮૦
હંસગીરીને ત્રીસંગ પરવત તે દેખી થઆ દીગમૂઢ ॥ ૨૩ ॥

મંડરાચલ પર્વત છે પ્રોઢો તાંહાં રતનસમૂદ્રનો યોગ ।
વૃક્ષો સ્ત્રીપુરુષ પ્રગટે રતે વરજીત દીવસે ભોગ ॥ ૨૪ ॥

સોમગીરીને સત્યદ્રીપ જ નીરખા ચાંડાવલ ચડેરી ।
ભાગીરઠી ને જમુનાં સરસ્વતી ફલકુ ને કાવેરી ॥ ૨૫ ॥

ક્ષીપ્રા જંબૂવતી ને ગૌતમી નદીમાં નાહા ।
સહેસ્રપ્રભા ગંગાસાગર તાંહાં પવિત્ર કીધી કાયા ॥ ૨૬ ॥

હેયમૂષા ને ઉટમૂષા એકપગાં માંણુસ જોયાં ।
કાલબૂધને લાંડીત સારગર નવખંડા જોયાં મન મોહાં ॥ ૨૭ ॥

ગોશ્રંગ પવત અને ક્ષારદધી ઉદયાચલ શુધી ફરીયા ।
સહેસ્રસંગની સોભા જોઈ દખણમાં ઉતરીઆ ॥ ૨૮ ॥

વંધાચલ ને મૂદા કૃષ્ણવેણુ જંબૂવતીને રે તાપી ।
ઈખુવતીને દંડકારણ્ં જોતાં પાતક નાંખે કાપી ॥ ૨૯ ॥

મહી વાતરગ ને સેઠી સાંમ સાભરમતીનો આ.રો ।
ગોદાવરી ગીરીબ્રંહ્મ જોઈને સફલ કરો જનમારો ॥ ૩૦ ॥ પૃ. ૯૮–૮૧

સાયદ્રીપ મહેદ્રગીરી દેવલરુષી તણાં આશ્રમ ।
નદી સરોવર ગફા ને ગંભીર એ જોઉ કેહે રાય ધર્મ ॥ ૩૧ ॥

વાવકુંડ તલાવ સરોવર નદી પર્વત વંન ।
સ્ત્યદીવીપ મહાદેવ દેરાં નરખાં લેખીની દીન ॥ ૩૨ ॥ (?)

પ્રથવી પ્રદખણા જાવુ રલીને ખાવૂં, ઓછે આયુસ કંર્મે ફરીઆ ।
દાન કીજે પૂન દીજે તો તીરથનૂ ફલ થાય ॥ ૩૩ ॥

પરમેશ્વર દીઠા નથી કોણે તે સાંભલા સમાન । પૃ. ૯૯–૮૨
ભજનથી હરી નવ મલે તો માવદાસ જમાંન ॥ ૩૪ ॥

સંવત ૧૭૯૬ છંનૂઆ પ્રવતમાને આસો માસે કૃષ્નપખે
તથા ' આઠમ ઉપરાંત નોમ રવીવારે ।
તીર્થમાલા નાંમ ગંથ્નો કવીતા
માવદાસ સૂતાર ॥ ૩૫ ॥

શીખે ગાયેને સાંભલે રુદે રાખે રૂપેર ।
કૃમે લખતે આચરશે તેહને અરસઠ તીરથ ઘેર ॥ ૩૬ ॥ કડવાં ૫ ॥

પદ ૨૦૦ ॥ ઈતી તીર્થમાલા સમાપ્તતઃ મહાવદાસકત છે ॥

શ્રીરાંમાય નમઃ ॥ શ્રી ॥ શ્રી ॥

# વાર્ધક્ય

**વૈદ્ય મણિભાઈ કાલીદાસ બ્રહ્મભટ્ટ***

આયુર્વેદના આચાર્યોએ અજર થવા માટેના ઉપાયો શોધવા માટેના અભ્યાસમાં સ્પષ્ટપણે એ સિદ્ધ કર્યું છે કે જઠરાગ્નિ, ધાત્વગ્નિ અને ભૂતાગ્નિ જ્યાં સુધી સમસ્થિતિમાં હોય અને પ્રાપ્ત થતા પ્રસન્ન આહારરસ–ધાત્વાહારને લઈને ધાતુઓની ક્ષતિપૂર્તિ થતી હોય તેમજ રસપ્રાપ્તિ માટેના સ્રોતો પ્રાકૃત હોય, ધાતુપોષણ પરંપરા યથાવત્ થતી હોય ત્યારે જરા–વાર્ધક્ય જેને આયુર્વેદના આચાર્યોએ 'સ્વાભાવિક રોગ' તરીકે ગણાવેલ છે તેને અટકાવી શકાય છે. આ પરથી 'સ્રોતો'ની મહત્તા સિદ્ધ થાય છે. પ્રો. બેબેલ તો સ્પષ્ટ કહે છે કે 'પ્રાકૃતરીત્યા પેદા થતી વાર્ધક્યક્રિયા કે જે શૈશવકાલમાં શરૂ થાય છે તેને અટકાવવી શક્ય નથી'. પરંતુ આયુર્વેદના આચાર્યોના વિધાનને અનુસરતાં વૈજ્ઞાનિકો એ નિર્ણય પર પહોંચ્યા છે કે રક્તવાહિનીઓ–કેશિકાઓની અધસ્તૃતકલા ( Basement membrane )માં જામતા તન્તવીય દ્રવ્યોને અટકાવવાથી વૃદ્ધત્વને પેદા થતું અટકાવી શકાશે અને કદાચ રોગોત્પાદક Paraproteins ( પેરાપ્રોટીન ) કે જે સાર્વદૈહિક યોજ્યુતિકરમાં જામે છે તેને પણ દૂર કરી શકાશે.[1]

બાહ્યકારણો, ન્યાસર્ગિય ( Harmonal ) અને ચેતાવિષયક ( Neural ) તત્ત્વો વૃદ્ધ થતા પરમાણુ–કોષો પર અસર કરે છે. વિજારન્યષ્ટિકઅમ્લ ( Deoxyribonucleic acid DNA ) વ્યૂહાણુમાં વયસંબદ્ધ ફેરફારો થાય છે અને તેમાં હાનિ પેદા થતાં કોષક્રિયા ( Cell function )માં વૈષમ્ય પેદા થાય છે અને કોષ મૃત્યુ પામે છે. વૃદ્ધત્વ અંગેના સંશોધનમાં હવે વૈજ્ઞાનિકો વિજારન્યષ્ટિકામ્લમાં પેદા થયેલ ફેરફારને વિધ્રુસન ( Cell degeneration ) માટેનું કારણ માનવા લાગ્યા છે. અમુક સીમાપર્યંતનો શારીરિક શ્રમ શારીરિક ક્રિયા અને સંરચનાની અખંડતા જાળવી રાખે છે. જ્યારે શારીરશ્રમહીનતા અથવા હલનચલનનો અભાવ વિધ્રુસન અને અપોષક્ષય ( Disuse atrophy ) તરફ દોરી જાય છે.[2] આ સ્થિતિ વાર્ધક્યમાં દશ્ય બને છે. કોષમાં રહેલ DNA અને RNA વ્યૂહાણુઓ જે કોષોના સંવર્ધનનું નિયમન કરે છે તે જીવનોપયોગી તિકતીઅમ્લો ( Essential amino acids )માંથી પેદા થાય છે. આહારમાં આ તિકતીઅમ્લોની

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬, પૃ. ૪૦૧–૪૧૮.

* ૧૮, ગુરુકૃપા સોસાયટી, જલારામ મંદિર સામે, કારેલીબાગ, વડોદરા–૩૯૦ ૦૧૮.

1 Voglav Dejonal—Examination technique of blood capillaries in Clinical practice. Published—Univerzitakarlova Acta Universitatis Carolinae praha Monograph, XXXVI 1968.

2 Derick Prinslay Reviewed by cellular ageing concept and mechanisms part I ( ed. ) Richard & Catter–General concepts and mechanisms. Fidelity of informations, Interdisciplinary topics in gerantology Vol. I 1976, Barel. S. Karger, Sydney, Australia, Australian daily information service. Pvt. Ltd.

લાંબા સમય સુધીની ઉણપ દોષયુક્ત DNA અને RNA વ્યૂહાણુની ઉત્પતિ કરે છે. આ દોષયુક્ત વિન્જારન્યષ્ટિકઅમ્લ (Deoxyribonucleic acid) અને કિંકરાલન્યષ્ટિકઅમ્લ (Ribonucleic acid) કોષની વૃદ્ધિના નિયમન માટે શક્તિમાન હોતા નથી જેથી કરીને કોષવૃદ્ધિ હાનીપૂર્ણરીત્યા થાય છે અને તેથી અર્બુદ (Tumourmalignancy) જેવા દુષ્ટ રોગ અને ઉચ્ચ વિપર્યયણુ (Anaplasia) પેદા થાય છે.[1] આથી સ્પષ્ટ થાય છે કે DNA અને RNAનું કાર્ય વાયુનું છે. વૃદ્ધાવસ્થામાં આયુર્વેદસિદ્ધાંતાનુસાર વાયુની વૃદ્ધિ થાય છે–'वार्धक्ये वर्धते वायु:' ડૉ. ફેઈફર (Pfeiffer)ના મતાનુસાર ઘડપણની વ્યાખ્યા બદલવા જેવી છે. ઘડપણ એટલે જન્મથી અત્યાર સુધીનો સમય–અર્થાત્ વય નહિ પણ વર્તમાનસમયે જે ક્રિયાશક્તિ હોય છે તે સમય અને મૃત્યુસમય વચ્ચેનો ગાળો એમ લેવું જોઈએ.[2] લોસ એંજેલીસની વૈદ્યકીયશાળાના પ્રાધ્યાપક રોય વોલફોર્ડના મતાનુસાર જે ઘડપણમાં પેદા થતા પ્રતિકારિકીય (Immunologic) ફેરફારો પર આધારિત છે તે પ્રતિકારિકીય સંસ્થાનના અભ્યાસમાં એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ છે કે વધતી જતી ઉંમર સાથે પ્રતિકારકક્રિયા અથવા રોગક્ષમત્વ–સહિષ્ણુતામાં ઘટાડો થાય છે અને તે સાથે જ આત્મપ્રતિકારિકીય (Autoimmunity) શક્તિમાં વધારો થાય છે જે શરીરના પોતાના પર હુમલો કરે છે અને આ ફેરફારો વાર્ધક્યવિધા (Ageing process) માટે મૂલપરિવર્તનકારક છે. આ જ્ઞાન થતાં રોગક્ષમતામાં આહાર, તાપમાન વિગેરેમાં ફેરફાર કરીને તેમજ અન્ય ક્રિયાઓ વડે વાર્ધક્ય તરફ દોરી જતી ક્રિયાને ધીમી પાડી શકાય છે.[3]

## વાર્ધક્યમાં શારીરક્રિયાવિષયક ફેરફારો

વધતી જતી વયાનુસાર પેદા થતા ખૂબ જ મહત્ત્વના શારીરક્રિયાવિષયક ફેરફારો નીચે પ્રમાણે છે :

(૧) ચરબીહીન શરીરના જથ્થામાં તેમજ શરીરમાં વપરાતા પ્રાણવાયુ ($O_2$)ના જથ્થામાં, તેમજ આધાર ચયાપચય (Basal metabolism)માં સમગ્ર શરીરગત દહાતુ (Potasoium)ના જથ્થામાં અને કોષાભ્યંતરજલરાશિ (Intracellular water)માં ઘટાડો થાય છે.

---

1 S. G. Mulay and L. H. Hiranandani—Epidemiology and oetiology of head and neck cancers. Bombay Hospital Journal Published by Bombay Hospital Research Centre Publications, New Marine Drive, Bombay-400 020. Vol. 17, No. 4, 1975.

2 Dr. Pfeiffer predicts that the term 'Ageing' will be redefined to mean not the distance from the birth but the distance from death as measured by functional activity.

Richard, F. Greber—Ageing in 2025, telling it like its going to be, Geriatrics, Publisher—Harcourt Brace Jovanovich Publications Corporation, 7500, Old oak, Boulevard, cleveland, Ohio, 44190, February, 1976, P. 119.

3 Saul Kent—Why do we grow old ? Geriatrics, February, 1926 pp. 129-30.

(૨) વૃક્કગત રક્તપ્રવાહ ( Renal blood flow ) ૨૦ થી ૮૦ વર્ષની વચ્ચેની ઉંમર ધરાવતા સ્વસ્થ મનુષ્યોમાં ઘટે છે અને તેથી કરીને કેશિકાજૂટપાવનદર ( Glomerular filtration rate )માં ૪૬ ટકા જેટલો ઘટાડો થાય છે. મૂત્રવહનાલીય કોષો વડે ગ્લુકોઝ, પેરા એમાઈનો હીપ્યુરીક એસીડ–પરાતિક્તી અશ્વમેહિક અમ્લ (Paraamino hippuric acid) અને Iodopyracetને રક્તમાંથી છૂટા પાડી મૂત્ર દ્વારા નિષ્કાસિત કરવા માટેની ઉત્કૃષ્ટ સ્રાવ–ક્રિયામાં અનુપાતી ઘટાડો થાય છે અને આ સાથે મૂત્રની સાન્દ્રીકરણક્રિયામાં ઘટાડો થવા સાથે મૂત્રગત અમ્લ તેમજ ક્ષારીય જથ્થાને નિષ્કાસિત કરવાની ક્ષમતામાં પણ ઘટાડો થાય છે. સમગ્રતયા આ ક્રિયાચિત્ર ધીમે ધીમે વધતી જતી ઉંમર સાથે વૃક્કાણુ અથવા મૂત્રવહસ્રોત ( Nephrons )ની સંખ્યા કે જે વૃક્કાણુની પ્રાકૃત ક્રિયાને ટકાવે છે તેમાં ઘટાડો થાય છે.

(૩) વાર્ધક્યમાં ફેફસાંની વિસ્તારશક્તિ (Compliance) અને ઉચ્છવાસની પેશીઓની શક્તિમાં ઘટાડો થાય છે અને પેદા થએલ વાતકોષવિસ્તાર ( Emphysema )ને લઈને શ્વસન માટેના વિસ્તરણસ્તર ( Ventilatory exchange surface )માં પણ અલ્પતા પેદા થાય છે. ફેફસાંની સંપૂર્ણક્ષમતા ( Total lung–capacity–TLC ) અને આરામસમયની શ્વાસ-માત્રામાં મહત્ત્વનો ફેરફાર થતો નથી પરંતુ અવશિષ્ટ વાયુની પરિમા ( Residual volume ) અને મૂઢસ્થાન ( Deadspace ) સંવાતનમાં વધારો થાય છે પરિણામે શ્રેષ્ઠ ઉચ્છવાસમાત્રામાં ઘટાડો થાય છે.

(૪) આરામસમયે રક્તગતવાયુમાં થતા ફેરફાર પ્રાણવાયુના પ્રાચલ ( Parameter ) વડે સીમિત હોય છે. મધ્યમ વયના માણસોમાં ધમનીગત અંગારવાયુનું આંશિકપીડન ( $PaCo_2$ ) પ્રાકૃતસીમામાં હોય છે પરંતુ ૨૦ અને ૮૦ વર્ષની વચ્ચેની વયના માણસોમાં પ્રાણવાયુનું આંશિક-પીડન ( $PaO_2$ ) ૧૦ થી ૧૫ ટકા જેટલું ઘટે છે અને ધમનીગત રક્તમાં પ્રાણવાયુના અનુવેધન ( Oxygen saturation )માં ૫ ટકા જેટલો ઘટાડો થાય છે. ૪૦ અને ૭૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા માણસોમાં દર વર્ષે પ્રાણવાયુનું આંશિકપીડન સરાસરી ૦.૨૨ ટોર ( Torr ) જેટલું ઘટે છે. જ્યારે પ્રાણવાયુ માટેના વાતકોષધમનીગતપ્રચાલન ( Alveoarterial gradient ) જે યુવાનોમાં ૮ ટોર હોય છે તે ૭૫ વર્ષની ઉંમરવાળામાં ૧૭ ટોર જેટલું થાય છે. આ ફેરફાર સંવાતન । પ્રચ્યાવનના વિમેલ ( Mismatching of ventilation perfusion ) અને અસમાનતાને લઈને, મૂઢસ્થાનમાં વધેલ સંવાતનને લઈને તેમજ શ્વાસપથના રોધને લઈને પેદા થાય છે. અમ્લપીઠ અવસ્થા ( Acid base status ) દર્શાવતા રક્તગત વાયુતત્ત્વોની સાંદ્રતા, ઉદ્દજનનું આંશિકપીડન ( PH ), બાયકાર્બોનેટ, વધુ પડતું પીઠ ( Base excess ) અને વિદ્યુદ્દાહકો ( Electrolytes ) યુવાન માણસોની જેમ ઘરડા માણસોમાં ખાસ કરીને સરખા હોય છે.[1] એવો મજબુત આધાર છે કે બલપૂર્વકના ઉચ્છવાસ ( Forced expiration )માં ફેફસાંના તલભાગના શ્વાસપથ–વાતવાહિનલિકાઓ અને સીમાતવાતવાહિનલિકાઓ બંધ થઈ જાય છે. વધતી જતી વય સાથે આ રીતે ફેફસાંના શ્વાસપથનું બંધ થવું ફેફસાંના જે ભાગને

1 Werner R. Fleischer—Laboratory assessment of acid base imbalance Geriatrics, January, 1974.

અસર કરે છે તે ભાગમાં વધારો થતો રહે છે અને ખૂબ ઘરડા માણસમાં ક્રિયાશીલ અવશિષ્ટ-શ્વાસમાત્રા ( Functional residual volume ) સમયે પણ તે બંધ થઈ જવાની શકયતા રહે છે અને તેથી ફેફસાંમાં અવશિષ્ટ વાયુમાત્રામાં વધારો થાય છે.[1]

(૫) સ્વસ્થ વૃદ્ધ માણસ તેના શરીરની રચના અને ક્રિયામાં થએલ ફેરફારોની સામે પ્રાકૃત પાયાનાં મૂલ્યો ( Normal baseline values ) જાળવી શકે છે. પરંતુ જ્યારે તેની સંચિત સમતા ( Homeostatic reserve )ને પડકાર થાય છે ત્યારે તેની શરીરક્રિયાવિષયક શક્તિમાં દેખીતી રીતે હીનતા જણાઈ આવે છે. વિષાદ ( Stress ) પરત્વનો તેનો સમતાનો પ્રત્યાઘાત તેની શારીરક્રિયાને સમસ્થિતિમાં જાળવવાની શક્તિમાં અલ્પતા, ક્ષતિપૂર્તિ કરવાની શક્તિમાં અલ્પતા હોય છે અને સમસ્થિતિમાં આવતાં વધુ પડતો સમય લે છે. આ રીતની બદલાએલ પ્રતિક્રિયાને લઇને શારીરક્રિયામાં ' અસમત–વૈષમ્ય ( Imbalance ) વારંવાર પેદા થાય છે અને તીવ્રક્ષતિ ( Decompensation ) તરફ દોરી જાય છે. બીજી બાજુ વિષાદમાંથી પ્રાકૃતસ્થિતિમાં પ્રાપ્ત થતાં વધુ સમય લાગે છે અને તે પણ સરળ ક્રિયા હોતી નથી. વાર્ધકયમાં અંતઃસમતાને નિભાવવા માટે અમુક શારીરક્રિયા અત્યંત આવશ્યક હોય છે અને તે આરામની અવસ્થામાં સારીએ જીંદગી પ્રર્યંત સ્થિર રહે છે. આ રીતે જોતાં ભૂખ્યા પેટે રક્તગતશર્કરા ( Fasting blood sugar )ની સીમા, રક્તપરિમા ( Blood volume ), ઉદ્દજનનું આંશિકપીડન ( PH ), રક્તકણસંખ્યા અને રસાકર્ષણ બલ ( Osmotic pressure )માં વધતી જતી વયાનુસાર થોડોક ફેરફાર થાય છે. આમ છતાં બાહ્ય કારણો કે જે વિષમ પરિસ્થિતિ પેદા કરે છે તે પરિવર્તનોમાંથી પ્રાકૃત સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઘરડા માણસને યુવાન કરતાં વધુ સમય જોઈએ છે. જ્યારે મ્હો અથવા સિરા વાટે ગ્લુકોઝનું દ્રાવણ આપવામાં આવે છે ત્યારે રક્તગત-શર્કરામાં જે વધારો થાય છે ત્યારે યુવાન માણસમાં તેને પ્રાકૃતસ્થિતિ–( રક્તગતશર્કરાસીમા ) પ્રાપ્ત થતાં જેટલો સમય લાગે છે તેથી ઘણો વધારે સમય ૮૬ વર્ષના માણસને જોઈએ જ્યારે છે. ગ્લુકોઝ સાથે ઈન્સ્યુલીન આપવામાં આવે છે ત્યારે બન્નેની રક્તશર્કરાને પ્રાકૃત સ્થિતિમાં આવતાં થોડો સમય લાગે છે પરંતુ અહીં પણ યુવાનમાં ઈન્સ્યુલીનની અસર વધારે જણાય છે. એ પણ હકીકત છે કે યુવાન કરતાં વૃદ્ધોમાં રક્તમાં દાખલ થતું ઈન્સ્યુલીન અલ્પ હોય છે કારણ કે ઘડપણમાં અગ્ન્યાશયસ્થિત લેંગરહાનના દ્વીપકોષો યુવાનમાં હોય છે તેટલા સંવેદનશીલ હોતા નથી. ઉંમર વધવા સાથે બધી જ શારીરક્રિયાઓની ક્રિયાક્ષમતામાં સ્પષ્ટ ઘટાડો થાય છે.* કેટલીક ક્રિયાશક્તિ અન્ય ક્રિયાશક્તિ કરતાં વધુ અસરગ્રસ્ત બને છે. જેમકે ચેતાપ્રણોદસંવાહનપ્રયોગ ( Nerve conducition velocity )માં સરાસરી ૧૫ થી ૨૦ ટકા જેટલો ઘટાડો થાય છે. શ્રેષ્ઠવ્યાયામ સમયે પ્રાણવાયુના વપરાશમાં ૭૦ ટકા જેટલો ઘટાડો થાય છે. ૩૦ થી ૮૦ની ઉંમર સુધીમાં માંસપેશીના બલમાં ૪૨ ટકા જેટલો ઘટાડો થાય છે. ઉંમર વધવા સાથે શારીરક્રિયામાં વધતો જતો ઘટાડો ૨૦ અને ૯૦ વર્ષ વચ્ચેના

---

1 M. Henry Williams—Special problems in respiratory diseases, Geriatrics, June 1974, P. 68.

* William Boya—Pathology for the Surgery, Kidney, Publisher–Lea and Fabiger Philadelphia, U.S.A. 1961.

ગાળામાં સમગ્ર શક્ત્યુત્પાદનમાં થતા ઘટાડાને લઈને હોય છે. ચુલ્લિકાગ્રંથિના ન્યાસર્ગ (Thyroia hormone) કોષીય ચયાપચયના વેગનું નિયમન કરે છે. કેટલાક અભ્યાસથી એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ છે કે ચુલ્લિકાગ્રંથિની ક્રિયામાં ખાસ ફેરફાર થતા નથી.

યુવાન માણસમાં રક્તમાં સંવાહિત થતા ચુલ્લિકાગ્રંથિન્યાસર્ગ, જેની સીમાની ગણતરી રક્તરસગત પ્રોટીનબદ્ધ આયોડીન (Plasma-protein bound iodine) તરીકે કરવામાં આવે છે તેને વયની અસર થતી નથી પરંતુ તેજોદ્રિરથાયરોકસીન (Radioactive thyroxine)નું રક્તમાંથી અદશ્ય થવાનું માપન એ સ્પષ્ટતા આપે છે કે ન્યાસર્ગમાં પ્રતિદિન થતું વ્યાહ્રાસન ૨૦ અને ૯૦ વર્ષની વચ્ચેના સમયમાં ૮૮ માઇક્રોગ્રામથી ૪૨ માઇક્રોગ્રામ જેટલું નીચે આવે છે. આનો અર્થ એ થયો કે વધતી જતી ઉંમર સાથે ચુલ્લિકાગ્રંથિસ્રાવમાંના Thyroxineના સંશ્લેષણ અને સ્રાવમાં ઘટાડો થાય છે. આ સાથે એ સ્પષ્ટતા મળી છે કે બાહ્ય કારણોને લઈને જ્યારે ચુલ્લિકાગ્રંથિ ઉત્તેજિત થાય છે ત્યારે તે વધારાનું થાયરોક્સીન સંશ્લેષિત કરીને તેનો રક્તમાં સ્રાવ કરવાની ક્ષમતા ધરાવે છે. શોક (Shock)નું માનવું છે કે ઉંમર પરત્વે ચયાપચયમાં થતો ઘટાડો ચયાપચયકારક ધાતુની અલ્પતાને લઈને હોય છે નહિ કે ચુલ્લિકાગ્રંથિની ક્રિયામાં પેદા થએલ મન્દતાને લઈને. ઘડપણમાં સંચિતક્રિયાશક્તિ (Reserve Capacity)માં થતો ઘટાડો કોષાલ્પતાને લઈને હોય છે અને તેમાં પણ અવિભાજ્ય ચેતા અને પેશાકોષોની અલ્પતા મુખ્ય છે વાર્ધક્યસંશોધનકેન્દ્રમાં ૧૯૫૯ થી ૧૯૬૯ વચ્ચેના સમયમાં ૪૭૦ માણસોનું વારંવાર માપ લેવામાં આવ્યું હતું અને તેમાંથી એ ફલિત થયું હતું કે તેઓનું સરાસરી વજન તેઓ પંચાવન વર્ષના થયા ત્યાં સુધી વધતું હતું. પંચાવન વર્ષ પછી ઊંચાઈમાં ઘટાડો થાય છે. શરીરમાં પાણી અને દહાતુ (Potassium)ના આગણન વડે એ નક્કી થયું છે કે મધ્યમવય:અને ઘડપણમાં વજનનો વધારો ચરબીના વધારાને લઈને થાય છે. માણસમાં ચરબીનો સરાસરી વધારો ૨૦ વર્ષે ૧૧ ટકા અને ૬૫મા વર્ષે ૩૦ ટકા જેટલો જણાયો હતો. જ્યારે સ્ત્રીઓમાં તે ૨૮.૭ ટકાથી ૩૦.૫ ટકા જેટલો હતો.[1] ઉંમર વધવા સાથે માણસમાં સાકર માટેની વૃક્કદેહલિ (Renal threshold) ઊંચી જાય છે જે ૨૫૦ મિ.ગ્રામ ટકા સુધી અથવા તેથી પણ ઊંચી જાય છે (Sultzer 1970), દરદીને પ્રતિદિન ૧૫૦ ગ્રામ કાર્બોદિત ધરાવતો ખોરાક પૂરતા પ્રમાણમાં આપવો જોઈએ. ભૂખે મારવાથી શૌક્તામેહ (Ketonuria) પેદા થાય છે.[2] ૩૦-૩૫ વર્ષથી વધારે ઉંમર ધરાવતા માણસોમાં જમ્યા પછી ૧ થી ૨ કલાકે લેવામાં આવેલ રક્તમાં રક્તગતશર્કરાની સીમા ઊંચી હોય છે. મધુમસહન પરીક્ષા (Glucose tolerance test) યુવાનોમાં જ નહિ પણ વૃદ્ધોમાં પણ પુનરુત્પાદનીય (Reproducible) નથી અને તેથી મધુમેહમાં એકલા રક્તગતશર્કરાપરીક્ષણ પર આપણે આધાર રાખી શકીએ નહિ એ સાથે જ પુનરુત્પાદનીય રક્તગત ઉચ્ચશર્કરા (Hyperglycaemia) પણ આવશ્યકરીત્યા રોગસ્થિતિ જણાવતી નથી. રક્તગત ઉચ્ચશર્કરા મધુમેહ (Diabetes Mellitus)નું એક

1 Saul kent—How do we age ? Geriatrics, March 1976, pp. 129–30.

2 O. Larson—The management of diabetes during surgery. The Journal of Kuwait Medical Association, published by Jabriah, P. O. Box 1202, Kuwait Square, Kuwait, December, 1976.

પાસું બતાવે છે જે કેટલીક વખત અસંગત હોય છે.[1] આથી જ ઘડપણમાં રક્તગતશર્કરા ઉચ્ચ હોય તેને વધુ મહત્ત્વ આપવું નહિ.

## ઘડપણમાં આંખ

પાંસઠ વર્ષની ઉંમર પછી સામાન્ય વસ્તિમાં આંખના રોગ થાય છે તે કરતાં પાંચ-ઘણા થાય છે. એ જ સર્વેક્ષણમાં સ્પષ્ટતા મળી છે કે અંધાપો ( Blindness ) પાંસઠ વર્ષ પછી છ ઘણો હોય છે. દૃષ્ટિનાશ ( Loss of vision ) આંખ અને સામાન્ય રોગોના સમાહારજનિત હોય છે. ઘણી વખત એક આંખમાં યોગ્ય દૃષ્ટિ ( Useful vision ) સચવાઈ રહેલ હોય છે અને બીજીમાં, નાની ઉંમરે ઝાંખ ( Amblyopia ) મંદદૃષ્ટિ, હાનિ અથવા સોજો પેદા થએલ હોઈ બરોબર કામ કરતી નથી. આમ છતાં ઘડપણમાં દૃષ્ટિહ્રાસ નીચેનાં ત્રણ કારણો પર આધારિત જણાય છે : (૧) વાર્ધક્ય પીતબિન્દુવિહ્રાસ ( Senile macular degeneration ), (૨) મોતીઓ–શ્લૈષ્મિયકકાચ ( Cataract ) લગભગ ૨૨%માં, (૩) ઝામરો–અધિમંથ ( Glaucoma ) ૧૨%.

બધી જ અધિચ્છદીય સંરચનાની માફક કાચ–વીક્ષ ( Lens ) આખી જીંદગી સુધી વધે છે અને તેથી તેના પરિમાણ ( Size )માં વધારો થાય છે, ત્યારે મધ્યન્યષ્ટિ ( Central nucleus ) સંપીડિત ( Compressed ) થાય છે. આંખમાં દૃષ્ટિને અસર કરતી કેટલીક વિક્રિયા ઉંમરજનિત હોય છે. વીક્ષની ઘોલકુટ્ટયતા ( Malleability ), જરાક્ષિદોષ ( Presbyopia )માં પરિણમે છે, (૨) વીક્ષની વક્રતાની ચિપિટતા ( Flattening of the lens curvature ), પશ્નનામિતા ( Hypermetropia )માં પરિણમે છે, (૩) જ્યારે વીક્ષની ઘનતા ( Density ) વધતાં અને તે પીળો પડતાં તે ૬૦ વર્ષના માણસની મૂર્તિપટ ( Retina )માં પરિણમે છે અને તેમાંથી ૨૦ વર્ષના યુવાનના મૂર્તિપટ પર જે પ્રકાશ પહોંચે છે તેથી ત્રીજા ભાગનો પ્રકાશ પ્રાપ્ત કરે છે. સાઠ વર્ષ પછી દૃષ્ટિની તીક્ષ્ણતા ( Visual acuity )માં ઘટાડો થાય છે તેને દૃષ્ટિપથમાંથી દર દસ વર્ષે ઓછી થતી ૨.૫% કોષસંખ્યા, કે જે હાલમાં ધમ્મિલક ( cerebellum )માંથી ઘટતા કોષો વડે સમજાવવામાં આવેલ છે.

ઘડપણમાં પીતબિંદુવ્યાહ્રાસ ( Macular degeneration )નાં બે પરિણામ વ્યક્ત થાય છે. આ બન્ને આંગળીઓની ગણતરી અથવા હાથની હલચલ દેખાય એટલી દૃષ્ટિને ઓછી કરે છે. સામાન્ય રીતે સાઠ વર્ષ પછી વીક્ષની અપારદર્શકતા ( Opacity of the lens ) લગભગ હંમેશાં જણાય છે અને દૃષ્ટિહાનિ વીક્ષમાંની અપારદર્શક્તાના સ્થાન પર આધાર રાખે છે.

**પ્રાથમિક ( જીર્ણ ) અધિમંથ** ( Glaucoma ) દૃષ્ટિ હરી લ્યે છે અને તેમાં ઘણાં ઓછાં લક્ષણો પેદા થાય છે. ચાલીસ વર્ષ ઉપરના માણસોમાં નિયમિતપણે આંખોનું આભ્યંતરપીડન

---

1 W. P. U. Jakson—The genetics of diabetes Mellitus. ( Review article ) South African Medical journal, Publication Division of the Medical Association of South Africa Private Bag XI, Prinelands, Johanisberg, S. Africa, April 1978, p. 261.

( Ocular pressure ) મપાવવું જોઈએ. એકાએક પેદા થતા આંખને લગતાં લક્ષણો, એક આંખમાં કામચલાઉ અથવા દૃષ્ટિનાશ ( Loss of vision )માં પરિણમે છે. બત્તીની આસપાસ રંગોનું કુંડાળું ( Coloured–halloes ), પ્રકાશમાં તરતા કણો ( Floaters ), અતિતેજસ્વી પ્રકાશ, અથવા એકની બે વસ્તુઓ જોવી ( Double vision–Diplopia )નું સ્વરૂપ ધારણ કરે છે. આંખના જીર્ણરોગોમાં એકાએક તીવ્ર વધારો થવો જેમકે–ઘડપણમાં પીત્તબિંદુવિહ્રાસમાં ઉપદ્રવરૂપ રક્તસ્ત્રાવને લઈને એકાએક દૃષ્ટિવિકાર–હ્રાસ પેદા થાય છે. આ લક્ષણો આંખની બીજી પણ આપાતસ્થિતિમાં પેદા થાય છે. તીવ્ર બદ્ધકોણ અધિમંથ ( Acute close–angled glaucoma )ના હુમલામાં આંખો લાલ અને ખૂબ પીડાકારક હોય છે અને દૃષ્ટિહીનતા જણાય છે. કૃષ્ણપટલ ( cornea ) ઝાંખું હોય છે અને કીકીઓ ( Pupils ) પ્રકાશની પ્રતિક્રિયા બતાવતી નથી અને આંખનો ડોળો ખૂબ જ કઠણ હોય છે અને કલાકોમાં અપરિવર્ત્ય અંધાપો ( Blindness ) પેદા થાય છે. સદ્યાચિકિત્સામાં પીલોકાર્પીન ( Pilocarpine )ના ટીપાં અને Diamoxની ટીકડીઓ તેમજ શસ્ત્રકર્મ કરવાનું રહે છે. બીજી આંખમાં ઝામર પેદા થતો અટકાવવા શસ્ત્રકર્મ કરવું જરૂરી બને છે. ઘરડી થતી આંખમાં પેદા થતા રોગોમાં મૃતિપટગત રક્તવાહિની રોધ ( Retinal vascular Occlusions ) કાચરવિહ્રાસ ( Vitrious degeneration ), મૃતિપટવિયોજન ( Retinal detachment ) અને બાહ્યનેત્રવિકારોનો સમાવેશ થાય છે.[1]

## ઘડપણમાં ચેતાસંસ્થાન

જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ મસ્તુલુંગ ( Brain ) અપોષક્ષયથી ગ્રસ્ત થાય છે. વીસ વર્ષના યુવાનનાં મસ્તુલુંગ કરતાં ૭૦ વર્ષના વૃદ્ધનું મસ્તુલુંગ વજનમાં ૧૦૦–૨૦૦ ગ્રામ જેટલું ઓછું હોય છે. મસ્તુલુંગની કર્ણિકા અથવા સંવેલ્લક ( Gyri ) સાંકડી હોય છે. સીતા ( Sulci ) પહોળી હોય છે. મસ્તુલુંગવલ્ક ( Cerebral cortex ) પાતળું હોય છે અને શુભ્રદ્રવ્ય ( White matter ) ઓછી થઈ ગયેલ હોય છે. મસ્તુલુંગગૂહાઓ (Ventricles) અને બહ્યોદકુલ્ય ( Subarachnoid space ) વિસ્તૃત થયેલ હોય છે. મેરુમસ્તુલુંગચ્છદ ( Paiarachnoid ) જાડું થયેલ, અપારદર્શક અને યુવાન કરતાં વધુ સંલગ્ન ( Adhered ) હોય છે. ગુહાઓની દિવાલો કણાભપ્રવૃદ્ધિ ( Granular exerescences )થી વ્યાપ્ત હોય છે.

મસ્તુલુંગની જીવિતકધાતુ ( Parenchymatous tissue of the brain )માં પશ્ચભાજના ( Postmitotic ) હોય છે અર્થાત્ નાશ પામેલ કોષ પુનઃ સ્થાપિત થઈ શક્તો નથી. સૂક્ષ્મદર્શક પરીક્ષણમાં મસ્તુલુંગના નાડીકંદાણુક ( Neuron )ની સંખ્યાં ઘટેલી દેખાય છે. જિંદગીના પાછલા અર્ધમાં મસ્તુલુંગ પ્રતિદિન હજારોની સંખ્યામાં નાડીકંદાણુક ગુમાવે છે. સુષુમ્ના કાંડ પણ વાર્ધક્યમાં અસરગ્રસ્ત થાય છે. ઘરડા માણસોમાં અનન્વય ( Ataxia ) પૃષ્ઠનાડીતંત્રિકા ( Dorsal column ) અને ધમ્મિલાભિગાતંત્રિકા ( Spinocerebellar tracts )

---

1 S. H. Sarks—The ageing eye–The Medical Journal of Australia, Australia Medical Publishing House, Arundal Street, Glebe, N. SW 2027, 11 October, 1975.

સ્થિત નાડીસૂત્રોના નાશને લઈને થાય છે અને સુષુમ્નાના અગ્રિમ શૃંગકોષોના નાશને લઈને પેશીગત દૌર્બલ્ય પેદા થાય છે. સુષુમ્નાની નાડીઓના મૂળમાંના સૂત્રો સીમિત નાડીસૂત્રો અને તેઓના લઘુ તંતુઓ ( Axons ) અને નાડીને આવૃત્ત કરતી વૃત્તિ વિગેરેનો ઉંમરના વધવા સાથે અતિપ્રમાણમાં હ્રાસ થાય છે.

વૃદ્ધાવસ્થામાં ખાસ કરીને મસ્તુલુંગગત રક્તપ્રવાહ ( Cerebral blood flow ) અને પ્રાણવાયુના વપરાશમાં ઘટાડો થાય છે અને રક્તવાહિનીઓમાં વધુ રોધ પેદા થાય છે. નાડી-પ્રણોદપ્રવેગ ( Nerve conduction velocity ) ઉંમરના વધવા સાથે ઘટતો જાય છે. ત્રીસથી ઓગણચાલીસ વર્ષની ઉંમર ધરાવતા મનુષ્યમાં કોણી અને કાંડાની વચ્ચેના ભાગમાં અરત્નિ-નાડીપ્રવેગ જે દર સેકંડે ૫૯.૫ મીટર હોય છે તે નવમા દશકાની ઉંમર ધરાવતા મનુષ્યમાં ૪૮.૯ મીટર જેટલો હોય છે.

ઘરડા માણસમાં ગ્રીવાની મોટી રક્તવાહિનીઓમાં કરંભનીરંદ્ય ( Atherosclerosis ) હોય છે અને તે સાથે જ સુષુમ્નીય રક્તવાહિનીઓ ( Spinal arteries ) પર પીડન કરતી અસ્થિવૃદ્ધિ ( Osteophytes ) યુક્ત ગ્રૈવેયકશેરુકાસ્તબ્ધતાબંધ ( Cervical spondylosis )થી યુક્ત હોય છે. બન્ને મળીને ગ્રીવાગતરક્તસંવહનને બાધા પહોંચાડે છે. પરંતુ બન્નેમાંથી એક એક જુદી હોય ત્યારે લક્ષણોત્પત્તિ કરી શકતી નથી. આમ છતાં જ્યારે દરદી પોતાની ગરદન ફેરવે છે અથવા ઊંચે જુએ છે ત્યારે ગ્રીવાગત રક્તસંવહનને અસર થાય છે અને ચક્કર આવવાં, દૃષ્ટિના અર્ધભાગનો નાશ ( Homonymous hemianopsia ) અથવા પડી જવું ( Drop attack ) પેદા થાય છે. વધતી જતી ઉંમર સાથે જીભની સ્વાદકુડ્મલ ( Taste buds ) ઓછી થાય છે. એંશી વર્ષની ઉપરની ઉંમરવાળા ૮૦% વૃદ્ધોમાં સ્વાદહીનતા ( Hypoguesia ) જણાય છે અને યુવાનમાં સ્વાદની ઉત્તેજના માટે વપરાતા વૈદ્યુદુત્તેજક કરતાં સ્વાદની ઉત્તેજના માટે વધુ તીવ્ર ઉત્તેજનાની જરૂર પડે છે. સ્વાદહીનતાની ઉત્પત્તિમાં બીજાં કારણોમાં લાલ ગ્રંથિના સ્રાવમાં ઘટાડો, જીભ પરની છારી અથવા જીભ ફાટી જવી તેમજ મ્હોંની માંસપેશીઓની સ્થિતિસ્થાપક્તામાં ઘટાડો પ્રધાનપણે ભાગ ભજવે છે. ચાવવાથી પેદા થતી ઉત્તેજના યોગ્ય રીતે કામ કરતી નથી જેનું કારણ મસ્તુલુંગવલ્કની ક્રિયાની ખામી છે જે નાડીકંદાણુકની અલ્પતાને લઈને હોય છે.

ઘરડા માણસોમાં હાથપગમાં પેદા થતી આકસ્મિક વિષમસંવેદના ( દાહ, સોયો ઘોંચાતી હોય તેવી સંવેદના વિગેરે ) તેમજ ઘણી વખત પીડા થાય છે. વૃદ્ધોમાં ઉત્તાનસંવેદના ઓછી થતી જાય છે. વાગવાથી અને સોજાથી થતી પીડા યુવાનો કરતાં વૃદ્ધો ઓછી અનુભવે છે. આનું કારણ સીમાંતચેતાસમૂહમાં અને નાડીસૂત્રાન્તોમાં વિહ્રાસી ફેરફાર ( Degenerative changes in the peripheral nervous system )ને કારણભૂત માનવામાં આવે છે.

ગંભીરસંવેદના ( Deep Sensation ) અને તેમાં પણ ખાસ કરીને આવેપબોધ ( Vibration sense ) અને ઓછા અંશે પેશી, કંડરા અને સાંધામાં ( પગમાં ) આવેપસંવેદનાની હાનિ થાય છે. આ સમજાવવા માટે કેટલાક વાદ આગળ કરવામાં આવ્યા છે. મેરુરજ્જુમાં રક્તપ્રવાહની અલ્પતા, મેરુરજ્જુ–સુષુમ્નાકાંડના નાડીમૂલોને મળતા રક્તપ્રવાહમાં અલ્પતા, અને

તે જ રીતે સીમાંતનાડીઓમાં પણ રક્તપ્રવાહમાં અલ્પતા, સુષુમ્નાના નાડીમૂલોને નુકશાન અને આહારની ખામી, ખાસ કરીને પ્રજીવક બ૧–Thiamineની ઊણપ ઘણા દરદીઓમાં જવાબદાર કારણ ગ્રૈવેયકશેરુકાસ્તંભ ( Cervical spondylosis ) હોય છે જે નાડીમૂલ પર પીડન કરે છે અને સુષુમ્નાકાંડની નાડીઓ પર અસર કરે છે જેથી આકસ્મિક વિષમસંવેદના, ખાલી ચઢવી, પગમાં બહેરાશ જણાવી, હાથની પેશીઓ સુકાવી ( Muscle wasting ). આ સાથે જ ઓછાવત્તો અંશે જકડાટ ( Stiffness ) અને પગમાં અનન્વય ( Ataxia ) જણાય છે.

ઘડપણમાં અશક્તિ સાથે માંસપેશીનો જથ્થો ( Musclemass ) ઘટે છે. હાથની નાની માંસપેશીઓ ખાસ કરીને સુકાય છે. માંસપેશીઓમાં પેદા થતી અશક્તિ નાડીપ્રદાન ( Innervation ) હીનતાને લઈને, રક્તાલ્પતા અને નલિકાવિહીનગ્રંથિસ્રાવ–ન્યાસર્ગનિયમનની ખામી ( આમાં Testosterone અને Adrenocortical steroids ) કાર્યકારી હોય છે અને તેની ખામી જણાય છે. અપૂરતું પોષણ અને રોગને લઈને પણ પેશીહ્રાસ થાય છે.[1]

આયુર્વેદના આચાર્યોએ તેઓના ગંભીર અભ્યાસ વડે જરાનાં કારણોને શોધી કાઢ્યાં હતાં. તેઓએ અજર થવાના પ્રયોગો કર્યા હતા અને અમિત આયુપ્રાપ્તિ માટે આહાર, વિહાર અને ઔષધ–રસાયનનો ઉપદેશ આપ્યો હતો. તેઓએ જરા–વાર્ધક્યને સ્વાભાવિક રોગ તરીકે ગણેલ છે. ભૂખ, તરસ પણ સ્વાભાવિક રોગમાં અંતર્ગત કરેલ છે અને જેમ ભૂખ અને તરસ આહાર અને પાણીથી શાંત થાય છે તેમ ધાતુઓમાં પ્રાપ્ત થતો પ્રશસ્ત આહારરસ જે ધાત્વાહાર ગણાય છે તે ધાતુઓને ઉપબૃંહિત કરે છે–તેઓના ક્ષયને અટકાવે છે અને તેઓને પુષ્ટ કરે છે. તેઓએ રસાયન ( Rejuvination ) એટલે પ્રશસ્ત આહારરસની ધાતુઓમાં પ્રાપ્તિ એમ જણાવ્યું છે ( **लाभोपायो हि शस्तानां रसादीनां रसायनम्** । ) આ સમ્યક્ પ્રાપ્તિ માટે શરીરમાં સ્રોતો, અગ્નિ, ઉષ્મા પ્રાકૃત હોવાં જરૂરી છે. અધઃસ્તૃતકલા ( Basement membrane )માંથી સ્રુત થતો આ પ્રશસ્ત આહારરસ સમ્યક્તયા પ્રાપ્ત થાય અને ધાત્વગ્નિથી તે પરિપાચિત થઈ ધાતુમાં આત્મસાત્ થતો રહે અને મલાદિના સમ્યક્ નિષ્કાસનને લઈ મલસંચય ન થાય તો માનવ સદૈવ યુવા રહી શકશે એમ વૈજ્ઞાનિકો પણ માનવા માંડ્યા છે. આચાર્ય ચરકનો રસાયનનો સિદ્ધાંત ' ગાગરમાં સાગર ' જેવો છે.

આચાર્ય સુશ્રુતે સ્પષ્ટ કહ્યું છે કે ઘડપણમાં અન્નરસ જરાપરિપક્વ શરીર છે જેના એવા માણસની ધાતુઓને નહિવત્ પુષ્ટ કરે છે[2] અર્થાત્ વાર્ધક્યમાં ધાતુઓ પ્રશસ્ત આહારરસનો

---

1 Bernard, H. Smith and P. K. Shethi—Ageing and the nervous system, Geriatrics, May, 1975.

૨ स एव अन्नरसो वृद्धानां जरापरिपक्व शरीरत्वादप्राणनो भवति ॥

सु. सू. अ. १४–१९

अपीणनो ईषत्प्रीणनो भवति ॥ डल्हणः, सुश्रुतेन विरचिता वैद्यवर डल्हणाचार्य निबन्ध-संग्रहाख्य व्याख्यया सवलिता सुश्रुतसंहिता प्र. पांडूरंग जावजी, निर्णयसागर मुद्रणालय, मुंबइ, १९३१.

યોગ્ય ઉપયોગ કરી શકતી નથી. આધુનિક વિજ્ઞાન પણ આ જ કહે છે. વૃદ્ધત્વમાં કોષો જીવનોપયોગી આહારતત્ત્વોનો ઉપયોગ કરવા અશક્ત હોય છે.[1] આધુનિકવિજ્ઞાન આ ઉપદેશની સિદ્ધિ બતાવતાં જણાવે છે કે જેને માસિકસ્રાવ બંધ થઈ ગયો છે (Postmenopausal) તેવી માદા મૂષકોના અંડાશય (Ovaries)નું જેને અટકાવ–માસિકસ્રાવ ચાલુ છે તેવી યુવાન માદાઓમાં પ્રતિરોપણ (Transplantation) કરવાથી તે પ્રાકૃતરીત્યા કાર્ય કરે છે. જ્યારે જે માદા મૂષકો યુવાન હોય અને નિયમિત માસિકસ્રાવ આવતો હોય તેઓના અંડાશય જેઓને માસિકસ્રાવ બંધ થયો છે તેવી વૃદ્ધ માદાઓમાં પ્રત્યારોપિત કરવામાં આવ્યા તે યોગ્યરીત્યા કાર્ય કરવામાં નિષ્ફળ ગયા હતા. આથી સ્પષ્ટ થાય છે કે પોષણકગ્રંથિ (Pituitary) અને મસ્તુલુંગમાં સ્થિત ઉચ્ચ કાબુ ધરાવનાર કેન્દ્રો (Higher control centres) સ્ત્રીઓમાં પ્રજનનાવયવોનું નિયમન કરે છે. અહીં એ સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે કે યુવાવસ્થામાં આહારરસ ધાતુઓની વૃદ્ધિ કરી તેઓની ક્રિયાને પ્રાકૃત રાખી શકે છે અર્થાત્ કોષો આહારરસનો યોગ્ય ઉપયોગ કરી શકે છે અને તેથી જ રસાયન–પ્રયોગો સ્રોતોને ચોકખા રાખવા અને ધાતુગત ઉષ્માને પ્રદીપ્ત કરવા માટે યુવાવસ્થામાં વાપરવા જોઈએ. આચાર્યોએ જેની ધાતુઓ શીર્ણ થઈ હતી તેવા ચ્યવનાદિ આચાર્યોમાં રસાયનનો પ્રયોગ કર્યો હતો. શરીરમાં વૃદ્ધાવસ્થામાં પેદા થતા ન્યાસર્ગોની અલ્પતા અને તેઓનો અલ્પ ઉપયોગ સ્ત્રીઓના જનનાવયવો પર વિહ્રાસી અસર કરે છે. પુરુષના પ્રજનનાવયવો પર આની અસર ધીમી છે. રતિવિષયક વાર્ધક્ય (Sexual ageing)નાં લક્ષણોને ખૂટતા ન્યાસર્ગો પૂરા પાડવાથી દૂર કરી શકાય છે.[2]

## પોષણવિષયક પર્યાવરણની વાર્ધક્ય પરની અસર

શોક (Shock)ના મતાનુસાર માણસનું વાર્ધક્ય એક ખૂબ જટિલ વિધા (Complex process) છે અને તે એકજ અંતર્નિહિત કારણ વડે સમજાવી શકાય તેમ નથી. ઉદાહરણ તરીકે, મનુષ્યના શરીરના બીજા વિભાજનકોષો (Dividing cells) કરતાં શ્લેષજનકોષો (Collagen cells) કેટલાંક જુદાં જુદાં કારણોને લઈને જુદી જુદી ગતિથી વૃદ્ધ થાય છે. એ ઉપધારિત

---

1 An ageing cell is unable to utilize the available essential food factors in the diet.

S. S. Mulay and L. H. Hiranandani—Epidemiology and oetology of Head and neck cancers, The Bombay Hospital Journal, Vol. 171, No. 4, 1975.

2 Ovaries that are transplanted from postmenopausal rats to premenopausal rats function normally, whereas ovaries transplanted from young to old rats do not. This indicates that the higher control centers in the pituitary and brain regulate reproductive ageing in the female.

Decreased hormone production and utilization have a distinct degenerative effect on the female sex organs, and a slower, more insidious effect on the male sex organs. Hormone replacement therapy can reverse the symptoms of sexual ageing.

Saul kent—Neuroendocrine changes that come with age, do not spell the end of sexual fulfillment. Geriatrics, March, 1975, P. 136,

કરવામાં આવેલ છે કે કોષોમાં અંતર્નિહિતરીત્યા સસીમગુણિત થવાની ક્ષમતા છે. આ પછી વિજારકન્યષ્ટિઅમ્લ (DNA)ના અવહ્રસનને લઈને અથવા તેને સુધારનાર તંત્ર યથાવત્ ક્રિયાશીલ ન હોવાથી તેઓ મૃત્યુ પામે છે.

સોક ઇન્સ્ટીટ્યુટ (Salk institute)ના ડૉ. લેસ્લી ઓર્ગેલ એ સિદ્ધાંત રજૂ કરે છે કે કોષીયવાર્ધક્ય (Cellular ageing)માં પ્રોટીન સંશ્લેષણની પરિશુદ્ધિમાં ધીમે ધીમે પડી ભાંગવાની ક્રિયા અંતર્હિત થયેલ હોય છે. હેફ્લીક (Hayflick)ના પહેલાંના અભ્યાસ એ સ્પષ્ટતા આપે છે કે માનવભ્રૂણમાંથી લીધેલ અમુક કોષો પચાસ વખત વિભાજન પામીને પોતાની જાતે પુનર્જનન ચાલુ રાખે છે પરંતુ આ પછી સંવર્ધન (Culture)માં વૃદ્ધિ થતી નથી. હેફ્લીકે એ પણ અનુભવ્યું કે વૃદ્ધ માણસોમાંથી લીધેલ કોષો યુવાન માણસોમાંથી લીધેલ કોષો જેટલી વિભાજનક્રિયા ધરાવતા નથી. વાર્ધક્યની ઉત્પત્તિનો એક સિદ્ધાંત એ છે કે માણસ જેમ જેમ ઉંમરમાં મોટો થતો જાય છે તેમ તેમ તેના વિનીરકન્યષ્ટિઅમ્લ (DNA)માં ધીમે ધીમે અલ્પતા અથવા વિકૃતિ પેદા થાય છે અને આ અપહ્રાસ તેની દોષયુક્ત પ્રતિકૃતિથી જણાઈ આવે છે. આ ફેરફારોને લઈને દોષયુક્તપ્રોટીનવ્યૂહાણુઓ (Defective protein molecules) પેદા થાય છે. આનું એક ઉદાહરણ (Synthataseenzyme) કે જેઓ પ્રોટીન અથવા (RNA) રુપદ માટેની તિક્તી અમ્લશ્રુંખલા સંયોજન માટે આવશ્યક છે તે છે. Synthatase enzymeમાંનો ફેરફાર તિક્તીઅમ્લ (Amino acid)ની સંરચનાવૈશિષ્ટ્ય (Structure specificity)માં દોષ પેદા કરી શકે છે અને પરિણામસ્વરૂપ અસામાન્ય પ્રોટીનની ઉત્પત્તિ થાય છે કે જે વૃદ્ધત્વનું કારણ છે. શરીરમાં રહેલ વૈષ્ણવી શક્તિ (Normal immuno-logic system) પ્રતિકારસંસ્થાન શરીરને જાતજાતના તૃણાણુ (Bacteria) વિષાણુ (Viruses) અને શરીરમાં અપહ્રાસકારક બીજાં દ્રવ્યો સામે રક્ષણ આપવા માટે 'પ્રતિકાય' (Antibodies) પેદા કરે છે. વાર્ધક્યમાં 'પ્રતિકાય'નું સંશ્લેષણ દોષયુક્ત થાય છે. આ પ્રતિકાય ફક્ત બહારનાં દ્રવ્યો પર જ નહિ પરંતુ શરીરમાં પ્રાકૃતરીત્યા રહેલ દ્રવ્યો અને શરીરોપયોગી દ્રવ્યો પર પણ હુમલા કરે છે. આ સ્વતઃપ્રતિકાય (Autoantibodies) કહેવાતાં દ્રવ્યો વાર્ધક્યનું કારણ હોઈ શકે છે.

ઘડપણ અંગેનો બીજો મનોરંજક સિદ્ધાંત અસ્થાયી અને અતિપ્રતિક્રિયાકારક વ્યુહાણુ-ખંડો કે જે 'Free radicals' તરીકે ઓળખાય છે તેનો છે. આ (Free Radicals)ની પ્રતિક્રિયાને લઈને વિમેદેય (Lipids), શ્લેષજન (Collagen), પ્રસારથકી (Elastin) અને શરીરના બીજાં દ્રવ્યોનો અપહ્રાસ થાય છે જે વાર્ધક્યની ઘટના સમજાવે છે. Free Radicalsની અસંતૃપ્ત સ્નેહામ્લો સાથેની પ્રતિક્રિયાને લઈને કોષોમાં કહેવાતા 'વયરંગો' (Age pigments) પેદા થાય છે કે જે અતિજારણપેદાશો (Peroxidation products) બનાવે છે. ઘડપણમાં Free radicals કોષોમાં દુષ્ટિ–હાનિ કેવી રીતે પેદા કરે છે તેની સ્પષ્ટતા આપવી હજુ શક્ય નથી. જો કે એમ જણાવવામાં આવે છે કે જ્યારે (Free Radicalsની) કોષકલાસ્થ અસંતૃપ્ત સ્નેહામ્લો સાથે પ્રતિક્રિયા થાય છે ત્યારે ખાસ કરીને તે હાનિકારક હોય છે. કોષકલા (Cell membrane)માં થતા ફેરફાર કોષમાં દાખલ થતા અને બહાર નીકળતા પોષકપ્રવાહને ખરાબ રીતે અસર કરે છે અને ઘડપણમાં પેદા થતા કોષહ્રાસમાં વધારો કરે છે.

અસંતૃપ્ત સ્નેહામ્લોના અતિજારણ સિદ્ધાંત (Peroxidation theory) અનુસાર એ નોંધવું જરૂરી છે કે કોષીય અતિજારણ સામે પ્રજીવક ઈ (Vitamin E) પ્રાથમિક જીવન રાસાયનિક સંરક્ષણ આપે છે. સમગ્ર ચયાપચયની પૂર્તિ માટે અને અતિજારણ પ્રતિક્રિયાને અટકાવવા માટે પ્રજીવક ઈની પ્રતિદિન આપવામાં આવતી ૩૦ ઇન્ટરનેશનલ યૂનિટની માત્રા પૂરતી છે કે કેમ તે હજુ સુધી નક્કી કરી શકાયું નથી તે જ રીતે વીટામીન 'સી'ની વાર્ધક્યવિધાને ધીમી પાડવા અટકાવવા માટેની માત્રા અંગે પણ તેવું જ છે. વીટામીન 'સી' વીટામીન ઈના સહાયક તરીકે કામ કરે છે અને અતિજારણક્રિયા સામે રક્ષણ આપે છે અને Free radical trap તરીકે કામ કરે છે. વીટામીનની જે માત્રા સૂચવી છે તે ૨૫ વર્ષના સ્વસ્થ મનુષ્યો માટે હોઈ ઘડપણમાં તેથી વિશેષ અથવા ન્યૂનમાત્રા આપવી એ વિચાર્ય છે. Williamsonના જણાવ્યા અનુસાર આપણે બધા 'અસામાન્ય સામાન્ય' (Abnormally normal) માણસો છીએ અને આપણને દરેકને આપણું જીવન રાસાયનિક વ્યક્તિત્વ હોય છે જે આપણા દેખાવ જેવું જ સ્પષ્ટ હોય છે. આ વ્યક્તિત્વ એટલું સ્પષ્ટ હોય છે કે તે બીજા કોઈ પણ વ્યક્તિત્વને પૂરેપૂરું મળતું આવતું નથી. આયુર્વેદના આચાર્યો પણ આવું જ કહે છે. આથી દરેકને માટે વીટામીનની માત્રા એકસરખી હોઈ ન શકે. ઘડપણમાં રક્તરસમાં વીટામીન 'સી'ની સાંદ્રતા ૦.૩૫ મિ.ગ્રામ ૧૦૦ મિ.લી.માં જાળવવી હોય તો તેને આખા દિવસમાં ૬૦ મિ.ગ્રામ જેટલું વીટામીન આપવું જરૂરી છે. સ્વાસ્થ્ય માટે આ સાંદ્રતા જરૂરી છે.[1]

આહારવિષયક અભ્યાસો એ સ્પષ્ટતા આપે છે કે ઘડપણમાં લેવામાં આવતી વીટામીન અને ખનીજો જેવા કે ખાસ કરીને લોહ, સુધા (Calcium) અને મેગ્નેશીયમની માત્રા ઓછી હોય છે. ઘરડા માણસોમાં મોટે ભાગે વીટામીન સી, વીટામીન બી કોમ્પ્લેક્સ (ખાસ કરીને ફોલીક એસીડ)ની હીનતા જણાય છે. ખાસ કરીને ઘડપણમાં લોહની ઊણપ વિશેષ જણાઈ હતી. અસ્થિસૌષિર્ય (Osteoporosis)ના જોખમને અટકાવવા માટે પૂરતા પ્રમાણમાં 'સુધા' (Calcium), મેગ્નેશીયમ તેમજ બીજાં ખનીજ દ્રવ્યો અને વીટામીન ક્ષ લેવા જોઈએ. સમગ્ર આહારમાં પ્રોટીન પૂરતા પ્રમાણમાં હોવું જરૂરી છે.

ઘરડા માણસોમાં લગભગ મોટા સમુદાયને દુષ્ટપાંડુ (Pernicious anaemia) નજરે પડે છે. વૃદ્ધોમાં Folic acidની ન્યૂનતા ચોક્કસપણે હોય છે અને તે પોષણહીનતાનું મોટામાં મોટું કારણ છે. વીટામીન 'સી' (Ascorbic acid) કે જે ખાસ કરીને તાજાં શાકભાજી અને ફળોમાંથી પ્રાપ્ત થાય છે તેની સાથે ફોલિક એસીડની ન્યૂનતા જણાય છે કારણ કે આ પણ તાજાં ફળો અને શાકભાજીમાંથી મળે છે. અને ગરીબ વર્ગની પહોંચમાં આ નથી જ. દારૂડિયાઓ જેઓ જીર્ણયકૃદ્વિકારથી પીડાતા હોય છે તેઓમાં ફોલિક એસીડની ઊણપ જોવા મળે છે. આપણે ત્યાં પ્રાથમિક આહારની ઊણપ અથવા ઉપદ્રવરૂપ પોષણવિષયક ઊણપને લઈને અપૂરતા પોષણની અને પોષણવિકૃતિથી પેદા થતાં લક્ષણોની હારમાળા જણાય છે. પ્રથમ

1 Relation between intake and plasma concentration of Vitamin-C, in elderly women. Short reports—British Medical Journal, Vol. 287, 12 November, 1983.

ધીમે ધીમે ધાતુગત પોષકતત્ત્વોની સાંદ્રતામાં ઘટાડો થાય છે. રક્તગત જીવન રાસાયનિક ફેરફારો વડે પેશાબમાં નિષ્કાસિત થતાં દ્રવ્યો વડે અને ઊતિપરીક્ષણ (Biopsy) વડે આ જાણી શકાય છે. આનો સામાન્ય દાખલો હીનવર્ણ અણુકોષીય પાંડુરોગ (Hypochromic microcytic anaemia)–વાતજ પાંડુ છે જેમાં લોહની ઊણપ હોય છે અને રક્તરસગત લોહની સીમા નીચી હોય છે. આ જીવનોપયોગી ધાતુગત તત્ત્વોનો ધીમે ધીમે પણ વર્ધમાન હ્રાસને બતાવતો દાખલો છે. જેમ જેમ ધાતુગત લોહમાં વધુ ને વધુ હ્રાસ થતો જાય છે તેમ તેમ જીવનરાસાયનિક તત્ત્વોની ઊણપ સ્પષ્ટ થતી જાય છે. આ એકાએક પેદા થતું નથી પરંતુ કુપોષણ (Malnutrition)થી પેદા થતાં લક્ષણો સમય જતાં ક્રમાનુસાર જીવનરાસાયનિક ફેરફારો સાથે તે ઉત્પન્ન થાય છે.

સામાન્ય રીતે સંતુલિત આહારનો યત્નોદ્દેશ (goal) રાખવો જોઈએ. દરરોજના ખોરાકમાં એક જ ચીજ ૨૦ થી ૩૦ ટકા ઉષ્માંક (Calorie)થી વધારે ન લેવી જોઈએ.

વૃદ્ધ મનુષ્યમાં સામાન્ય સમસ્યા બીજા માણસો પ્રત્યેની વધતી જતી ઉદાસીનતા (Apathy) છે. તેઓના પર્યાવરણ પરત્વે અને ખાસ કરીને તેઓના ખોરાક પ્રત્યેની ઉદાસીનતા ધીમે ધીમે વધતી જાય છે તે છે.

જો આહાર સંતુલિત હોય અને પૂરતા પ્રમાણમાં લેવાતો હોય તો પૂરકપોષણ તરીકે વીટામીનની ગોળીઓ લેવાની જરૂર રહેતી નથી.

મારા મંતવ્ય પ્રમાણે સંધારીમાત્રા (Maintenance dosc)માં અનુપૂરક તરીકે વીટામીન અને ખનીજ દ્રવ્યો આપવાં એ એક ઉચિત અને અલ્પકિંમતે મળતો વીમો છે. એ હકીકત છે કે દરેક મનુષ્યમાં પોષણવિષયક જરૂરિયાતો વૈયક્તિક હોય છે. સામાન્ય રીતે જલદ્રાવ્ય વિટામીનો જેવાં કે વીટામીન 'સી' લોહીમાં અમુક સીમા જાળવે છે. ચાલુ મોટીમાત્રામાં આપવાથી તે મૂત્ર મારફત શરીરમાંથી નિષ્કાસિત થઈ જાય છે. સ્નેહદ્રાવ્ય વીટામીનો अ અને ड અતિમાત્રામાં આપવાથી અતિ અને ભયાનક સાંદ્રતા પ્રાપ્ત કરે છે અને તેથી આ બે વીટામીનોનો અતિમાત્રામાં ઉપયોગ ન કરવો જોઈએ. વીટામીન 'સી'ની મોટીમાત્રા શરદીનાં લક્ષણોને દશ્ય રીતે ઓછાં કરે છે પરંતુ શરદી પ્રત્યેની અતિહ્રષતાને ઘટાડતું નથી. વૃદ્ધત્વવિદ્યા જટિલ છે અને હજુ સુધી તો તે એક અણઉકલ્યો પ્રશ્ન રહે છે.[1]

આપણે આપણા ઘરડાઓને મોટીમાત્રામાં ખૂબ કિંમતી વીટામીનો અથવા કુદરતી વીટામીનોના નામે લૂંટાવા દઈ રહ્યા છીએ. માણસ જેમ જેમ ઘરડો થતો જાય છે તેમ તેમ અલ્પ વ્યાયામને લઈને તેમજ ઘટતા જતા કોષીય જથ્થાના કારણે તેના ઉષ્ંકર (Calorie)ની જરૂરિયાતમાં ઘટાડો થતો જાય છે. જેનું વજન પ્રાકૃત કરતાં વધારે નથી તેવા માણસમાં પણ વધતી જતી ઉંમર સાથે ક્રિયાશીલ ધાતુગત પ્રોટીન ધીમે ધીમે ઓછું થતું જાય છે અને તેનું સ્થાન ચરબી (Fat) લ્યે છે. આ સમયે તેની પોષક આહારની જરૂરિયાત ઘટતી નથી. એ

---

1 Willard, A. Krehl—The influence of Nutritional environment on Ageing Geriatrics, March, 1974 pp. 68–76.

હકીક્ત છે કે યુવાન માણસને પ્રોટીનની જેટલી જરૂરિયાત છે તેટલી જ જરૂરિઆત વૃદ્ધોને પણ હોય છે. એ હકીક્ત છે કે ખોરાકમાં 'અતિમાત્રા'માં 'સુધા' (Calcium) આપવાથી ઘડપણમાં અસ્થિસૌષિર્ય (Osteoporosis) પરિવર્ત્ય બનતું નથી છતાં ઘડપણમાં સુધાની જરૂરીઆત યુવાન જેટલી જ હોય છે. ઘડપણમાં પેદા થતા માનસિક સંભ્રમ (Mental confusion) માટે વીટામીનની આંશિક ઊણપ જવાબદાર છે. ઘડપણમાં અલ્પમાત્રામાં લેવાતા સ્નેહને લઈને સ્નેહદ્રાવ્ય વીટામીનો अ, ड અને ઈની ઊણપ હોય છે (ટોસ્ટ અને ચણા, કબજિયાત દૂર કરવા માટે Cremafin જેવી લીકવીડ પેરેફીનની બનાવટો સ્નેહદ્રાવ્ય વીટામીનોનું શોષણ અટકાવે છે અને તેઓને નિષ્કાસિત કરે છે.

વૃદ્ધોને રેષાયુક્ત ખોરાક અને પાણી પૂરતા પ્રમાણમાં આપવાં જોઈએ જેથી કબજિયાત દૂર થાય અને દસ્ત સાફ આવે. મલવર્ધક તરીકે શકધાન્યનું થૂલું (Bran) અને શાકભાજી આપવાં જોઇએ. મલવર્ધક દ્રવ્યોના ઉપયોગથી આંત્રખાત (Diverticulosis) અને બૃહદંત્રના કેન્સરનો ભય ઓછો થાય છે.

અતિમાત્રામાં લેવાતું મીઠું બંધ કરવું જોઈએ. આ ફક્ત ઉચ્ચરક્તપીડન, રક્તસંકુલ-હૃદયાવસાદ (Congestive cardiac failure), યકૃદઘિતંતુરુજા–યકૃદ્દાલ્યુદર (Cirrhosis of liver)ના દરદીઓ માટે જ નથી પરંતુ બધા જ વૃદ્ધો માટે છે કારણ કે મીઠાને લઈને શરીરમાં વધુ પડતું પાણી પકડાઈ રહે છે અને રક્તપીડનમાં વધારો થાય છે.

દરેક વૃદ્ધને વ્યાયામ કરાવવો જોઈએ. વ્યાયામ શરીરના વજનના વધારાને ઘટાડે છે અથવા વધતું અટકાવે છે. રક્તપીડન (Bloodpressure)ને ઘટાડે છે અને જો અતિમાત્રામાં વ્યાયામ કરવામાં આવે તો રક્તગત કોલીસ્ટીરોલને ઘટાડે છે. પ્રાયોગિક અભ્યાસથી એ પુરવાર થયું છે કે યુવાન અને ઊગતાં-વર્ધમાન પ્રાણીઓને તેઓની વૃદ્ધિ અટકી જાય એટલી અલ્પમાત્રામાં અથવા થોડા સમય માટે વૃદ્ધિ તત્ત્વતા ધીમી પડી જાય તેટલી માત્રામાં ખોરાક આપવામાં આવે તો તે જિંદગીને લંબાવે છે. 'Thin rats bury fat rats' પાતળો ઉંદર જાડા ઉંદરને કબરમાં દાટે છે અર્થાત્ પાતળા માણસો લાંબું જીવે છે.

## પરિષ્કૃત આહાર અને વાર્ધક્ય

પરિષ્કૃત ખોરાકના ઉપયોગથી અને ખોરાકમાં બાળકોને ધાવણને બદલે ગાયનું દૂધ કે જેમાં ધાવણ કરતાં સાડાત્રણ ઘણું પ્રોટીન છે તેનો બધી જ ઉંમરના બાળકોમાં ઉપયોગ કરવાથી તેઓ ઝડપથી પુખ્તતાને પ્રાપ્ત થાય છે. પ્રથમ રજોદર્શનનો સમય (Menarche) છેલ્લા ૮૦ થી ૧૦૦ વર્ષના ગાળામાં દર દસ વર્ષે ૪ માસના હિસાબે યુરોપના દેશોમાં ઘટી રહ્યો છે. ગ્રેટ બ્રીટનમાં છેલ્લાં પંદર વર્ષમાં રજોદર્શનની વયમાં સરાસરી ૭ માસનો ઘટાડો થએલ જણાયો છે. વધારામાં એ હકીકત પુરવાર થઈ છે કે બાળાઓ અને છોકરાઓમાં પહેલાંના કરતાં ઓછી ઉંમરે વૃદ્ધિ અટકી જાય છે.

એ નિશ્ચિત હકીકત છે કે માનવ જે ઉંમરે તેની સંપૂર્ણ વૃદ્ધિ થાય છે તેથી પાંચઘણા સમય સુધી જીવે છે. આયુર્વેદના આચાર્યોએ આ અંગે ખૂબ વિશદતાથી વિચાર્યું હોય એમ જણાય છે. આચાર્ય શાર્ઙ્ગધરે માનવનું આયુષ્ય ૧૨૦ વર્ષનું જણાવ્યું છે. આચાર્ય ચરકના મતાનુસાર 'संवत्सरशते पूर्णे याति संवत्सरक्षयम्'—દર સો વર્ષે માનવજીવનમાં એક વર્ષનો હ્રાસ થાય છે.[1] શાર્ઙ્ગધર જણાવે છે કે બાલ્યાવસ્થા દશ વર્ષે, શરીરની વૃદ્ધિ ૨૦ વર્ષે, માનવની છબી-૩૫ ૩૦ વર્ષે, મેધા ગ્રહણશક્તિ ૪૦ વર્ષે, ત્વચાની શ્રેષ્ઠતા અને તે પછી હ્રાસ ૫૦ વર્ષે, દૃષ્ટિ ૬૦ વર્ષે, શુક્ર ૭૦ વર્ષે, વિક્રમ ૮૦ વર્ષે, બુદ્ધિ ૯૦ વર્ષે, કર્મેન્દ્રિયો ૧૦૦ વર્ષે, સ્મૃતિ ૧૧૦ વર્ષે અને જીવન ૧૨૦ વર્ષે હ્રાસ પામે છે.[2] આ સામાન્ય ગણના છે અને તેમાં વધઘટને અવકાશ છે.

સામાન્ય રીતે સ્ત્રી અને પુરુષની વૃદ્ધિ-સંપૂર્ણ વૃદ્ધિ ૨૩ થી ૨૫ વર્ષની ઉંમરે થાય છે અને તેથી પાંચઘણું જીવન ગણતાં ૧૧૫ થી ૧૨૫ વર્ષનું ગણી શકાય. માનવ બાલ ૭ થી સાત વર્ષ સુધી તેની માતા અને કુટુંબના સભ્યો પર આધાર રાખીને જીવે છે અને તેના વીર્યની પરિપકવતા અને રતિશક્તિની શ્રેષ્ઠતા પંદરમા વર્ષે પ્રાપ્ત થાય છે. પ્રાણીઓ કે જે જન્મથી જ ચાલવાનું શીખી લે છે તેના પ્રમાણમાં માણસનું મગજ અલ્પવિકસિત હોય છે. જન્મ-સમયે માનવનું મગજ તેના પુખ્તવયના પ્રાકૃત વજન કરતાં ૨૩% જેટલું વજન ધરાવે છે અને પચીસ વર્ષની ઉંમર થતાં પહેલાં સંપૂર્ણ વૃદ્ધિ પામતું નથી.

એ મંતવ્ય ધરાવવામાં આવે છે કે 'માનવશરીરની વૃદ્ધિ માટેનો સમય જેટલો લાંબો તેટલી વૃદ્ધાવસ્થા મોડી આવે છે અને તે રીતે આયુષ્ય લાંબું ટકે છે. આનો અર્થ એ થયો કે જે તત્ત્વો માનવની વૃદ્ધિ પુખ્તતાને ઝડપી બનાવે છે તે વાર્ધક્યને ઝડપથી વહેલું લઈ આવે છે અને તેથી વિપરિત જે તત્ત્વો માનવ શરીરની વૃદ્ધિને ધીમી ગતિએ પ્રાપ્ત થવા દે છે તે વાર્ધક્યને વિલંબથી આવવા દે છે. આ માટે જ પરિષ્કૃત આહાર જીવનમાનમાં ઘટાડો કરે છે.[3] ધાવણને

---

१ अग्निवेशेनेप्रणीता चरकेण कापिलबलेन दृढबलेन च प्रतिसंस्कृता आयुर्वेददीपिका व्याख्यया संवलिता चरकसंहिता, प्र. मोतीलाल बनारसीदास, लवपुर-लाहौर, १९४१, अ. ३/२०.

२ बाल्यंवृद्धिश्च्छवि मेंधा त्वग् दृष्टि शुक्र विक्रमौ ।
बुद्धिः कर्मेन्द्रियं चेतो जीवितं दशतो हरेत ॥

शार्ङ्गधराचार्येता विरचिता दीपिका-गूढार्थदीपिकाभ्यां टीकाभ्यां संवलिता शार्ङ्गधर-संहिता, प्र. पांडुरंग जावजी, निर्णयसागर प्रेस, मुंबई, १९३१, प्रथम खंड, अ. ६/२०.

3 The opinion in held that the longer growth period, the later will aging begin, and Consequently the longer the life span will be. conversely, this means that all the factors that stimūlate development tend equally to hasten aging, and those that retard growth also delay the onset of old age.

Prof. Francesco Mario Antoning—Why we grow old ? World Health, WHO Regional office, World Health House, M. G. Road, Indraprastha Estate, New Delhi-10062, April, 1972.

બદલે ગાય અથવા ડબ્બાનું દૂધ તેમજ કૃત્રિમ આહાર આયુષ્યને ઘટાડે છે અને માનવને ઝડપથી વૃદ્ધ બનાવે છે. બાળકની ઝડપી વૃદ્ધિ જોઈ આનંદ અનુભવતાં માબાપને એ ખબર હોતી નથી કે તેઓ જ આ રીતે તેઓના લાડકાની જિંદગી ટૂંકાવી રહ્યા છે અને તેઓને વહેલું ઘડપણ લાવી આપવામાં મદદ કરી રહ્યા છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સૃષ્ટા, આયુર્વેદના આચાર્યો અને ઋષિમુનિઓએ 'મિતાહાર'ને ખૂબ મહત્ત્વ આપ્યું છે. લંઘન–ઉપવાસને મુનિભૈષજ્ય કહેવામાં આવે છે. જગતને વ્રતાદિદ્વારા જીવનમાં વણી આપનાર આયુર્વેદના આચાર્યોને સાથ આપી ધર્મવેત્તાઓએ દીર્ઘજીવન માટે તૈયાર કર્યું હતું. કિંવદંતિ છે કે જ્યારે પોપટના સ્વરૂપમાં ધન્વંતરીએ આચાર્ય વાગ્ભટને પ્રશ્ન કર્યો કે **कोऽरुक्, कोऽरुक्, कोऽरुक्** અર્થાત્ કોણ નિરોગી છે? ત્યારે આચાર્યે જવાબ આપેલો કે **हितभुक्, मितभुक्, अशाकभुक्स्यात्** અર્થાત્ જે પોતાને શું હિતકારક છે તેનો વિચાર કરીને આહાર કરે છે તે **निरुक्–સ્વસ્થ** રહે છે. આ સાથે જ **मितभुक** અર્થાત્ જે ભૂખ કરતાં અલ્પાહાર કરે છે અને જે શાક અલ્પ પ્રમાણમાં લે છે તે નિરોગી રહે છે.* આચાર્ય ચરકે ત્રિકુક્ષીય અધ્યાયમાં ઉપદેશ આપ્યો છે કે જમતી વખતે માણસે તેના પેટના ત્રણ ભાગ કલ્પીને જમવું જેમાંથી એક ભાગ ખોરાક માટે, એક ભાગ પાણી માટે અને એક ભાગ વાયુ માટે કલ્પવો. આધુનિક વિજ્ઞાન વીટામીન અને ક્ષારોની પૂરતા પ્રમાણમાં પ્રાપ્તિ થાય તે માટે 'શાકભાજી' વધુ પ્રમાણમાં લેવાની સલાહ આપે છે. કુદરતી ચિકિત્સા પદ્ધતિ પણ તેઓને અનુસરે છે. જ્યારે આયુર્વેદ તથા જૈન સંસ્કૃતિ તેનો વિચારપૂર્વક અલ્પમાત્રામાં (**इषदर्पणम्**) અને ઋતુ પરત્વે વિચાર કરીને ઉપયોગ કરવાની સલાહ આપે છે તે ધ્યાનમાં રાખવા જેવું છે.

ચિરાયુષ્યની પ્રાપ્તિ માટે અને વાર્ધક્યને અટકાવવા માટેના પ્રયોગો અને અભ્યાસ ભારતીય આચાર્યોના ઉપદેશની પુષ્ટિ કરે છે. આયુર્વેદના આચાર્યો તો ઘડપણ મોડું લાવવા કરતાં 'અજર' થવા માટે પ્રયત્નશીલ હતા તેમાં પણ કેટલાક તો 'અમર' થવાની ઝંખના રાખતા હતા. **अजरामरं कुरुतेन नाराणाम्** એમ ઔષધોના ફલાદેશ જોવા મળે છે. ચિરાયુષ્યની પ્રાપ્તિ માટેના પ્રયોગોનો નિષ્કર્ષ એ છે કે વૃદ્ધત્વને અટકાવવાનો શ્રેષ્ઠ ઉપાય 'ભૂખમરા જેવો આહાર' (Starvation diet) છે. Mccayએ આ અંગે પ્રયોગો કર્યા હતા. તેણે મૂષકસમુદાયને બે ભાગમાં વહેંચી નાખ્યા હતા. પ્રથમ ભાગને પ્રાકૃત ખોરાક આપવામાં આવતો હતો. જ્યારે બીજા વિભાગના મૂષકોને (તે જ જાતિના) સમતોલ (Balanced diet) ખોરાક અલ્પ ઉષ્માંકમાં આપવામાં આવતો હતો. આ રીતે ૧૦૦૦ દિવસો સુધી ખોરાક આપ્યા પછી બન્ને સમૂહોને એકસરખી રીતે પ્રાકૃત ખોરાક આપવામાં આવ્યો હતો. આ અભ્યાસને અંતે એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ કે જેઓને ભૂખમરા જેવો એટલે કે અલ્પ ઉષ્માંકવાળો ખોરાક આપવામાં આવ્યો હતો તે મૂષકસમૂહ જેઓને ભરપેટ પ્રાકૃત ખોરાક મળતો હતો તેઓના કરતાં લગભગ બમણા સમય સુધી જીવિત રહી શકયા હતા. આમ શાથી બને છે તે સમજાતું નથી પરંતુ તે શરીરની

---

* **अष्टाङ्गसंग्रह—वाग्भटविमर्श**, सं. हरिशास्त्री पराडकर, प्र. पांडुरंग जावजी, निर्णय-सागर प्रेस, मुंबई, सू. अ. २–१९.

વૃદ્ધિક્રિયાને ધીમી પાડે છે એ તો નક્કી જ છે[1] ઈક્વેડોરની એંડીઝ પર્વતમાળામાં આવેલ વીલ્કાવામ્બા ( Vilkavamba ) પાકીસ્તાની કાશ્મીરમાં આવેલ હુંજા અને સોવીએટ રશિયામાં જ્યોર્જીઆમાં આવેલ અબખાશીર ( Abkhasir ). પ્રદેશમાં ૧૩૦ થી ૧૪૦ વર્ષની ઉંમર સામાન્ય ગણાય છે. માણસો અને સ્ત્રીઓ દરરોજ થોડા કલાક કામ કરતાં રહે છે. આ ત્રણે પ્રદેશની પ્રજા ખૂબ જ ઉચ્ચ શારીરિક શ્રમ કરતી હોય છે. આયુર્વેદના આચાર્યોએ વ્યાયામને રસાયન તરીકે ગણાવેલ છે અને વયઃસ્થાપન તરીકે તેની સ્તુતિ કરી છે અને આહારને ઘડપણને કાબૂમાં રાખવા માટેનું મુખ્ય સાધન ગણાવ્યું છે. ઉપર જણાવેલ ત્રણે પ્રદેશમાં વસતા લોકો અલ્પઉષ્માંક ધરાવતો ખોરાક અલ્પમાત્રામાં લે છે. અને તેમાં પ્રાણીજ પ્રોટીનની માત્રા ખૂબ જ નીચી હોય છે. હુંજામાં તો પ્રોટીનની માત્રા એક ટકા કરતાં પણ ઓછી હોય છે. ત્યાંના રહેવાસીઓ મોટે ભાગે શાકભાજી, ફળો અને અનાજનો ખોરાક માટે ઉપયોગ કરે છે. લાંબા સમય સુધી વૃદ્ધિકાલ દરમ્યાન અર્ધભૂખમરાને લઈને આયુષ્યમાં થતો વધારો કોઈ બીજી જ રીતે થાય છે.[2] આપણે મૂષકમાં થતી આ જીવનવૃદ્ધિને માણસની જિંદગી કે જેમાં વૃદ્ધિકાલ ધીમો અને લાંબો છે તેની સાથે સરખાવીએ તે યોગ્ય છે કે કેમ તે વિચારણીય છે. આપણે માબાપને વૃદ્ધિકાલ દરમ્યાન તેઓનાં બાળકોને આ અર્ધભૂખમરા જેવો ખોરાક આપવાની સલાહ આપીએ તો તે સ્વીકાર્ય થાય ખરી ?*

આયુર્વેદના આચાર્યોએ રસાયન માટે ' મિતાહાર ' સાથે જ સ્રોતામુખ સ્વચ્છ રાખવા માટે સૂક્ષ્મ અને પ્રમાથિ દ્રવ્યોનો ઉપયોગ કરવા તેમજ જીવનીયવર્ગનાં ઔષધોનો યોગ્ય ઉપયોગ કરવા જણાવ્યું છે. જ્યારે ધાતુઓ ક્ષીણ થતી જતી હોય, ભૂખ ઘટતી જતી હોય અને ઘડપણનાં લક્ષણો વ્યક્ત થતાં હોય ત્યારે આચાર્યો દીપન, પાચન, સ્રોતાશોધક અને બૃંહણ તેમ જ શુક્રવર્ધક ઔષધોનો યોગ્યરીત્યા માત્રાપૂર્વક ઉપયોગ કરવા ઉપદેશ આપે છે. તેઓએ એ સ્પષ્ટતા આપી છે કે ' **यथास्वेनोष्मणा पाकं शारीरायान्ति धातवः । स्रोतसा च यथास्वेन धातुः पुष्यति धातुना ॥ च. चि. अ. ८–३९.** ચિરાયુષ્ય માટે–ઘડપણને અટકાવવા માટે અગ્નિ–કાયાગ્નિ, ધાત્વગ્નિ, ભૂતાગ્નિ સમસ્થિતિમાં હોવા જરૂરી છે અને તે સાથે જ શરીર પરમાણુઓમાં ધાત્વાહાર–પ્રશસ્તરસની સમ્યક્ પ્રાપ્તિ થતી રહે તે માટે સ્રોતોમુખ પણ સ્વચ્છ હોવાં એટલાં જ જરૂરી છે. સ્રોતોનો અર્થ આપતાં આચાર્ય સ્રવણાત્ સ્રોતાંસિ એમ કહે છે અર્થાત્ તેઓના છિદ્રોમાંથી ઝરતો અને પરમાણુઓમાં પ્રાપ્ત થતો રસ અને તે સાથે પરિપક્વમલનું સમ્યક્ નિષ્કાસન

---

1 No. really satisfactory explanation has been found for these results, but the low calorie diet certainly has the effect of slowing down the development of rats subjected to it, and must have some connection with the prolongation of their lives.

Prof. Francesco mario Antonini—Why we grow old ? World Health, April, 1972.

2 Rana and Lawrence—Slowing the clock of Age, The American Review, Voll. 19, No. 4, Summer, 1975.


* Jean Mayer—Aging and Nutrition, Geriatrics, March, 1974, pp. 58–59.

પરમાણુઓને પ્રાકૃત સ્થિતિમાં રાખી ઘડપણને આવતું અટકાવે છે. આચાર્યોએ રસાયન માટેનાં આંબળાં, હરડે, ભીલામા, શિલાજીત, પીપર, નાગબલા વિગેરે ઔષધોનો દોષપ્રધાનતા અનુસાર ઉપયોગ કરવા માટે યોગોનો ઉપદેશ આપ્યો છે. તેઓ તેની ફલશ્રુતિ આપતાં જણાવે છે કે 'न जरां न च दौर्बल्यं नातुर्यं निधनं न च ॥ રસાયનાર્થ તેઓએ આહારમાં ઘી, દૂધ, ચોખા, મગ, ઘઉં વિગેરે યથાગ્નિ લેવા માટે ઉપદેશ આપ્યો છે. આચાર્યે દીર્ઘજીવન જીવવા માટે રસાયનનું જેને સેવન કરવાનું છે તેઓ સત્યવાદી, અક્રોધી, મદ્યમૈથુનત્યાગી, અહિંસક, પ્રશાંત, પ્રિયવાદી, ધીર, દાનનિત્ય, કરુણાવાન, દેવબ્રાહ્મણ અને વૃદ્ધ તેમજ ગુરુઓનો આદર કરનાર હોવા જોઈએ એમ જણાવ્યું છે.

# નિવાપાંજલિ

## ડૉ. સુરેશ જોશી

સુરેશ જોશી ગયા. ક્રીડનીની બિમારીને કારણે વડોદરાની એસ. એસ. જી. હૉસ્પીટલમાં એક અઠવાડિયાની સારવારથી કંઈક સુધારો લાગતાં ડાયાલીસીસ ટ્રીટમેન્ટ માટે એમને નડિયાદ લઈ જવામાં આવ્યા. ત્યાં સાક્ષરભૂમિમાં આ સાક્ષરે તા. ૬–૯–'૮૬ના રોજ ૬૫ વર્ષની ઉંમરે દેહ છોડ્યો. ગુજરાતી સાહિત્યક્ષેત્રે એક યુગ પૂરો થયો.



સૂરત જિલ્લાના વાલોડમાં ઈ. સ. ૧૯૨૧માં જન્મેલા સુરેશભાઈ મુંબઈમાં અભ્યાસ કરી કરાંચીમાં શિક્ષણક્ષેત્રે દાખલ થયા હતા. ભાગલા પહેલાં ગુજરાતમાં પાછા ફર્યા હતા. ઈ. સ. ૧૯૫૧થી તેઓ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં જોડાયા. છેક સુધી ત્યાં જ રહ્યા. અધ્યયન, અધ્યાપન, સર્જન, વિવેચનને જ જીવનના કેન્દ્રમાં સ્થાપીને એઓ જીવ્યા. વડોદરા કૉલેજ એટલે સુરેશ જોશીની કૉલેજ એવી વડોદરા બહાર એક હવા ઊભી થયેલી. ગુજરાતીનો અહીંનો વિદ્યાર્થી બહાર સુરેશ જોશીના વિદ્યાર્થી તરીકે માનવંતો બનતો. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી માટે સુરેશભાઈ ગૌરવરૂપ હતા.

સુરેશભાઈના વ્યક્તિત્વની જીવંતતાને કારણે એમના મરણની વાસ્તવિકતા હજી સ્વીકારી શકાતી નથી. ઘણાં વરસોથી દમની બિમારીથી પીડાતા એમણે દમને ગાંઠ્યો નથી. જૂના–જીર્ણ સામે જંગ માંડનાર એમણે છેલ્લી માંદગી દરમ્યાન પણ રોગ અને મરણ સામે જંગ જ માંડેલો. Man can be destroyed but cannot be defeated યાદ આવે. એમની સર્જન અને વિવેચનની પ્રવૃત્તિ જોતાં નર્મદનું સ્મરણ થાય. ગાંધીજી વિષેના એમના લેખમાં એમણે ગાંધીજીને નર્મદ સાથે સરખાવી ઉમેર્યું છે કે જમાને જમાને એક એક નર્મદની જરૂર છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે એમણે નર્મદકૃત્ય કર્યું છે. નર્મદને ધૂન હતી કે અંગ્રેજી કવિતા જેવી ગુજરાતી કવિતા કેમ ન હોય ? એણે પ્રયોગો કર્યા. પશ્ચિમના સાહિત્યના વિશાળ વાચનથી સુરેશભાઈને ગુજરાતી સાહિત્ય એક ઘરેડમાં ચાલ્યા કરતું લાગતાં એમણે જે સર્જન કર્યું તેમાં પ્રયોગોનું નાવીન્ય આવ્યું. ગુજરાતી સાહિત્યક્ષેત્રે નવી આબોહવાનું નિર્માણ થયું. સાહિત્યનું વહેણ પલટાઈ ગયું. ગુજરાતી સાહિત્યનો ક્ષિતિજવિસ્તાર થયો.

---

'સ્વાધ્યાય', પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગષ્ટ '૮૬, પૃ. ૪૧૯–૪૨૨.

એમનો પહેલો વાર્તાસંગ્રહ 'ગૃહપ્રવેશ' પ્રગટ થયો ત્યારે નવી શૈલીની નવલિકાના ક્ષેત્રે ગુજરાતી ટૂંકી વાર્તાનો ગૃહપ્રવેશ થયો. 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' પ્રગટ થયો ત્યારે કવિતા પ્રત્યેની આપણી દૃષ્ટિ જ બદલાઈ ગઈ. વિષયવસ્તુ, છંદ, અલંકાર વગેરે ખાનાંઓમાં વહેંચીને આપણે કવિતાને જોતા હતા. કવિતા આસ્વાદવાની છે. કેવી રીતે આસ્વાદવી એ એમણે શીખવ્યું. કવિતાના આસ્વાદની દિશા એમણે ઉઘાડી આપી. કયા વિષયમાં સુરેશભાઈ ન્હોતા જાણતા એ કહેવું મુશ્કેલ હતું. પશ્ચિમના સાહિત્યના મર્મજ્ઞ એમણે મધ્યકાળના વસ્તા જેવા કવિઓની કવિતાનો આસ્વાદ ફાર્બસ સભા ત્રૈમાસિકમાં અવારનવાર કરાવેલો. કવિતા મધ્યકાલીન, પણ એને આસ્વાદવાની દૃષ્ટિ આધુનિક હોવાથી એ કવિતા મધ્યકાલીન ન રહેતી. કવિતાને દેશકાળનાં બંધનો નથી એમ સુરેશભાઈએ પુરવાર કર્યું. મધ્યકાલીન કવિતામાંથી જ એમને 'શબ્દે શબ્દે મેળાવડો' જેવી પંક્તિ જડી જતાં એ ઝૂમી ઊઠ્યા. 'ગુજરાતમિત્ર'માં ચાલતી એમની લેખમાળાને એમણે એ જ નામ આપી દીધું. 'લોકસત્તા'માં છેક સુધી 'માનવીનાં મન' કટાર લખતાં માનવમનના વિશાળ વ્યાપમાં સમાઈ શકે એવા ઘણા વિષયને સ્પર્શ્યા. એમાં એમની સંવેદનશીલતા, અભિજ્ઞતા પ્રગટતી. 'જનાન્તિકે' 'ઇદં સર્વમ્' 'અહો બત કિમ્ આશ્ચર્યમ્' જેવાં અંગત નિબંધોનાં પુસ્તકોમાં જે સર્જક[illegible] છે તેને હજી સુધી કોઈ આંબી શક્યું નથી. જગતસાહિત્યની સહિયારી મૂડીમાંથી સુરેશભાઈ નવું નવું લાવી આપણને ભેટ ધરતા. એમની સ્મરણશક્તિ અદ્ભુત હતી. વરસો પહેલાં વાંચ્યું હોય તેનો યથાયોગ્ય સંદર્ભમાં વિનિયોગ થઈ જતો, કર્તા અને કૃતિના નામ સાથે. પચીસેક વરસ પહેલાં વડોદરાની થિયોસોફિકલ લૉજમાં દર અઠવાડિયે સુરેશભાઈ વિશ્વના મહાન સર્જકોની કૃતિઓની વાતો કરવાનો અનૌપચારિક કાર્યક્રમ રાખતા. કદી ન ભૂલાય એ બેઠકો ! એ સુરેશભાઈનાં પ્રવચનો ન હતાં. વિશેષતઃ Loud thinking કરતા સુરેશભાઈની વાતો સાંભળવાનો એ યોગાનુયોગ હતો. ફરીથી એવો લાભ મળે એ માટે મેં વાત કરતાં સુરેશભાઈએ કહેલું કે હવે એવું આયોજન થાય, ન થાય પણ મારે ઘેર અમે મહાભારત વાંચીએ છીએ. તમે આવતા રહો. અનૌપચારિક રીતે 'ઊહાપોહ'ના ઉપક્રમે મર્યાદિત વક્તા–શ્રોતાઓ વચ્ચે સાહિત્યસંગોષ્ઠિનો બે દિવસ માટેનો એક કાર્યક્રમ એમણે ગોઠવેલો. એ પણ સ્મરણીય છે. સાહિત્યપદાર્થને આપણે બધા સાથે મળીને સમજીએ એ એનો ઉદ્દેશ. આવા જ ઉદ્દેશને સિદ્ધ કરવા ઈ. સ. ૧૯૫૭માં એમણે કૉલેજમાં 'અનુશીલન' નામની પ્રવૃત્તિ ઉપાડેલી જેમાં વિદ્યાર્થીઓને પણ સહભાગી બનાવેલા.

'વાણી' 'મનીષા' 'ક્ષિતિજ' 'ઊહાપોહ' 'સમ્પુટ' 'એતદ્' જેવાં સામયિકો પોતે ચલાવ્યાં અને એ દ્વારા વિચારો પ્રગટ કર્યા. 'નવલકથાનો નાભિશ્વાસ' 'ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વનો લોપ' :'કૃતિલક્ષી વિવેચન' જેવા વિવેચનક્ષેત્રે એમણે ઊભા કરેલા પ્રશ્નોએ ઠીકઠીક ઊહાપોહ સર્જ્યો. સાહિત્યપરિષદ, જ્ઞાનસત્ર, ગુજરાતીનો અધ્યાપક સંઘ અને અનેક નાનીમોટી સાહિત્યસંસ્થાઓના ઉપક્રમે થતાં સંમેલનોમાં આ પ્રશ્નોની અને એ સંદર્ભે કૃતિઓની ચર્ચા થતી રહી. 'છિન્નપત્ર' 'મરણોત્તર' જેવી એમની નવલકથાઓની વિવેચના હજી પણ થતી જ રહે છે. 'મરણોત્તર'નો ફ્રેંચભાષામાં અનુવાદ પ્રગટ થનાર છે. એમની સાહિત્યિક પ્રવૃત્તિએ ગુજરાતી સાહિત્યક્ષેત્રે બધું તળેઉપર કરી નાંખ્યું. એમને એનાયત થયેલા રણજિતરામ

સુવર્ણચંદ્રકનો સ્વીકાર કેટલીય અવઢવ પછી કર્યો. ચંદ્રકોના અર્પણવિધિ અંગે પોતાને જે કંઈ કહેવું છે તે એ પ્રસંગે કહી શકાય એવો કોઈ સદ્દહેતુ એના સ્વીકાર પાછળ હતો એ એમની અનૌપચારિક વાતચીતમાંથી જાણવા મળેલું. સુરેશભાઈએ જ્યારે સાહિત્ય અકાદમીના એવોર્ડનો અસ્વીકાર કર્યો ત્યારે વિવાદ જાગેલો પરંતુ જે વખતે જે સાચું લાગ્યું તે પ્રમાણે કરનાર સુરેશભાઈ વિવાદોથી પર લાગતા.

અક્ષરની આરાધનામાં જીવન વ્યતીત કરનાર સુરેશભાઈએ છેલ્લે છેલ્લે તા. ૨૭-૮-૮૬ના રોજ 'લોકસત્તા'ની કોલમ 'માનવીના મન'માં લખેલું "હું પણ આકાશમાંના પ્રકાશની જેમ સર્વત્ર પહોંચી જવાની ઈચ્છા રાખું છું." આકાશમાંના પ્રકાશ સાથે એકરૂપ થઈ ગયેલા સુરેશભાઈ અક્ષરદેહે આપણી વચ્ચે જ રહેશે.

પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ.
વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨

દેવદત્ત જોશી

*

# JOURNAL
# OF THE
# ORIENTAL INSTITUTE

M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor :* **S. G. Kantawala**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic Studies, textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

2. In the body of the article Non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in Devanagari or in transliteration with proper diacritical marks.

3. The sources of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : ( 1 ) Surname, initials of the author or editor, ( 2 ) Title of the work, ( 3 ) Publisher, ( 4 ) Place ( 5 ) year of publication and ( 6 ) Page No.

4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.

5. Please give running foot-note numbers from the beginning to the end of the article.

6. The copyright of all the articles published in the Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- ( Post-free ). Europe £ 3.00 ( Post-free )
U.S.A. $ 10.00. ( Post-free )

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles be sent to—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.**

# ગ્રન્થાવલોકન

**सेतुबन्ध: (गुर्जरकाव्यानुवाद):** જશવંતી દવે, પ્રકાશક: કમલિની ભણુસાલી, રજીસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ–૪૦૦ ૦૨૦, પૃ. ૮૦, કિંમત રૂ. ૧૦=૦૦.

એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરતી વખતે મૂળનું સમગ્ર સૌંદર્ય જળવાવવું અશક્યવત્ છે, એમ કહીએ તો અતિશયોક્તિ ન કહેવાય. એક શીશીમાંથી બીજી શીશીમાં અત્તર ગમે તેટલી ચીવટતાથી ભરવામાં આવે તો થોડુંક તો હવામાં ઊડી જ જાય. અથવા એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ થાય ત્યારે કાશ્મીરી ગાલિચો ઊંધો કરીએ તેવી દશા સર્જાય. ઊંધા ગાલીચામાં મૂળની ભાત તો જોઈ શકાય, પણ સંપૂર્ણ સૌંદર્ય નહિ. આમ હોવા છતાં વિશ્વભરની ભાષાઓમાંથી અન્ય ભાષાઓમાં અનુવાદ થતા રહ્યા છે અને રહેશે.

શ્રીમતી ડૉ. જશવંતી દવે, એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા તરીકે વર્ષોથી સેવા આપી રહ્યાં છે. તેમણે ગુજરાતી ભાષાના અનેક કવિની કૃતિઓને પસંદ કરી તેનો સંસ્કૃતમાં અનુવાદ ગુજરાતી માસિક ‘કવિતા’ (સંપાદક: સુરેશ દલાલ)માં આપવાનું કાર્ય સંપાદકના અનુરોધથી આદર્યું. પરિણામે ‘સેતુબંધ’ આજ મુદ્રિત પુસ્તકરૂપે પ્રાપ્ત થયું.

ડૉ. જશવંતીબહેને ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ કે અલ્પપ્રસિદ્ધ ૩૭ કવિઓની કૃતિઓનો સંસ્કૃત અનુવાદ આ સંગ્રહમાં સમાવિષ્ટ કર્યો છે. ‘કવિતા’ દ્વૈમાસિકમાં પાનાની મર્યાદા નડે એ સ્વાભાવિક હોવાથી પ્રત્યેક કવિની કદમાં નાની નાની કવિતાઓની પસંદગી કરવાની તેઓને ફરજ પડી છે. આમ છતાં ગુજરાતીમાં સંસ્કૃતના પ્રચલિત છંદોમાં લખાયેલ કાવ્યો કે સોનેટ, ગઝલ, હાઈકુ અને અછાંદસ કહી શકાય તેવી જુદા જુદા પ્રકારની કવિતાની તેઓએ પસંદગી કરી છે. વળી પસંદગીમાં કયું ધોરણ રાખ્યું છે તે નક્કી કરવું સહેલું નથી, છતાં તે તે કવિની ઉત્તમ કે ઉત્તમતાની નજીકની નીવડેલી કવિતાને તેમણે પસંદ કરી છે તેમ કહી શકાય. આમાં કેટલાક કવિઓ એવા છે કે એમની કઈ કાવતા ઉત્તમ એનો નિર્ણય એ પોતે પણ આપી શકે તેમ નથી.

અનેક પ્રકારની પસંદગી કરવા જતાં વિષયનું વૈવિધ્ય પણ બહુવિધ સર્જાયું છે. આથી સંસ્કૃતમાં શોધ્યા ન જડે તેવા આધુનિક વિષયો આજ સંસ્કૃતમાં ઉપલબ્ધ બન્યા છે તે માટે અનુવાદિકાને અભિનંદન.

એક અત્યંત આધુનિક કહી શકાય તેવું ઉદાહરણ જોઈએ.

---

‘સ્વાધ્યાય’, પુ. ૨૩, અંક ૪, જન્માષ્ટમી અંક, ઑગસ્ટ ’૮૬, પૃ. ૪૨૩-૪૩૪.

જાઝી મ્યુઝિક પર સૌ મર્ક્યુરી લેમ્પસ,
નાચી રહ્યાં, ગટરમાં ઢલવાય તેજ. (પૃ. ૪૦)

जाझ-संगीते सर्व मर्क्युरीप्रदीपाः
नृत्यन्ति, प्रणाले पतति प्रकाशः ।

અહીં प्रणाले पतति प्रकाशમાં સર્જાયેલ અનુપ્રાસ મૂળ કરતાં વધુ ચમત્કૃતિ સર્જે છે. शिशिरे सरित् हिमायते, ग्रीष्मे च बाष्पायते । (પૃ. ૪૭)માં તેઓએ નામધાતુનો પ્રયોગ કરી મૂળ કરતાં વધુ આકર્ષક અનુવાદ આપ્યો છે. અનુપ્રાસ અને યમકની સુંદર ઝલક તો ईसुं किल किलकैः अकीलयन् (પૃ. ૫૧)માં જોવા મળે છે.

એક વાતની નોંધ લેવાનું મન થાય છે કે સામાન્ય રીતે મૂળ સંસ્કૃતમાંથી ગુજરાતી અનુવાદકો જ્યારે અનુવાદ કરે છે, ત્યારે હ્રસ્વ કે દીર્ઘની દરકાર કર્યા વિના છંદની રચના કરે છે. આમ કરવા માટે તેમને ગુજરાતી ભાષાની મર્યાદા નડે છે, પણ ડૉ. જશવંતીબહેને કાન્તની શિખરિણી છંદમાં ગુજરાતીમાં લખાયેલી કવિતાનો સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે છંદના બંધારણ લઘુ ગુરુ કે યતિ માટે "ગુજરાતીઓની જેમ' છૂટ લીધી છે એ સંસ્કૃતના વિદ્વાનોને મન માન્ય પરિપાટી ન ગણાય. તેઓએ જો પ્રયત્ન કર્યો હોત તો જરૂર સંસ્કૃત છંદોબદ્ધ રચના સાદ્યન્ત સુદૃઢ અને સુરમ્ય કરી શકયાં હોત, કારણ કે તેઓ ગઝલનો સંસ્કૃત અનુવાદ ગઝલના ઢાળમાં સફળતાપૂર્વક કરી શકયાં છે. આ માટે તે અવશ્ય અભિનંદનનાં અધિકારિણી છે.

ડૉ. જશવંતીબહેન હજુપણ ગુજરાતી ઉપરાંત મરાઠી (જે ભાષાનાં તેઓ સારા જ્ઞાતા છે અને તે ભાષામાંથી ગુજરાતીમાં અનેક ગ્રંથોના અનુવાદો પણ કર્યા છે) હિન્દી તેમજ અંગ્રેજીની પસંદગીની કવિતાઓનો સંસ્કૃત અનુવાદ વધુ સ-રસ અને ચોકસાઈપૂર્વક આપે તેવી અપેક્ષા. તેમના પ્રયાસ માટે તેમને પુનઃ ધન્યવાદ.

ગૌતમ પટેલ

* * *

**પુરાવસ્તુવિદ્યાની વિભાવના : એક અધ્યયન :** લે.: રમણલાલ નાગરજી મહેતા, પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ મંડળ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૧૪, પ્રથમ આવૃત્તિ, ડિસેમ્બર, ૧૯૮૪, પૃ. ૮૦, કિંમત રૂા. ૩૦=૦૦.

ગુજરાત વિદ્યાપીઠ સંશોધન શ્રેણીનું આ ૧૮મું પુસ્તક છે. તેના લેખક પ્રો. મહેતા ગુજરાત તેમ જ રાષ્ટ્રિય કક્ષામાં પ્રથમ કક્ષાના પુરાતત્ત્વવિદ તેમ જ ઇતિહાસકાર છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ઘણાં વર્ષો સુધી તેમણે અધ્યયન, અધ્યાપન, સંશોધન અને આલેખનનું કાર્ય કર્યું છે. સાથે સાથે તેમણે ગુજરાતનાં જુદાં જુદાં ઐતિહાસિક સ્થળોનું પુરાતત્ત્વીય ઉત્ખનન સ્વયં કરેલું છે, જેમાં ટીંબરવા, દેવની મોરી, શામળાજી, નગરા, જોખા, ઘટવા, ચાંપાનેર, ચંદ્રાવતી, કાનેવાલ જેવાં મહત્ત્વનાં નગરોનો સમાવેશ થાય છે.

આ પ્રમાણે પુરાવસ્તુવિદ્યાની વિભાવનામાં પ્રો. મહેતાનાં ઊંડા જ્ઞાન, વિસ્તૃત અનુભવ અને તલસ્પર્શી અભ્યાસનો નિચોડ સમાયેલો સ્પષ્ટ દેખાય છે.

પ્રાચીન સમયના માનવસમાજના પરસ્પરના સંબંધોના સ્વરૂપનું અધ્યયન કરવામાં 'પુરાવસ્તુવિજ્ઞાન' આપણને શાસ્ત્રીય અનુમાનની પદ્ધતિ પૂરી પાડે છે. હડપ્પા અને મોહેંજોદડો જેવાં ઐતિહાસિક નગરોનાં સંશોધન થયા પછી ભારતના ઇતિહાસની ખૂટતી કડીઓ મેળવવામાં પુરાવસ્તુવિદ્યાનું મહત્તમ પ્રદાન રહ્યું છે. પ્રો. મહેતા આ કાર્યક્ષેત્રના કુશળ અને સફળ જ્ઞાતા હોઈ અગાઉ પ્રસિદ્ધ થયેલા તેમના પુસ્તક 'ઇતિહાસની વિભાવના'ની માફક આ પુસ્તક પણ પુરાવસ્તુવિદ્યાનાં ઉપલબ્ધ પુસ્તકોમાં આગવી છાપ પાડે છે.

'પુરાવસ્તુવિદ્યાની વિભાવના'માં પ્રો. મહેતાએ ગુજરાત વિદ્યાપીઠમાં આપેલાં ત્રણ વ્યાખ્યાનોનો સમાવેશ થયેલો છે. આ પુસ્તકમાં પુરાવસ્તુવિદ્યાની જ્ઞાનસાધનાની તાત્ત્વિક ભૂમિકાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, તેમાં આ વિદ્યાની કાર્યપદ્ધતિનાં વિવિધ અંગોનો ટૂંકો પણ સચોટ પરિચય આપવામાં આવ્યો છે. તેમણે જ્ઞાનસાધનાનાં પાંચ અંગો, સંચયન, સંશોધન, સંકલન, સંદર્શન તથા સંલેખનના ફલકની આબેહૂબ છણાવટ કરી છે. તેમના ઉપરોક્ત બંનેય ગ્રંથોના પ્રકાશનને પરિણામે ઇતિહાસનાં ક્ષેત્ર, સ્વરૂપ અને પદ્ધતિને સ્પર્શતાં સંશોધનકાર્યને પ્રશંસનીય પ્રોત્સાહન મળ્યું છે, અને તે દ્વારા વિશેષતઃ નવોદિત ઇતિહાસકારોને ચોક્કસ દિશાસૂચન મળ્યું છે.

આ પુસ્તકના પહેલા પ્રકરણમાં પ્રો. મહેતાએ જ્ઞાનોપાસના તથા તેની કાર્યપદ્ધતિની ચર્ચા કરી છે. તેમણે પુરાવસ્તુવિદ્યાનો અર્થ સમજાવીને તેની શક્તિ તેમજ મર્યાદાઓ પણ દર્શાવી છે. સાથે સાથે પુરાવસ્તુવિદ્યાનું મુખ્ય ધ્યેય દ્રવ્યપરીક્ષા છે એ પ્રતિપાદન કરીને તેના સાધર્મ્ય અને વૈધર્મ્યની તેમણે ચર્ચા કરી છે. આ કાર્યમાં ઉપયોગમાં લેવાતી કાલગણનાની વિવિધ રીતો તથા પુરાવસ્તુવિદ્યાના પારિભાષિક શબ્દોની પ્રક્રિયાઓનું પણ સરળ વિવેચન કરવામાં આવ્યું છે. તેમણે પુરાવસ્તુવિદ્યાનો અન્ય વિવિધ વિદ્યાઓ સાથે કેવો સંબંધ છે તે બતાવીને પુરાવસ્તુવિદ્યાની વિભાવનાનું સર્વાંશે સ્પષ્ટીકરણ કર્યું છે. આ પુરાવસ્તુવિદ્યાની વિભાવનામાં 'માનવની અતીતમાં થયેલી પ્રવૃત્તિનું દ્રવ્યાશ્રિત જ્ઞાન ધીમે ધીમે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં ગતિ કરતું કાર્યકર્તાઓના દૃષ્ટિબિન્દુઓથી ફેરફાર પામતું દેખાય છે'. (પૃ. ૩૦). આ પ્રમાણે પુરાવસ્તુવિદ્યાનો અર્થ માનવઅતીતનું દ્રવ્યાશ્રિત શેષવત્ અનુમાનથી થતું અધ્યયન એવો થાય છે.

આ અધ્યયનની કાર્યપદ્ધતિ પુસ્તકના બીજા પ્રકરણમાં લેખકે સુવિસ્તાર વર્ણવી છે. તેમાં સંચયન, સંશોધન, સંકલન, સંદર્શન તથા સંલેખન જેવી વિવિધ કાર્યપદ્ધતિની વિશદ ચર્ચા કરી છે. આ પદ્ધતિની ચર્ચા દ્વારા લેખકે સંચયનમાં જુદી જુદી રીતે જૂની વસ્તુઓ ભેગી કરવી, સ્થળતપાસ કરવી અને તેને માટે વપરાતી હવાઈપુરાવસ્તુવિદ્યા, જલાંતપુરાવસ્તુવિદ્યા તેમ જ જમીન ઉપર થતાં સંચયન અને ઉત્ખનનં ઇત્યાદિની તલસ્પર્શી સમાલોચના કરી છે. ઉપરાંત, તેમણે સંશોધનપ્રક્રિયામાં ઉત્ખનન તથા દ્રવ્યની બાહ્યાભ્યંતર કસોટી વિગેરેની હકીકતો જણાવીને દ્રવ્યની અંદર થતા જુદાજુદા ફેરફારો દ્વારા થતાં સંશોધનોનું પણ નિરૂપણ કર્યું છે.

પુરાવસ્તુવિદ્યામાં સંકલનની પ્રક્રિયામાં પ્રો. મહેતાએ દ્રવ્ય અને રૂપની યથાર્થ ચર્ચા કરી છે તથા સમરૂપ અને અસમરૂપ પદાર્થોનું સંકલન કેવી રીતે કરવું તે બતાવવા ઉપરાંત તેમાં રહેલાં ભયસ્થાનો પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. તેમણે આ સંકલન પછી ઉદ્ભવતા દર્શનની કેટલીક વિગતો દૃષ્ટાંતો સહિત સમજાવી છે અને આ પ્રમાણે થતાં સંદર્શનની વ્યક્તિ-લક્ષી પ્રક્રિયા દર્શાવવાનો સફળ પ્રયાસ કર્યો છે. આ સંદર્શનની અસરો, અર્થઘટન અને સંલેખન પર કેવી રીતે થાય છે તે બતાવવા ઉપરાંત તેમણે વ્યક્તિગત અને સમષ્ટિગત દૃષ્ટિબિંદુઓની પણ યથાયોગ્ય ચર્ચા કરી છે.

પ્રો. મહેતાએ દ્રવ્યાશ્રયી શેષવત્ અનુમાનને આધારે થયેલું અર્થઘટન જ્ઞાનના પ્રચાર માટે સંલેખન તરફ ગતિ કરતું દર્શાવ્યું છે. તેમણે સંલેખન બાબતમાં 'લાંબી પરંપરા ધરાવનાર ભારત પુરાવસ્તુમાં કામ કરનારને જે અસંખ્ય તકો પૂરી પાડે છે તેનો આપણે યોગ્ય ઉપયોગ કરતા નથી તેથી પુરાવસ્તુના સમૃદ્ધ મુલકમાં એ વિષયના જ્ઞાનમાં આપણે દીન–ગરીબ હોઈએ એવું ચિત્ર ઉપસ્થિત થાય છે' એવું દર્શાવીને તે દૂર કરવાની તાતી જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.

આ પુસ્તકના ત્રીજા પ્રકરણમાં પ્રો. મહેતાએ સંલેખનના વિવિધ પ્રકારોની તલસ્પર્શી ચર્ચા કરી છે. આ વ્યાખ્યાનોના અંતભાગમાં ઉપસંહાર કરતાં તેમણે પુરાવસ્તુવિદ્યાના સામર્થ્યના સદુપયોગ તથા દુરુપયોગ તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. સાથે સાથે તેમણે આ પણ સ્પષ્ટ કર્યું છે કે પુરાવસ્તુવિદ્યાની જ્ઞાનસાધનાના મૂળભૂત પાયામાં દ્રવ્યનું કેવા પ્રકારનું અધ્યયન રહેલું છે અને તેથી સૂક્ષ્મ વિચારણા નિરંતર આવશ્યક છે. આવી ઝીણવટભરી વિચારણાની સહાયથી આપણી સંસ્કૃતિ અને સંસ્કારોના વિશ્વ સાથેના સબંધોની યોગ્ય ભૂમિકા બંધાય છે એ સમજાવવા પ્રો. મહેતાએ સફળ પ્રયત્ન કર્યો છે.

આ પ્રમાણે પ્રો. મહેતાએ ઓછી લોકપ્રિય અને વધુ અઘરી એવી પુરાવસ્તુવિદ્યાના કઠણ વિજ્ઞાનને અગાધ પરિશ્રમ અને અખૂટ ધૈર્યથી હસ્તગત કર્યું છે અને તેનો લાભ આપણને સૌને આ પુસ્તક દ્વારા સરળતાથી મળ્યો છે એ ઘણા આનંદ અને ગૌરવની ઘટના છે. ઇતિહાસતજ્જ્ઞ મુરબ્બીશ્રી રામલાલ પરીખસાહેબે આ પુસ્તકના આમુખમાં ગુજરાતમાં ઇતિહાસના સંશોધન અને આલેખનની ઉપેક્ષિત વિદ્યાને ચેતનવંતી બનાવવાના સ્તુત્ય આદર્શને આ પુસ્તક દ્વારા સાકાર કરવાની અભિલાષા જે વ્યક્ત કરી છે તે સર્વથા યોગ્ય જ છે. ઇતિહાસસંશોધનના સૌ કોઈ કર્મવીરો આ અમૂલ્ય પુસ્તકને સહર્ષ આવકારશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

આ પુસ્તકની આગવી વિશિષ્ટતા એ છે કે તેને આઠ ચિત્રો દ્વારા સચિત્ર, સરળ અને સુંદર બનાવવામાં આવ્યું છે જે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય વાચકવર્ગને પણ સમજવામાં સહાયરૂપ થાય છે. પુસ્તકની ભાષા સહેલી અને અર્થપૂર્ણ છે; પરંતુ પુરાવસ્તુવિદ્યાના વિષયને સમજાવવા માટેની ગુજરાતી ભાષાની ક્ષમતા તેમાં સ્પષ્ટ દેખાય છે. પુરાવસ્તુવિદ્યાના વિવિધક્ષેત્રમાં થતા અધ્યયન અને સંશોધનકાર્યને તે વ્યવસ્થિત રીતે સમજાવે છે, જેને પરિણામે અધ્યાપકવર્ગને માટે પણ આ પુસ્તક પ્રથમ શ્રેણીની પ્રથમ પસંદગીરૂપ બને છે.

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા લેખકનું અગાઉ પ્રસિદ્ધ થયેલું પુસ્તક 'ઇતિહાસની વિભાવના'ના અનુસંધાનમાં પુરાવસ્તુવિદ્યાનું તેમનું આ પુસ્તક ગુજરાતી ભાષામાં મળતાં પુસ્તકોમાં વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. આ બંને પુસ્તકોનું કાળજીભર્યું અધ્યયન ઇતિહાસ અને પુરાવસ્તુવિદ્યાનાં અધ્યયન, અધ્યાપન, સંશોધન તથા આલેખન કાર્ય માટે અતિ ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે.

ગુજરાતમાં ઐતિહાસિક પદ્ધતિના અભ્યાસ માટેનાં પુસ્તકોમાં મોટેભાગે વિદેશી ગ્રંથોનો પ્રભાવ તથા તરજુમિયા સ્વરૂપ વિશેષ જોવામાં આવે છે જેથી આવાં પુસ્તકો ઇતિહાસ અને પુરાવસ્તુવિદ્યા જેવા ગહન વિષયોને સરળતાથી સમજાવવામાં સફળ બની શકતાં નથી. આવાં પુસ્તકોમાં લેખકોની અનુભૂતિનું બળ જવલ્લે જ જોવા મળે છે. પરિણામે, આવાં પુસ્તકોની છાપ માત્ર નકલી સાહિત્ય તરીકે પડે છે. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને તે કોઈ રીતે ઉપયોગી થઈ શકતાં નથી, બલ્કે ગેરમાર્ગે દોરનારાં બનવાનો સંભવ રહે છે. પ્રો. મહેતાના આ પુસ્તકમાં તેમના લાંબા ગાળાનાં અધ્યયન, અધ્યાપન, સંશોધન અને આલેખનકાર્યના અનુભવની આપણને સાહજિકતાથી પ્રતીતિ થાય છે.

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં જ્યાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઐતિહાસિક પદ્ધતિ અને પુરાવસ્તુવિદ્યા જેવા વિષયોનું અધ્યયન–અધ્યાપન કરવામાં આવે છે ત્યાં આ પુસ્તક સૌ વિદ્યાનુરાગી વિદ્યાર્થીઓ તથા અધ્યાપકમિત્રોને માર્ગદર્શક અને મદદરૂપ થઈ પડશે એમાં સહજ પણ શંકાને સ્થાન નથી.

અનુસ્નાતક ઇતિહાસ વિભાગ,
વલ્લભ વિદ્યાનગર

જી. ડી. શુક્લ

* * *

**ઇતિહાસપરિમલ :** લેખક અને પ્રકાશક : મુગટલાલ પી. બાવીસી, ૪/૪, શ્રી સાંઈ એપાર્ટમેન્ટસ, હવાડિયા ચકલા પાછળ, સૂરત–૩૯૫ ૦૦૩, પ્રાપ્તિસ્થાન : ગુર્જર એજન્સી, અમદાવાદ–૧, પૃષ્ઠ સંખ્યા : ૧૦૬, પ્રકાશન વર્ષ : ડિસેમ્બર; ૧૯૮૫, કિંમત : ૧૫=૦૦.

ગુજરાત ઇતિહાસ પરિષદનાં અધિવેશનો, જ્ઞાનસત્રો તેમ જ સૌરાષ્ટ્ર ઇતિહાસ પરિષદના અધિવેશન ઉપરાંત, પ્રવાસનોંધો ઉપરાંત પુસ્તકપરિચય અને પ્રતિભાઓ વિશેની સંકલિત માહિતી આપતું "ઇતિહાસપરિમલ" નામનું લઘુ પુસ્તક ડૉ. બાવીસીએ પ્રકાશિત કર્યું છે.

ગુજરાત ઇતિહાસ પરિષદનાં ૧૯૭૪ થી ૧૯૮૪ સુધીના સમયગાળા દરમ્યાન ભરાયેલાં અધિવેશનો અને જ્ઞાનસત્રોનો ખ્યાલ આપ્યો છે. તેમની આ અંગેની નોંધો દૈનિક પત્રમાં એક યા બીજી રીતે પ્રકાશિત થઈ ચૂકેલી છે પણ તેને સંકલિત કરી એક જ સ્થળે વાચકને તે મળી રહે એવા આશયથી લેખકે કદાચ આને પ્રકાશિત કરી હોય તેમ લાગે છે. આ સમયગાળા દરમ્યાન પરિષદના તેઓ મંત્રીશ્રી હતા તેની નોંધ લેવી રહી.

પરિષદનાં અધિવેશનો અને જ્ઞાનસત્રોમાં પ્રમુખસ્થાને કોણ હતું, વ્યવસ્થા કેવી હતી વગેરે ક્ષુલ્લક અને બિનઉપયોગી બાબતોનું તેમણે અહીં નિરૂપણ કર્યું છે. એક રીતે જોઈએ તો તેમણે અધિવેશનો અને જ્ઞાનસત્રોનો પત્રકારની માફક અહેવાલ રજૂ કર્યો છે. સ્થાનિક રિપોર્ટરોએ જે તે સમયે અધિવેશનો કે જ્ઞાનસત્રો ભરાયાં હશે તે અંગેનો અહેવાલ દૈનિક પત્રો માટે લખ્યો હશે. આમ એક રીતે ડૉ. બાવીસીએ પત્રકારોએ બજાવેલી કામગીરીને દોહરાવી છે. એટલે અહીં, પ્રશ્ન સ્વાભાવિક ઉદ્‌ભવે કે આ પ્રકાશન દ્વારા ડૉ. બાવીસી શું હાંસલ કરવા માગે છે ? આ લઘુપુસ્તક ગુજરાત સાહિત્ય એકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત થયેલું છે એટલે આ હેતુ જાણવાની સવિશેષ ઉત્કંઠા થાય.

એવું અનુમાન થઈ શકે કે આ દ્વારા લેખક ગુજરાતના વાચકવર્ગને, ગુજરાત ઇતિહાસ પરિષદની પ્રવૃત્તિઓ ઉપરાંત ગુજરાતના ઇતિહાસવિદોની અભ્યાસકીય પ્રવૃત્તિઓ તેમ જ ગુજરાતના ઇતિહાસનું ખેડાણ કેવી રીતે થઈ રહ્યું છે, તેનો ખ્યાલ આપવા માગે છે. જો આ અનુમાન સાચું હોય તો આ પુસ્તિકા આવી માહિતી આપવામાં ઘણી ઊણી ઉતરે છે.

લેખક ઘણાં થોડાં અધિવેશનોના અહેવાલમાં રજૂ થયેલા અભ્યાસલેખો તેમ જ તે અંગેની વિદ્વત્તાપૂર્ણ ચર્ચાનો ખ્યાલ આપે છે. બાકી મોટાભાગનાં અધિવેશનોમાં શોધલેખો કે તેની ચર્ચા અંગે ચુપકીદી સેવાઈ છે. જો લેખકે જ્ઞાનવિષયક કે શોધલેખો અંગેની માહિતીને પ્રાધાન્ય આપી તેની રજૂઆતનો આગ્રહ રાખ્યો હોત તો ખરેખર આ લઘુ પુસ્તિકાનું મૂલ્ય અનેક ગણું વધી જાત. ગુજરાતના ઇતિહાસનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરનાર તેમ જ સંશોધકોને તે માહિતી ઉપરાંત માર્ગદર્શન આપનાર બનત. સામાન્ય વાચકવર્ગ પણ તેમના રસના વિષય પરત્વે વધુ જાણકારી મેળવવાની ઇચ્છા ધરાવતો હોય તો તે પણ સંશોધકોનો સંપર્ક સાધી તેની રસવૃત્તિને સંતોષી શકત. આમ આ લઘુપુસ્તિકાની ઉપયોગિતા વિશે શંકા ઉપજાવે છે.

ખેર ! આ ઉપરાંત પ્રવાસવિભાગમાં લેખકે જે તે સ્થળોના પ્રવાસના સંદર્ભમાં સ્થાનિક ઇતિહાસની વાતોનો અછડતો ઉલ્લેખ કર્યો છે, ઉપરાંત ક્યારે એક સ્થળેથી બીજે સ્થળે પહોંચ્યા, કેવાં વાહનોનો ઉપયોગ કર્યો, કેવી સરભરા થઈ વગેરે રોજનીશીની માફક વિવિધ વાતો રજૂ કરી છે. આમ આ શુષ્ક અને નિર્જીવ નોંધ પ્રવાસના સંદર્ભમાં એક ઇતિહાસવિદ્ રજૂ કરે છે તે આશ્ચર્યકારક છે. હા, કોઈક સ્થળે તેમણે પાળિયાઓ, ગોખલાઓ કે એવી પુરાતત્ત્વની દૃષ્ટિએ મહત્ત્વની બાબતોની સ્થાનિક ઇતિહાસના સંદર્ભમાં નોંધ લીધી છે; પરંતુ આનાથી કોઈ હેતુ સિદ્ધ થતો નથી. આવી પ્રવાસનોંધો, વાંચકોની જિજ્ઞાસા અને કુતૂહલવૃત્તિને જગાવે નહિ તો તેનો કંઈ અર્થ નથી.

સરકારી માહિતીખાતું કે પ્રવાસનિગમ ગુજરાતનાં વિવિધ સ્થળોની માહિતી આના કરતાં વધુ સારી પૂરી પાડે છે. એક ઇતિહાસવિદે આમ પૃષ્ઠ સંખ્યા વધારવા સિવાય બીજી કોઈ ઉપયોગી કામગીરી બજાવી નથી એવી છાપ સહેજે ઉદ્‌ભવે.

છેલ્લે એક કઠે તેવી વાત રજૂ કરું. ગુજરાતમાં અંગ્રેજીના સ્થાન વિશે યુદ્ધભૂમિકા સર્જાયેલી રહેલી છે. અનેક વિતંડાવાદ આમાંથી ઉદ્‌ભવ્યા છે. ગુજરાતના વિદ્યાર્થીનું અંગ્રેજીનું

કાચું જ્ઞાન તેની પ્રગતિ રૂંધનાર બન્યું છે. આ બાબતને 'ભદ્ર સમાજે' પ્રચારનો મુદ્દો બનાવ્યો છે. આ ભાષાની વિશ્વકક્ષાએ મહત્તા છે તે અંગે બે મત નથી. અને તેનું સઘન જ્ઞાન ગુજરાતના વિદ્યાર્થીને આપવું જોઈએ તે પણ તેટલું જ સાચું છે. છતાં પણ આપણી અંગ્રેજ અને અંગ્રેજીપરસ્તી તેટલી જ વિનાશક છે તે ભૂલવું જોઈએ નહિ. જો કોઈ અંગ્રેજીમાં વક્તવ્ય આપે તો આપણે કેવો પ્રતિભાવ પાડીએ છીએ તેનું સુંદર ઉદાહરણ લેખકના એ વાક્ય પરથી સમજાશે. "પરિષદનું ઉદ્ઘાટન કરતાં કચ્છના મહારાવ શ્રી મદનસિંહજીએ અંગ્રેજીમાં પ્રવચન કરતાં, ભૂજમાં ઇતિહાસ પરિષદ ભરાય છે તે વિશે આનંદ પ્રગટ કર્યો." (પૃષ્ઠ–૧૧) આ વાક્ય ઘણું સૂચક છે. કેળવાયેલા વર્ગની કેવા પ્રકારની માનસિક સ્થિતિ છે તે સમજવાનું વાચકોની વિવેકબુદ્ધિ પર છોડી દઉં છું.

ઇતિહાસ વિભાગ,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા

એસ. કે. દેસાઈ

* * *

**શ્રીકૃષ્ણોદય :** લેખક : સ્વ. પંડિત છજ્જુરામજી; પ્રકાશક : શ્યામસુંદર શર્મા; ટ્રસ્ટી પં. છજ્જુરામ માયાવન્તી ચેરીટેબલ ટ્રસ્ટ ૬૬, રેલ્વે મંડી, હોશિયારપુર–146 001, ઈ. સ. ૧૯૮૫; પાન ૮૨.

શ્રી કૃષ્ણોદય સ્વ. પંડિત છજ્જુરામજી સામનેવાલેએ લખેલી કુલ ૮૨ પાનાની એક સંક્ષિપ્ત કાવ્યપુસ્તિકા છે. પૂર્વાર્ધનાં ૪૨ પાનામાં શ્રીકૃષ્ણજન્મનું વર્ણન છે અને ઉત્તરાર્ધનાં ૪૦ પાનામાં 'રુક્મિણી–વિવાહ'નું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રી છજ્જુરામજી કૃષ્ણભક્ત હતા અને કૃષ્ણભક્તિનો પ્રચાર અને પ્રસાર કરવામાં હંમેશાં મશગૂલ રહેતા હતા. એ જ ઉદ્દેશથી સીધી, સરળ ભાષામાં આ પુસ્તક તેમણે લખ્યું છે, તેથી એમાં ઉચ્ચકોટિની કાવ્યાત્મકતા શોધવી વ્યર્થ છે. એક સાચા ભક્તની નિષ્ઠા તથા ભક્તિ–ભાવનાની સહજાભિવ્યક્તિ જ એની મુખ્ય વિશેષતા છે.

'શ્રી કૃષ્ણજન્મ'ની હંમેશની પરિચિત કથાને શ્રી છજ્જુરામજીએ કાવ્યમાં લીધી છે. આકાશવાણી અનુસાર પોતાની બહેન દેવકી તથા બનેવી વસુદેવને મથુરાધિપતિ કંસે સજા કરી હતી. એમનાં પ્રથમ સાત બાળકોને એ મારી નાંખે છે, પરંતુ આઠમા બાળકના જન્મસમયે, દૈવયોગે વસુદેવને બધી સુવિધાઓ પ્રાપ્ત થાય છે, અને તેથી તે પોતાના પુત્રને ગોકુળમાં નંદ–યશોદાને ઘેર મૂકી આવે છે, અને પુત્રના સ્થાને તે એમની પુત્રીને પોતાની સાથે લઈ જાય છે. જ્યારે કંસ તે પુત્રીની હત્યા કરવા માટે તત્પર થાય છે ત્યારે હાથમાંથી છૂટીને આકાશમાં એ પુત્રી ઊડી જાય છે. અને આકાશવાણી થાય છે કે તેનો (કંસનો) મારક તો ગોકુળમાં ઊછરી રહ્યો છે. અત્યાચારી કંસને મારીને બાલકૃષ્ણ પોતાનાં માતાપિતા દેવકી અને વસુદેવને કેદમાંથી મુક્તિ અપાવે છે. કંસના યોદ્ધાઓ તથા સંહારક હાથીના વ્યૂહનું કવિએ વિસ્તૃત વર્ણન આપ્યું છે, એનો મુખ્ય ઉદ્દેશ બાલકૃષ્ણના મહત્ત્વને દર્શાવવાનો છે.

ઉત્તરાર્ધમાં રુક્મિણી–વિવાહનું વર્ણન કરવામાં આવ્યું છે. કુંદનપુરના રાજા ભીષ્મકના જ્યેષ્ઠ પુત્ર રુકમ પોતાની બહેન રુક્મિણીનો વિવાહ ગોપાળ કૃષ્ણ સાથે થાય, તે મહાઅપમાન સમજે છે, અને તેથી તે શિશુપાલને સ્વયંવર માટે સંદેશો પાઠવે છે, પણ રુક્મિણી કૃષ્ણના પ્રેમમાં હોવાને કારણે એક બ્રાહ્મણ સાથે કૃષ્ણને પોતાનો સંદેશો મોકલાવે છે અને કૃષ્ણ કુંદનપુર આવી પહોંચે છે. શિશુપાલ પોતાની સેના તથા અન્ય રાજાઓ સહિત વિવાહ માટે કુંદનપુર આવે છે. જ્યારે રુક્મિણી અંબિકાની પૂજા માટે જાય છે, ત્યારે તેની ઈચ્છાનુસાર કૃષ્ણ રુક્મિણીનું અપહરણ કરે છે. શિશુપાલ અને અન્ય રાજાઓ સાથે ભયંકર યુદ્ધ થાય છે અને કૃષ્ણ વિજયી બને છે. રુકમની દાઢી–મૂછ મૂંડીને કુરુપ બનાવી દેવામાં આવે છે. દ્વારિકા પહોંચીને દેવકી–વસુદેવ, રાજાભીષ્મક અને એમના સગા–સંબંધીઓ બધા ભેગા મળે છે અને વિધિ અનુસાર કૃષ્ણ અને રુક્મિણીનો વિવાહ ઉજવાય છે.

કવિની ભાષા પર ઉર્દૂ, ફારસી અને પંજાબીનો ઘણોખરો પ્રભાવ જોવા મળે છે. દા. ત. ભૈન, ભનમઈયા, હત્થ, જન્દરે, મિત્તર, અજ્જ, નિપાના, જન્ન, સહકે, પુત્તર, નજ઼ર, રિજક, પંજ, ઈજ્જ઼ત, અવાજ઼, જુલમ઼, મંજ઼િલ વગેરે.

મુદ્રણની કોઈક કોઈક ભૂલ રહી ગઈ છે. એ જ જેને બીજી આવૃત્તિ વેળા સુધારી શકાય છે. જેમ કે: મંહાબલી પા. ૫, હથકડી પા. ૧૭, આકાશબાણી પા. ૨૨, વરી પા. ૨૩, ચર્ત પા. ૩૫, બ્યાહો પા. ૪૪, નાર્પુન પા. ૭૧, ચરણી પા. ૭૬, તોર પા. ૭૯.

સમગ્રતયા એમ કહી શકાય કે એક કૃષ્ણ–ભકતે આપણા પોતાના ભાવોદ્ગારોને કાવ્યના માધ્યમથી વાચા આપી છે. આશા રાખીએ છે કે આ પુસ્તક ભક્તો માટે ઉપયોગી નીવડશે.

હિન્દી વિભાગ, કલાસંકાય,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા

**પ્રેમલતા બાફના**

* * *

**સહજ સુખ શ્રેણી ૩–૪ :** કર્તા શ્રી જશુભાઈ શાહ, **પ્ર**કાશક : જય સચ્ચિદાનંદ સંઘ વતી ખેતશી નરશી શાહ, ૨૦/૧૦ એન્જલ લૅન્ડ, નાયગામ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ–૪૦૦ ૦૩૧, પૃ. શ્રેણી ૩, ૧૪૩, શ્રેણી ૪, ૧૩૬, કિંમત વિના મૂલ્ય.

અગાઉ સહજ સુખ શ્રેણી ૧ અને ૨ના જેવો જ શ્રી જશુભાઈ શાહનાં ભક્તિકીર્તનો–પદ્યોનો આ સંગ્રહ બે ભાગમાં પ્રકાશિત થયેલો છે. આ પુસ્તકોની પ્રસ્તાવનામાં સ્વયં રચયિતાએ કેટલીક સારી સ્પષ્ટતા કરેલી છે જે નોંધવા જેવી છે.

આ પદ્યોના ઉદ્ગમ વિષે પ્રસ્તાવનામાં શ્રી જશુભાઈ શાહ લખે છે, "સજીવન મૂર્તિ જ્ઞાની પુરુષ મળી ગયો તેનો ઉલ્લાસ સહજ સુખ શ્રેણી–૧માં ઝરણાની અદાથી વ્યક્ત થયો.

ત્યાર બાદ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની પરમકૃપાથી દાદા ભગવાન પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ દેહધારી પરમાત્મા મળી ગયા. તે આનંદ અને ઉલ્લાસમાં સહજ સુખ શ્રેણી–૨નાં પદો

નીકળ્યાં ત્યાર બાદ આ દાદા ભગવાન મારે માટે મોક્ષદાતા પુરુષ છે એવું મારા હૃદયે અનન્ય શ્રદ્ધાથી સ્વીકારી લીધું અને જે અંતર ભક્તિ જાગી તે સહજ સુખ શ્રેણી–૩નાં પદોમાં ચિત્ત પ્રસન્નતાનાં પુષ્પોના રૂપે વ્યક્ત થઈ અને ત્યાર બાદ આ દાદા ભગવાનની તેમને દેહધારી પરમાત્મા માની અનન્ય ભાવે ભક્તિ કરતાં પરા ભક્તિની દશામાં સહજ સુખ શ્રેણી ૪–નાં પદો નીકળ્યાં છે અને આ ક્રમ હજુ વ્યવસ્થિત જ્યાં સુધી બંધ ન કરે ત્યાં સુધી ચાલુ જ છે." (શ્રેણી–૪ પ્રસ્તાવના, પૃ ૬).

કવિશ્રી જશુભાઈ શાહ જે માર્ગના પ્રવાસી બની ચૂક્યા છે તે અક્રમ-માર્ગ છે. ક્રમિક માર્ગ એ રાજમાર્ગ છે ને અક્રમ વિજ્ઞાન એ એક કેડી છે. એક ઉત્સર્ગ છે તો બીજું અપવાદ છે.

શ્રી જશુભાઈ શાહને થયેલી ઉપલબ્ધિ–'હું' જ મુજને મળી ગયો। એ પદમાં છેલ્લે સારી રીતે સમજાય છે.

સહજ સુખ શ્રેણી–૪નાં પદોમાં શ્રી જશુભાઈ શાહની પ્રગતિ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે, ને શ્રેણી–૩ કરતાં આ પદો આગળની કોટિનાં છે તે પ્રતીત થાય છે.

આત્મપ્રતીતિની દશા પછી કવિ જેને 'ભાવમોક્ષ' કહે છે તેનો પરિચય 'ભાવમોક્ષની પ્રાપ્તિ થઈ' એ પદમાં સારી રીતે આપે છે. તેમાં કેવળ સાક્ષી તરીકે જોવું, કર્તૃત્વનું 'અહં' છોડી દેવું અને આત્મસ્વરૂપની ઉત્તરોત્તર વધુ સારી ઓળખ થવી એ સહજ રીતે વર્તાય છે, પછી જે શેષ રહે છે તેને જ કવિ આંતરિક સહજ સુખ તરીકે ગણાવે છે.

'જે સમજ્યા તે તરી ગયા', 'આત્મામાં હું રમી રહ્યો', 'મૂળ વાતનો ભેદ જડ્યો', 'નિજ ઘરનું સામ્રાજ્ય મળ્યું', 'સ્વયં અનુભવ બોલી રહ્યો', 'ગહન વાત હું સ્પષ્ટ કરું', 'મોક્ષ એ જ છે સ્વભાવ તારો', 'અજવાળાં અંદર પ્રગટ્યાં', 'વિખરાતા પુદ્ગલને જોતો', ઇત્યાદિ પદો કવિની પરાભક્તિની દશાનું જ ચિત્રણ છે.

શ્રેણી–૩ની પંચપદીની જેમ શ્રેણી–૪માં છેલ્લે 'સપ્તાષ' એ નામથી જુદાં સાત કાવ્યો આપ્યાં છે તેમાં ૬ (બ) 'સહજ સુખનાં પદો' અને (૭) 'અમૃત સચોડી નાળિયેરી' નોંધપાત્ર છે. 'હું મુસાફર' એ કાવ્યમાં રેલ્વેની મુસાફરીના રૂપકથી આધ્યાત્મિક અનુભવનું સુંદર નિરૂપણ કરેલું છે. કવિ આ સંગ્રહોનાં પદોને 'આત્માનાં આ હાલરડાં' તરીકે ઓળખાવે છે તે સાચે જ યોગ્ય છે.

શ્રેણી–૪ની શરૂઆતમાં તેમની વ્યક્ત થયેલી ભાવના: 'મને મળ્યું તે સહુને મળજો' એ જ ભાવના હૃદય ભરી! પ્રગટ દિવડો મને મળ્યો તેમ મોક્ષાર્થીને રહો મળી!' એ કવિના હૃદયની અધ્યાત્મ–પ્રતીતિ પછીની સરળતાએ પ્રેરી સર્વશ્રેયની ભાવના જ વ્યક્ત કરે છે.

આમ 'સહજ સુખ' માનવજીવનની ગહનતમ વસ્તુ માટેની સરળતમ અને સચ્ચાઈના રણકારવાળી નિર્વ્યાજ અભિવ્યક્તિ છે એમ જરૂર કહી શકાય.

કવિને ‘ હરિગીત ’ છંદ જ પ્રિય છે એમ જણાય છે કારણ કે તેમણે એનો જ પ્રયોગ સર્વત્ર છંદોબદ્ધ રચનામાં કરેલો છે. કવિની અનાયાસ અભિવ્યક્તિ છે તે લક્ષમાં લઈએ તો પણ ઘણા બધા જોડણીદોષો જે પ્રવેશી ગયા છે તે વાંચતાં આંખોને ખૂંચે એવા છે ખરા તે નોંધવું રહ્યું. પણ આ સિવાય ગુણપક્ષે ઘણું કહ્યું છતાં અધૂરું રહ્યું છે એમ કહેવાનું મન થાય એવા આ પદસંગ્રહો જરૂર છે જ.

વિષ્ણુપુરાણ વિભાગ, પ્રાચ્યવિદ્યા મન્દિર,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨

**મધુસૂદન મા. પાઠક**

* * *

## સાભાર સ્વીકાર

૧ **વનરાઈ :** લે. અને પ્ર. રસિક ચિ. ત્રિપાઠી, ૬, અધ્યાપક સોસાયટી, ગુલબાઈનો ટેકરો, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૭+૭૪, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૨ **શાણ્ડિલ્ય ભક્તિસૂત્રો :** લે. અને પ્ર. રસિક ચિ. ત્રિપાઠી, ૬, અધ્યાપક સોસાયટી, ગુલબાઈનો ટેકરો, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૬૯, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૩ **કીર્તિ-કૌમુદી :** લે. વિભૂતિ વિક્રમ ભટ્ટ, પ્ર. કેશવપ્રસાદ ચુનીલાલ ભટ્ટ, ‘ સુનંદા સદન ’ પરમાનંદ સોસાયટી, જૂના રેલ્વે ક્રોસીંગ પાસે, મણિનગર પશ્ચિમ, અમદાવાદ–૩૮૦ ૦૦૮, પૃ. ૧૫ + ૧૨૪, કિંમત : રૂા. ૨૦ = ૦૦.

૪ **ઉર્દૂ ભાષાની પ્રાથમિક ઉત્પત્તિમાં સૂફી સંતોનું પ્રદાન :** લે. મોલવી ડૉ. અબ્દુલ હક્ક સાહેબ, પ્ર. જમિયત પંડ્યા ‘ જિગર ’, ૫૩૦/૩ અર્જુનલાલની ખડકી, ખાડીયા, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૧૨, કિંમત : રૂા. ૧૬ = ૦૦.

૫ **શ્રદ્ધાભર :** લે. અને પ્ર. વિનોદચંદ્ર ઓ. પુરાણી, મંત્રી, ભારતીય તત્ત્વજ્ઞાન મંદીર, મોડાસા–૩૮૩ ૩૧૫, પૃ. ૪૮, કિંમત : રૂા. ૩ = ૦૦.

૬ **ભાષાસંશોધન :** લે. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ, પ્ર. વિનોચંદ્ર ઓ. પુરાણી, મંત્રી, ભારતીય તત્ત્વજ્ઞાન મંદીર, મોડાસા–૩૮૩ ૩૧૫, પૃ. ૨૩૫, કિં. : રૂા. ૫૫ = ૦૦.

૭ **મહેક :** લે. અને પ્ર. મહેબુબ યુ. દેસાઈ, રૂવાપરી રોડ, સાંઢિયાવાડ નાકા સામે, ભાવનગર–૩૬૪ ૦૦૧, પૃ. ૬૪, કિંમત : છાપેલ નથી.

૮ **કર્મયોગી ગુર્જિએફ :** લે. પુષ્કરભાઈ ગોકાણી, પ્ર. ભોગીભાઈ ગાંધી, વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા–૩૯૦ ૦૦૫, પૃ. ૬૫, કિંમત : રૂા. ૨૧ = ૦૦.

૯ **અપ્તૃપ્ત ઝંખના :** લે. શોભન, પ્ર. સ્પદંન એન. વસાણી, અભિરુચિ પ્રકાશન, ૨૧૨, સર્વોદય સલાપસ માર્ગ, જી.પી.ઓ. પાસે, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૫૬૨ + ૧, કિંમત : રૂા. ૪૫ = ૦૦.

૧૦ **ગુજરાતના ચોધરીઓ :** લે. અરવિંદ ભટ્ટ, **પ્ર.** વિનોદ રેવાશંકર ત્રિપાઠી, મંત્રી, ગુજરાત વિદ્યાપીઠ મંડળ, અમદાવાદ–૩૮૦૧૪, પૃ. ૧૪ + ૩૨૮, કિં. : રૂ. ૭૫ = ૦૦.

૧૧ **લીલો છોકરો :** લે. અંજલી ખાંડવાળા, **પ્ર.** ભગતભાઈ ભુરાલાલ શેઠ, આર. આર. શેઠની કંપની, મુંબઈ–૪૦૦ ૦૦૨, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૨૪૫, કિંમત : રૂ. ૩૩ = ૦૦.

૧૨ **વિશ્વદર્શન–૪ :** લે. રમણલાલ ક. ધારૈયા, **પ્ર.** કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પૃ. ૧૩૦, કિંમત : રૂ. ૪૦ = ૦૦.

૧૩ **વાઙ્મય : સંસ્કૃત વાર્ષિક :** (અંક પ્રથમ) તંત્રી રમણલાલ જોષી, **સં.** કે. કા. શાસ્ત્રી અને સી. એલ. શાસ્ત્રી, **પ્ર.** મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, દફતર ભંડાર ભવન, સેક્ટર–૧૭, ગુલાબ ઉદ્યાન સામે, ગાંધીનગર–૩૮૨ ૦૧૭, પૃ. ૭૩, કિંમત : રૂ. ૨૨ = ૦૦.

૧૪ **વિજય શાસ્ત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ :** સં. વિજય શાસ્ત્રી, **પ્ર.** કૃષ્ણકાંત મદ્રાસી, આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૯૨, કિંમત : રૂ. ૨૪ = ૦૦.

૧૫ **જૈન ગુર્જર કવિઓ, ભાગ–૧ :** સં. જયંત કોઠારી, **પ્ર.** જયંતીલાલ રતનચંદ શાહ, જગજીવન પોપટલાલ શાહ, રમણલાલ ચિમનલાલ શાહ, મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬, પૃ. ૬૨ + ૫૦૮, કિંમત : રૂ. ૧૦૦ = ૦૦.

૧૬ **નામશૂન્ય :** સં. ભાનુબેન પ્ર. જાની, પ્ર. બાબુભાઈ એમ. શાહ, પાર્શ્વ પ્રકાશન, નીશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧, પૃ. ૧૯૬, કિં. : રૂ. ૨૫ = ૦૦.

૧૭ **લેખ–સંચય :** લે. નવીનચંન્દ્ર આ. આચાર્ય, **પ્ર.** દિ. બ. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, એમ.ટી.બી આર્ટ્સ કૉલેજ કમ્પાઉન્ડ, અઠવા લાઈન્સ, સૂરત–૩૯૫૦૦૧, પૃ. ૯૨, કિંમત : રૂ. ૧૩ = ૦૦.

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૩૩૩ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૩૩૪ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે | ૫=૫૦ |
| ૩૩૫ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૩૩૬ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૩૩૭ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪) | ૧૦=૫૦ |
| ૩૩૮ | **ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૩૩૯ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫) | ૮=૦૦ |
| ૩૪૦ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫) | ૯=૦૦ |
| ૩૪૧ | **આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬) | ૯=૦૦ |
| ૩૪૨ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭) | ૭=૫૦ |
| ૩૪૩ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭) | ૧૫=૫૦ |
| ૩૪૪ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૩૪૫ | **ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૬ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૭ | **પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧) | ૬=૦૦ |
| ૩૪૮ | **અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૩૪૯ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨) | ૧૧=૫૦ |
| ૩૫૦ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩) | ૨૬=૦૦ |
| ૩૫૧ | **ગુજરાતનો પોટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૩૫૨ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૩૫૩ | **ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૩૫૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯) | ૯૬=૦૦ |
| ૩૫૫ | **ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦) | ૩૬=૦૦ |
| ૩૫૬ | **દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી | ૪૪=૦૦ |
| ૩૫૭ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯) | ૪૫=૦૦ |
| ૩૫૮ | **સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧) | ૫૨=૫૦ |
| ૩૫૯ | **કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી | ૫૧=૦૦ |
| ૩૬૦ | **વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૩૫=૭૫ |
| ૩૬૧ | **સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે | ૭૯=૦૦ |
| ૩૬૨ | **વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર | ૪૮=૦૦ |
| ૩૬૩ | **વૃદ્ધત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય | ૩૩=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧ વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨ **લવાજમ :**

—ભારતમાં...રૂા. ૨૦ = ૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૨·૫૦ (ટપાલખર્ચ સાથે)

૩ આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષથી શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ સરનામે મોકલવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે.

૪ **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫ **લેખકોને વિજ્ઞપ્તિ :**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ કરવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેથી જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૬ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કોપીરાઈટ મ. સ. યુનીવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે લેખમાંનો કોઈ અંશ લેખીત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

**પ્રાચ્યવિદ્યા મન્દિર,**
મ. સ. વિશ્વવિદ્યાલય,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા–૩૯૦ ૦૦૨**

**સુરેશચંદ્ર ગો. કાંટાવાળા**
સંપાદક




માખણચોર કનૈયો

(પ્રા.વિ.મં. હ.પ્ર. ૧૧૦૫, શ્રીમદ્ ભાગવતનાં ચિત્રો)